|| નમોऽस्तु तस्मै जिनशासनाय ||

શ્રુતકેવલીશ્રીશય્યંભવસૂરિકૃતં
શ્રીભદ્રબાહુસ્વામિકૃતનિર્યુક્તિયુતં
શ્રીહરિભદ્રસૂરિકૃતવૃત્તિયુતં

# શ્રી દશવૈકાલિક સૂત્રમ્

## ગુર્જરભાષાન્તરસહિતમ્
(ભાગ – ૪)

પ્રેરક : પૂ.પં.શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.
ભાષાન્તરકાર : મુનિશ્રી ગુણહંસ વિ.મ.
સંશોધક : મુનિશ્રી ભવ્યસુંદર વિ.મ.

: પ્રકાશક :
(શ્રી શ્રમણપ્રધાન જૈન સંઘ)
કમલ પ્રકાશન ટ્રસ્ટ

॥ नमोऽस्तु तस्मै जिनशासनाय ॥

श्रुतकेवलि श्रीशय्यंभवसूरिविरचितं

# ॥ श्री दशवैकालिकसूत्रम् ॥

**સભાષાંતર ભાગ-૪ (અધ્ય. ૮-૯-૧૦-ચૂલિકા)**


નિર્યુક્તિકાર : શ્રુતકેવલી શ્રીભદ્રબાહુસ્વામી

વૃત્તિકાર : ૧૪૪૪ ગ્રન્થરચયિતા શ્રીહરિભદ્રસૂરિજી

પ્રેરક

**સિદ્ધાન્તમહોદધિ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સાહેબનાં**

શિષ્યરત્ન

**પ.પૂ.પં. ગુરુદેવશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**



પ્રકાશક

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

અમદાવાદ



ભાષાંતરકર્તા

**મુનિ ગુણહંસવિજયજી**

સંશોધનકર્તા

**મુનિ ભવ્યસુંદરવિજયજી**

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન

૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ,

રીલિફ રોડ, અમદાવાદ-૧

ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**લેખક :**

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,

સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય

પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબનાં વિનેય

**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**નાં શિષ્ય

**મુનિશ્રી ગુણહંસવિજયજી**

પ્રથમ પ્રકાશન : વિ.સં. ૨૦૬૬ તા. ૧૫-૧૨-૨૦૦૯

નકલ : ૧૦૦૦

સૂચના : આ પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલ હોવાથી પુસ્તકનું મૂલ્ય જ્ઞાનખાતે ચૂકવીને માલિકી કરી શકાય.

મૂલ્ય રૂા. **૨૫૦/-**

**ટાઈપસેટીંગ :**

**અરિહંત ગ્રાફિક્સ**

ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ.

**મુદ્રક :**

**ભગવતી ઓફસેટ**

બારડોલપુરા, અમદાવાદ.

नमोऽस्तु तस्मै जिनशासनाय

# સમર્પણમ્....

જેઓએ જિનશાસનની પતાકાને ગગનમાં લહેરાવવા
તન-મન-જીવન-સર્વસ્વ અર્પણ કર્યુ છે...
જે ગુરુમાતાએ સંયમજીવન આપીને વાચના, સ્વાધ્યાય,
શાસ્ત્રાભ્યાસાદિ દ્વારા પથ્થર જેવા મને
પારસ બનાવવાનો અનહદ ઉપકાર કર્યો છે...
જેઓશ્રીની કૃપાથી જ આ ભાષાંતરકાર્ય સરળ બન્યું છે...
એ

વાત્સલ્યદાતા, જ્ઞાનદાતા, શુદ્ધિદાતા, પરમતારક ગુરુમાતા

પ.પૂ.પંન્યાસપ્રવર

**શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબજી**નાં

કરકમલોમાં આ ગ્રંથરત્ન અર્પણ કરતાં ધન્યતા અનુભવું છું.

લિ. કૃપાકાંક્ષી ગુણહંસવિ.

नमोऽस्तु तस्मै जिनशासनाय

## સૌજન્ય

ચિંતામણીરત્ન જેમની સામે કાંકરા જેવું તુચ્છ લાગે,
ચક્રવર્તીનું ભોજન જેમની વાણીના આસ્વાદ સામે ફીક્કું લાગે,
ઈન્દ્રનું રૂપ જેમના અંગુઠાના રૂપ સામે અણગમતું થઈ પડે,
સંસારના તમામ સુખો જેમના સાચા દર્શનના સુખ સામે
સાવ વામણા લાગે

એવા

અનંત - અનંત - અનંત - ઉપકારી

# ત્રણ લોકના નાથ
# પરમપિતા
# સર્વજીવવત્સલ
# સિદ્ધાર્થનંદન
# ત્રિશલાના લાડકવાયા
# શ્રમણ ભગવાન મહાવીરદેવનો

સાચો સેવક બનવા ઈચ્છતો
એક શ્રાવકપરિવાર

नमोऽस्तु तस्मै जिनशासनाय

# શ્રુત સમુદ્ધારક

## શ્રી પાર્શ્વનાથ ભગવાનની પેઢી
## મધુમતિ, નવસારી

જ્ઞાનદ્રવ્યથી શ્રુતભક્તિનો લાભ લીધો
એ બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.....

લિ. કમલ પ્રકાશન ટ્રસ્ટ

# શ્રુત સમુદ્ધારક

## શ્રી મહાવીરનગર જૈન દહેરાસર ટ્રસ્ટ
## નવસારી

જ્ઞાનદ્રવ્યથી શ્રુતભક્તિનો લાભ લીધો
એ બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.....

લિ. કમલ પ્રકાશન ટ્રસ્ટ

नमोऽस्तु तस्मै जिनशासनाय

## શ્રુત સમુદ્ધારક

### શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ
### નેત્રંગ

**જ્ઞાનદ્રવ્યથી શ્રુતભક્તિનો લાભ લીધો**
**એ બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.....**

**લિ. કમલ પ્રકાશન ટ્રસ્ટ**

## શ્રુત સમુદ્ધારક

### શ્રી આદીશ્વર શ્વે. મૂ.પૂ. જૈન સંઘ
શ્રીનગર સોસાયટી, ગોરેગાંવ (વેસ્ટ),
મુંબઈ.

**જ્ઞાનદ્રવ્યથી શ્રુતભક્તિનો લાભ લીધો**
**એ બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.....**

**લિ. કમલ પ્રકાશન ટ્રસ્ટ**

नमोऽस्तु तस्मै जिनशासनाय
नमोऽस्तु तस्मै जिनशासनाय

# પ્રસ્તાવના

દશવૈકાલિક સૂત્ર !

પરમ પાવન પિસ્તાલીશ આગમોમાંનું એક અતિસુંદર આગમ !

૨૧૦૦૦ વર્ષ પાંચમા આરાનાં અંત સુધી જે અખંડ પણે ટકશે !

એનો મહિમા અપરંપાર છે, એ તો એના પરથી જ જણાઈ આવે કે ચૌદપૂર્વધર - શ્રુતકેવલી - શય્યંભવસૂરિ મહારાજાએ, માત્ર છ મહિનાનું જેનું આયુષ્ય શેષ હતું, તેવા પોતાના દીક્ષિત પુત્ર 'મનક'નાં કલ્યાણને માટે પૂર્વોમાંથી તેને ઉદ્ધૃત કર્યું !

કેવા સુંદર પદાર્થો હશે એમાં, જેને ભણવાથી ૬ મહિનામાં સાધુજીવનનો સાર સમજાઈ જાય...આત્મકલ્યાણ નિશ્ચિત થઈ જાય !

આજે પણ એનો મહિમા અખંડ છે - એના ચાર અધ્યયન અર્થસહિત ભણાય નહીં ત્યાંસુધી મહાવ્રત આરોપણ (વડીદીક્ષા) ન કરવાની પરંપરા છે... એનું પાંચમું પિંડૈષણાઅધ્યયન અર્થસહિત ભણ્યા વિના ગોચરી જવાનો અધિકાર નથી મળતો.

એનું સાતમું વાક્યશુદ્ધિ અધ્યયન અર્થસહિત ભણ્યા વિના દેશના આપવાનો - અરે ! બોલવાનો પણ અધિકાર નથી મળતો... ટંકશાળી અને અર્થશાળી છે એના વચનો... દરેક સાધુભગવંતે અવશ્ય ભણવા - ગોખવા - સમજવા - ઉતારવા જેવા.

પણ, આ તો ચૌદપૂર્વધર મહર્ષિનાં વચનો...ગંભીર, રહસ્યભરપૂર... અલ્પમતિ એવા આપણે તેનો તાગ શી રીતે પામી શકીએ ?

ઉપકાર કર્યો આપણા પર પૂર્વર્ષિઓએ...ભદ્રબાહુસ્વામી મહારાજાએ...નિર્યુક્તિ રચીને...અગત્સ્યસિંહસૂરિએ ચૂર્ણિ રચીને... હરિભદ્રસૂરિઆદિ મહાપુરુષોએ ટીકાઓ રચીને...

આ વિવરણો પ્રમાણમાં સરળ છે. તાર્કિકશિરોમણિ હરિભદ્રસૂરિ મ.સા.ની ટીકા સૌથી વિસ્તૃત છે. ખૂબ સુંદરપદાર્થો છે, તેમાં...

છતાં, પડતાં કાળને કારણે પ્રાથમિક અભ્યાસીઓને તે પણ સમજવું કઠિન પડે, તે સંભવિત છે.

અને એટલે અનુવાદકાર **પૂ.મુ.શ્રી ગુણહંસવિજયજી મ.સા.** સરળ ગુજરાતી ભાષામાં તેનો અનુવાદ પ્રસ્તુત કરી રહ્યા છે.

સ્વયં ઉચ્ચકક્ષાનાં વિદ્વાન્ હોવા છતાં, આવા પ્રાથમિક ગ્રંથ ઉપર અનુવાદ લખવા માટે આટલો પરિશ્રમ વેઠે છે, સમયનો ભોગ આપે છે, તે તેમની પ્રાથમિક અભ્યાસુઓ પરની કરૂણાનું પરિણામ છે. વર્તમાનકાળે અભ્યાસની રૂચિ ધરાવનારાઓને પણ અભ્યાસ કરાવનાર અધ્યાપકોનો સંયોગ સરળતાથી નથી થતો, તેવું ઘણીવાર જોવા મળે છે અને સ્વયં અભ્યાસ કરવામાં કઠિન સ્થળો એ અટકી જવાથી હતોત્સાહ થઈ જાય છે.

એ સમસ્યાનું નિરાકરણ કરવા જ આ અનુવાદ પ્રસ્તુત થઈ રહ્યો છે.

પૂ. હરિભદ્રસૂરિ મહારાજની કઠિન પંક્તિઓને વિસ્તારથી સરળભાષામાં રજૂ કરવા તેમણે ઘણો પુરુષાર્થ કર્યો છે, તે અનુવાદ જોતાં જ સમજાઈ જશે.

પ્રત્યેક સાધુ-સાધ્વીજી ભગવંતો અવશ્ય આ ગ્રંથનો તલસ્પર્શી અભ્યાસ કરે તો તેમનું જીવન સંયમની સુવાસથી મહેંકી ઊઠે, તે બાબતમાં કોઈ શંકા નથી...એટલે મારા સહિત સહુ આ ગ્રંથને ભણે, અને તેમાં આ અનુવાદ સહાયકસાથીની ગરજ સારે... અને તેના દ્વારા વિશુદ્ધસંયમજીવનની પ્રાપ્તિ કરી, પરમપદને નજીક લાવે, એ જ શુભાભિલાષા...

લિ.

**મુનિ ભવ્યસુંદરવિજય**

# ખાસ ધ્યાન રાખો...

આ ગ્રંથ વાંચનના અધિકારી યોગોદ્વહન કરી ચૂકેલા પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો જ છે.

તેથી ગૃહસ્થોએ આ ગ્રંથ વાંચવો નહીં.

અનધિકૃત વાંચન જ્ઞાનવરણીય-મોહનીય વિ. કર્મોના બંધ દ્વારા સંસારવર્ધક હોવાથી અહિતકર છે.

પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોએ પણ મુખ્યતયા ગીતાર્થ ગુરુભગવંતો પાસે જ અભ્યાસ કરવાનો છે.

પરંતુ જેમને તેવા સંયોગો ઉપલબ્ધ નથી. તેઓ, પોતાના ગુરુવર્ગની અનુજ્ઞા લઈને આ અનુવાદની સહાય લઈને અભ્યાસ કરી શકે છે.

આ ગ્રંથ માત્ર વાંચી જવા માટે નથી. સાંગોપાંગ અભ્યાસ, ગાથાઓ - અર્થો - પદાર્થોને ગોખીને ઉપસ્થિત કરાશે, તો સંયમજીવનમાં અત્યંત ઉપકારી બનશે.

# બે શબ્દો

દશવૈકાલિક જેવા મહાન સૂત્રની રચના કરી છે ચૌદપૂર્વધર **શ્રી શય્યંભવસૂરીશ્વરજી મહારાજાએ !** એના ઉપર નિર્યુક્તિની રચના કરી છે ચૌદપૂર્વધર **શ્રી ભદ્રબાહુસ્વામીજીએ !**

ચૂર્ણિની રચના કરી છે **શ્રી જિનદાસગણિમહત્તરજીએ !**

વૃત્તિની રચના કરી છે ૧૪૪૪ ગ્રન્થરચયિતા **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ !**

હજારો વર્ષો પૂર્વેનું આ અણમોલ સાહિત્ય કાળના પ્રવાહમાં ક્યાંય ખતમ ન થઈ જાય અને આપણાં સુધી પહોંચે એ માટે એની સુરક્ષા કાજે જબરદસ્ત ભોગ આપ્યો છે હજારો શ્રમણ-શ્રમણીઓએ અને શ્રાવક-શ્રાવિકાઓએ !

મારા જેવા સાધુ પણ આનું ભાષાંતરાદિ કામ સારી રીતે પાર પાડી શકે એ માટે કૃપાબળ-પીઠબળ પૂરું પાડ્યું છે પરમોપકારી પૂજ્યપાદ **ભવોદધિતારક ગુરુદેવશ્રીએ !**

ભાષાંતરમાં ભૂલો ન રહી જાય એ માટે અક્ષરશઃ બધું જ તપાસી આપવાનો અનહદ ઉપકાર કર્યો છે પૂજ્યપાદ શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ.સાહેબનાં શિષ્ય **મુનિરાજ ભવ્યસુંદરવિજયજીએ !**

ત્રણ-ત્રણ પ્રુફો જોવા - ક્રમશઃ ગોઠવવા... વગેરે વગેરે અતિ મહેનત અને ઘણો લાંબો સમય માંગી લેતું કપરું કામ સહર્ષ વધાવી લઈને સંપૂર્ણ કરી દીધું છે વિદ્યાશિષ્ય **મુનિરાજ રાજહંસવિજયજીએ !**

પ્રકાશનનાં કાર્યમાં ખૂબ ઉલ્લાસથી સહકાર આપ્યો છે તે કમલ પ્રકાશનનાં **ગુણવંતભાઈ** અને તેમની પ્રેસની ટીમે !

આવી તો ઢગલાબંધ સહાય બાદ જે કામ શક્ય બન્યું છે, એમાં ભાષાંતરકર્તા તરીકેનો યશ લેવાનો મને કોઈ જ હક નથી. આ આખાય કાર્યમાં મારા ભાગે તો ૧% જેટલો ય હિસ્સો માંડ આવે... એટલે જો આ કાર્ય ખરેખર સારું થયેલું લાગે, ઉપયોગી લાગે તો એનો યશ મને આપવાને બદલે આ તમામ ઉત્તમ આત્માઓને જ આપવો એવી મારી નમ્ર વિનંતી છે. હા ! જે કંઈ ક્ષતિઓ હશે, એ મારી જ હશે એ પણ નિશ્ચિત હકીકત જાણવી.

વર્તમાન ૧૫ હજાર સાધુ-સાધ્વીજી ભગવંતો અઘરી ભાષાદિને કારણે આ ગ્રન્થનાં અમૂલ્યપદાર્થોથી વંચિત ન રહી જાય, એ માટે તેઓને ગુજરાતી ભાષામાં સ્પષ્ટતાવાળું ભાષાંતર આપવું જરૂરી લાગ્યું, માટે જ આ ભાષાંતર કર્યું છે. બાકી તો સંયમીઓ સંસ્કૃતમાં જ અભ્યાસ કરે, ભાષાંતરને ન અડે એ જ અમને ઈષ્ટ છે. ભાષાંતર વિના વૃત્તિ નહી સમજી શકનારાઓ માટે જ આ ભાષાંતર છે, એ ખાસ ધ્યાનમાં લેવું. વળી જો અધ્યાપન કરાવનાર સદ્‌ગુરુનો યોગ મળે તો એમની પાસે જ જ્ઞાન મેળવવું... એ ન મળે તો જ નાછુટકે ભાષાંતરના સહારે વાંચન કરવાનું છે.

આ ભાષાંતરમાં નિક્ષેપાદિની સમજમાં સરળતા રહે તે માટે **પૂ.પં.શ્રી હીરચંદ્રવિજયજી મ.સાહેબનાં** શિષ્યવૃંદે તૈયાર કરેલ અધ્યયનપ્રમાણેનાં કોષ્ઠકો પણ લીધા છે. કોષ્ઠક તૈયાર કરનાર મહાત્માનો પણ હું સબહુમાન આભાર માનું છું.

પ્રાંતે આ આખાય ભાષાંતરમાં મહાપુરુષોની ઈચ્છા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો મન-વચન-કાયાથી ત્રિવિધે-ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં......

લિ.

મુનિ ગુણહંસવિજય

ભા.સુ. ૧૩ સં. ૨૦૬૫

# પ્રથમો વિરામ:

- મુનિ રાજહંસવિજય

## અધ્યયન-૮

ગ્રંથકાર પરમર્ષિ આ અધ્યયનદ્વારા આચારમાં અપ્રમત્ત થવાનું જણાવે છે. (ટૂંકસાર આ પ્રમાણે-) બાદર ષટ્કાયની જયણાની સાથે આઠ સૂક્ષ્મોને જણાવી તેની યતનામાં ઉદ્યમવંત થવું (ગા. ૧૬) ગોચરીગતની યતના (ગા. ૧૯) સાધુ કાનોથી ઘણું સાંભળે છે, આંખોથી ઘણું દેખે છે. પણ દેખેલું કે સાંભળેલું બધું જ કહેવા માટે સાધુ યોગ્ય નથી. (ગા. ૨૦) સાધુ કોઈપણ ઉપાયથી ગૃહસ્થના યોગને ન આચરે (ગા. ૨૧) સાધુ કર્ણને સુખકારી શબ્દ સાંભળી રાગ ન કરે અને શરીરવડે દારૂણ, કર્કશ સ્પર્શને સહન કરે.. (ગા. ૨૬) સાધુ દેહનું દુઃખ મહાફળવાળું છે એમ વિચારી તમામ કષ્ટો સહન કરે (ગા. ૨૭) સાધુ અનાચારને આચરીને તેને છૂપાવે નહીં (ગા. ૩૨) જીવન અધ્રુવ જાણીને, સિદ્ધિમાર્ગ જાણીને, પોતાના પરિમિત આયુષ્યને જાણીને ભોગોથી પાછા ફરવું (ગા. ૩૪) જ્યાંસુધી ઘડપણ ન આવે, રોગો ન આવે અને ઈન્દ્રિયો જ્યાં સુધી દુર્બળ ન થાય ત્યાં સુધી ધર્મ આચરવો (ગા. ૩૬) પોતાનું હિત ઈચ્છતો - પાપ વધારનાર ક્રોધાદિને વમે (ગા. ૩૭) સાધુ નિદ્રાને બહુ ન માને, અત્યંત હાસ્યને વર્જે. સદા સ્વાધ્યાયમાં રત પરસ્પર કથાઓમાં ન રમે. (ગા. ૪૨) નક્ષત્ર, સ્વપ્ન, યોગ, નિમિત્ત, ભૈષજ ગૃહસ્થોને ન કહેવા (ગા. ૫૧) જેમ કુકડાનાં બચ્ચાંને સદા બિલાડાથી ભય હોય, એમ બ્રહ્મચારીને સ્ત્રીનાં શરીરથી ભય હોય. (ગા. ૫૪) વિભૂષા, સ્ત્રીસંસર્ગ અને પ્રણીતરસ ભોજન આત્મગવેષક નરને તાલપુટ ઝેર જેવા છે. (ગા. ૫૭)

આના જેવી અનેક આચારપ્રેરક બાબતો ગ્રંથકારશ્રીએ આ અધ્યયનમાં ગૂંથી છે.

## અધ્યયન-૯

આ અધ્યયન દ્વારા ગુરુનો વિનય ન કરનાર કયા અનર્થોને પામે, ગુરુનો વિનય કેવી રીતે કરવો, વિનય એ ધર્મનું મૂળ છે ઈત્યાદિ વિનયની મહત્તા દર્શાવાઈ છે.

**આ રહી તેની કેટલીક ઝલકો - (ઉદ્દેશો - ૧)**

જેમ સાપને નાનો જાણીને તેની આશાતના કરનારને તે સાપ અહિતને માટે થાય છે. તેમ આચાર્યને નાના જાણી તેની આશાતના કરનાર નક્કી સંસારભ્રમણ કરે છે. (ગા. ૪) કદાચ મસ્તકથી પર્વત ભેદાય, કદાચ કુપિતસિંહ પોતાને ન ખાય, કદાચ શસ્ત્રથી પોતાનું શરીર ન ભેદાય પણ જે ગુરુની હિલના કરે તેનો મોક્ષ થતો નથી. (ગા. ૯)

**(ઉદ્દેશો-૨)** જેમ વૃક્ષનાં મૂળમાંથી સ્કંધ, શાખાદિ પ્રગટે તેમ ધર્મનું મૂળ વિનય છે. તેનાથી કીર્તિ, શ્રુતાદિ અને અંતે મોક્ષ મળે છે. (ગા. ૧-૨) ભવાન્તરમાં વિનયને નહીં કરનારા વૈમાનિક, જ્યોતિષ્ક, ભવનપતિ અને વ્યંતરનાં દેવો દુઃખને અનુભવતાં અને આભિયોગપણાંને પામેલા આગમદ્વારા જણાય છે. (ગા. ૧૦) જેઓ આચાર્ય-ઉપાધ્યાયનાં શુશ્રૂષાવચનને કરનારા છે તેઓની ગ્રહણ અને આસેવનશિક્ષા જલથી સિંચાયેલ વૃક્ષની જેમ વધે છે. (ગા. ૧૨) સાધુએ આચાર્ય કરતાં શય્યા, ગતિ, સ્થાન, આસન વિ. નીચા રાખવા, પગમાં નમીને વંદન કરવા તથા નમીને અંજલિ કરવી. (ગા. ૧૭)

**(ઉદ્દેશો-૩)** આ ઉદ્દેશોમાં વિનીત પૂજ્ય છે એ વાત વિશેષથી જણાવાઈ છે. એક સાથે સામે આવી આવી પડતાં કર્કશવચનરૂપ પ્રહારોને **"આ તો ધર્મ છે."** એમ વિચારીને જે સહન કરે તે પૂજ્ય છે. (ગા. ૮) "ગુણોથી યુક્ત સાધુ થાય અને અવગુણોથી અસાધુ થાય. માટે સારાગુણોને ગ્રહણ કરવા અવગુણોને ત્યાગવા" આ ઉપદેશથી પોતાના આત્માને વિવિધ રીતે ભાવિત કરે છે અને જે રાગ-દ્વેષમાં સમાન છે તે પૂજ્ય છે. (ગા. ૧૧) જે નાના કે મોટા, સ્ત્રી કે પુરુષ, સાધુ કે ગૃહસ્થની હિલના ન કરે, માન અને ક્રોધને ત્યાગે

નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય

તે પૂજ્ય છે.. (ગા. ૧૨)

(ઉદ્દેશો-૪) આ ઉદ્દેશામાં ચાર વિનયસમાધિસ્થાનોનું સુંદર સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે.

- આ રીતે વિસ્તારથી વિનયનું સ્વરૂપ ચાર ઉદ્દેશાનાં માધ્યમે ગ્રંથકારશ્રીએ દર્શાવ્યું છે.

## અધ્યયન-૧૦

આ અધ્યયનમાં સાચો ભિક્ષુ કોને કહેવાય એના લક્ષણોનું વર્ણન કરાયેલ છે. નિર્યુક્તિકારશ્રીએ **"નવઅધ્યયનમાં કહેલા આચારો ન પાળનારા શાક્યાદિ સાચાભિક્ષુ નથી."** એ પદાર્થ દ્રવ્યભિક્ષુ નિક્ષેપનાં વર્ણનમાં સુંદર દર્શાવ્યો છે. તથા ભિક્ષુનાં ૨૮ સમાનાર્થી જણાવ્યા છે. ટૂંકસાર આ પ્રમાણે -

જે તીર્થંકરની આજ્ઞાથી નીકળીને સદા તીર્થંકર - ગણધરનાં વચનમાં ચિત્તથી અતિપ્રસન્ન થાય. સ્ત્રીઓને વશ ન થાય. વાન્ત એવા વિષયોને ફરી ન પીએ તે ભિક્ષુ. (ગા. ૧) જ્ઞાતપુત્રનાં વચનોને ગમાડીને, ષટ્કાયને આત્મસમાન માને, પાંચ મહાવ્રતોને સેવે, પાંચ ઈન્દ્રિયોનાં સંવરવાળો જે હોય તે ભિક્ષુ. (ગા. ૫) વિવિધ અશન, પાન, ખાદિમ, સ્વાદિમને પામીને સાધુઓને નિમંત્રીને વાપરે, વાપરીને સ્વાધ્યાયરત બને તે ભિક્ષુ. (ગા. ૯) જે હાથ, પગ, વાક્યમાં સંયમવાળો, ઈન્દ્રિયનાં સંયમવાળો, અધ્યાત્મરત, ધ્યાન પ્રાપ્ત-કરાવનાર ગુણોમાં સુસમાહિતઆત્માવાળો, સૂત્રાર્થનો જ્ઞાતા હોય તે ભિક્ષુ. (ગા. ૧૫) જે જાતિ, રૂપ, લાભ, શ્રુતનો મદ ન કરે આથી જ સર્વમદોનો ત્યાગ કરીને ધર્મધ્યાનમાં લીન બને તે ભિક્ષુ. (ગા. ૧૯)

આના જેવા અનેક લક્ષણો જણાવવા દ્વારા સાચા ભિક્ષુ = સાધુનું સ્વરૂપ આ અધ્યયનમાં જણાવાયું છે.

## ચૂલિકા-૧

ભિક્ષુગુણયુક્ત એવો પણ ભિક્ષુ કર્મને પરતન્ત્ર બનવાથી સંયમમાં સીદાય અર્થાત્ અરતિવાળો બને અને તેથી જ દીક્ષા છોડવાનું ઈચ્છતાં પણ દીક્ષા નહિ છોડી ચૂકેલા પ્રવ્રજિતને ૧૮-૧૮ સ્થાનો દર્શાવીને સંસારગમન કરતાં અટકવા અને સંયમમાં પુનઃ ચિત્તને સ્થિર કરવા હિતશિક્ષા આપીને ગ્રંથકારે ગજબનો ઉપકાર કર્યો છે અને સંયમગુણોમાં રત એવો સંયમી પણ મોહનીયકર્મને વશ બનીને અરતિ-ઉદ્વેગ પામી સંયમ છોડવા પણ ઉત્સુક બની જાય એ સત્યને જાહેર કર્યું છે.

દરેક સંયમીએ સંયમની સ્થિરતાને સુદૃઢ કરવા અવશ્ય આ ચૂલિકાનું અધ્યયન-પરિશીલન કરવું જોઈએ.

## ચૂલિકા-૨

આ ચૂલિકા શ્રી સીમંધરસ્વામી પ્રણિત છે એવો આર્ષવાદ છે. આ ચૂલિકામાં સાધુઓની વિવિક્તચર્યાનું સ્પષ્ટ નિરૂપણ કરવામાં આવ્યું છે.

ટૂંકસાર : અનિયતવાસ, સમુદાનચર્યા, અજ્ઞાતઉંછ, પ્રતિરિક્તતા, અલ્પોપધિ, કલહવિવર્જના ઋષિઓની આ વિહારચર્યા પ્રશસ્ત છે - (ગા. ૫) સાધુ મદ્ય-માંસનો ત્યાગી, અમત્સરી, વારંવાર વિગઈરહિતભોજન કરનાર, વારંવાર કાયોત્સર્ગ કરનાર, સ્વાધ્યાયયોગોમાં યત્નવાળો થાય. (ગા. ૭) ગામ, કુલ, નગર કે દેશ ક્યાંય પણ મમત્વભાવ ન કરે. (ગા. ૮) ગૃહસ્થોની વૈયાવચ્ચ, અભિવાદન, વંદન કે પૂજન ન કરવા. તથા મુનિએ અસંક્લિષ્ટો સાથે વસવું કે જેનાથી ચારિત્રની હાનિ ન થાય. (ગા. ૯) સાધુ રાત્રિના પ્રથમ અને ચરમ પ્રહરમાં આત્મસંપ્રેક્ષણ કરે કે, "મારી શક્તિને અનુરૂપ મેં શું કર્યુ ? તપાચરણાદિ યોગોમાંથી કયું ઉચિતકર્તવ્ય મારે બાકી છે ? શક્ય એવું કયું કાર્ય આચરતો નથી ?" (ગા. ૧૨) સુસમાહિત સર્વઈન્દ્રિયોવડે આત્મા સતત રક્ષણ કરવો જોઈએ. અરક્ષિત આત્મા સંસારને પામે છે અને સુરક્ષિત આત્મા સર્વદુઃખોનાં મોક્ષને પામે છે. (ગા. ૧૬)

આના જેવી ઘણી વાતો વિવિક્તચર્યાનામની આ ચૂલિકામાં જણાવાઈ છે. જેના અધ્યયનથી સાધુધર્મની જાણકારી સ્પષ્ટરીતે થઈ શકશે...

•

નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય

નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય

# અધ્યયનાનુક્રમ

(૧) અધ્યયન-૮ ........ ૧
(૨) અધ્યયન-૯ ........ ૬૨
ઉદ્દેશો-૧ ........ ૬૩
ઉદ્દેશો-૨ ........ ૯૧
ઉદ્દેશો-૩ ........ ૧૦૯
ઉદ્દેશો-૪ ........ ૧૨૧
(૩) અધ્યયન-૧૦ ........ ૧૩૨
(૪) ચૂલિકા-૧ ........ ૧૭૧
(૫) ચૂલિકા-૨ ........ ૨૦૫

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

# દશવૈકાલિકસૂત્રમ્

ચતુર્દશપૂર્વધર શ્રીભદ્રબાહુસ્વામીવિરચિતનિર્યુક્તિયુત-સૂરિપુરંદર
શ્રીહરિભદ્રસૂરિવિરચિતવૃત્તિયુત ચતુર્દશપૂર્વધર શ્રીશય્યંભવસૂરિકૃત

## શ્રી દશવૈકાલિકસૂત્ર હારિભદ્રીવૃત્તિનું ભાષાંતર

### ॥ अथाष्टममाचारप्रणिधिनामाध्ययनं प्रारभ्यते ॥

**व्याख्यातं वाक्यशुद्ध्यध्ययनम्, इदानीमाचारप्रणिध्याख्यमारभ्यते, अस्य चायमभिसंबन्धः, इहानन्तराध्ययने साधुना वचनगुणदोषाभिज्ञेन निरवद्यवचसा वक्तव्यमित्येतदुक्तम्, इह तु तन्निरवद्यं वच आचारे प्रणिहितस्य भवतीति तत्र यत्नवता भवितव्यमित्येतदुच्यते, उक्तं च—"पणिहाणरहिअस्सेह, निरवज्जंपि भासिअं। सावज्जतुल्लं विन्नेअं, अज्झत्थेणेह संवुडम् ॥१॥" इत्यनेनाभिसंबन्धेनायातमिदमध्ययनम्, अस्यचानुयोगद्वारोपन्यासः पूर्ववत्तावद्यावन्नामनिष्पन्नो निक्षेपः, तत्र चाचारप्रणिधिरिति द्विपदं नाम, तत्राचारनिक्षेपमतिदिशन् प्रणिधिं च प्रतिपादयन्नाह—**

जो पुव्विं उद्दिट्ठो आयारो सो अहीणमइरित्तो ।
दुविहो अ होइ पणिही दव्वे भावे अ नायव्वो ॥२९३॥

### આચારપ્રણિધાનનામક આઠમું અધ્યયન

વાક્યશુદ્ધિઅધ્યયન વ્યાખ્યાન કરાયું.

હવે આચારપ્રણિધિ નામનું અધ્યયન શરુ કરાય છે.

આનો આ સંબંધ છે કે અનંતરઅધ્યયનમાં એ વાત કરી કે "વચનના ગુણો અને દોષોનાં જ્ઞાતા સાધુએ નિરવદ્યવચનથી બોલવું." આ અધ્યયનમાં એ વાત કહેવાય છે કે "તે નિરવદ્ય વચન આચારમાં પ્રણિધાન વાળાને હોય છે (બીજાને નહિ) એટલે આચારપ્રણિધાનમાં યત્નવાળા થવું." કહ્યું છે કે "પ્રણિધાનરહિતનું અહીં નિરવદ્ય, અધ્યાત્માર્થથી યુક્ત એવું પણ ભાષિત = વચન સાવદ્યતુલ્ય જાણવું. આ સંબંધથી આવેલ આ અધ્યયન છે. આના અનુયોગદ્વારોનો ઉપન્યાસ પૂર્વની જેમ ત્યાંસુધી કરવો કે યાવત્ નામનિષ્પન્ન નિક્ષેપ આવે. તેમાં **આચાર પ્રણિધિ** એમ બે

પદવાળું નામ છે. તેમાં આચારનાં નિક્ષેપાનો અતિદેશ કરતાં અને પ્રણિધિનું પ્રતિપાદન કરતાં કહે છે કે

**નિ.૨૯૩** પૂર્વે જે આચાર ઉદ્દેશેલો, એ અહીન, અનતિરિક્ત (અહીં જાણવો) દ્રવ્યમાં અને ભાવમાં બે પ્રકારનો પ્રણિધિ જાણવો.

---

**व्याख्या-यः पूर्वं क्षुल्लिकाचारकथायामुद्दिष्ट आचारः सोऽहीनातिरिक्तः-तदवस्थ एवेहापि द्रष्टव्य इति वाक्यशेषः, क्षुण्णत्वान्नामस्थापने अनादृत्य प्रणिधिमधिकृत्याह-द्विविधश्च भवति प्रणिधिः, कथमित्याह–'द्रव्य' इति द्रव्यविषयो 'भाव' इति भाव-विषयश्च ज्ञातव्य इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** પૂર્વે ક્ષુલ્લિકાચારકથા નામના ત્રીજાઅધ્યયનમાં જે આચાર કહેલો તે ઓછોય નહિ અને વધારે પણ નહિ, પણ તે જ અવસ્થાવાળો = સંપૂર્ણ અહીં પણ જોવો = સમજી લેવો. **इहापि द्रष्टव्यः** શબ્દ વાક્યના શેષ તરીકે અત્રે લેવું.

પ્રણિધિના નામ સ્થાપના ભેદ ક્ષુણ્ણ = પ્રસિદ્ધ હોવાથી તેનો અનાદરકરીને પ્રણિધિને આશ્રયીને કહે છે કે પ્રણિધિ બે પ્રકારે છે. **પ્રશ્ન :** કેવી રીતે ? **ઉત્તર :** દ્રવ્યમાં અને ભાવમાં... અર્થાત્ દ્રવ્યસંબંધી અને ભાવસંબંધી.

---

**तत्र–**

दव्वे निहाणमाई मायपउत्ताणि चेव दव्वाणि । भाविंदिअनोइंदिअ दुविहो उ पसत्थ अपसत्थो ॥२९४॥

---

તેમાં

**નિ.૨૯૪** દ્રવ્યમાં નિધાનાદિ અને માયાપ્રયુક્ત દ્રવ્ય ભાવમાં ઈન્દ્રિય અને અનિંદ્રિય બે પ્રકારે પ્રશસ્ત અપ્રશસ્ત.

---

**व्याख्या-'द्रव्य' इति द्रव्यविषयः प्रणिधिः निधानादि प्रणिहितं निधानं निक्षिप्तमित्यर्थः, आदिशब्दः स्वभेदप्रख्यापकः, मायाप्रयुक्तानि चेह द्रव्याणि द्रव्यप्रणिधिः, पुरुषस्य स्त्रीवेषेण पलायनादिकरणं स्त्रियो वा पुरुषवेषेणेत्यादि । तथा 'भाव' इति भावप्रणिधि-र्द्विविधः-इन्द्रियप्रणिधिर्नोइन्द्रियप्रणिधिश्च, तत्रेन्द्रियप्रणिधिर्द्विविधः-प्रशस्तोऽप्रशस्तश्चेति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** દ્રવ્યવિષયક પ્રણિધિ નિધાનાદિ છે. એટલે કે પ્રણિહિતનિધાન =



નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય

જમીનવગેરેમાં ઢાંકેલું નિધાન એ દ્રવ્યપ્રણિધિ છે. **निहाणमाई** માં **आदि** શબ્દ નિધાનના જ જુદા જુદા ભેદોને જણાવનાર છે. તથા માયાથી પ્રયુક્ત દ્રવ્યો દ્રવ્યપ્રણિધિ. દા.ત. પુરુષનું સ્ત્રીના વેષ દ્વારા પલાયનાદિ કરવું તે. અથવા તો સ્ત્રીનું પુરુષના વેષથી પલાયનાદિ કરવું તે. (પ્રણિધિનો અર્થ મુખ્યત્વે માયા, કપટ લઈને આ પ્રમાણે દર્શાવેલું છે.)

તથા ભાવપ્રણિધિ બે પ્રકારે છે. (૧) ઈન્દ્રિયપ્રણિધિ (૨) નોઈન્દ્રિયપ્રણિધિ.

તેમાં ઈન્દ્રિયપ્રણિધિ બે પ્રકારે છે. (૧) પ્રશસ્ત (૨) અપ્રશસ્ત.

---

**प्रशस्तमिन्द्रियप्रणिधिमाह–**

सद्देसु अ रूवेसु अ गंधेसु रसेसु तह य फासेसु । नवि रज्जइ न वि दुस्सइ एसा खलु इंदिअप्पणिही ॥२९५॥

---

પ્રશસ્તઈન્દ્રિયપ્રણિધિને કહે છે.

**નિ.૨૯૫** શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શોમાં રાગ ન પામે અને દ્વેષ ન પામે આ ખરેખર ઈન્દ્રિયપ્રણિધિ છે.

---

**व्याख्या-शब्देषु च रूपेषु च गन्धेषु रसेषु तथा च स्पर्शेषु एतेष्विन्द्रियार्थेष्विष्टानिष्टेषु चक्षुरादिभिरिन्द्रियैर्नापि रज्यते नापि द्विष्यते एष खलु माध्यस्थ्यलक्षण इन्द्रियप्रणिधिः प्रशस्त इति भावार्थः, अन्यथा त्वप्रशस्तः,**

---

**ટીકાર્થ :** શબ્દવગેરે જે ઈન્દ્રિયાર્થો છે, તે ઈષ્ટ અને અનિષ્ટ બંને પ્રકારના છે. એમાં ચક્ષુરાદિ ઈન્દ્રિયવડે જે રાગ પણ ન પામે કે દ્વેષ પણ ન પામે. આ માધ્યસ્થ્યસ્વરૂપ ઈન્દ્રિયપ્રણિધિ પ્રશસ્ત છે. પણ જો રાગદ્વેષ પામે તો એ ઈન્દ્રિયપ્રણિધિ અપ્રશસ્ત છે.

---

**तत्र दोषमाह–**

सोइंदिअरस्सीहि उ मुक्काहिं सद्दमुच्छिओ जीवो । आइअइ अणाउत्तो सद्दगुणसमुट्ठिए दोसे ॥२९६॥

---

તેમાં દોષ બતાવે છે.

**નિ.૨૯૬** મુક્ત શ્રોત્રેન્દ્રિયદોરડાઓવડે શબ્દમાં મૂર્છિત થયેલો જીવ અનાયુક્ત છતો

શબ્દગુણથી સમુત્થિતદોષોને ગ્રહણ કરે છે.

**व्याख्या-'श्रोत्रेन्द्रियरश्मिभि:' श्रोत्रेन्द्रियरज्जुभि: 'मुक्ताभि:' उच्छृङ्खलाभि:, किमित्याह–'शब्दमूर्च्छित:' शब्दगृद्धो जीव: 'आदत्ते' गृह्णात्यनुपयुक्त: सन्, कानित्याह-शब्दगुणसमुत्थितान् दोषान्-शब्द एवेन्द्रियगुण: तत्समुत्थितान् दोषान्-बन्धवधादीन् श्रोत्रेन्द्रियरज्जुभिरादत्त इति गाथार्थ: ॥**

**टीकार्थ** : શ્રોત્રેન્દ્રિય દોરડી જેવી છે. એ જો ઉચ્છૃંખલ = સ્વચ્છંદ હોય, તો એના કારણે જીવ શબ્દમાં આસક્ત બને, અને ઉપયોગરહિત બનેલો તે જીવ ગ્રહણ કરે.

**પ્રશ્ન** : કોને ગ્રહણ કરે ?

**ઉત્તર** : શબ્દાત્મક ગુણથી ઉત્પન્ન થયેલા બંધ વધવગેરે દોષોને શ્રોત્રેન્દ્રિયદોરડીઓવડે ગ્રહણ કરે.

**शेषेन्द्रियातिदेशमाह–**

जह एसो सद्देसुं एसेव कमो उ सेसएहिं पि । चउहिंपि इंदिएहिं रूवे गंधे रसे फासे ॥२९७॥

બાકીની ઈન્દ્રિયોના અતિદેશને કહે છે.

**नि.**૨૯૭ જેમ આ શબ્દોમાં, એ જ ક્રમ બીજી ચાર ઈંદ્રિયોવડે રૂપ, ગંધ, રસ અને સ્પર્શમાં જાણવો.

**व्याख्या-यथैष 'शब्देषु' शब्दविषय: श्रोत्रेन्द्रियमधिकृत्य दोष उक्त:, एष एव क्रम: 'शेषैरपि' चक्षुरादिभिश्चतुर्भिरपीन्द्रियैर्दोषाभिधाने द्रष्टव्य:, तद्यथा-चक्खिन्दिअरस्सीहि उ, इत्यादि, अत एवाह–'रूपे गन्धे रसे स्पर्शे' रूपादिविषय इति गाथार्थ: ॥**

**टीकार्थ** : જેમ આ શબ્દસંબંધી દોષ શ્રોત્રેન્દ્રિયને આશ્રયીને કહ્યો. આ જ ક્રમ બાકીની ચક્ષુ વગેરે ચાર ઈન્દ્રિયો વડે દોષનું કથન કરવામાં જાણવો. તે આ પ્રમાણે **चक्खिन्दिअरस्सीहि...** (૨૯૬મી ગાથા ફરી ચાર વાર લેવી. માત્ર શ્રોત્રાના સ્થાને ચક્ષુવિ. લેવા અને **सद्द** શબ્દના સ્થાને રૂપાદિ લેવા.) આથી જ કહે છે કે રૂપમાં, ગંધમાં, રસમાં અને સ્પર્શમાં...

**अमुमेवार्थं दृष्टान्ताभिधानेनाह–**

जस्स खलु दुप्पणिहिआणि इंदिआइं तवं चरंतस्स। सो हीरइ असहीणेहिं सारही वा तुरंगेहिं ॥२९८॥

આ જ અર્થને દૃષ્ટાન્તનાં કથનદ્વારા કહે છે.

**નિ.૨૯૮** તપને આચરતા જેની ઈંદ્રિયો દુષ્પ્રણિહિત છે. તે જેમ સારથિ અસ્વાધીન ઘોડાઓવડે, તેમ હરણ કરાયા છે.

**व्याख्या–'यस्य खल्वि'ति यस्यापि दुष्प्रणिहितानीन्द्रियाणि विश्रोतोगामीनि 'तपश्चरत' इति तपोऽपि कुर्वतः स तथाभूतो 'ह्रियते' अपनीयते इन्द्रियैरेव निर्वाणहेतोश्चरणात्, दृष्टान्तमाह–'अस्वाधीनैः' अस्ववशैः 'सारथिरिव' रथनेतेव 'तुरङ्गैः' अश्वैरिति गाथार्थः ॥**

**टीकार्थ :** જે સાધુ તપને કરે છે, છતાં પણ જેની ઈન્દ્રિયો દુષ્પ્રણિહિત છે એટલે કે વિરુદ્ધપ્રવાહે = ખોટામાર્ગે જનારી છે. તે તેવા પ્રકારનો સાધુ એ ઈન્દ્રિયોવડે જ નિર્વાણનાં કારણભૂત એવા ચારિત્રથી દૂર કરાય છે.

એમાં દૃષ્ટાન્ત બતાવે છે કે જેમ સ્વચ્છંદબનેલા, સારથિને આધીન નહિ રહેલા એવા ઘોડાઓવડે સારથિ અપહરણ કરાય (ગમે ત્યાં લઈ જવાય...)

**उक्त इन्द्रियप्रणिधिः, नोइन्द्रियप्रणिधिमाह–**

कोहं माणं मायं लोहं च महब्भयाणि चत्तारि। जो रूंभई सुद्धप्पा एसो नोइंदिअप्पणिही ॥२९९॥

ઈન્દ્રિયપ્રણિધિ કહેવાયો.

નોઈન્દ્રિયપ્રણિધિ કહે છે.

**નિ.૨૯૯** ક્રોધ, માન, માયા, લોભ, ચાર મોટાભયોને જે શુદ્ધાત્મા રુંધે છે, એ નોઈંદ્રિયપ્રણિધિ છે.

**व्याख्या-क्रोधं मानं मायां लोभं चेत्येतेषां स्वरूपमनन्तानुबन्ध्यादिभेदभिन्नं पूर्ववत्, एत एव च महाभयानि चत्वारि, सम्यग्दर्शनादिप्रतिबन्धरूपत्वात्। एतानि यो रुणद्धि शुद्धात्मा उदयनिरोधादिना 'एष' निरोद्धा क्रोधादिनिरोधपरिणामानन्यत्वान्नो-इन्द्रियप्रणिधिः, कुशलपरिणामत्वादिति गाथार्थः ॥**

**ટીકાર્થ :** ક્રોધ, માન, માયા અને લોભ... આમનું સ્વરૂપ અનંતાનુબંધી વગેરે ભેદથી અનેકપ્રકારનું છે, એ પૂર્વની જેમ સમજી લેવું. આ જ ચાર મોટાભય છે, કેમકે એ સમ્યગ્દર્શનાદિના પ્રતિબંધરૂપ છે. જે શુદ્ધાત્મા આ કષાયોને એમના ઉદયનો નિરોધવગેરે કરવાદ્વારા રુંધે છે. એ નિરોદ્ધા નોઈન્દ્રિયપ્રણિધિ કહેવાય. આમ તો ક્રોધાદિના નિરોધનો પરિણામ નોઈન્દ્રિયપ્રણિધિ છે, પણ એ નિરોધકરનાર જીવ તાદશ પરિણામથી અનન્ય = અભિન્ન હોવાથી તે પણ નોઈન્દ્રિયપ્રણિધિ કહેવાય. કેમકે એ કુશલપરિણામવાળો છે.

---

**एतदनिरोधे दोषमाह—**

जस्सवि अ दुप्पणिहिआ होंति कसाया तवं चरंतस्स । सो बालतवस्सीविव गयण्हाणपरिस्समं कुणइ ॥३००॥

---

આ કષાયોનો નિરોધ ન કરવામાં જે દોષ છે, તે બતાવે છે.

**નિ.૩૦૦** તપને આચરતાં એવા પણ જેના કષાયો દુષ્પ્રણિહિત હોય છે. તે બાલતપસ્વીની જેમ ગજસ્નાનનાં પરિશ્રમને કરે છે.

---

**व्याख्या-यस्यापि कस्यचिद्व्यवहारतपस्विनो दुष्प्रणिहिता-अनिरुद्धा भवन्ति 'कषायाः' क्रोधादयः 'तपश्चरतः' तपः कुर्वत इत्यर्थः स बालतपस्वीव उपवासपारणकप्रभूततरारम्भको जीवो (यथा) गजस्नानपरिश्रमं करोति, चतुर्थषष्ठादिनिमित्ताभिधानतः प्रभूतकर्मबन्धोपपत्तेरिति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** જે કોઈપણ સાધુ વ્યવહારથી તપસ્વી છે, પણ તપને કરતાં એવા એના ક્રોધાદિ કષાયો રુંધાયેલા ન હોય તો તે બાલતપસ્વીની જેમ ઉપવાસ, પારણા વગેરેમાં ઘણા વધારે અનુષ્ઠાનોનો આરંભ કરનાર જીવ ગજસ્નાનપરિશ્રમ કરે છે (હાથી તળાવાદિમાં પડી પોતાના આખા શરીરને નવડાવે અને પછી કિનારા પર આવી પોતાની સુંઢથી બધી ધૂળ ઊડાડી પોતાના શરીરને આખું ધુળવાળું કરે. આમ એણે જે સ્નાનનો પરિશ્રમ કર્યો, એ નકામો જ ગયો. જેટલો મેલ ગયો એના કરતાં વધુ મેલ આવ્યો. એમ ઉત્કટકષાયી તપસ્વીને તપ દ્વારા જેટલો કર્મનાશ થાય, એના કરતાં કષાયોત્કટતાથી કર્મબંધ વધારે થાય.)

**પ્રશ્ન :** શા માટે તમે આને ગજસ્નાનપરિશ્રમ કહો છો ?

**ઉત્તર :** ઉપવાસ, છઠ્ઠ વગેરે નિમિત્તોનાં અભિધાનદ્વારા એને પુષ્કળકર્મબંધની

ઉપપત્તિ થાય છે, માટે એને ગજસ્નાનપરિશ્રમ કહ્યો છે. (ઉપવાસ અને છઠ્ઠ વગેરે તપના નિમિત્તને આગળ કરીને એ પોતાના ક્રોધાદિ કષાયોને પોષે. "મારે છઠ્ઠ છે અને તમે મારું પડિલેહણ પણ નથી કરતાં..." "મારે ૧૫ ઉપવાસ છે, હું પાટ ઉપર બેસીશ" "મારે તપનું પારણું છે, સારામાં સારી વસ્તુ લાવો." વગેરે. આના દ્વારા એ વધુ કર્મબાંધે...)

**अमुमेवार्थं स्पष्टतरमाह—**

सामन्नमणुचरंतस्स कसाया जस्स उक्कडा होंति। मन्नामि उच्छुफुल्लं व निष्फलं तस्स सामन्नं ॥३०१॥

આ જ અર્થને વધુ સ્પષ્ટ કહે છે.

**નિ.૩૦૧** શ્રામણ્યને આચરનારા જેનાં કષાયો ઉત્કટ હોય છે. માનું છું કે શેરડીના પુષ્પની જેમ તેનું શ્રામણ્ય નિષ્ફળ છે.

**व्याख्या-'श्रामण्यमनुचरतः' श्रमणभावमपि द्रव्यतः पालयत इत्यर्थः, कषाया यस्योत्कटा भवन्ति क्रोधादयः मन्ये इक्षुपुष्पमिव निष्फलं निर्जराफलमधिकृत्य तस्य श्रामण्यमिति गाथार्थः ॥**

**ટીકાર્થ :** સાધુભાવને પણ આચરતાં એટલે કે દ્રવ્યથી પાળતાં જે જીવનાં કષાયો ઉત્કટ હોય છે. હું માનું છું કે શેરડીના પુષ્પની જેમ નિર્જરારૂપી ફલની અપેક્ષાએ તેનું શ્રામણ્ય નિષ્ફળ છે.

(ભાવથી સાધુપણું પાળનારાનાં કષાયો ઉત્કટ ન હોય, એટલે દ્રવ્યતઃ શબ્દ લીધો. તથા આ સાધુપણું પાળનારાને આલોક-પરલોકના અમુક અમુક ફળો તો મળે જ છે, એટલે એ રીતે તે નિષ્ફળ નથી. નિર્જરાની અપેક્ષાએ એ નિષ્ફળ છે.

**उपसंहरन्नाह—**

एषो दुविहो पणिही सुद्धो जइ दोसु तस्स तेसिं च। एत्तो पसत्थमपसत्थ लक्खणमज्झत्थनिप्फन्नं ॥३०२॥

ઉપસંહાર કરતાં કહે છે કે

**નિ.૩૦૨** ટીકાર્થથી સ્પષ્ટ થશે.

व्याख्या-'एष:' अनन्तरोदितो 'द्विविध: प्रणिधि:' इन्द्रियनोइन्द्रियलक्षण: 'शुद्ध' इति निर्दोषो भवति, यदि 'द्वयो:' बाह्याभ्यन्तरचेष्टयो: 'तस्य' इन्द्रियकषायवत: 'तेषां च' इन्द्रियकषायाणां सम्यग्योगो भवति, एतदुक्तं भवति-यदि बाह्यचेष्टायामभ्यन्तरचेष्टायां च तस्य च प्रणिधिमत इन्द्रियाणां कषायाणां च निग्रहो भवति तत: शुद्ध: प्रणिधिरितरथा त्वशुद्ध:, एवमपि तत्त्वनीत्याऽभ्यन्तरैव चेष्टेह गरीयसीत्याह, अत एवमपि तत्त्वे प्रशस्तं चारु, तथाऽप्रशस्तमचारु लक्षणं प्रणिधे: 'अध्यात्मनिष्पन्नम्' अध्यवसानोद्गतमिति गाथार्थ: ॥

---

**ટીકાર્થ :** અનંતર દર્શાવેલો બે પ્રકારનો પ્રણિધિ = ઈન્દ્રિયપ્રણિધિ અને નોઈન્દ્રિયપ્રણિધિ એ તો નિર્દોષ થાય જો બાહ્ય અને અભ્યન્તરચેષ્ટાઓમાં ઈન્દ્રિયકષાયવાળાનો અને ઈન્દ્રિયકષાયોનો સમ્યગ્ યોગ હોય.

કહેવાનો ભાવ એ છે કે બાહ્યચેષ્ટાઓમાં અને અભ્યન્તરચેષ્ટાઓમાં પ્રણિધિવાળા જીવનો નિગ્રહ થયો હોય અને તે જીવની ઈન્દ્રિયો તથા કષાયોનો પણ એ ચેષ્ટાઓમાં નિગ્રહ થયો હોય તો એનો એ પ્રણિધિ શુદ્ધ ગણાય. જો આવો નિગ્રહ થયો ન હોય તો એ પ્રણિધિ શુદ્ધ ન ગણાય.

(મુખ્યત્વે વચન અને કાયા સંબંધી ચેષ્ટાઓ એ બાહ્યચેષ્ટાઓ અને મન સંબંધી ચેષ્ટાઓએ અભ્યન્તર ચેષ્ટાઓ. સાધુનો આત્મા આ ચેષ્ટાઓમાં નિયંત્રણવાળો હોવો જોઈએ, ગમે તેમ પ્રવૃત્તિકરનારો ન હોવો જોઈએ. એમ સાધુની ઈન્દ્રિયો અને કષાયો પણ આ ચેષ્ટાઓમાં સ્વચ્છંદપણે વર્તે એ ન ચાલે એ નિયંત્રિત હોવા જોઈએ. આમ બને તો જ સાધુની પ્રણિધિ શુદ્ધ.)

આમ હોવા છતાં પણ તત્ત્વનીતિથી = તાત્ત્વિકદૃષ્ટિએ = પરમાર્થથી તો અભ્યન્તરચેષ્ટા જ અહીં મહાન છે એ વાત હવે બતાવે છે કે... (પૂર્વાર્ધમાં બાહ્ય અને અભ્યન્તર બંને ચેષ્ટાઓમાં આત્માદિનો નિગ્રહ હોવાથી જરૂરિયાત જણાવી, હવે એમાં બાહ્યચેષ્ટાને ગૌણ કરી અભ્યન્તરચેષ્ટાની પ્રધાનતા દર્શાવે છે.)

**एतो = अत: = एवमपि तत्त्वे** આ રીતે હોવા છતાં પણ પ્રણિધિનું પ્રશસ્ત = સારું અને અપ્રશસ્ત = ખરાબ લક્ષણ અધ્યવસાયથી નિષ્પન્ન છે. (અર્થાત્ અધ્યવસાય શુદ્ધ તો પ્રણિધિ શુદ્ધ અને અધ્યવસાય અશુદ્ધ તો પ્રણિધિ અશુદ્ધ.)

---

एतदेवाह–

मायागारवसहिओ इंदिअनोइंदिएहिं अपसत्थो । धम्मत्था अ पसत्थो इंदिअनोइंदि-अप्पणिही ॥३०३॥

આ જ વાત કરે છે કે

**નિ.૩૦૩** માયા અને ગારવવાળો ઈન્દ્રિય અનો નોઈન્દ્રિયવડે અપ્રશસ્ત છે. ધર્મને માટે ઈન્દ્રિય નોઈન્દ્રિયપ્રણિધિ પ્રશસ્ત છે.

**व्याख्या-'मायागारवसहितो' मातृस्थानयुक्त ऋद्ध्यादिगारवयुक्तश्चेन्द्रिय-नोइन्द्रिययोर्निग्रहं करोति, मातृस्थानत ईर्यादिप्रत्युपेक्षणं द्रव्यक्षान्त्याद्यासेवनं तथा ऋद्ध्यादिगारवाद्वेति 'अप्रशस्त' इत्ययमप्रशस्तः प्रणिधिः । तथा धर्मार्थं प्रशस्त इति, मायागारवरहितो धर्मार्थमेवेन्द्रियनोइन्द्रियनिग्रहं करोति यः स तदभेदोपचारात् 'प्रशस्तः' सुन्दर इन्द्रियनोइन्द्रियप्रणिधिर्निर्जराफलत्वादिति गाथार्थः ॥**

**ટીકાર્થ :** જે આત્મા કપટવાળો છે અને ઋદ્ધિ - રસ - શાતા ગારવવાળો છે, અને એ ઈન્દ્રિય અને નોઈન્દ્રિયના નિગ્રહને કરે છે. એટલે કે કપટથી કે ઋદ્ધિ વગેરે ગારવથી ઈર્યા વગેરેનું પ્રત્યુપેક્ષણ અને દ્રવ્યક્ષમા વગેરેનું આસેવન કરે છે. તેનો પ્રણિધિ અપ્રશસ્ત છે. (ઈર્યાદિ પ્રત્યુપેક્ષણ એટલે ઈર્યાસમિતિમાં બરાબર જોઈને ચાલવું વગેરે તથા માયાદિ હોવાથી તેની ક્ષમા વગેરે દ્રવ્યક્ષમા કહેવાય છે.)

ધર્મને માટેનો પ્રણિધિ પ્રશસ્ત છે. એટલે કે જે માયા અને ગારવ વિનાનો ધર્મને માટે જ ઈન્દ્રિયના અને નોઈન્દ્રિયના નિગ્રહને કરે છે, તે આત્મા પ્રણિધિના અભેદોપચારથી પ્રશસ્ત ઈન્દ્રિયનોઈન્દ્રિયપ્રણિધિ કહેવાય. ("જે જીવ ધર્મ માટે નિગ્રહ કરે, તે જીવમાં પ્રશસ્તપ્રણિધિ છે" એમ કહેવાને બદલે "તે જીવ પ્રશસ્તપ્રણિધિ છે" એમ કહ્યું છે. એટલે વૃત્તિકારે ખુલાસો કર્યો છે. જીવમાં પ્રણિધિનો અભેદ ગણી લીધો છે, એટલે જીવ પોતે પણ પ્રણિધિ કહેવાય. માટે દોષ નથી...)

એ પ્રશસ્ત એટલા માટે કે એ પ્રણિધિ નિર્જરારૂપી ફલવાળો છે.

**साम्प्रतमप्रशस्तेतरप्रणिधेर्दोषगुणानाह–**

अट्ठविहं कम्मरयं बंधइ अपसत्थपणिहिमाउत्तो । तं चेव खवेइ पुणो पसत्थपणिही-समाउत्तो ॥३०४॥

હવે અપ્રશસ્તપ્રણિધિનાં દોષોને અને પ્રશસ્તપ્રણિધિનાં ગુણોને કહે છે.

**નિ.૩૦૪** અપ્રશસ્તપ્રણિધિમાં આયુક્ત અષ્ટવિધ કર્મરજને બાંધે. પ્રશસ્તપ્રણિધિસમાયુક્ત વળી તેને જ ખપાવે.

---

**व्याख्या-'<u>अष्टविधं</u>' ज्ञानावरणीयादिभेदात् कर्मरजो '<u>बध्नाति</u>' आदत्ते, क इत्याह- '<u>अप्रशस्तप्रणिधिमायुक्तः</u>' अप्रशस्तप्रणिधौ व्यवस्थित इत्यर्थः, तदेवाष्टविधं कर्मरजः क्षपयति पुनः, कदेत्याह-प्रशस्तप्रणिधिसमायुक्त इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** જ્ઞાનાવરણીયાદિ ભેદથી આઠ પ્રકારની કર્મરજને બાંધે છે = ગ્રહણ કરે છે.

**પ્રશ્ન :** કોણ બાંધે છે ?

**ઉત્તર :** અપ્રશસ્તપ્રણિધિમાં રહેલો જીવ.

તથા તે જ અષ્ટવિધ કર્મરજને ખપાવે છે.

**પ્રશ્ન :** ક્યારે ખપાવે છે ?

**ઉત્તર :** જ્યારે પ્રશસ્તપ્રણિધિમાં વ્યવસ્થિત થાય છે ત્યારે...

---

**संयमाद्यर्थं च प्रणिधिः प्रयोक्तव्य इत्याह-**

दंसणनाणचरित्ताणि संजमो तस्स साहणट्ठाए । पणिही पउंजिअव्वो अणायणाइं च वज्जाइं ॥३०५॥

---

વળી સંયમાદિને માટે પ્રણિધિ પ્રયોજવો જોઈએ. (આદરવો જોઈએ.)

**નિ.૩૦૫** દર્શન, જ્ઞાન, ચારિત્ર એ સંયમ છે. તેના સાધનને માટે પ્રણિધિ પ્રયોજવો. અનાયતનો વર્જવા.

---

**व्याख्या-दर्शनज्ञानचारित्राणि संयमः संपूर्णः, '<u>तस्य</u>' संपूर्णसंयमस्य साधनार्थं प्रणिधिः प्रशस्तः प्रयोक्तव्यः, तथा '<u>अनायतनानि च</u>' विरुद्धस्थानानि वर्जनीयानि इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ સંપૂર્ણ સંયમ છે. તે સંપૂર્ણસંયમનાં સાધનને માટે પ્રશસ્તપ્રણિધિ આદરવો જોઈએ. તથા દર્શનાદિને વિરુદ્ધ એવા સ્થાનો વર્જવા.

---

**एवमकरणे दोषमाह–**

दुप्पणिहिअजोगी पुण लंछिज्जइ संजमं अयाणंतो । वीसत्थनिसट्ठंगोव्व कंटइल्ले जह पडंतो ॥३०६॥

---

આવું ન કરવામાં જે દોષ લાગે, તે કહે છે.

**નિ.૩૦૬** દુષ્પ્રણિહિતયોગી, સંયમને ન જાણનારો લંછાય છે. વિશ્રબ્ધ નિસૃષ્ટાંગ જેમ કાંટાળાસ્થાનમાં પડતો લંછાય...

---

**व्याख्या-'<u>दुष्प्रणिहितयोगी पुनः</u>' सुप्रणिधिरहितस्तु प्रव्रजित इत्यर्थः <u>लञ्छ्यते</u>-खण्ड्यते संयममजानानः संयत एवेति । दृष्टान्तमाह-विश्रब्धो निसृष्टाङ्गस्तथा अयत्नपरः कंटकवति श्वभ्रादौ यथा पतन् कश्चिल्लञ्छ्यते तद्वदसौ संयत इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** જે સાધુ સુપ્રણિધિરહિત છે. સંયમને નહિજાણતો એવો તે સાધુ જ ખંડિત થાય છે. (અર્થાત્ એના સંયમાદિનો વિનાશ થવા લાગે છે...)

આ જ વાતમાં દૃષ્ટાન્ત બતાવે છે કે જે માણસ એકદમ વિશ્વાસવાળો બને અને પોતાનું શરીર છોડી દે એટલે કે કાંટાવાળા ખાડા વગેરેમાં બચવાના કોઈપણ પ્રયત્ન વિના પોતાનું શરીર ફેંકે તો એ કાંટા વગેરેથી હણાય છે = પીડા પામે છે... તેની જેમ આ સાધુ પણ સમજવો.

---

**व्यतिरेकमाह–**

सुप्पणिहिअजोगी पुण न लिप्पई पुव्वभणिअदोसेहिं । निद्दहइ अ कम्माइं सुक्कतणाइं जहा अग्गी ॥३०७॥

---

વ્યતિરેકને (નિ.૩૦૬ કરતાં વિપરીતબાબતને) કહે છે.

**નિ.૩૦૭** સુપ્રણિહિતયોગી પૂર્વે કહેલા દોષોથી લેપાતો નથી. જેમ અગ્નિ સુકાઘાસને તેમ કર્મોને બાળે.

---

**व्याख्या-'<u>सुप्रणिहितयोगी पुनः</u>' सुप्रणिहितः प्रव्रजितः पुनः न लिप्यते '<u>पूर्वभणितदोषैः</u>' कर्मबन्धादिभिः, संवृताश्रवद्वारत्वात्, निर्दहति च कर्माणि प्राक्तनानि तपःप्रणिधिभावेन, दृष्टान्तमाह-शुष्कतृणानि यथा अग्निर्निर्दहति तद्वदिति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** સુંદર પ્રણિધાનવાળો સાધુ પૂર્વે કહેલા કર્મબંધાદિ દોષોથી લેપાતો નથી.

કેમકે એના બધાં આશ્રવદ્વારો ઢંકાઈ ગયેલા છે. તથા પૂર્વેના કર્મોને તપપ્રણિધાનભાવથી બાળી નાંખે છે.

આ જ વાતમાં દૃષ્ટાન્ત બતાવે છે કે જેમ અગ્નિ સુકા ઘાસને બાળે, તેમ.

---

तम्हा उ अप्पसत्थं पणिहाणं उज्झिऊण समणेणं। पणिहाणंमि पसत्थे भणिओ आयारपणिहित्ति ॥३०८॥

---

નિ.૩૦૮ તેથી અપ્રશસ્તપ્રણિધાનને છોડીને સાધુએ પ્રશસ્તપ્રણિધાનમાં (યત્ન કરવો.) આચારપ્રણિધિ કહેવાયો.

---

**व्याख्या-यस्मादेवमप्रशस्तप्रणिधिर्दुःखद इतरश्च सुखदस्तस्माद् '<u>अप्रशस्तं प्रणिधानम्</u>' अप्रशस्तं प्रणिधिम् '<u>उज्झित्वा</u>' परित्यज्य '<u>श्रमणेन</u>' साधुना '<u>प्रणिधाने</u>' प्रणिधौ '<u>प्रशस्ते</u>' कल्याणे यत्नः कार्य इति वाक्यशेषः । निगमयन्नाह-भणित आचारप्रणिधिरिति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** ઉપરમુજબ હકીકત છે, કે અપ્રશસ્તપ્રણિધિ દુઃખ આપે છે અને પ્રશસ્ત સુખ આપે છે. તેથી અપ્રશસ્તપ્રણિધાનને છોડીને સાધુએ પ્રશસ્ત = કલ્યાણરૂપ એવા પ્રણિધાનમાં યત્ન કરવો. ('**यत्नः कार्यः**' એ વાક્યનો શેષ છે. (ગાથામાં નથી, પણ લઈ લેવું)

નિગમન કરતાં = સમાપન કરતાં કહે છે કે આચારપ્રણિધિ કહેવાયો.

---

**उक्तो नामनिष्पन्नो निक्षेपः, साम्प्रतं सूत्रालापकनिष्पन्नस्यावसर इत्यादिचर्चः पूर्ववत्तावद्यावत्सूत्रानुगमेऽस्खलितादिगुणोपेतं सूत्रमुच्चारणीयं, तच्चेदम्—**

**आयारप्पणिहिं लद्धुं, जहा कायव्व भिक्खुणा ।**

**तं भे उदाहरिस्सामि, आणुपुव्विं सुणेह मे ॥१॥**

---

નામનિષ્પન્ન નિક્ષેપ કહેવાયો.

હવે સૂત્રાલાપકનિષ્પનનનો અવસર છે... આ વગેરે ચર્ચા પૂર્વની જેમ ત્યાંસુધી જાણવી, યાવત્ સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણોવાળું સૂત્ર ઉચ્ચારવાનું આવે.

તે સૂત્ર આ છે.

ગા.૧ આચારપ્રાણિધિને પામીને ભિક્ષુએ જેમ કરવાનું છે, તેને ક્રમશઃ તમને કહીશ,

મને સાંભળો.

**अस्य व्याख्या-'आचारप्रणिधिम्' उक्तलक्षणं 'लब्ध्वा' प्राप्य 'यथा' येन प्रकारेण कर्तव्यं विहितानुष्ठानं 'भिक्षुणा' साधुना 'तं' प्रकारं 'भे' भवद्भ्यः 'उदाहरिष्यामि' कथयिष्यामि 'आनुपूर्व्या' परिपाट्या श्रृणुत ममेति गौतमादयः स्वशिष्यानाहुरिति सूत्रार्थः ॥१॥**

ટીકાર્થ : કહેવાયેલા લક્ષણવાળી આચારપ્રણિધિને પામીને સાધુએ જે પ્રકારે વિહિત = શાસ્ત્રોક્ત અનુષ્ઠાન કરવાનું છે, તે પ્રકાર તમને ક્રમશઃ કહીશ. તમે મને સાંભળો.

આ વાત ગૌતમાદિ ગણધરોએ પોતાના શિષ્યોને કહી.

**तं प्रकारमाह–**

**पुढविदगअगणिमारुअ, तणरुक्खस्सबीयगा । तसा अ पाणा जीवत्ति, इइ वुत्तं महेसिणा ॥२॥**

તે પ્રકારને કહે છે.

ગા.૨ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, તૃણ, વૃક્ષ, બીજ, ત્રસ પ્રાણો જીવ છે' એમ મહર્ષિવડે કહેવાયું છે.

**'पुढवि'त्ति सूत्रं, पृथिव्युदकाग्निवायवस्तृणवृक्षसबीजा एते पञ्चैकेन्द्रियकायाः पूर्ववत्, त्रसाश्च प्राणिनो द्वीन्द्रियादयो जीवा इत्युक्तं 'महर्षिणा' वर्धमानेन गौतमेन वेति सूत्रार्थः ॥२॥**

ટીકાર્થ : પૃથ્વીવગેરે પાંચ એકેન્દ્રિય કાયો પૂર્વવત્ સમજવા. (**तृण-वृक्ष**-સબીજ = બીજસહિત આ બધા વનસ્પતિ છે.) ત્રસ પ્રાણીઓ એટલે બેઈન્દ્રિયવગેરે.

**यतश्चैवमतः**

**तेसिं अच्छणजोएण, निच्चं होअव्वयं सिआ । मणसा कायवक्केणं, एवं हवइ संजए ॥३॥**

'આ બધા જીવ છે' એમ મહર્ષિવડે = વર્ધમાનવડે કે ગૌતમવડે કહેવાયું છે. આવું

છે, માટે

ગા.૩ તેઓના અક્ષણયોગથી સતત મનવચનકાયાથી થવું જોઈએ. આ રીતે સંયત થાય.

---

**'तेसिं'ति सूत्रं, अस्य व्याख्या-'तेषां' पृथिव्यादीनाम् 'अक्षणयोगेन' अहिंसाव्यापारेण नित्यं 'भवितव्यं' वर्त्तितव्यं स्यात् भिक्षुणा मनसा कायेन वाक्येन एभिः करणैरित्यर्थः, एवं वर्तमानोऽहिंसकः सन् भवति संयतो, नान्यथेति सूत्रार्थः ॥३॥**

---

**ટીકાર્થ :** તે પૃથ્વીવગેરે જીવો છે, માટે તેમની હિંસાનો વ્યાપાર ન થાય એ રીતે ભિક્ષુએ મનથી, વચનથી અને કાયાથી સતત રહેવું જોઈએ.

આ રીતે વર્તતો સાધુ અહિંસક અને એટલે સંયત બને, એ વિના નહિ.

---

**एवं सामान्येन षड्जीवनिकायाहिंसया संयतत्वमभिधायाधुना तद्गतविधीन्विधानतो विशेषेणाह–**

**पुढविं भित्तिं सिलं लेलुं, नेव भिंदे न संलिहे । तिविहेण करणजोएणं, संजए सुसमाहिए ॥४॥**

---

આ રીતે સામાન્યથી ષટ્જીવનિકાયની અહિંસાવડે સંયતપણું કહીને હવે તદ્ગતવિધિને વિધાનથી વિશેષથી કહે છે (ષટ્કાયની અહિંસા સંબંધી જે વિધિ = કાર્ય = કર્તવ્ય = ક્રિયાને વિધાનથી = વિધિપૂર્વક વિશેષથી = પૃથ્વીવગેરે એક એક કાયને આશ્રયીને...)

ગા. ૪ સુસમાહિત સંયત ત્રિવિધ કરણયોગથી પૃથ્વી, ભિત્તી, શિલા અને લેલુને ન ભિંદે, ન સંલેખે.

---

**'पुढवि'त्ति सूत्रं, पृथिवीं शुद्धां 'भित्तिं' तटीं 'शिलां' पाषाणात्मिकां 'लेष्टुम्' इट्टालखण्डं नैव भिन्द्यात् नो संलिखेत्, तत्र भेदनं द्वैधीभावोत्पादनं 'संलेखनम्' ईषल्लेखनं 'त्रिविधेन करणयोगेन' न करोति मनसेत्यादिना 'संयतः' साधुः 'सुसमाहितः' शुद्धभाव इति सूत्रार्थः ॥४॥**

---

**ટીકાર્થ :** પૃથ્વી = ચોક્ખીપૃથ્વી. ભિત્તી = તટી (નદીવગેરેના કિનારે પડરૂપે થયેલી માટી)

શિલા = પત્થરરૂપ. લેષ્ટુ = ઈંટનો ટુકડો.
આ બધાંને ભેદવા નહિ અને સંલેખવા નહિ.
એમાં ભેદન એટલે એ પૃથ્વી વગેરેના બે ટુકડાને કરી દેવા.
સંલેખન એટલે કંઈક કોતરવું.
શુદ્ધભાવવાળો સાધુ ત્રણકરણ અને ત્રણયોગવડે ભેદનાદિ ન કરે.
મન-વચન-કાયા એ ત્રણયોગ, કરવું-કરાવવું-અનુમોદવું એ ત્રણકરણ.

---

**तथा**

**सुद्धपुढवीं न निसीए, ससरक्खंमि अ आसणे । पमज्जित्तु निसीइज्जा, जाइत्ता जस्स उग्गहं ॥५॥**

---

**ગા.૫** શુદ્ધપૃથ્વી પર ન બેસે. સરજસ્ક આસન પર ન બેસે. જેનો અવગ્રહ હોય, તેની પાસે માંગીને પ્રમાર્જીને બેસે.

---

**'सुद्ध'त्ति सूत्रं, 'शुद्धपृथिव्याम्' अशस्त्रोपहतायामनन्तरितायां न निषीदेत्, तथा 'सरजस्के वा' पृथ्वीरजोऽवगुण्ठिते वा 'आसने' पीठकादौ न निषीदेत्, निषीदनग्रहणा-त्स्थानत्वग्वर्तनपरिग्रहः, अचेतनायां तु प्रमृज्य तां रजोहरणेन निषीदेत् 'ज्ञात्वे'त्यचेतनां ज्ञात्वा 'याचयित्वाऽवग्रह'मिति यस्य संबन्धिनी पृथिवी तमवग्रहमनुज्ञाप्येति सूत्रार्थः ॥५॥**

---

**ટીકાર્થ** : શુદ્ધ પૃથ્વી = જે પૃથ્વી શસ્ત્રથી હણાઈ નથી એટલે કે સચિત્ત છે. અનન્તરિત એવી તે પૃથ્વી પર ન બેસે. (સાધુ અને પૃથ્વીની વચ્ચે વસ્ત્ર વગેરેનું આંતરુ હોય તો એ અન્તરિત બને. પણ સાધુ સીધો જ એ પૃથ્વી પર બેસે તો એ વખતે પૃથ્વી અનન્તરિત કહેવાય. આમ તો અન્તરિતમાં પણ ન જ બેસાય. પણ જે અન્તરિતમાં બેસવાથી હિંસા ન થાય તેમાં બેસાય. દા.ત. આપણે મકાનમાં બેસીએ, તો મકાનની નીચે જમીનમાં સચિત્ત પૃથ્વી છે જ, આપણે પરંપરાએ એના ઉપર બેઠા છીએ. પરંતુ એનાથી કંઈ એ પૃથ્વીની હિંસા નથી થતી... એટલે એવા અન્તરિત પૃથ્વીમાં બેસવામાં કોઈ દોષ નથી.)

તથા પૃથ્વીની રજથી ખરડાયેલા આસનઉપર સાધુ ન બેસે. (રજસચિત્ત છે માટે)

અહીં નિષીદનનું ગ્રહણ કરેલું છે, એનાથી ઉભા રહેવું, ઊંઘવું વગેરેનું પણ ગ્રહણ કરી લેવું.)

જો પૃથ્વી અચિત્ત હોય, તો તેને ઓઘાથી પ્રમાર્જીને તેના ઉપર બેસે.

આ નિષીદન પણ 'એ પૃથ્વી અચિત્ત છે' એમ જાણીને જ કરવું. તથા જે માલિકના સંબંધી એ પૃથ્વી છે, તેની પાસે તે પૃથ્વી પર બેસવાની રજા લઈ નિષીદન કરવું.

(વૃત્તિકાર લખે છે કે '**ज्ञात्वा' इति अचेतनां ज्ञात्वा**' આનો અર્થ એ કે ગાથામાં **ज्ञात्त्वा** શબ્દ હોવો જોઈએ. તો જ વૃત્તિકાર એનો અર્થ કરે ને ? જો **जाइत्ता** નો અર્થ **ज्ञात्वा** કરો તો એ પણ બરાબર નથી. કેમકે વૃત્તિમાં તરત જ **याचयित्वा...** એમ લખ્યું છે. એટલે એ **जाइत्ता** શબ્દનો **याचयित्वा** અર્થ તો લીધો જ છે. એટલે **ज्ञात्वा** નો સૂચક કોઈ શબ્દ ગાથામાં નથી. કોઈ એમ કહે કે "વૃત્તિકાર પોતાની રીતે અમુક શબ્દો બહારથી લાવીને અર્થ સંગત કરી શકે છે" તો એનો ઉત્તર એ કે એ વાત સાચી. પણ વૃત્તિકાર જ્યારે બહારથી કંઈક ઉમેરે, ત્યારે કાં તો **वाक्यशेषः** કે **इति गम्यते** ઇત્યાદિ લખે. ધારો કે એ કંઈ ન લખે તો ય પોતે જ પોતાના શબ્દનો અર્થ દર્શાવવાનું કામ ન કરે. એ સીધું એમ જ લખી દે કે '**अचेतनां ज्ञात्वा**' જ્યારે અહીં તો **ज्ञात्वा इति अचेतनां ज्ञात्वा.** એમ લખ્યું છે. **ज्ञात्वा** શબ્દનો અર્થ ખોલ્યો છે...

એટલે આ બાબતમાં વિશેષ તો બહુશ્રુતો જાણે...)

---

**उक्तः पृथिवीकायविधिः, अधुना अप्कायविधिमाह–**

**सीओदगं न सेविज्जा, सिलावुट्ठं हिमाणि अ । उसिणोदगं तत्तफासुअं, पडिगाहिज्ज संजए ॥६॥**

---

પૃથ્વીકાયવિધિ કહેવાઈ.

હવે અપ્કાયની વિધિ કહે છે.

ગા.૬ શીતોદક, શિલા, વૃષ્ટ, હિમને ન સેવે. સંયત તપ્તપ્રાસુક ઉષ્ણોદક ગ્રહણ કરે.

---

**'सीओदगं'ति सूत्रं, 'शीतोदकं' पृथिव्युद्भवं सच्चित्तोदकं न सेवेत, तथा शिलावृष्टं हिमानि च न सेवेत, तत्र शिलाग्रहणेन करकाः परिगृह्यन्ते, वृष्टं वर्षणं, हिमं प्रतीतं प्राय उत्तरापथे भवति । यद्येवं कथमयं वर्त्तेतेत्याह– 'उष्णोदकं' क्वथितोदकं 'तप्तप्रासुकं' तप्तं सत्प्रासुकं त्रिदण्डोद्वृत्तं, नोष्णोदकमात्रं, प्रतिगृह्णीयाद्वृत्त्यर्थं 'संयतः' साधुः, एतच्च सौवीराद्युपलक्षणमिति सूत्रार्थः ॥६॥**

**ટીકાર્થ :** જમીનમાંથી ઉદ્ભવ પામતાં (કુવાવગેરેના પાણીરૂપ) સચિત્તપાણીને સાધુ ન સેવે. તથા સાધુ શિલા, વૃષ્ટ અને હિમને ન સેવે. તેમાં શિલા શબ્દના ગ્રહણથી કરાઓ સમજવાના છે. વૃષ્ટ = વરસાદ, હિમ એ પ્રતીત છે (બરફ) એ પ્રાયઃ ઉત્તરાપથમાં = કાશ્મીર વગેરેમાં થાય છે.

પ્રશ્ન : જો આમ હોય તો આણે કેવી રીતે વર્તવું ? (અર્થાત્ કયું પાણી વાપરીને નિર્વાહ કરવો ?)

**ઉત્તર :** જે પાણી ઉકાળેલું હોય, તપાવેલું છતું જે પ્રાસુક = ત્રણઉકાળાવાળું થયું હોય નહિ કે માત્ર ગરમપાણી... તે પાણીને સાધુ વૃત્તિને માટે = નિર્વાહને માટે જીવન ટકાવવાને માટે ગ્રહણ કરે.

આ પ્રાસુક તપ્તપાણીનું ગ્રહણ એ સૌવીરાદિનું ઉપલક્ષણ છે (એટલે કે અહીં ભલે ત્રણ ઉકાળાવાળા પાણીની જ વાત કરી. પણ એનાથી સમજી લેવું કે કાંજી વગેરે પણ અચિત્તપાણી રૂપ હોવાથી લઈ શકાય.)

---

**तथा**

**उदउल्लं अप्पणो कायं, नेव पुंछे न संलिहे। समुप्पेह तहाभूअं, नो णं संघट्टए मुणी ॥७॥**

---

ગા.૭ પોતાના ભીનાશરીરને પુંછે નહિ, સંલેખે નહિ. તથાભૂતકાયને જોઈને મુનિ સંઘટ્ટો ન કરે.

---

**'उदउल्लं'ति सूत्रं, नदीमुत्तीर्णो भिक्षाप्रविष्टो वा वृष्टिहतः 'उदकार्द्रम्' उदकबिन्दुचितमात्मनः 'कायं' शरीरं स्निग्धं वा नैव 'पुञ्छ्येद्' वस्त्रतृणादिभिः 'न संलिखेत्' पाणिना, अपितु 'संप्रेक्ष्य' निरीक्ष्य 'तथाभूतम्' उदकार्द्रादिरूपं नैव कायं 'संघट्टयेत्' मुनिर्मनागपि न स्पृशेदिति सूत्रार्थः ॥७॥**

---

**ટીકાર્થ :** સાધુ નદી ઉતર્યો હોય ત્યારે અથવા ભિક્ષામાટે ગયો હોય અને જ વરસાદ પડી ગયો હોય ત્યારે તેનું પોતાનું શરીર પાણીના ટીપાંઓથી ભરેલું હોય અથવા તો પછી સ્નિગ્ધ હોય (પાણીના સ્પષ્ટ ટીપાઓ ન દેખાય, પણ પાણીની ભીનાશ હોય) તો આવા શરીરને સાધુ વસ્ત્રથી કે ઘાસ વગેરેથી લુંછી ન નાંખે. એમ હાથથી સંલેખન પણ ન કરે. (ભીનાશરીરઉપર હાથ ઘસી ન નાંખે.)

ઉલ્ટું ઉદકાર્દ્ર વગેરેરૂપ તે કાયાને જોઈને સાધુ લેશ પણ સ્પર્શ ન કરે.

(આશય એ કે લુંછવાદિની વાત તો દૂર રહી, સાધુ તો એ શરીરને સ્પર્શ પણ ન કરે.)

---

**उक्तोऽप्कायविधिः, तेजःकायविधिमाह–**

**इंगालं अगणिं अच्चिं, अलायं वा सजोइअं । न उंजिज्जा न घट्टिज्जा, नो णं निव्वावए मुणी ॥८॥**

---

અપ્કાયવિધિ કહેવાયો.

હવે તેજસ્કાયની વિધિ કહે છે.

ગા.૮ ઈંગાલ, અગ્નિ , અર્ચિ, સજ્યોતિ અલાતને મુનિ ઉંજન, ઘટ્ટન કે નિર્વાપન ન કરે.

---

**'इंगालं'ति सूत्रं, '<u>अङ्गारं</u>' ज्वालारहितम् '<u>अग्निम्</u>' अयःपिण्डानुगतम् '<u>अर्चिः</u>' छिन्नज्वालम् '<u>अलातम्</u>' उल्मुकं वा '<u>सज्योतिः</u>' साग्निकमित्यर्थः, किमित्याह-नोत्सिञ्चेत् न घट्टयेत्, तत्रोञ्जनमुत्सेचनं प्रदीपादेः, घट्टनं मिथश्चालनं, तथा नैनम्-अग्निं '<u>निर्वापयेद्</u>' अभावमापादयेत् '<u>मुनिः</u>' साधुरिति सूत्रार्थः ॥८॥**

---

**टीकार्थ :** જ્વાળા વિનાની અગ્નિ એ **અંગારો.** (લાલચોળ કોલસો.) તપાવેલા લોખંડનાં ગોળામાં રહેલી અગ્નિ એ **અગ્નિ** કહેવાય. જે અગ્નિની જવાળા છેદાઈ ગયેલી છે તે **અર્ચિ** (મોટીઅગ્નિ ભડકે બળતી હોય ત્યારે આકાશમાં અમુક અગ્નિ નીચેની અગ્નિથી છુટી પડેલી પણ દેખાય... આ **અર્ચિ** છે.) અગ્નિવાળું એવું **ઊંબાડીયું.**

આ બધાં અગ્નિને સાધુ ઉત્સિચન અને ઘટ્ટન ન કરે.

તેમાં ઉંજન = ઉત્સેચન પ્રદીપાદિનું થાય. (દીવામાં તેલ પૂરવું એ...)

ઘટ્ટન એટલે પરસ્પર ચલાવવા. (અગ્નિને હલાવવા...)

તથા સાધુ એ અગ્નિને બુઝવે નહિ, એનો અભાવ ન કરે.

---

**प्रतिपादितस्तेजःकायविधिः, वायुकायविधिमाह–**

**तालिअंटेण पत्तेण, साहाए विहुणेण वा । न वीइज्जऽप्पणो कायं, बाहिरं वावि पुग्गलं ॥९॥**

---

તેજસ્કાયની વિધિ કહેવાઈ ગઈ.

હવે વાયુકાયની વિધિ કહે છે.

ગા.૯ પંખા, પત્ર, શાખા કે વિધૂનનથી પોતાની કાયને કે બાહ્યપુદ્ગલને વીંઝે નહિ.

---

**'तालिअंटेण'त्ति सूत्रं, 'तालवृन्तेन' व्यजनविशेषेण 'पत्रेण' पद्मिनीपत्रादिना 'शाखया' वृक्षडालरूपया 'विधूप( व )नेन वा' व्यजनेन वा, किमित्याह-न वीजयेद् 'आत्मनः कायं' स्वशरीरमित्यर्थः 'बाह्यं वापि पुद्गलम्' उष्णोदकादीति सूत्रार्थः ॥९॥**

---

**ટીકાર્થ :** તાલવૃન્ત = એક વિશેષપ્રકારનો પંખો. પત્ર = પદ્મિનીપત્ર (પાંદડું વગેરે...)

શાખા = વૃક્ષની ડાળ વિધૂનન = પંખો.

આ બધાથી સાધુ પોતાના શરીરને પણ ન વીંઝે. તથા ગરમપાણીવગેરે રૂપ બાહ્યપુદ્ગલને પણ ન વીંઝે.

---

**प्रतिपादितो वायुकायविधिः, वनस्पतिविधिमाह–**

**तणरुक्खं न छिंदिज्जा, फलं मूलं च कस्सई । आमगं विविहं बीअं, मणसावि ण पत्थए ॥१०॥**

---

વાયુકાયની વિધિ કહેવાઈ ગઈ.

હવે વનસ્પતિની વિધિ કહે છે.

ગા.૧૦ તૃણ, વૃક્ષને તથા કોઈકના ફલ, મૂળને ન છેદે. કાચા વિવિધબીજને મનથી પણ ન ઈચ્છે.

---

**'तण'त्ति सूत्रं, तृणवृक्षमित्येकवद्भावः, तृणानि-दर्भादीनि वृक्षाः-कदम्बादयः, एतान्न छिन्द्यात्, फलं मूलं वा कस्यचिद्वृक्षादेर्न छिन्द्यादिति सूत्रार्थः ॥१०॥**

---

**ટીકાર્થ : तृणवृक्षं** આ એકવદ્ભાવ = સમાહારદ્વન્દ્વ સમાસ થયેલો છે (માટે જ એકવચન છે)

તૃણ એટલે દર્ભવગેરે પ્રકારનું ઘાસ.

વૃક્ષ એટલે કદંબાદિ વૃક્ષો.

આ બધાને છેદવા નહિ.

તથા કોઈક વૃક્ષાદિના ફલને કે મૂળને પણ ન છેદવા.

તથા અનેકપ્રકારનાં જે બીજ શસ્ત્રથી હણાયેલા ન હોય = કાચા = સચિત્ત હોય તેને મનથી પણ ન ઈચ્છે, તો ખાવાની તો વાત જ ક્યાં રહી ?

**तथा**

**गहणेसु न चिट्ठिज्जा, बीएसु हरिएसु वा । उदगंमि तहा निच्चं, उत्तिंगपणगेसु वा ॥११॥**

**ગા.૧૧** ગહનોમાં, બીજોમાં કે હરિતોમાં ન રહે. તથા પાણીમાં, ઉતિંગમાં કે પનકમાં સદાય ન ઉભો રહે.

**'गहणेसु'त्ति सूत्रं, 'गहनेषु' वननिकुञ्जेषु न तिष्ठेत्, संघट्टनादिदोषप्रसङ्गात्, तथा 'बीजेषु' प्रसारितशाल्यादिषु 'हरितेषु वा' दूर्वादिषु न तिष्ठेत्, 'उदके तथा नित्यम्' अत्रोदकम्- अनन्तवनस्पतिविशेषः, यथोक्तम्—'उदए अवए पणए' इत्यादि, उदकमेवान्ये, तत्र नियमतो वनस्पतिभावात्, उत्तिङ्गपनकयोर्वा न तिष्ठेत्, तत्रोत्तिङ्गः-सर्पच्छत्रादिः पनकः- उल्लिवनस्पतिरिति सूत्रार्थः ॥११॥**

**ટીકાર્થ :** ગહન = વનનિકુંજ = ગાઢજંગલવિસ્તારો = ત્યાં સાધુ ન રહે, ન ઉભો રહે... કેમકે ત્યાં વનસ્પતિનો સંઘટ્ટોવગેરે દોષ લાગી શકે છે.

તથા બધે ફેલાયેલા, વીખરાયેલા શાલિવગેરે બીજો ઉપર કે દૂર્વાવગેરે હરિત ઉપર સાધુ ન ઉભો રહે. તથા કાયમ માટે ઉદકમાં ન ઉભો રહે.

**પ્રશ્ન :** વનસ્પતિનો અધિકાર ચાલે છે, એમાં ઉદક = પાણીની વાત ક્યાંથી આવી ?

**ઉત્તર :** અહીં ઉદક એટલે વિશેષપ્રકારની અનંતકાયરૂપ વનસ્પતિ જ સમજવી. કેમકે કહ્યું છે કે "ઉદક, અવક, પનક..." આમ પનકના = નિગોદના સમાનાર્થી શબ્દ તરીકે ઉદકનો ઉલ્લેખ આવતો હોવાથી ઉદક = અનંતકાયવિશેષ લઈ શકાય.

બીજાઓ કહે છે કે ઉદક એટલે પાણી જ લેવું. વનસ્પતિનો અધિકાર ચાલુ છે, છતાં એમાં પાણીની વાત કરી છે એ એટલા માટે કે પાણીમાં અવશ્ય વનસ્પતિ હોય જ છે. (પાણીમાં નિગોદ માની છે... માટે)

તથા સાધુ ઉત્તિંગમાં અને પનકમાં ન ઉભો રહે. તેમાં ઉત્તિંગ એટલે સર્પચ્છત્રાદિ (?) (આમ તો કીડીના નગરા પ્રસિદ્ધ છે.)

પનક એટલે ઉલ્લિવનસ્પતિ = નિગોદ.

---

**उक्तो वनस्पतिकायविधिः, त्रसकायविधिमाह–**

**तसे पाणे न हिंसिज्जा, वाया अदुव कम्मुणा । उवरओ सव्वभूएसु, पासेज्ज विविहं जगं ॥१२॥**

---

વનસ્પતિકાયની વિધિ કહેવાઈ.

ત્રસકાયની વિધિને કહે છે.

**ગા.૧૨** વાણીથી કે કર્મથી ત્રસ જીવોને ન હણે. સર્વભૂતોમાં ઉપરત તે વિવિધ જગતને જુએ.

---

**'तस'त्ति सूत्रं, 'त्रसप्राणिनो' द्वीन्द्रियादीन् न हिंस्यात्, कथमित्याह-वाचा अथवा 'कर्मणा' कायेन, मनसस्तदन्तर्गतत्वादग्रहणम्, अपि च-'उपरतः' सर्वभूतेषु निक्षिप्तदण्डः सन् पश्येद्विविधं 'जगत्' कर्मपरतन्त्रं नरकादिगतिरूपं, निर्वेदायेति सूत्रार्थः ॥१२॥**

---

**ટીકાર્થ :** સાધુ વાણીથી કે કર્મથી = ક્રિયાથી બેઈન્દ્રિયાદિને ન હણે.

**પ્રશ્ન :** મનનું ગ્રહણ કેમ નથી કર્યું ?

**ઉત્તર :** મન તો વાણી અને કર્મમાં અન્તર્ગત હોય છે, એટલે તેનું ગ્રહણ કર્યું નથી.

વળી બધા જીવોને વિશે ઉપરત થયેલો એટલે કે બધા જીવોમાં દંડ = હિંસા જેણે છોડી દીધી છે એવો તે સાધુ વિવિધ જગતને જુએ. એટલે કે "આ જગત કર્મને પરતંત્ર છે નરકાદિ ચારગતિ રૂપ છે" આ બધું જ નિર્વેદને માટે = વૈરાગ્યને માટે જુએ.

---

**उक्तः स्थूलविधिः, अथ सूक्ष्मविधिमाह–**

**अट्ठ सुहुमाइ पेहाए, जाइं जाणित्तु संजए । दयाहिगारी भूएसु, आस चिट्ठ सएहि वा ॥१३॥**

---

સ્થૂલવિધિ કહ્યો. હવે સૂક્ષ્મવિધિ કહે છે.

**ગા.૧૩** જેને જાણીને સંયત ભૂતોમાં દયાધિકારી બને, તે આઠ સૂક્ષ્મોને જોઈને બેસે, ઉભો રહે, કે ઊંઘે.

'अट्ठ'त्ति सूत्रं, अष्टौ 'सूक्ष्माणि' वक्ष्यमाणानि प्रेक्ष्योपयोगत आसीत तिष्ठेच्छयीत वेति योगः, किंविशिष्टानीत्याह-यानि ज्ञात्वा संयतो ज्ञपरिज्ञया प्रत्याख्यानपरिज्ञया च दयाधिकारी भूतेषु भवति, अन्यथा दयाधिकार्येव नेति, तानि प्रेक्ष्य तद्रहित एवासनादीनि कुर्याद्, अन्यथा तेषां सातिचारतेति सूत्रार्थः ॥१३॥

**ટીકાર્થ :** આઠ સૂક્ષ્મવસ્તુઓ આગળ કહેવાશે. સાધુએ એને ઉપયોગથી જોઈને ઉપયોગથી બેસવું, ઊભા રહેવું કે ઊંઘવું. આ રીતે શબ્દોનો યોગ કરવો.

**પ્રશ્ન :** એ આઠ સૂક્ષ્મો કિંવિશિષ્ટ છે ? કયા વિશેષણવાળા છે ?

**ઉત્તર :** એ સૂક્ષ્મો એવા છે કે જેને જ્ઞપરિજ્ઞાથી જાણીને અને પ્રત્યાખ્યાનપરિજ્ઞાથી ત્યાગીને સંયત = સાધુ જીવોને વિશે દયા કરવાનો અધિકારી બને છે. બાકી એ વિના તો એ દયાનો અધિકારી જ બનતો નથી.

સાધુ તે સૂક્ષ્મોને જોઈને તેમનાથી રહિત પ્રદેશમાં જ આસનાદિ કરે. જો એમ ન કરે તો એ આસનાદિ અતિચારવાળા બને. (હિંસાદિ થાય, માટે.)

आह–

**कयराइं अट्ठ सुहुमाइं ?, जाइं पुच्छिज्ज संजए । इमाइं ताइं मेहावी, आइक्खिज्ज विअक्खणो ॥१४॥**

**ગા.૧૪** 'આઠ સૂક્ષ્મો કયા છે ?' એમ સંયત જે સૂક્ષ્મોની પૃચ્છા કરે, મેધાવી વિચક્ષણ તે આ સૂક્ષ્મોને કહે.

'कयराणि' सूत्रं, कतराण्यष्टौ सूक्ष्माणि यानि दयाधिकारित्वाभावभयात् पृच्छेत्संयतः ?, अनेन दयाधिकारिण एव एवंविधेषु यत्नमाह, स ह्यवश्यं तदुपकारकाण्यपकारकाणि च पृच्छति, तत्रैव भावप्रतिबन्धादिति । 'अमूनि' तानि अनन्तरं वक्ष्यमाणानि मेधावी आचक्षीत विचक्षण इति, अनेनाप्येतदेवाह-मर्यादावर्तिना तज्ज्ञेन तत्प्ररूपणा कार्या, एवं हि श्रोतुस्तत्रोपादेयबुद्धिर्भवति, अन्यथा विपर्यय इति सूत्रार्थः ॥१४॥

**ટીકાર્થ :** "જો હું આઠ સૂક્ષ્મોને નહિ જાણું તો હું દયાનો અધિકારી નહિ થાઉં" આવાપ્રકારના દયાધિકારિતાનો અભાવ થવાના ભયથી સાધુ પૂછે કે "એ આઠ સૂક્ષ્મો કયા છે ?"

આના દ્વારા એ દર્શાવ્યું કે દયાનો અધિકારી જે હોય, તેનો જ આવા પ્રકારના સૂક્ષ્મોને

વિશે (અહિંસા પાળવાનો) યત્ન હોય. દયાધિકારી અવશ્ય તે આઠ સૂક્ષ્મોને ઉપકારક તત્ત્વો શું છે ? તેની અને એ આઠ સૂક્ષ્મોને અપકારક તત્ત્વો શું છે ? તેની પૃચ્છા કરે. (અથવા તો દયાના ઉપકારકોની અને દયાના અપકારકોની પૃચ્છા કરે.)

કેમકે દયાધિકારીને તો દયામાં જ ભાવનો પ્રતિબંધ છે. (એનો બધો ભાવ = અધ્યવસાય દયામાં જ બંધાયેલો છે, ચોંટેલો છે, લાગેલો છે.)

ટુંકમાં કોઈ દયાધિકારી સાધુ જ્યારે જે આઠ સૂક્ષ્મો અંગે ઉપર મુજબ પૃચ્છા કરે, ત્યારે તે આ આઠ વક્ષ્યમાણ સૂક્ષ્મો વિચક્ષણ મેધાવી સાધુએ એને કહેવા.

અહીં "મેધાવી વિચક્ષણે સૂક્ષ્મોની પ્રરૂપણા કરવી" એમ કહેવાદ્વારા પણ આ જ વાત દર્શાવી કે મેધાવી = મર્યાદાવાળા = સંવિગ્ન અને વિચક્ષણ = તજ્જ્ઞ = સૂક્ષ્મજ્ઞાતા = ગીતાર્થે તે આઠ સૂક્ષ્મોની પ્રરૂપણા કરવી. આ રીતે થાય તો જ શ્રોતાને તે સૂક્ષ્મોમાં, તેની દયામાં ઉપાદેયબુદ્ધિ થાય. ("એ કરવું જ જોઈએ" એમ થાય.)

બાકી જો અમેધાવી કે અવિચક્ષણ સૂક્ષ્મોની પ્રરૂપણા કરે તો શ્રોતાને ઉપાદેયબુદ્ધિ ન થાય. પણ વિપર્યય = અનુપાદેયબુદ્ધિ... થાય. (સૂક્ષ્મોની રક્ષામાં યત્ન વિનાનો શિથિલ સાધુ સૂક્ષ્મોની પ્રરૂપણા કરે તો શ્રોતાને લાગે કે "આ બધું બોલે છે, પણ એ ક્યાં એની રક્ષા કરે છે ? એટલે આ ન આદરીએ તો કોઈ ઝાઝો વાંધો નહિ હોય. નહિ તો આ વક્તા જ આચાર ન પાળત... વગેરે."

તથા અવિચક્ષણ = અજ્ઞાતા જો સૂક્ષ્મોનું વર્ણન કરે તો એ વર્ણન બરાબર ન જ થાય. પરિણામે શ્રોતાને એ પદાર્થો બરાબર સમજાય નહિ, શંકાઓ થાય સમાધાન ન થાય... એટલે પણ એમાં ઉપાદેયબુદ્ધિ ન થાય.

**अनेनापि एतदेवाह** માં **अपि** અને **एव** એ બે અવ્યય વપરાયા છે. એનો સમજી વિચારીને સ્વયં અર્થ કરી લેવો. ટુંકમાં ઉપર જ **अनेन दयाधिकारिणः** એમ પંક્તિ આવી છે. એટલે કે ગાથાના પૂર્વાર્ધવડે (**अनेन**) એક વાત સૂચવાઈ છે, અને ગાથાના ઉત્તરાર્ધવડે પણ એક વાત સૂચવાઈ છે.

આ જ કહે છે એ જ ઉત્તરાર્ધમાં દર્શાવેલો પદાર્થ જ વધુ સ્પષ્ટ દર્શાવવો છે... એટલે જ વપરાયો છે... એમ જણાય છે.)

---

**सिणेहं पुप्फसुहुमं च, पाणुत्तिंगं तहेव य । पणगं बीअहरिअं च, अंडसुहुमं च अट्ठमं ॥१५॥**

---

**ગા.૧૫** સ્નેહ, પુષ્પસૂક્ષ્મ, પ્રાણ, ઉત્તિંગ, પનક, બીજ, હરિત અને આઠમું અંડસૂક્ષ્મ.

---

**'सिणेहं'ति सूत्रं, '<u>स्नेह</u>'मिति स्नेहसूक्ष्मम्-अवश्यायहिममहिकाकरकहरतनुरूपं, पुष्पसूक्ष्मं चेति वटोदुम्बराणां पुष्पाणि, तानि तद्वर्णानि सूक्ष्माणीति न लक्ष्यन्ते, '<u>पाणी</u>'ति प्राणिसूक्ष्ममनुद्धरिः कुन्थुः, स हि चलन् विभाव्यते, न स्थितः, सूक्ष्मत्वात् । '<u>उत्तिंगं तथैव चे</u>'त्युत्तिंगसूक्ष्मं-कीटिकानगरं, तत्र कीटिका अन्ये च सूक्ष्मसत्त्वा भवन्ति । तथा '<u>पनक</u>'मिति पनकसूक्ष्मं प्रायः प्रावृट्काले भूमिकाष्ठादिषु पञ्चवर्णस्तद्द्रव्यलीनः पनक इति, तथा '<u>बीजसूक्ष्मं</u>' शाल्यादिबीजस्य मुखमूले कणिका, या लोके तुषमुखमित्युच्यते, '<u>हरितं चे</u>'ति हरितसूक्ष्मं, तच्चात्यन्ताभिनवोद्भिन्नं पृथिवीसमानवर्णमेवेति, '<u>अण्डसूक्ष्मं चाष्टम</u>'मिति एतच्च मक्षिकाकीटिकागृहकोलिकाब्राह्मणीकृकलासाद्यण्डमिति सूत्रार्थः ॥१५॥**

---

**ટીકાર્થ :** આઠ સૂક્ષ્મો આ પ્રમાણે છે.

**(૧) સ્નેહસૂક્ષ્મ :** અવશ્યાય = ઝાકળ, હિમ-બરફ, મહિકા = ધૂમ્મસ, કરક = કરા, હરતનુ = ઘાસ વગેરેના અગ્રભાગઉપર જમીનમાંથી આવીને રહેલા પાણીના ટીપાં.

**(૨) પુષ્પસૂક્ષ્મ :** વડ, ઉદુમ્બરના પુષ્પો. તે પુષ્પો વડાદિના જ વર્ણવાળા હોય છે એટલે પુષ્પ તરીકે ન જણાય.

**(૩) પ્રાણીસૂક્ષ્મ :** અનુદ્ધરિ કુન્થુ. આ જીવ હલે તો ખબર પડે. પણ સ્થિર હોય તો સૂક્ષ્મ હોવાથી ખબર ન પડે.

**(૪) ઉત્તિંગસૂક્ષ્મ :** કીડીનાં નગરા. તેમાં કીડીઓ અને બીજા સૂક્ષ્મજીવો હોય છે.

**(૫) પનકસૂક્ષ્મ :** ચોમાસાનાં સમયમાં જમીન, લાકડાવગેરેઉપર પાંચવર્ણવાળી અને તે જમીન વગેરે દ્રવ્યમાં જ લાગેલી (એકમેક જેવી બનેલી) નિગોદ.

**(૬) બીજસૂક્ષ્મ :** શાલિ વગેરે બીજના મુખના મૂળમાં (મુખના મુખ્ય ભાગમાં) કણિકા = કણ હોય છે. જે લોકમાં તુષમુખ કહેવાય છે. (ફોતરાનું મુખ)

**(૭) હરિતસૂક્ષ્મ :** તે અત્યંત નવી ઉગેલી પૃથ્વીનાં જેવા જ વર્ણવાળી વનસ્પતિ છે. (મોટી થાય પછી અલગ તરી આવે...)

**(૮) અંડસૂક્ષ્મ :** માખી, કીડી, ગિરોળી, બ્રાહ્મણી (ત્રસજીવ વિશેષ), કૃકલાસ = કાચીંડો વગેરેના ઈંડા રૂપ લેવું.

---

**एवमेआणि जाणिज्जा, सव्वभावेण संजए । अप्पमत्तो जए निच्चं, सव्विंदिअसमाहिए ॥१६॥**

ગા.૧૬ આ પ્રમાણે સંયત સર્વભાવથી આને જાણે. સર્વેન્દ્રિયસમાહિત અપ્રમત્ત સાધુ નિત્ય યત્ન કરે.

**'एवमेआणि'त्ति सूत्रं, 'एवम्' उक्तेन प्रकारेण एतानि सूक्ष्माणि ज्ञात्वा सूत्रादेशेन 'सर्वभावेन' शक्त्यनुरूपेण स्वरूपसंरक्षणादिना 'संयतः' साधुः किमित्याह-'अप्रमत्तो' निद्रादिप्रमादरहितः यतेत मनोवाक्कायैः संरक्षणं प्रति 'नित्यं' सर्वकालं 'सर्वेन्द्रिय-समाहितः' शब्दादिषु रागद्वेषावगच्छन्निति सूत्रार्थः ॥१६॥**

**ટીકાર્થ :** સૂત્રને અનસારે કહેવાયેલા પ્રકારથી આ સૂક્ષ્મોને જાણીને સાધુ સર્વભાવથી યત્ન કરે. એમાં **सर्वभावेन** = શક્તિને અનુરૂપ એવા સ્વરૂપસંરક્ષણાદિ વડે. (હેતુ, સ્વરૂપ અને અનુબંધ એમ ત્રણ પ્રકારે હિંસા હોય છે અને ત્રણ પ્રકારે અહિંસા પણ હોય છે. એમાં સ્વરૂપનું = તે તે જીવના શરીરનું સંરક્ષણ કરવું તે સ્વરૂપસંરક્ષણ કહેવાય. **आदि** શબ્દથી અનુબંધ સંરક્ષણાદિ લઈ શકાય. આ સ્વરૂપ સંરક્ષણાદિ એ પોતાની શક્તિને અનુરૂપ કરવાના છે.)

એ સાધુનાં વિશેષણો આ પ્રમાણે છે. અપ્રમત્ત = નિદ્રાદિ પ્રમાદોથી રહિત.

**સર્વેન્દ્રિયસમાહિત** એટલે શબ્દાદિમાં રાગદ્વેષને ન પામતો.

આવો સાધુ સર્વકાળ મન, વચન, કાયાથી સંરક્ષણનો યત્ન કરે.

तथा

**धुवं च पडिलेहिज्जा, जोगसा पायकंबलं । सिज्जमुच्चारभूमिं च, संथारं अदुवाऽऽसणं ॥१७॥**

ગા.૧૭ યોગ હોતે છતે અવશ્ય પાત્ર, કંબલ, શય્યા, ઉચ્ચારભૂમિ, સંથારો કે આસનનું પ્રતિલેખન કરવું.

**'धुव'न्ति सूत्रं, तथा 'धुवं च' नित्यं च यो यस्य काल उक्तोऽनागतः परिभोगे च तस्मिन् प्रत्युपेक्षेत सिद्धान्तविधिना 'योगे सति' सति सामर्थ्ये अन्यूनातिरिक्तं, किं तदित्याह- 'पात्रकम्बलम्' पात्रग्रहणादलाबुदारुमयादिपरिग्रहः, कम्बलग्रहणादूर्णासूत्रमयपरिग्रहः, तथा**

**'शय्यां' वसतिं द्विकालं त्रिकालं च उच्चारभुवं च-अनापातवदादि स्थण्डिलं तथा 'संस्तारकं' तृणमयादिरूपमथवा 'आसनम्' अपवादगृहीतं पीठकादि प्रत्युपेक्षेतेति सूत्रार्थः ॥१७॥**

**ટીકાર્થ** : જો સામર્થ્ય હોય તો જે વસ્ત્રાદિનો જે અનાગતકાલ કહ્યો છે, તેમાં અને પરિભોગમાં સિદ્ધાન્તની વિધિથી ઓછું નહિ અને વધુ નહિ એ રીતે પાત્ર, કાંબળી, શય્યા, ઉચ્ચારભૂમિ, સંથારો કે આસન એ બધાનું પ્રતિલેખન કરવું.

(સવારે અને સાંજે અમુક ચોક્કસ સમયે પ્રતિલેખન કરવાનું કહ્યું છે, એ વખતે વસ્ત્રનો પરિભોગ ન કરવાનો હોય તો પણ પ્રતિલેખન કરવાનું છે, એટલે એ અનાગતકાળ કહેવાય. એમાં તથા આખા દિવસમાં જ્યારે પણ વસ્ત્રનો ઉપયોગ કરવાનો હોય ત્યારે પણ... એમ બે રીતે નિત્ય પ્રતિલેખન કરવું. આમ અનાગતકાળમાં અને પરિભોગકાળમાં સામર્થ્ય પ્રમાણે પ્રતિલેખન સંપૂર્ણ કરવું.)

અહીં **पात्र** શબ્દનાં ગ્રહણથી તુંબડુ, લાકડામય વગેરે પાત્ર લેવા.

**कंबल** શબ્દનાં ગ્રહણથી ઉનના દોરાઓના બનેલા વસ્ત્રો લેવા.

શય્યાનું પ્રતિલેખન (શેષકાળમાં) બે વાર અને (ચોમાસામાં) ત્રણવાર.

સ્થંડિલભૂમિ અનાપાતવાળી વગેરે જોવી.

સંથારો = તૃણમયાદિરૂપ. આસન = અપવાદમાર્ગે ગ્રહણ કરેલા પીઠકાદિ.

આ બધાનું પ્રતિલેખન કરવું.

---

**तथा**

**उच्चारं पासवणं, खेलं सिंघाणजल्लिअं। फासुअं पडिलेहित्ता, परिट्ठाविज्ज संजए ॥१८॥**

---

**ગા.૧૮** સંયત પ્રાસુક(સ્થંડિલ)ને પ્રતિલેખીને ઉચ્ચાર, પ્રશ્રવણ, શ્લેષ્મ, સંઘાણ, જલ્લને પરઠવે.

---

**'उच्चारं' ति सूत्रं, उच्चारं प्रस्रवणं श्लेष्म सिंघाणं जल्लमिति प्रतीतानि, एतानि प्रासुकं प्रत्युपेक्ष्य स्थण्डिलमिति वाक्यशेषः, 'परिस्थापयेद्' व्युत्सृजेत् संयत इति सूत्रार्थः ॥१८॥**

**ટીકાર્થ** : ઉચ્ચારાદિ પ્રતીત છે. (શ્લેષ્મ એટલે નાકમાંથી નીકળતાં સેડા, સિંઘાણ એટલે કફ, ગળફો, પ્રશ્રવણ એટલે માત્રુ, જલ્લ = મેલ)

પ્રાસુક એવી સ્થંડિલભૂમિ જોઈને ત્યાં આ બધું પરઠવવું.

**स्थंडिलं** એ વાક્યશેષ જાણવું.

**उपाश्रयस्थानविधिरुक्तो, गोचरप्रवेशमधिकृत्याह–**

**पविसित्तु परागारं, पाणट्ठा भोअणस्स वा । जयं चिट्ठे मिअं भासे, न य रूवेसु मणं करे ॥१९॥**

ઉપાશ્રયસ્થાનની વિધિ કહી. ગોચરીપ્રવેશને આશ્રયીને કહે છે.

**ગા.૧૯** પરગૃહમાં પાન માટે કે ભોજન માટે પ્રવેશીને યતનાથી ઊભો રહે, અલ્પ બોલે, રૂપમાં મન ન કરે.

**'पविसित्तु' सूत्रं, प्रविश्य 'परागारं' परगृहं पानार्थं भोजनस्य ग्लानादेरौषधार्थं वा यतं-गवाक्षकादीन्यनवलोकयन् तिष्ठेदुचितदेशे, मितं यतनया भाषेत आगमनप्रयोजनादीति, न च 'रूपेषु' दातृकान्तादिषु मनः कुर्यात्, एवंभूतान्येतानीति न मनो निवेशयेत्, रूपग्रहणं रसाद्युपलक्षणमिति सूत्रार्थः ॥१९॥**

**ટીકાર્થ :** પાનમાટે, ભોજનમાટે કે ગ્લાનાદિનાં ઔષધમાટે સાધુ પરગૃહમાં જાય, તો જઈને સાધુ યતનાપૂર્વક ઊભો રહે. એટલે કે ઝરુખા-બારી વગેરેને ન જોતો ઉચિતદેશમાં ઉભો રહે. તથા યતનાપૂર્વક અલ્પ બોલે. 'પોતે શા માટે આવ્યો છે ?" એ આવવાનું કારણ વગેરે કહે. આપનાર સ્ત્રીવગેરેમાં મન ન કરે. એટલે કે "આ સ્ત્રી વગેરે આવા આવા છે" એમ મનનો નિવેશ ન કરે.

અહીં રૂપનું ગ્રહણ રસાદિનું ઉપલક્ષણ છે. (રસાદિમાં પણ મન ન કરે... એમ સમજી લેવું.)

**गोचरादिगत एव केनचित्तथाविधं पृष्ट एवं ब्रूयादित्याह–'बहु'न्ति सूत्रं, अथवा उपदेशाधिकारे सामान्येनाह–**

**बहुं सुणेहि कन्नेहिं, बहुं अच्छीहिं पिच्छइ । न य दिट्ठं सुअं सव्वं, भिक्खू अक्खाउमरिहइ ॥२०॥**

ગોચરી વગેરેમાં ગયેલો સાધુ કોઈકવડે તેવાપ્રકારની કોઈક બાબત પુછાયેલો છતો આ પ્રમાણે કહે કે અથવા તો સાધુને ઉપદેશઆપવાનો અધિકાર ચાલી રહ્યો છે, એમાં સામાન્યથી આ વાત (શાસ્ત્રકારભગવંત સાધુને) કહે છે કે

ગા.૨૦ કાનોથી ઘણું સાંભળે છે, આંખોથી ઘણું જુએ છે. જોએલું સાંભળેલું બધું જ કહેવા માટે સાધુયોગ્ય નથી.

**'बहु'न्ति सूत्रं, 'बहु' अनेकप्रकारं शोभनाशोभनं श्रृणोति कर्णाभ्यां, शब्दजातमिति गम्यते, तथा 'बहु' अनेकप्रकारमेव शोभनाशोभनभेदेनाक्षिभ्यां पश्यति, रूपजातमिति गम्यते, एवं न च दृष्टं श्रुतं सर्वं स्वपरोभयाहितमपि 'श्रुता ते रुदती पत्नी'त्येवमादि भिक्षुराख्यातुमर्हति, चारित्रोपघातात्, अर्हति च स्वपरोभयहितं 'दृष्टस्ते राजानमुपशामयञ्शिष्य' इति सूत्रार्थः ॥२०॥**

**ટીકાર્થ :** સાધુ અનેકપ્રકારનાં સારા અને ખરાબ શબ્દસમૂહો બે કાનથી સાંભળે છે ('શબ્દજાત' એ પદ સમજી લેવું) તથા સાધુ અનેકપ્રકારનાં સારા અને ખરાબ રૂપસમૂહો જુએ છે. ('રૂપજાત' એ પદ સમજી લેવું.)

આ પ્રમાણે જોવાયેલું કે સંભળાયેલું બધું સ્વ-પર-ઉભયને અહિતરૂપ હોય તે પણ સાધુ બીજાને કહેવા માટે યોગ્ય નથી. જેમકે 'તારી પત્ની રડતી સંભળાઈ' વગેરે.

**પ્રશ્ન :** કેમ આ બધું ન બોલાય ?

**ઉત્તર :** કેમકે એમાં ચારિત્રનો ઉપઘાત થાય.

પણ જે જોયેલી કે સાંભળેલી વસ્તુ સ્વ-પર ઉભયને હિતકારી હોય તે બોલવા માટે સાધુ યોગ્ય છે. જેમકે "તારો શિષ્ય રાજાને ઉપશમ પમાડતો = પ્રતિબોધ પમાડતો દેખાયો..." વગેરે. (આ શ્લોકની બે અવતરણિકા છે. એમાં પહેલી અવતરણિકા પ્રમાણે તો ગોચરી ગયેલો સાધુ આ શ્લોક બોલે છે. આશય એ કે ગૃહસ્થ પુછે કે "તમે પેલા ઘરે ગયેલા, તમે શું જોયું ? એ શું વાતો કરતાં હતા ?" તો ત્યારે સાધુ જવાબમાં આ શ્લોકની વાત બોલે કે "જૈન સાધુ સારી-નરસી ઘણી વાતો સાંભળે-જુએ, પણ નુકસાનકારી ન બોલે, હિતકારી બોલે... બીજી અવતરણિકા પ્રમાણે તો શય્યંભવસૂરિજી સાધુને ઉપદેશરૂપે આ શ્લોક કહે છે "હે સાધુ ! તું ઘણું સાંભળે છે..." વગેરે.)

एतदेव स्पष्टयन्नाह—

**सुअं वा जइ वा दिट्ठं, न लविज्जोवघाइअं । न य केणइ उवाएणं, गिहिजोगं समायरे ॥२१॥**

આ જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે.

ગા.૨૧ સાંભળેલું કે જોયેલું ઉપઘાતકારી ન બોલે. કોઈપણ ઉપાયથી ગૃહીના યોગને ન આચરે.

---

**'सुअं'ति सूत्रं, श्रुतं वा अन्यतः यदिवा दृष्टं स्वयमेव '<u>नालपेत्</u>' न भाषेत, '<u>औपघातिकम्</u>' उपघातेन निर्वृत्तं तत्फलं वा, यथा-चौरस्त्वमित्यादि, अतो नालपेदपीति गम्यते, तथा न च केनचिदुपायेन सूक्ष्मयाऽपि भङ्ग्या '<u>गृहियोगं</u>' गृहिसंबन्धं तद्बालग्रहणादिरूपं गृहिव्यापारं वा-प्रारम्भरूपं '<u>समाचरेत्</u>' कुर्यान्नैवेति सूत्रार्थः ॥२१॥**

---

**ટીકાર્થ :** સાધુએ બીજાપાસેથી સાંભળ્યું હોય કે સ્વયં જોયેલું હોય. પણ ઔપઘાતિક તે બાબત સાધુ ન બોલે. એમાં ઉપઘાતવડે બનેલી કે ઉપઘાતરૂપી ફલવાળી બાબત એ ઔપઘાતિક કહેવાય. દા.ત. 'તું ચોર છે.'

(સાધુએ કોઈને ચોરી કરતો જોયો કે કોઈક ચોર હોવાની વાત સાંભળી. હવે સાધુ એના આધારે એને કહે કે 'તું ચોર છે' તો એ ખરેખર ચોર હોય તો પણ પકડાઈ જવાથી આપઘાતાદિ પણ કરે... આઘાત લાગે... વગેરે. આ વચન ઉપઘાત = હિંસારૂપી ફલવાળું છે...

જ્યારે "આને મારી નાંખવો જોઈએ.." એ વચન ઉપઘાતથી નિર્વૃત્ત કહેવાય. કેમકે આ વચનમાં સાક્ષાત્ ઉપઘાતની વાત છે... આવા કોઈપણ વચન સાધુ ન બોલે...)

આ કારણથી આ વચનને એકવાર પણ ન બોલવું. અહીં ગાથામાં **अपि** નથી. પણ એ સમજી લેવો. (**आलपेदपि** - આલપન એટલે એકવાર બોલવું. સાધુ આવું વચન એકવાર પણ ન બોલે, વધારેવાર તો નહિ જ.)

તથા કોઈક ઉપાયથી એટલે કે સૂક્ષ્મ પણ પદ્ધતિથી ગૃહસ્થોનો સંબંધ ન જ કરે. ગૃહસ્થોના છોકરાઓને પકડવા, રમાડવા વગેરે કે ગૃહસ્થોના કોઈક કામોનો પ્રારંભ કરવો એ બધુ ગૃહસ્થનો સંબંધ ગણાય.

---

**किं च–**

**निट्ठाणं रसनिज्जूढं, भद्दगं पावगंति वा । पुट्ठो वावि अपुट्ठो वा, लाभालाभं न निद्दिसे ॥२२॥**

---

ગા.૨૨ પુછાયેલો કે નહિ પુછાયેલો સાધુ નિષ્ઠાનને કે રસનિર્યુઢને આશ્રયીને ભદ્રક કે પાપક લાભ-અલાભનો નિર્દેશ ન કરે.

**'णिट्ठाणं'ति सूत्रं, 'निष्ठानं' सर्वगुणोपेतं संभृतमन्नं रसं निर्यूढमेतद्विपरीतं कदशनम्, एतदाश्रित्याद्यं भद्रकं द्वितीयं पापकमिति वा, पृष्टो वापि परेण कीदृग् लब्धमिति अपृष्टो वा स्वयमेव लाभालाभं निष्ठानादेर्न निर्दिशेद्, अद्य साधु लब्धमसाधु वा शोभनमिदमपरमशोभनं वेति सूत्रार्थः ॥२२॥**

---

**ટીકાર્થ :** નિષ્ઠાન એટલે સર્વગુણોથી ઉપેત, સંભૃત (મસાલાદિથી સારી રીતે ભરેલું) અન્ન.

રસનિર્યૂઢ = નીકળી ગયો હોય એવું એટલે કે નિષ્ઠાનથી વિપરીત ખરાબઅશન = ખોરાક.

જ્યારે પર વ્યક્તિ એમ પુછે કે "આજે કેવું મળ્યું ?" ત્યારે સાધુ નિષ્ઠાનને માટે એમ ન બોલે કે "આજે સારું મળ્યું." તથા કદશન માટે એમ ન બોલે કે "આજે ખરાબ મળ્યું."

કોઈ ન પુછે ત્યારે પણ સાધુ સ્વયં પણ ઉપર મુજબ ન બોલે.

એમ અલાભ માટે સમજવું. "આજે સારું નથી મળ્યું" કે "આજે ખરાબ મળ્યું" ઈત્યાદિ ન બોલે.

---

**किं च–**

**न य भोअणंमि गिद्धो, चरे उंछं अयंपिरो । अफासुअं न भुंजिज्जा, कीअमुद्देसिआहडं ॥२३॥**

---

ગા.૨૩ ભોજનમાં ગૃદ્ધિ નહિ, નહિ બોલતો ઊંછ ચરે. અપ્રાસુક, ક્રીત, ઔદેશિક, આહૃત ન વાપરે.

---

**'न य'त्ति सूत्रं, न च भोजने गृद्धः सन् विशिष्टवस्तुलाभायेश्वरादिकुलेषु मुखमङ्गलिकया चरेत्, अपितु उञ्छं भावतो ज्ञाताज्ञातमजल्पनशीलो ( ग्रन्थाग्रम् ५५०० ) धर्मलाभमात्राभिधायी चरेत्, तत्रापि 'अप्रासुकं' सचित्तं सन्मिश्रादि कथञ्चिद्गृहीतमपि न भुञ्जीत, तथा क्रीतमौद्देशिकाहृतं प्रासुकमपि न भुञ्जीत, एतद्विशोध्यविशोधि-कोट्युपलक्षणमिति सूत्रार्थः ॥२३॥**

---

**ટીકાર્થ :** સાધુ ભોજનમાં આસક્ત બનેલો છતો વિશિષ્ટવસ્તુનાં લાભને માટે ઈશ્વરવગેરે કુલોમાં મુખમંગલિકાવડે ન ચરે. (આશય એ છે કે સારી વસ્તુ જોઈતી હોય

એટલે જ્યાં સુધી એ ન મળે ત્યાં સુધી સાધુ શ્રીમંતાદિના ઘરોમાં પોતાનું મોઢું દેખાડતો કે બધાનાં મોઢા જોતો જોતો ફર્યા કરે. **मुखमंगलिका** નો આવો અર્થ ભાસે છે... આવું ન કરવું.)

પરંતુ નહિ બોલવાના સ્વભાવવાળો એટલે કે 'ધર્મલાભ' માત્ર બોલનારો સાધુ ભાવથી જ્ઞાત-અજ્ઞાત ઉંચ્છને-ગોચરીને માટે ચરે-ફરે. (જે સાધુ તપસ્વી, વૈયાવચ્ચી, પ્રભાવક વગેરે **ભાવોથી** જણાયેલો છે, ગોચરી દેનારાઓને એ ખબર છે તે સાધુ ભાવથી જ્ઞાત છે. એની ઊંછ પણ ભાવથી જ્ઞાત કહેવાય. જ્યારે જે સાધુ આવા ભાવોથી લોકોમાં અજ્ઞાત છે, તે ભાવથી અજ્ઞાત કહેવાય, તેની ઊંછ પણ ભાવથી અજ્ઞાત કહેવાય. હવે આમ તો અજ્ઞાત ઊંછ જ સારી. જ્ઞાતોંછમાં દોષનો સંભવ છે. છતાં એમાં કાળજીપૂર્વક ગોચરી લઈ શકે નહિ તો તો જ્ઞાત બનેલો સાધુ ગોચરી જઈ ન શકે એમ માનવું પડે...)

તેમાં પણ સચિત્ત છતું મિશ્રાદિ કોઈક રીતે ગ્રહણ કરાયેલું હોય તો પણ ન વાપરે. (જે વસ્તુ સચિત્ત હતી, અને શસ્ત્રાદિથી મિશ્રાદિ રૂપ બની, તે ભૂલથી અચિત્ત સમજીને સાધુ વહોરી લે એવો સંભવ છે. સર્વથા સચિત્તને તો સાધુ ઓળખી જ લે એટલે એમાં ભૂલથી વહોરાઈ જવાનો સંભવ ઓછો છે. એટલે જ **अप्रासुकं** નો અર્થ માત્ર **सचित्त** એમ ન કરતાં **सचित्तं सन्मिश्रादि** કરેલો છે. **सचित्तं सत् मिश्रादि** એમ ત્રણશબ્દો છે. અથવા તો આમ અર્થ કરાય કે **सचित्तं** = **सन्मिश्रादि** સન્મિશ્ર = મિશ્ર, **आदि** શબ્દથી સચિત્ત...)

તથા ક્રીત, ઔદ્દેશિક, અભ્યાહૃત અચિત્ત હોય તો પણ ન વાપરે.

આટલા દોષોનું કથન વિશોધિકોટિ અને વિશોધિકોટિના સઘળાદોષોનું ઉપલક્ષણ છે. (૪૨ દોષોમાંથી કોઈપણ દોષવાળી ગોચરી અચિત્ત હોય તો પણ સાધુ ન વાપરે.)

---

**संनिहिं च न कुव्विज्जा, अणुमायंपि संजए । मुहाअीवी असंबद्धे, हविज्ज जगनिस्सिए ॥२४॥**

---

ગા.૨૪ સંયત અણુમાત્ર પણ સંનિધિ ન કરે. મુધાજીવી, અસંબદ્ધ જગનિશ્રિત થાય.

---

**'संनिहिं'ति सूत्रं, 'संनिधिं च' प्राङ्निरूपितस्वरूपां न कुर्यात् 'अणुमात्रमपि' स्तोकमपि 'संयतः' साधुः, तथा मुधाजीवीति पूर्ववत्, असंबद्धः पद्मिनीपत्रोदकवद्गृहस्थैः, एवंभूतः सन् भवेत् 'जगन्निश्रितः' चराचरसंरक्षणप्रतिबद्ध इति सूत्रार्थः ॥२४॥**

---

**ટીકાર્થ :** પૂર્વે નિરૂપણ કરાયેલા સ્વરૂપવાળી સંનિધિ સાધુ અણુ જેટલી પણ = થોડી

પણ ન કરે. તથા મુધાજીવી અને અસંબદ્ધ = કમળપત્ર પર પાણીની જેમ ગૃહસ્થો સાથે સંબંધ વિનાનો સાધુ ત્રસ અને સ્થાવર જીવોની સંરક્ષા કરવામાં પ્રતિબદ્ધ બને.

એમાં મુધાજીવી શબ્દ પૂર્વની જેમ સમજવો. (અધ્યયન-૫, ઉદ્દેશો-૧ ગાથા.૧૦૦) (કમળનાં પત્ર પર પાણી પડે તો પણ એ એકમેક ન થાય. પત્ર એ પાણીને ચુસે નહિ. એમ સાધુ પણ ગૃહસ્થ સાથે એકમેક ન બને...)

**किंच–**

**लूहवित्ती सुसंतुट्ठे, अप्पिच्छे सुहरे सिआ। आसुरत्तं न गच्छिज्जा, सुच्चा णं जिणसासणं ॥२५॥**

વળી

ગા.૨૫ રુક્ષવૃત્તિવાળો, સુસંતુષ્ટ, અલ્પેચ્છ સાધુ સુભર થાય. જિનશાસન સાંભળીને ક્રોધ ન પામે.

**'लूह'त्ति सूत्रं, रूक्षैः-वल्लचणकादिभिर्वृत्तिरस्येति रूक्षवृत्तिः, सुसंतुष्टो येन वा तेन वा संतोषगामी, अल्पेच्छो न्यूनोदरतयाऽऽहारपरित्यागी, सुभरः स्यात् अल्पेच्छत्वादेव दुर्भिक्षादाविति फलं प्रत्येकं वा स्यादिति क्रियायोगः, रूक्षवृत्तिः स्यादित्यादि । तथा 'आसुरत्वं' क्रोधभावं न गच्छेत् क्वचित् स्वपक्षादौ श्रुत्वा 'जिनशासनं' क्रोधविपाकप्रतिपादकं वीतरागवचनं । "जहा चउहिं ठाणेहिं जीवा आसुरत्ताए कम्मं पकरेंति, तंजहा-कोहसीलयाए पाहुडसीलयाए जहा ठाणे जाव जं णं मए एस पुरिसे अण्णाणी मिच्छादिट्ठी अक्कोसइ हणइ वा तं ण मे एस किंचि अवरज्झइत्ति, किं तु मम एयाणि वेयणिज्जाणि कम्माणि अवरज्झंतित्ति सम्ममहियासमाणस्स निज्जरा एव भविस्सइ'त्ति सूत्रार्थः ॥२५॥**

**ટીકાર્થ :** વાલ, ચણા વગેરે રુક્ષ પદાર્થોથી નિર્વાહ છે જેનો એવો સાધુ રુક્ષવૃત્તિ કહેવાય. તથા સુસંતુષ્ટ એટલે ગમે તે વસ્તુથી સંતોષપામનાર.

અલ્પેચ્છ એટલે ન્યૂનઉદરવાળો હોવાથી = ઓછું વાપરતો હોવાથી આહારનો પરિત્યાગકરનાર. (ઓછું વાપરતો હોય એ વધારાનું ત્યાગી જ હે...)

આવો સાધુ દુર્ભિક્ષાદિમાં સુખેથી ભરી શકાય. એટલે કે દુર્ભિક્ષાદિમાં એને સંતોષવો સહેલો છે.

કેમકે એ અલ્પઈચ્છાવાળો છે.

આમ રુક્ષવૃત્તિ, સુસંતુષ્ટ, અલ્પેચ્છ હોવું... એ બધાનું ફળ આ છે કે આનાં કારણે સાધુ સુભર થાય. આમ આ આખું વાક્ય એકજ બનવાથી **स्यात्** ક્રિયાપદ એકજ વાર લેવાય. અથવા તો દરેકની સાથે **स्यात्** એ પ્રમાણે ક્રિયાપદનો સંબંધ કરવો. અર્થાત્ સાધુ રુક્ષવૃત્તિ હોય, સુસંતુષ્ટ હોય... સુભર હોય... વગેરે.

તથા ક્રોધના વિપાકોનું પ્રતિપાદનકરનારા વીતરાગવચન રૂપ જિનશાસનને સાંભળીને સાધુ ક્યાંક સ્વપક્ષ = સાધુ વગેરેમાં કે (**आदि**પદથી) પરપક્ષ = ગૃહસ્થાદિમાં ક્રોધભાવને ન પામે.

એ વચન આ પ્રમાણે છે કે

જીવો ચાર સ્થાનોથી આસુરતા માટે (આવતા ભવમાં અસુરદેવાદિ બનાવે તે માટેના) કર્મને બાંધે છે. તે આ પ્રમાણે (૧) ક્રોધ કરવાના સ્વભાવથી (૨) ઝઘડો કરવાના સ્વભાવથી... વગેરે જેમ સ્થાનાંગમાં કહ્યું છે. તેમ સમજવું. યાવત્ (=છેલ્લે ત્યાં ક્રોધ ન કરવા માટેના ઉપાય રૂપે જે ચિંતન બતાવેલું છે, તે આ પ્રમાણે ) "આ અજ્ઞાની મિથ્યાદષ્ટિ પુરુષ મારા પર આક્રોશ કરે છે, હણે છે. તે આ માણસ મારો કંઈ અપરાધ કરતો નથી. પરંતુ મારા આ વેદનીયકર્મો અપરાધ કરે છે. (એનો દોષ નથી, મારા કર્મોનો દોષ છે...)" આ પ્રમાણે સમ્યક્ સહનકરનારાને નિર્જરા જ થાય છે.

---

**तथा**

**कन्नसुक्खेहिं सद्देहिं, पेम्मं नाभिनिवेसए । दारुणं कक्कसं फासं, काएण अहिआसए ॥२६॥**

---

ગા.૨૬ કર્ણસુખ શબ્દોથી પ્રેમને ન પામે. શરીરથી દારુણ, કર્કશ સ્પર્શને સહન કરે.

---

**'कण्ण'त्ति सूत्रं, कर्णसौख्यहेतवः कर्णसौख्याः शब्दा-वेणुवीणादिसंबन्धिनस्तेषु 'प्रेम' रागं 'न अभिनिवेशयेत्' न कुर्यादित्यर्थः, 'दारुणम्' अनिष्टं 'कर्कशं' कठिनं स्पर्शमुपनतं सन्तं कायेनाधिसहेत् न तत्र द्वेषं कुर्यादिति, अनेनाद्यन्तयो रागद्वेष-निराकरणेन सर्वेन्द्रियविषयेषु रागद्वेषप्रतिषेधो वेदितव्य इति सूत्रार्थः ॥२६॥**

---

**ટીકાર્થ :** જે શબ્દો કાનને સુખ પમાડવાના કારણભૂત હોય તે કર્ણસૌખ્ય શબ્દો કહેવાય. જેમકે વાંસળી, વીણા વગેરેના શબ્દો... તેમાં રાગ ન કરવો.

. અનિષ્ટ કર્કશ સ્પર્શ આવી પડેલો હોય તો તેને શરીરથી સહન કરવો. ત્યાં દ્વેષ ન કરવો.

**પ્રશ્ન :** અહીં શ્રોત્ર અને સ્પર્શ એમ બે ઈન્દ્રિયોની વાત કરી. બાકીની ઈન્દ્રિયોની વાત કેમ ન કરી ?

**ઉત્તર :** આ શ્લોક દ્વારા પહેલી અને છેલ્લી ઈન્દ્રિયમાં રાગ અને દ્વેષનું નિરાકરણ કર્યું છે. એના દ્વારા બધી જ ઈન્દ્રિયના વિષયોમાં રાગ અને દ્વેષનો પ્રતિષેધ જાણવો.

(શ્રોત્ર એ છેલ્લી ઈન્દ્રિય, સ્પર્શ એ પહેલી ઈન્દ્રિય. શ્રોત્રમાં રાગનો અને દ્વેષનો નિષેધ, ચક્ષુમાં રાગ અને દ્વેષનો નિષેધ... એમ પાંચ ઈન્દ્રિયોમાં કુલ ૧૦ નિષેધ કરવાના છે. એમાં શ્રોત્રમાં રાગનો નિષેધ એ પહેલો અને સ્પર્શમાં દ્વેષનો નિષેધ એ દસમો એટલે એના દ્વારા વચ્ચેના આઠ નિષેધ સમજી લેવાના.)

---

**किं च–**

**खुहं पिवासं दुस्सिज्जं, सीउण्हं अरइं भयं । अहिआसे अव्वहिओ, देहदुक्खं महाफलं ॥२७॥**

---

ગા.૨૭ ક્ષુધા, પિપાસા, દુઃશય્યા, શીત, ઉષ્ણ, અરતિ, ભયને વ્યથા પામ્યાવિના સહન કરે. દેહદુઃખ મહાફલવાળું છે.

---

**'खुहं पि'त्ति सूत्रं, 'क्षुधं' बुभुक्षां 'पिपासां' तृषं 'दुःशय्यां' विषमभूम्यादिरूपां 'शीतोष्णं' प्रतीतम् 'अरतिं' मोहनीयोद्भवां 'भयं' व्याघ्रादिसमुत्थमतिसहेदेतत्सर्वमेव 'अव्यथितः' अदीनमनाः सन् देहे दुःखं महाफलं संचिन्त्येति वाक्यशेषः । तथा च शरीरे सत्येतद्दुःखं, शरीरं चासारं, सम्यगतिसह्यमानं च मोक्षफलमेवेदमिति सूत्रार्थः ॥२७॥**

---

**ટીકાર્થ :** ક્ષુધા = ભૂખ, પિપાસા = તરસ, દુઃશય્યા = ઊંચી-નીચી ભૂમિ વગેરે. શીતોષ્ણ પ્રતીત છે. અરતિ = મોહનીયથી ઉત્પન્ન થયેલો ઉદ્વેગભાવ, ભય = વાઘાદિથી ઉત્પન્ન થયેલો. આ બધું જ અદીનમનવાળો સાધુ સહન કરે.

**પ્રશ્ન :** શું વિચારીને સહન કરે ?

**ઉત્તર :** "દેહને વિશે દુઃખ આપવું મહાફલવાળું છે" એમ વિચારીને સહન કરે.

આશય એ કે શરીર છે, એટલે આ દુઃખ છે અને શરીર અસાર છે. જો સમ્યક્ રીતે આ દુઃખોથી શરીર સહન કરાય તો એ મોક્ષરૂપી ફલવાળું જ છે. કાયક્લેશ એ તપ છે.

किंच–

**अत्थंगयंमि आइच्चे, पुरत्था अ अणुग्गए । आहारमाइयं सव्वं, मणसावि ण पत्थए ॥२८॥**

ગા.૨૮ સૂર્ય અસ્ત પામે, પૂર્વમાં ઉગે નહિ ત્યારે મનથી પણ આહારમય સર્વ ન પ્રાર્થે.

**'अत्थं'ति सूत्रं, 'अस्तं गत आदित्ये' अस्तपर्वतं प्राप्ते अदर्शनीभूते वा 'पुरस्ताच्चानुद्गते' प्रत्यूषस्यनुदित इत्यर्थः, आहारात्मकं 'सर्वं' निरवशेषमाहारजातं मनसापि न प्रार्थयेत्, किमङ्ग पुनर्वाचा कर्मणा वेति सूत्रार्थः ॥२८॥**

**ટીકાર્થ :** સૂર્ય અસ્તપર્વતને પામે એટલે કે સૂર્યાસ્ત થઈ જાય, અથવા તો (વાદળાદિના કારણે) સૂર્ય ન દેખાય, તથા પૂર્વદિશામાં સૂર્ય ઉગ્યો ન હોય એટલે કે સવારે ઉદય પામ્યો ન હોય ત્યારે આહાર સ્વરૂપ બધું જ મનથી પણ ન ઈચ્છે. તો પછી વચનથી કે ક્રિયાથી તો વાત જ શી કરવી ? (સાંજે સૂર્યાસ્ત બાદ કે સૂર્યને ન દેખાય ત્યારે તથા સવારે સૂર્યોદય ન થાય ત્યાં સુધી ચાર આહાર વર્જવા...)

दिवाप्यलभमान आहारे किमित्याह–

**अतिंतिणे अचवले, अप्पभासी मिआसणे । हविज्ज उअरे दंते, थोवं लद्धुं न खिंसए ॥२९॥**

દિવસે પણ જો આહાર ન મળે તો સાધુ શું કરે ? એ કહે છે.

ગા.૨૯ અતિંતિણ, અચપલ, અલ્પભાષી, મિતાશન, ઉદરમાં દાન્ત થાય. થોડું મેળવીને ખિંસા ન કરે.

**'अतिंतिणे'त्ति सूत्रं, अतिन्तिणो भवेत्, अतिन्तिणो नामालाभेऽपि नेषद्यत्किञ्चन-भाषी, तथा अचपलो भवेत्, सर्वत्र स्थिर इत्यर्थः । तथा 'अल्पभाषी' कारणे परिमितवक्ता, तथा 'मिताशनो' मितभोक्ता 'भवे'दित्येवंभूतो भवेत्, तथा 'उदरे दान्तो' येन वा तेन वा वृत्तिशीलः, तथा 'स्तोकं लब्ध्वा न खिंसयेत्' देयं दातारं वा न हीलयेदिति सूत्रार्थः ॥२९॥**

**ટીકાર્થ :** (દિવસે પણ આહાર ન મળે તો) સાધુ **અતિંતિણ** થાય. અતિંતિણ એટલે ન મળે તો પણ કંઈક ગમે તે બોલનારો ન બને. (અથવા **इषदलाभेऽपि** એમ અર્થ

લઈએ, તો કંઈક ન મળે તો પણ ગમે તે બોલનારો ન બને...)

તથા અચપલ બને, બધે જ સ્થિર બને.

**અલ્પભાષી** = કારણ આવે ત્યારે પરિમિતવચન બોલનાર બને.

**મિતાશન** = અલ્પ વાપરનારો થાય.

**ઉદરમાં દાન્ત** = જે તે વસ્તુથી નિર્વાહ કરવાના સ્વભાવવાળો.

થોડુંક જ મળે, તો પણ એ દેય વસ્તુને કે એના દાતાને નિંદે નહિ. (આ શું એક કોળીયા જેટલું જ મળ્યું ?.. આના કરતા ન મળ્યું હોત તો સારું હતું... આટલું જ વહોરાવનાર દાતા કંજુસ છે...)

**मदवर्जनार्थमाह–**

**न बाहिरं परिभवे, अत्ताणं न समुक्कसे । सुअलाभे न मज्जिज्जा, जच्चा तवस्सिबुद्धिए ॥३०॥**

મદનાં ત્યાગ માટે કહે છે.

ગા.30 બાહ્યનો પરિભવ ન કરે. આત્માનો ઉત્કર્ષ ન કરે. શ્રુત, લાભ, જાતિ, તપસ્વી, બુદ્ધિથી મદ ન કરે.

**'न बाहिरं'ति सूत्रं, न 'बाह्यम्' आत्मनोऽन्यं परिभवेत्, तथा आत्मानं न समुत्कर्षयेत्, सामान्येनेत्थंभूतोऽहमिति, श्रुतलाभाभ्यां न माद्येत, पण्डितो लब्धिमानहमित्येवं, तथा जात्या-तापस्व्येन बुद्ध्या वा, न माद्येतेति वर्त्तते, जातिसंपन्नस्तपस्वी बुद्धिमानहमित्येवम्, उपलक्षणं चैतत्कुलबलरूपाणाम्, कुलसंपन्नोऽहं बलसंपन्नोऽहं रूपसंपन्नोऽहमित्येवं न माद्येतेति सूत्रार्थः ॥३०॥**

**टीकार्थ** : બાહ્યને પોતાનાથી ભિન્ન જીવનો પરિભવ = અપમાન ન કરે. તથા પોતાનો ઉત્કર્ષ ન કરે. સામાન્યથી "આવા પ્રકારનો હું છું." વગેરે. (વિશેષથી હવે બતાવે છે કે) શ્રુત અને લાભથી મદ ન કરે કે 'હું પંડિત છું' 'હું લબ્ધિમાન છું.' તથા જાતિથી તપસ્વિપણાંથી કે બુદ્ધિથી મદ ન કરે. (**न माद्येत** શબ્દ અહીં પણ લેવાનો જ છે.) એટલે કે "હું જાતિસંપન્ન છું, તપસ્વી છું, બુદ્ધિમાન છું" એ પ્રમાણે મદ ન કરે.

આ કથન કુલ, બલ, રૂપનું ઉપલક્ષણ છે. અર્થાત્ "હું કુલસંપન્ન છું, હું બલસંપન્ન છું, હું રૂપસંપન્ન છું." એ પ્રમાણે મદ ન કરે.

ओघत आभोगानाभोगसेवितार्थमाह–

**से जाणमजाणं वा, कट्टु आहम्मिअं पयं । संवरे खिप्पमप्पाणं, बीअं तं न समायरे ॥३१॥**

ઉપયોગથી સેવાયેલા અર્થને અને અનુપયોગથી સેવાયેલા અર્થને સામાન્યથી બતાવે છે.

ગા.૩૧ તે જાણતો કે નહિજાણતો અધાર્મિકપદને કરીને જલ્દી આત્માને સંવરે. બીજીવાર તે ન આચરે.

**'से'त्ति सूत्रं, 'स' साधुः 'जानन्नजानन् वा' आभोगतोऽनाभोगतश्चेत्यर्थः 'कृत्वाऽधार्मिकं पदं' कथञ्चिद्रागद्वेषाभ्यां मूलोत्तरगुणविराधनामिति भावः 'संवरेत्' 'क्षिप्रमात्मानं' भावतो निवर्त्यालोचनादिना प्रकारेण, तथा द्वितीयं पुनस्तन्न समाचरेत्, अनुबन्धदोषादिति सूत्रार्थः ॥३१॥**

**ટીકાર્થ :** તે સાધુ આભોગથી = ઉપયોગથી કે અનાભોગથી = અનુપયોગથી અધાર્મિક પદને કરી બેસે. એટલે કે કોઈક રીતે રાગદ્વેષથી મૂલગુણોની કે ઉત્તરગુણોની વિરાધના કરી બેસે. તો એ કર્યા બાદ સાધુ તરત જ પોતાના આત્માને સંવરવાળો કરે. એટલે કે આલોચનાદિ પ્રકારે ભાવથી આત્માને પાછો વાળે. (પાપ તો થઈ જ ગયું છે, પણ એ પાપ પ્રત્યેના ભાવથી = લગાવથી આત્માને દૂર કરે.)

એ દૂર કર્યા બાદ ફરી બીજું તે પાપ ન આચરે. કેમકે એ રીતે વારંવાર આચરે, તો અનુબંધ થવા રૂપ દોષ લાગે.

एतदेवाह–

**अणायारं परक्कम्म, नेव गूहे न निण्हवे । सुई सया वियडभावे, असंसत्ते जिइंदिए ॥३२॥**

આ જ વાત કરે છે કે

ગા.૩૨ શુચિ, સદા વિકટભાવવાળો, અસંસક્ત, જિતેન્દ્રિય સાધુ અનાચારને આચરીને ગૂહન, નિહ્નવ ન કરે.

**'अणायारं'ति सूत्रं, 'अनाचारं' सावद्ययोगं 'पराक्रम्य' आसेव्य गुरुसकाश**

आलोचयन् 'नैव गूहयेत् न निह्नवीत' तत्र गूहनं किञ्चित्कथनं निह्नव एकान्तापलापः, किंविशिष्टः सन्नित्याह-'शुचिः' अकलुषित मतिः सदा 'विकटभावः' प्रकटभावः 'असंसक्तः' अप्रतिबद्धः क्वचित् 'जितेन्द्रियो' जितेन्द्रियप्रमादः सन्निति सूत्रार्थः ॥३२॥

**ટીકાર્થ :** સાધુ અનાચાર = સાવદ્યયોગને સેવ્યાબાદ ગુરુની પાસે આલોચના કરે ત્યારે ગૂહન કે નિહ્નવ ન કરે. તેમાં ગૂહન એટલે કંઈક કહેવું (વધારાનું છુપાવવું) જ્યારે નિહ્નવ એટલે એકાંતે અપલાપ (બધું જ છુપાવવું કશું જ ન કહેવું.)

**પ્રશ્ન :** એ સાધુ કેવા વિશેષણોવાળો છે ?

**ઉત્તર :** એ અકલુષિતમતિવાળો છે, સદા પ્રગટભાવવાળો છે, ક્યાંય પ્રતિબંધવાળો નથી.

ઈન્દ્રિયપ્રમાદને જીતી ચૂકેલો છે...

तथा

**अमोहं वयणं कुज्जा, आयरिअस्स महप्पणो । तं परिगिज्झ वायाए, कम्मुणा उववायए ॥३३॥**

ગા.૩૩ મહાત્મા આચાર્યનાં વચનને અમોઘ કરવું. તેને વાણીથી સ્વીકારીને કાયાથી આદરવું.

'अमोहं'ति सूत्रं, 'अमोघम्' अवन्ध्यं 'वचनम्' इदं कुर्वित्यादिरूपं 'कुर्या'दिति एवमित्यभ्युपगमेन, केषामित्याह-'आचार्याणां महात्मानां' श्रुतादिभिर्गुणैः, तत्परिगृह्य वाचा एवमित्यभ्युपगमेन 'कर्मणोपपादयेत्' क्रियया संपादयेदिति सूत्रार्थः ॥३३॥

**ટીકાર્થ :** 'તું આ કર' એ પ્રમાણેનું જે વચન છે, તેને અમોઘ = સફળ કરવું એટલે કે "હા, હું આ પ્રમાણે કરીશ" એ પ્રમાણે સ્વીકારવા વડે એ વચન સફળ કરવું.

**પ્રશ્ન :** પણ કોનું વચન સફળ કરવું ?

**ઉત્તર :** શ્રુતાદિ ગુણોથી મહાન છે આત્મા જેમનો, તેવા આચાર્યનાં વચનને સફળ કરવું.

તે વચનને "આ પ્રમાણે કરીશ" એમ વાણીથી સ્વીકાર કરીને ક્રિયાથી સંપાદિત કરવું. (આચરવું)

तथा

**अधुवं जीविअं नच्चा, सिद्धिमग्गं विआणिआ । विणिअट्टिज्ज भोगेसु, आउं परिमिअमप्पणो ॥३४॥**

ગા.૩૪ જીવન અધ્રુવ જાણીને, સિદ્ધિમાર્ગ જાણીને, પોતાના પરિમિત આયુઃને જાણીને ભોગોને વિશે નિવર્તવું.

**'अधुवं'ति सूत्रं, 'अध्रुवम्' अनित्यं मरणाशङ्कि जीवितं सर्वभावनिबन्धनं ज्ञात्वा । तथा 'सिद्धिमार्गं' सम्यग्दर्शनज्ञानचारित्रलक्षणं विज्ञाय विनिवर्तेत भोगेभ्यो बन्धैकहेतुभ्यः, तथा ध्रुवमप्यायुः परिमितं संवत्सरशतादिमानेन विज्ञायात्मनो विनिवर्तेत भोगेभ्य इति सूत्रार्थः ॥३४॥**

**ટીકાર્થ :** "મોક્ષાદિ તમામ ભાવોનું કારણ આ જીવન અધ્રુવ છે. મરણની આશંકાવાળું છે" (ક્યારે મરણ આવી પડ? એની સતત શંકા રહે...) આ પ્રમાણ જાણીને...

તથા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ સિદ્ધિમાર્ગને જાણીને બંધના એકમાત્ર કારણભૂત ભોગોમાંથી સાધુએ પાછા ફરવું.

તથા "ધ્રુવ (અનપવર્તનીય) એવું પણ પોતાનું આયુષ્ય ૧૦૦ વર્ષ વગેરે માપથી પરિમિત છે.' એ જાણીને ભોગોમાંથી પાછા ફરવું. (મારું આયુઃ ધ્રુવ હોય તો પણ એ પરિમિત છે.)

**बलं थामं च पेहाए, सद्धामारुग्गमप्पणो । खित्तं कालं च विन्नाय, तहप्पाणं निजुंजए ॥३५॥**

ગા.૩૫ પોતાના બલ, સ્થામ, શ્રદ્ધા, આરોગ્યને જોઈને, ક્ષેત્ર અને કાળને જાણીને તે પ્રમાણે આત્માને યોગોમાં જોડવો. (આ ગાથાનું વ્યાખ્યાન પૂ.હરિભદ્રસૂરિજીએ કરેલું નથી. એમની પાસે જે દશવૈ. હશે, તેમાં આ ગાથા નહિ હોય એમ લાગે છે.)

**उपदेशाधिकारे प्रक्रान्तमेव समर्थयन्नाह-**

**जरा जाव न पीडेई, वाही जाव न वड्ढई । जाविंदिआ न हायंति, ताव धम्मं समायरे ॥३६॥**

ઉપદેશ આપવાનો અધિકાર ચાલે છે, એમાં પ્રસ્તુત વાતનું જ સમર્થન કરતાં કહે

છે કે

**ગા.૩૬** જ્યાંસુધી જરા ન પીડે, જ્યાંસુધી વ્યાધિ ન વધે, જ્યાંસુધી ઈન્દ્રિયો ન ઘટે, ત્યાંસુધી ધર્મ આચરવો.

**'जर'त्ति सूत्रं, '<u>जरा</u>' वयोहानिलक्षणा यावन्न पीडयति '<u>व्याधिः</u>' क्रियासामर्थ्यशत्रुर्यावन्न वर्द्धते यावद् '<u>इन्द्रियाणि</u>' क्रियासामर्थ्योपकारीणि श्रोत्रादीनि न हीयन्ते तावदत्रान्तरे प्रस्ताव इतिकृत्वा धर्मं समाचरेच्चारित्रधर्ममिति सूत्रार्थः ॥३६॥**

**ટીકાર્થ :** ઉંમરની હાનિ થઈ જવા રૂપ જરા = ઘડપણ જ્યાંસુધી પીડા ન કરે, (એટલે કે જ્યાંસુધી ઘડપણ ન આવે.) તથા ક્રિયા કરવાનાં સામર્થ્યને માટે શત્રુસમાન એવો રોગ જ્યાંસુધી વૃદ્ધિ ન પામે, ક્રિયા કરવાના સામર્થ્યને ઉપકારી એવી શ્રોત્રાદિ ઈન્દ્રિયો જ્યાંસુધી હાનિ ન પામે...

ત્યાંસુધી આ આંતરામાં = આ સમય દરમ્યાન "પ્રસ્તાવ = અવસર = તક છે" એમ વિચારી ચારિત્રધર્મને આચરવો.

**तदुपायमाह—**

**कोहं माणं च मायं च, लोभं च पाववड्ढणं । वमे चत्तारि दोसे उ, इच्छंतो हिअमप्पणो ॥३७॥**

તેના ઉપાયને કહે છે.

**ગા.૩૭** આત્માનાં હિતને ઈચ્છતો સાધુ પાપવધારનારા ક્રોધ, માન, માયા, લોભ એ ચાર દોષોને વમે.

**'कोहं' गाहा, क्रोधं मानं च मायां च लोभं च पापवर्धनं, सर्व एते पापहेतव इति पापवर्द्धनव्यपदेशः, यतश्चैवमतो वमेच्चतुरो '<u>दोषान्</u>' एतानेव क्रोधादीन् हितमिच्छन्नात्मनः, एतद्वमने हि सर्वसंपदिति सूत्रार्थः ॥३७॥**

**ટીકાર્થ :** ક્રોદાદિ ચારેય પાપના હેતુ છે, એટલે એ બધા માટે પાપવર્ધન એ પ્રમાણે વ્યપદેશ = શબ્દપ્રયોગ કરેલો છે.

આ આવા છે, માટે આત્માના હિતને ઈચ્છતો સાધુ આ જ ક્રોધાદિ ચારદોષોને વર્જે. એને વમી નાંખવામાં બધી જ સંપત્તિ છે.

अवमने त्विहलोक एवापायमाह–

**कोहो पीइं पणासेइ, माणो विणयनासणो । माया मित्ताणि नासेइ, लोभो सव्वविणासणो ॥३८॥**

જો એને ન વમે, તો આ લોકમાં જ નુકસાન બતાવે છે.

ગા.૩૮ ક્રોધ પ્રીતિને ખતમ કરે, માન વિનયનાશક છે. માયા મિત્રોનો નાશ કરે. લોભ સર્વવિનાશક છે.

**'कोह'त्ति सूत्रं, क्रोधः प्रीतिं प्रणाशयति, क्रोधान्धवचनतस्तदुच्छेददर्शनात्, मानो विनयनाशनः, अवलेपेन मूर्खतया तदकरणोपलब्धेः, माया मित्राणि नाशयति, कौटिल्यवतस्तत्त्यागदर्शनात्, लोभः सर्वविनाशनः, तत्त्वतस्त्रयाणामपि तद्भावभावित्वादिति सूत्रार्थः ॥३८॥**

**ટીકાર્થ :** ક્રોધ પ્રીતિનો નાશ કરે. કેમકે ક્રોધાન્ધ બનેલા માણસનાં વચનોદ્વારા પ્રીતિનો ઉચ્છેદ થતો દેખાય જ છે.

માન વિનયનો નાશક છે. કેમકે અભિમાનથી મૂર્ખતાના લીધે વિનય થતો નથી... એ દેખાય જ છે.

માયા મિત્રોનો નાશ કરે. કેમકે કપટવાળાને મિત્રોનો ત્યાગ દેખાય છે. (મિત્રો કપટવૃત્તિ જોઈને એને ત્યાગે.)

લોભ એ બધાનો વિનાશ કરનાર છે. કેમકે પરમાર્થથી વિચારીએ તો ક્રોધ, માન અને માયા એ ત્રણેય લોભની હાજરીમાં થનારા છે. (એટલે લોભ હોય ત્યારે ક્રોધાદિ હોય ત્યારે પ્રીતિ, વિનય, મિત્ર આ બધાનો નાશ થાય, માટે લોભ સર્વવિનાશક કહેવાય.)

यत एवमतः–

**उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे । मायं चज्जवभावेण, लोभं संतोसओ जिणे ॥३९॥**

આવું છે, માટે

ગા.૩૯ ઉપશમથી ક્રોધને હણે, માનને મૃદુતાથી જીતે. માયાને આર્જવભાવથી, લોભને સંતોષથી જીતે.

'उवसमेण'त्ति सूत्रं, 'उपशमेन' शान्तिरूपेण हन्यात् क्रोधम्, उदयनिरोधोदयप्राप्तफलीकरणेन, एवं मानं मार्दवेन-अनुच्छ्रिततया जयेत् उदयनिरोधादिनैव, मायां च ऋजुभावेन—अशठतया जयेत् उदयनिरोधादिनैव, एवं लोभं 'संतोषतः' निःस्पृहत्वेन जयेत्, उदयनिरोधोदयप्राप्तफलीकरणेनेति सूत्रार्थः ॥३९॥

**ટીકાર્થ :** શાન્તિરૂપ ઉપશમથી ક્રોધોદયનો નિરોધ અને ઉદયપ્રાપ્ત ક્રોધનું નિષ્ફલત્વ કરવાદ્વારા ક્રોધને જીતે. (એવો ઉપશમ કેળવે કે ક્રોધનો ઉદય જ ન થાય, કદાચ ઉદય આવી જાય તો ઉપશમ દ્વારા જ એને નિષ્ફળ કરે. ક્રોધના ફલ ખરાબ વચનો, મારામારી વગેરે ન થવા દે.)

એમ માર્દવથી = અનુચ્છ્રિતતાથી = નમ્રતાથી ઉદયનિરોધાદિ દ્વારા જ માનને જીતે.

એમ અશઠતાથી ઉદયનિરોધાદિ દ્વારા જ માયાને જીતે.

એમ નિઃસ્પૃહતાથી ઉદયનિરોધ, ઉદયપ્રાપ્ત, અફલીકરણ દ્વારા લોભને જીતે.

क्रोधादीनामेव परलोकापायमाह—

**कोहो अ माणो अ अणिग्गहीआ, माया अ लोभो अ पवड्ढमाणा ।**
**चत्तारि एए कसिणा कसाया, सिंचंति मूलाइं पुणब्भवस्स ॥४०॥**

ક્રોધવગેરેનાં જ પરલોકસંબંધી અપાયો બતાવે છે.

ગા.૪૦ અનિગૃહીત ક્રોધ અને માન, પ્રવર્ધમાન માયા અને લોભ... આ ચાર કૃષ્ણકષાયો પુનર્ભવના મૂલોને સીંચે છે.

'कोहो'त्ति सूत्रं, क्रोधश्च मानश्चानिगृहीतौ—उच्छृङ्खलौ, माया च लोभश्च 'विवर्धमानौ च' वृद्धिं गच्छन्तौ, 'चत्वार' एते क्रोधादयः 'कृत्स्नाः' संपूर्णाः 'कृष्णा वा' क्लिष्टाः कषायाः सिञ्चन्ति अशुभभावजलेन मूलानि तथाविधकर्मरूपाणि 'पुनर्भवस्य' पुनर्जन्मतरोरिति सूत्रार्थः ॥४०॥

**ટીકાર્થ :** અનિગૃહીત = ઉચ્છૃङ्खલ = સ્વચ્છંદ = બેકાબુ બનેલા ક્રોધ અને માન, વૃદ્ધિ પામતાં માયા અને લોભ આ ક્રોધાદિ સંપૂર્ણકષાયો કે ક્લિષ્ટ = કાળાકષાયો અશુભભાવરૂપી પાણીથી ફરી ફરી જન્મ લેવારૂપ વૃક્ષનાં તેવાપ્રકારના કર્મરૂપી મૂળીયાઓને સીંચે છે.

(કષાયોથી અશુભભાવ, એનાથી કર્મનું સિંચન, એનાથી, કર્મોની વૃદ્ધિ, એનાથી ફરી ફરી જન્મ એનાથી સંસારવૃદ્ધિ.)

**यत एवमतः कषायनिग्रहार्थमिदं कुर्यादित्याह–**

**रायाणिएसु विणयं पउंजे, धुवसीलयं समयं न हावइज्जा ।**

**कुम्मुव्व अल्लीणपलीणगुत्तो, परक्कमिज्जा तवसंजमंमि ॥४१॥**

આવું છે, માટે કષાયનિગ્રહને માટે આ કરવું જોઈએ.

ગા.૪૧ રાત્નિકોવિશે વિનય કરવો. સતત ધ્રુવશીલતાને ન ઘટાડવી. કાચબાની જેમ આલીનપ્રલીનગુપ્ત તે તપ અને સંયમમાં પરાક્રમ કરે.

**'रायणिए'त्ति, 'रत्नाधिकेषु' चिरदीक्षितादिषु 'विनयम्' अभ्युत्थानादिरूपं प्रयुञ्जीत, तथा 'ध्रुवशीलताम्' अष्टादशशीलाङ्गसहस्रपालनरूपां 'सततम्' अनवरतं यथाशक्त्या( क्ति ) न हापयेत्, तथा 'कूर्म इव' कच्छप इवालीनप्रलीनगुप्तः अङ्गोपाङ्गानि सम्यक् संयम्येत्यर्थः, 'पराक्रमेत' प्रवर्त्तेत 'तपःसंयमे' तपःप्रधाने संयम इति सूत्रार्थः ॥४१॥**

**ટીકાર્થ** : રત્નાધિક = ચિરદીક્ષિત વગેરે. (વધુ દીક્ષાપર્યાયવાળા... તથા **आदि** શબ્દથી વધુ જ્ઞાનાદિ ગુણવાળા નાના પણ લેવા...) તેમના વિશે અભ્યુત્થાનવગેરેરૂપ વિનય કરવો.

તથા ૧૮૦૦૦ શીલાંગોનું પાલન કરવા રૂપ ધ્રુવશીલતાને સતત શક્તિ પ્રમાણે ન ઘટાડવી.

(અર્થાત્ પોતાની શક્તિ પ્રમાણે સતત તેનું પાલન કરવું. એમાં કદી ઓછાશ ન થવા દેવી.)

તથા કાચબાની જેમ આલીનપ્રલીનગુપ્ત એટલે કે અંગ-ઉપાંગોને સારી રીતે કાબુમાં લઈને સાધુ તપપ્રધાન સંયમમાં પ્રવૃત્તિ કરે.

**किंच–**

**निद्दं च न बहु मन्निज्जा, सप्पहासं विवज्जए । मिहो कहाहिं न रमे, सज्झायंमि रओ सया ॥४२॥**

ગા.૪૨ નિદ્રાને બહુ ન માને, સપ્રહાસને વર્જે. સદા સ્વાધ્યાયમાં રત પરસ્પર

કથાઓમાં ન રમે.

**'निद्दं च'त्ति सूत्रं, 'निद्रां च न बहु मन्येत' न प्रकामशायी स्यात् । 'सप्रहासं च' अतीवहासरूपं विवर्जयेत्, 'मिथःकथासु' राहस्यिकीषु न रमेत, 'स्वाध्याये' वाचनादौ रतः सदा, एवंभूतो भवेदिति सूत्रार्थः ॥४२॥**

**ટીકાર્થ :** સાધુ નિદ્રાને બહુ ન માને, એટલે કે ઘણું ન ઉંઘે. અત્યંતહાસ્યરૂપ સપ્રહાસને વર્જે. મિથઃકથામાં - રહસ્યમય કથાઓમાં = મૈથુનાદિ સંબંધી વાતોમાં ન રમે. સદા વાચનાદિ સ્વાધ્યાયમાં રત હોય. આવા પ્રકારનો થાય.

**तथा–**

**जोगं च समणधम्मंमि, जुंजे अनलसो धुवं । जुत्तो अ समणधम्मंमि, अट्ठं लहइ अणुत्तरं ॥४३॥**

**ગા.૪૩** આળસરહિત તે શ્રમણધર્મમાં ધ્રુવ યોગને જોડે. શ્રમણધર્મમાં યુક્ત અનુત્તર ધર્મને પામે.

**'जोगं च'त्ति सूत्रं, 'योगं च' त्रिविधं मनोवाक्कायव्यापारं 'श्रमणधर्मे' क्षान्त्यादिलक्षणे युञ्जीत 'अनलसः' उत्साहवान्, 'ध्रुवं' कालाद्यौचित्येन नित्यं संपूर्ण सर्वत्र प्रधानोपसर्जनभावेन वा, अनुप्रेक्षाकाले मनोयोगमध्ययनकाले वाग्योगं प्रत्युपेक्षणाकाले काययोगमिति । फलमाह–'युक्त' एवं व्यापृतः श्रमणधर्मे दशविधेऽर्थं 'लभते' प्राप्नोत्यनुत्तरं भावार्थं ज्ञानदिरूपमिति सूत्रार्थः ॥४३॥**

**ટીકાર્થ :** અનલસ = ઉત્સાહવાળો સાધુ ક્ષમાદિ દસપ્રકારના ધર્મમાં મન-વચન કાયાનાં વ્યાપારરૂપ યોગને ધ્રુવ = કાલાદિના ઔચિત્ય પ્રમાણે નિત્ય જોડે, સંપૂર્ણ જોડે કે સર્વત્ર પ્રધાનગૌણભાવથી જોડે.

(અહીં ધર્મમાં યોગોને ધ્રુવ જોડવાના છે. ધ્રુવના ત્રણ અર્થ કર્યા છે. (૧) કાળ વગેરેના ઔચિત્ય પ્રમાણે નિત્ય જોડવા. અર્થાત્ જ્યારે જ્યાં જે ધર્મમાં યોગો જોડવાના હોય, ત્યારે ત્યાં તેમાં યોગોને કાયમ જોડવા જ. (૨) સંપૂર્ણ જોડવા = અધકચરા ન જોડવા. પરંતુ મન-વચન-કાયા ત્રણેયને બરાબર જોડવા. (૩) સર્વ-સ્થાને પ્રધાન અને ગૌણભાવથી જોડવા. એટલે જ્યારે જે યોગ પ્રધાન ત્યારે તે જોડવો...) જેમકે અનુપ્રેક્ષાકાળે મનોયોગને, અધ્યયનકાળમાં વચનયોગને અને પ્રતિલેખનાના કાળે

કાયયોગને જોડવા. (આ **प्रधानोपसर्जनभावेन** શબ્દનો જ અર્થ કર્યો છે. તે તે અનુષ્ઠાનમાં તે તે યોગની પ્રધાનતા અને બીજાની ગૌણતા છે..)

(આવું કરવાથી મળનારા) ફળને કહે છે કે આ પ્રમાણે દશવિધ શ્રમણધર્મમાં વ્યાપારવાળો બનેલો સાધુ અનુત્તર અર્થને = ભાવાત્મક અર્થને (દ્રવ્યાત્મક અર્થ ધનાદિ નહિ) - જ્ઞાનાદિરૂપ અર્થને પામે છે.

---

**एतदेवाह–**

**इहलोगपारत्तहिअं, जेणं गच्छइ सुग्गइं । बहुस्सुअं पज्जुवासिज्जा, पुच्छिज्जत्थविणिच्छयं ॥४४॥**

---

એજ કહે છે કે

**ગા.૪૪** ઈહલોક અને પરલોકનું હિત થાય, જેનાથી સદ્ગતિમાં જાય. બહુશ્રુતોને સેવવા. અર્થનાં વિનિશ્ચયને પૂછવો.

---

**'इहलोग'त्ति सूत्रं, 'इहलोकपरत्रहितम्' इहाकुशलप्रवृत्तिदुःखनिरोधेन परत्र कुशलानुबन्धत उभयलोकहितमित्यर्थः, 'येन' अर्थेन ज्ञानादिना करणभूतेन गच्छति सुगतिं, पारम्पर्येण सिद्धिमित्यर्थः, उपदेशाधिकार उक्तव्यतिकरसाधनोपायमाह–'बहुश्रुतम्' आगमवृद्धं 'पर्युपासीत' सेवेत, सेवमानश्च पृच्छेद् 'अर्थविनिश्चयम्' अपायरक्षकं कल्याणावहं वाऽर्थावितथभावमिति सूत्रार्थः ॥४४॥**

---

**ટીકાર્થ :** (ગાથા ૪૩માં જે અનુત્તરજ્ઞાનાદિ અર્થ બતાવ્યો તેનાથી) આ લોકમાં અકુશલપ્રવૃત્તિ અને દુ:ખ નિરોધ દ્વારા હિત થાય તથા પરલોકમાં કુશલનો અનુબંધ થવા દ્વારા હિત થાય. આમ એ જ્ઞાનાદિ અર્થ ઉભયલોકમાં હિતકારી છે. વળી જે જ્ઞાનાદિ અર્થ વડે જીવ સદ્ગતિને એટલે કે પરંપરાએ સિદ્ધિને પામે. એવા જ્ઞાનાદિ અર્થને શ્રમણધર્મસંપન્ન સાધુ પામે. (જે ગાથા ૪૩માં બતાવેલો છે.)

ઉપદેશનો અધિકાર ચાલે છે, તેમાં જેનો વ્યતિકર = પ્રસંગ = વિશેષ કહેવાયો છે, એવા જ્ઞાનાદિ અર્થોને સાધવાનો ઉપાય બતાવે છે કે આગમવૃદ્ધ પુરુષોની સેવા કરવી. અને સેવા કરતો સાધુ નુકસાનોથી રક્ષણકરનાર અને કલ્યાણ લાવી આપનાર એવા પદાર્થોનાં અવિતથભાવને = તત્ત્વને = પરમાર્થને પૂછે.

---

**पर्युपासीनश्च –**

**हत्थं पायं च कायं च, पणिहाय जिइंदिए । अल्लीणगुत्तो निसिए, सगासे गुरुणो मुणी ॥४५॥**

ગુરુની સેવા કરતો સાધુ -

**ગા. ૪૫** હાથ, પગ, કાયાને પ્રણિધાનવાળી કરીને જિતેન્દ્રિય, આલીનગુપ્ત મુનિ ગુરુની પાસે બેસે.

**'हत्थं'ति सूत्रं, हस्तं पादं च कायं च '<u>प्रणिधाये</u>'ति संयम्य जितेन्द्रियो निभृतो भूत्वा आलीनगुप्तो निषीदेत्, ईषल्लीन उपयुक्त इत्यर्थः, सकाशे गुरोर्मुनिरिति सूत्रार्थः ॥४५॥**

**ટીકાર્થ :** પોતાના હાથ, પગ અને કાયાને સંયમિત કરીને ઈન્દ્રિયોને જીતી લેનારો, નિશ્ચલ બની આલીનગુપ્ત થઈને = સંકોચાઈને બેસે. કંઈક લીન = આલીન = ઉપયોગવાળો તે ગુરુની પાસે બેસે.

**किं च—**

**न पक्खओ न पुरओ, नेव किच्चाण पिट्ठओ । न य ऊरुं समासिज्जा, चिट्ठिज्जा गुरुणंतिए ॥४६॥**

**ગા. ૪૬** કૃત્યોની પડખે કે આગળ કે પાછળ કે સાથળને આશ્રયીને ગુરુની પાસે ન બેસે.

**'न पक्खओ'त्ति सूत्रं, न <u>पक्षतः</u>-पार्श्वतः न <u>पुरतः</u>-अग्रतः नैव '<u>कृत्यानाम्</u>' आचार्याणां '<u>पृष्ठतो</u>' मार्गतो निषीदेदिति वर्त्तते, यथासंख्यमविनयवन्दमानान्तरायादर्शनादि-दोषप्रसङ्गात् । न च '<u>ऊरुं समाश्रित्य</u>' ऊरोरुपर्यूरुं कृत्वा तिष्ठेद्गुर्वन्तिके, अविनयादिदोष-प्रसङ्गादिति सूत्रार्थः ॥४६॥**

**ટીકાર્થ :** ગુરુના બે પડખે ન બેસે. તેમ આચાર્યની આગળ કે બરાબર પાછળ ન બેસે. **निषीदेद्** ક્રિયાપદ બધે જ જોડવાનું છે. આમાં ગુરુની બરાબર બાજુમાં બેસે તો અવિનયદોષ લાગે, આગળ બેસે તો વંદન કરનારને અંતરાય, ગુરુના દર્શન ન થવા એ દોષો લાગે. (બરાબર પાછળ બેસે, તો ગુરુ વાતોત્સર્ગ કરવામાં લજ્જા અનુભવે, એટલે વાતોત્સર્ગ અટકાવે, એમાં ગુરુને અશાતા થાય...) આમ ક્રમશઃ તે તે દોષો સમજવા.

તથા સાથળની ઉપર સાથળ ચઢાવીને ગુરુની પાસે ન રહે. કેમકે એમાં અવિનયવગેરે દોષો લાગે.

उक्तः कायप्रणिधिः, वाक्प्रणिधिमाह–

**अपुच्छिओ न भासिज्जा, भासमाणस्स अंतरा । पिट्ठिमंसं न खाइज्जा, मायामोसं विवज्जए ॥४७॥**

---

કાયાનો પ્રણિધિ = પ્રણિધાન કહેવાયું.

હવે વાણીનું પ્રણિધાન કહે છે.

ગા.૪૭ નહિ પુછાયેલો ન બોલે, બોલનારાની વચ્ચે ન બોલે. પૃષ્ઠિમાંસ ન ખાય. માયામૃષા વર્જે.

---

**'अपुच्छिओ'त्ति सूत्रं, अपृष्टो निष्कारणं न भाषेत, भाषमाणस्य चान्तरेण न भाषेत, नेदमित्थं किं तर्ह्येवमिति, तथा 'पृष्ठिमांसं' परोक्षदोषकीर्तनरूपं 'न खादेत्' न भाषेत, 'मायामृषां' मायाप्रधानां मृषावाचं विवर्जयेदिति सूत्रार्थः ॥४७॥**

---

**ટીકાર્થ :** ગુર્વાદિ જો કઈ પૂછે નહિ, તો સાધુ કારણ વિના ન બોલે. તથા ગુરુ બોલતાં હોય તો વચ્ચે ન બોલે. કે "આ આમ નથી, પણ આમ છે.." તથા પૃષ્ઠિમાંસ ન ખાય. એટલે કે તે વ્યક્તિની ગેરહાજરીમાં તેની નિંદા ન કરે. માયાપ્રધાન મૃષાભાષા ન બોલે.

---

किंच–

**अप्पत्तिअं जेण सिआ, आसु कुप्पिज्ज वा परो । सव्वसो तं न भासिज्जा, भासं अहिअगामिणिं ॥४८॥**

---

ગા.૪૮ જેનાથી અપ્રીતિ થાય કે પર જલ્દી ગુસ્સે થાય. અહિતકારી તે ભાષાને સર્વપ્રકારે ન બોલે.

---

**'अप्पत्तिअं'ति सूत्रं, 'अप्रीतिर्येन स्या'दिति प्राकृतशैल्या येनेति-यया भाषया भाषितया अप्रीतिरित्यप्रीतिमात्रं भवेत् तथा 'आशु' शीघ्रं 'कुप्येद्वा परो' रोषकार्यं दर्शयेत् 'सर्वशः' सर्वावस्थासु 'ताम्' इत्थंभूतां न भाषेत भाषाम् 'अहितगामिनीम्' उभयलोकविरुद्धामिति सूत्रार्थः ॥४८॥**

---

**ટીકાર્થ :** બોલાયેલી જે ભાષાથી માત્ર અપ્રીતિ જ થાય અથવા તો સામેનો માણસ માત્ર ગુસ્સો જ કરનારો બને, અર્થાત્ ક્રોધનું કાર્ય દેખાડે. આવા પ્રકારની, ઉભયલોકમાં

અહિતકારી વાણીને સર્વ અવસ્થાઓમાં ન બોલે. ગાથામાં **जेणं** લખ્યું છે, એ પ્રાકૃતશૈલીના કારણે સમજવું. બાકી તો **भाषा** સ્ત્રીલિંગ હોવાથી એને માટે વપરાયેલો એ શબ્દ **यया** એમ સ્ત્રીલિંગમાં જ વપરાય.

---

**भाषणोपायमाह–**

**दिट्ठं मिअं असंदिद्धं, पडिपुन्नं विअं जिअं । अयंपिरमणुव्विग्गं, भासं निसिर अत्तवं ॥४९॥**

---

બોલવાનો ઉપાય બતાવે છે.

ગા.૪૯ દષ્ટ, મિત, અસંદિગ્ધ, પ્રતિપૂર્ણ, વ્યક્ત, જિત, અજલ્પનશીલ, અનુદ્વિગ્ન ભાષાને આત્મવાન્ બોલે.

---

**'दिट्ठं'ति सूत्रं, 'दृष्टां' दृष्टार्थविषयां 'मितां' स्वरूपप्रयोजनाभ्याम् 'असंदिग्धां' निःशङ्कितां 'प्रतिपूर्णां' स्वरादिभिः 'व्यक्ताम्' अलल्लां 'जितां' परिचिताम् 'अजल्पनशीलां' नोच्चैर्लग्नविलग्नाम् 'अनुद्विग्नां' नोद्वेगकारिणीमेवंभूतां भाषां 'निसृजेद्' ब्रूयाद् 'आत्मवान्' सचेतन इति सूत्रार्थः ॥४९॥**

---

**ટીકાર્થ :** (૧) જોવાયેલો પદાર્થ એ છે વિષય જેનો એવી (૨) સ્વરૂપ અને પ્રયોજનવડે અલ્પ (૩) શંકારહિત (૪) સ્વર વગેરેથી યુક્ત (૫) વ્યક્ત = અલલ્લ = સ્પષ્ટ (૬) જિત-પરિચિત (૭) અજલ્પનશીલ = ઊંચેથી લાગેલી, વિશેષથી લાગેલી નહિ, (ધીમા અવાજવાળી) (૮) ઉદ્વેગ ન કરનારી આવા પ્રકારની ભાષાને ડાહ્યો માણસ બોલે. (સાધુ પોતે જોયેલું હોય, તે બોલે. એ ભાષાના શબ્દો ઓછા હોય એ સ્વરૂપથી મિત, તથા એ ભાષાનું પ્રયોજન પણ વધારે પડતું ન હોય, અલ્પ હોય એટલે એ પ્રયોજનથી પણ અલ્પ. સાધુની જરૂરિયાત ઓછી હોય, અને મોટાભાગે તો જાતે જ જરૂરિયાત પૂરી કરતો હોય એટલે એને બોલવા પાછળના પ્રયોજન ઘણા ઓછા હોય તથા અપરિચિત શબ્દોવાળી ભાષા ન બોલવી કે જેમાં શ્રોતાને કંઈ ખબર જ ન પડે... ભાષા ધીમા અવાજે બોલે, જાણે કે એ બોલતો જ નથી, એવી માત્ર શ્રોતાઓને જ સંભળાય... એવી ભાષા બોલે.)

---

**प्रस्तुतोपदेशाधिकार एवेदमाह–**

**आयारपन्नत्तिधरं, दिट्ठिवायमहिज्जगं । वायविक्खलिअं नच्चा, न तं उवहसे**

मुणी ॥५०॥

પ્રસ્તુત ઉપદેશનાં અધિકારમાં જ કહે છે કે

ગા.૫૦ પ્રજ્ઞપ્તિધર, દૃષ્ટિવાદને ભણનારાની વાણી સ્ખલના જાણીને મુનિ તેનો ઉપહાસ ન કરે.

'आयार'त्ति सूत्रं, 'आचारप्रज्ञप्तिधर'मित्याचारधरः स्त्रीलिङ्गादीनि जानाति प्रज्ञप्तिधरस्तान्येव सविशेषाणीत्येवंभूतम् । तथा दृष्टिवादमधीयानं प्रकृतिप्रत्यय-लोपागमवर्णविकारकालकारकादिवेदिनं 'वागविस्खलितं ज्ञात्वा' विविधम् -अनेकैः प्रकारैर्लिङ्गभेदादिभिः स्खलितं विज्ञाय न 'तम्' आचारादिधरमुपहसेन्मुनिः, अहो नु खल्वाचारादिधरस्य वाचि कौशलमित्येवम्, इह च दृष्टिवादमधीयानमित्युक्तमत इदं गम्यते-नाधीतदृष्टिवादं, तस्य ज्ञानाप्रमादातिशयतः स्खलनाऽसंभवाद्, यद्येवंभूतस्यापि स्खलितं संभवति न चैनमुपहसेदित्युपदेशः, ततोऽन्यस्य सुतरां संभवति, नासौ हसितव्य इति सूत्रार्थः ॥५०॥

**ટીકાર્થ :** જે સાધુ આચારાંગનો ધારક હોય તે સ્ત્રીલિંગવગેરે પદાર્થોને જાણે, પ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર)નો ધારક તે જ સ્ત્રીલિંગાદિને વિશેષથી જાણે. આવા પ્રકારનો સાધુ...

તથા દૃષ્ટિવાદને ભણતો સાધુ એટલે કે પ્રકૃતિ, પ્રત્યય, લોપ, આગમ, વર્ણ, વિકાર, કાળ, કારક વગેરેને જાણનારો. (ઘટ, પટ વગેરે શબ્દો પ્રકૃતિ છે. **सि, औ, जस्** વગેરે પ્રત્યય છે. તથા વ્યાકરણ પ્રમાણે સ્વર-વ્યંજનાદિનો લોપ થાય, અમુકમાં સ્વર-વ્યંજનાદિનો આગમ=ઉમેરો થાય. **क, ख** વગેરે વર્ણો, **उ** નો **ओ, इ** નો **ए** થવો વગેરે વિકાર, વર્તમાનાદિ ત્રણપ્રકારનો કાળ, કર્તા, કર્મ, કરણ વગેરે કારકો છે...)

આવા સાધુની વિવિધ - અનેકપ્રકારે એટલે કે લિંગભેદવગેરેથી વાણીની સ્ખલનાને જાણીને તે આચારાદિધરની મુનિએ મશ્કરી ન કરવી. (સ્ત્રીલિંગ શબ્દનો પુલ્લિગ ઉપયોગ કરી બેસે. વર્તમાનકાળને બદલે ભૂતકાળનો પ્રયોગ કરી દે...) આ બધી વાણીની ભૂલો છે.) એટલે કે કટાક્ષમાં એવું ન બોલવું કે "અહો ! આચારાદિના ધારકની વચનો બોલવામાં કુશળતા તો જુઓ."

અહીં "દૃષ્ટિવાદને ભણતો ( **अधीयानं** ) એમ કહ્યું છે. વર્તમાનકૃદંતનો પ્રયોગ છે. ભૂતકૃદંતનો નહિ, એનાથી આ વાત જણાય છે કે જે દૃષ્ટિવાદ ભણી ચૂકેલો છે. તેની આ વાત નથી. કેમકે તેને તો જ્ઞાનના અપ્રમાદનો અતિશય હોવાથી વચનો બોલવામાં

સ્ખલના થતી જ નથી. અને એટલે એની ભૂલની મશ્કરી કરવાનો નિષેધ કરવાની જરૂર જ નથી. કેમકે ભૂલ જ થતી નથી.

હવે જો આવાપ્રકારના સાધુની પણ ભૂલ સંભવે અને તેના માટે આવો ઉપદેશ અપાય કે "એની મશ્કરી ન કરવી" તો તે સિવાયના બીજાની તો અવશ્ય ભૂલ સંભવે છે. એની મશ્કરી ન કરવી.

**किं च –**

**नक्खत्तं सुमिणं जोगं, निमित्तं मंतभेसजं । गिहिणो तं न आइक्खे, भूआहिगरणं पयं ॥५१॥**

વળી

ગા.૫૧ ભૂતાધિકરણ પદ રૂપ નક્ષત્ર, સ્વપ્ન, યોગ, નિમિત્ત, ભૈષજ, ગૃહસ્થોને ન કહેવા.

**'नक्खत्तं'ति सूत्रं, गृहिणा पृष्टः सन्नक्षत्रम्-अश्विन्यादि 'स्वप्नं' शुभाशुभफलमनुभूतादि 'योगं' वशीकरणादि 'निमित्तम्' अतीतादि 'मन्त्रं' वृश्चिकमन्त्रादि 'भेषजम्' अतीसाराद्यौषधं 'गृहिणाम्' असंयतानां तद् नाचक्षीत, किंविशिष्टमित्याह–'भूताधिकरणं पद'मिति भूतानि-एकेन्द्रियादीनि संघट्टनादिनाऽधिक्रियन्तेऽस्मिन्निति, ततश्च तदप्रीतिपरिहारार्थमित्थं ब्रूयाद्-अनधिकारोऽत्र तपस्विनामिति सूत्रार्थः ॥५१॥**

**ટીકાર્થ :** કોઈ ગૃહસ્થ સાધુને નક્ષત્રાદિ સંબંધી પૃચ્છા કરે તો સાધુ એને આ બધી બાબતો કહે નહિ. (કઈ બાબતો ન કહે, એ દેખાડે છે કે)

**નક્ષત્ર** - અશ્વિની વગેરે. **સ્વપ્ન** - સારા-ખરાબફળવાળા, અનુભૂત કે અનનુભૂત સ્વપ્નો.

**યોગ** - વશીકરણાદિ. **નિમિત્ત** - ભૂત, ભાવિ, વર્તમાનસંબંધી નિમિત્તો

**મંત્ર** - વીંછીનાં મન્ત્રોવગેરે. **ભેષજ** - ઝાડાવગેરેનાં ઔષધ.

ગૃહસ્થોને આ બધું ન કહેવું.

**પ્રશ્ન :** આ નક્ષત્રાદિ કેવા છે ? કેવા વિશેષણવાળા છે ?

**ઉત્તર :** આ બધા ભૂતાધિકરણ પદ છે. ભૂતો - એકેન્દ્રિય વગેરે જીવો. જે પદમાં - સ્થાનમાં આ જીવો સંઘટ્ટાદિ દ્વારા અધિકૃત કરાય છે = પીડાદિ પમાડાય છે તે સ્થાન

=.૫દ એ **ભૂતાધિકરણ પદ.** એટલે તેમને અપ્રીતિ ન થાય એ માટે આ પ્રમાણે બોલવું કે "આમાં તપસ્વીઓનો અધિકાર નથી."

(**तदप्रीत्ति** એટલે એકેન્દ્રિયાદિ જીવોને અપ્રીતિ-પીડા ન થાય એ માટે... બીજો અર્થ એમ લાગે છે કે પૃચ્છા કરનારા ગૃહસ્થોને જો કોઈ જવાબ ન આપીએ તો અપ્રીતિ થાય. એટલે તે વખતે આ પ્રમાણે બોલવું કે "આ અમારો વિષય નથી...)

(આ બધાનું જો સાધુ સ્પષ્ટ કથન કરે તો એ અનુસારે ગૃહસ્થો પ્રવૃત્ત કરે... એમાં હિંસાદિ દોષો ઊભા થાય...)

---

**किं च –**

**अन्नट्ठं पगडं लयणं, भइज्ज सयणासणं । उच्चारभूमिसंपन्नं, इत्थीपसुविवज्जिअं ॥५२॥**

---

ગા.૫૨ ઉચ્ચારભૂમિસંપન્ન, સ્ત્રીપશુવિવર્જિત, બીજા માટે બનાવાયેલા લયનને તથા શયન-આસનને વાપરવા.

---

**'अन्नट्ठं'ति सूत्रं, 'अन्यार्थ प्रकृतं' न साधुनिमित्तमेव निर्वर्त्तितं 'लयनं' स्थानं वसतिरूपं 'भजेत्' सेवेत, तथा 'शयनासन' मित्यन्यार्थं प्रकृतं संस्तारकपीठकादि सेवेतत्यर्थः, एतदेव विशेष्यते – 'उच्चारभूमिसंपन्नम्' उच्चारप्रस्त्रवणादिभूमियुक्तं, तद्रहितेऽसकृत्तदर्थं निर्गमनादिदोषात्, तथा 'स्त्रीपशुविवर्जित'मित्येकग्रहणे तज्जातीय-ग्रहणात् स्त्रीपशुपण्डकविवर्जितं स्त्र्याद्यालोकनादिरहितमिति सूत्रार्थः ॥५२॥**

---

**ટીકાર્થ :** જે લયન = વસતિ = મકાન બીજામાટે બનાવાયેલું હોય, પણ સાધુમાટે જ બનાવેલું ન હોય તે મકાન વાપરવું. તથા બીજામાટે બનાવાયેલા શયન-આસન = સંથારો, પીઠકવગેરે વાપરવા.

એ મકાનાદિ જ વિશેષ કરાય છે. (એટલે કે એની વિશેષતા દર્શાવાય છે કે) એ મકાનાદિ સ્થંડિલ, માત્રાદિની ભૂમિવાળા હોવા જોઈએ. જો ઉચ્ચારાદિની ભૂમિ વિનાની વસતિ હોય, તો તેમાં વારંવાર સ્થંડિલ-માત્રાદિમાટે નીકળવું, આવવું વગેરે દોષ લાગે. (સ્થંડિલ તો બહાર જાય, પણ માત્રાદિની વ્યવસ્થા જોઈએ ને ? તથા ગ્લાન, વૃદ્ધાદિમાટે સ્થંડિલવ્યવસ્થા પણ જોઈએ. અચાનક જવું પડે, રાત્રે જવું પડે ત્યારે એવી જગ્યાઓ તો જોઈએ જ...)

તથા એ મકાનાદિ સ્ત્રી અને પશુથી રહિત જોઈએ. અહીં એકના ગ્રહણમાં તજ્જાતીયનું ગ્રહણ થઈ જાય છે, એટલે અહીં સ્ત્રી,પશુને સમાનજાતીય એવા નપુંસકનું પણ ગ્રહણ કરી લેવું. આ બધાથી રહિત એટલે જ્યાં આ સ્ત્રી વગેરે ન દેખાય, શબ્દો ન સંભળાય, અવરજવર ન હોય તેવું સ્થાન.

**तदित्थंभूतं लयनं सेवमानस्य धर्मकथाविधिमाह –**

**विवित्ता अ भवे सिज्जा, नारीणं न लवे कहं । गिहिसंथवं न कुज्जा, कुज्जा साहूहिं संथवं ॥५३॥**

આવાપ્રકારના તે મકાનને વાપરતાં સાધુની ધર્મકથા કરવાની વિધિ શું હોય તે કહે છે કે

ગા.૫૩ શય્યા વિવિક્ત હોય, તો સ્ત્રીઓને કથા ન કહે. ગૃહીનો સંસ્તવ ન કરે, સાધુઓ સાથે સંસ્તવ કરે.

**'विवित्ता य'त्ति सूत्रं, 'विविक्ता च' तदन्यसाधुभी रहिता च, चशब्दात्तथाविधभुजङ्ग-प्रायैकपुरुषयुक्ता च भवेच्छय्या-वसतिर्यदि ततो 'नारीणां' स्त्रीणां न कथयेत्कथां, शङ्कादिदोषप्रसङ्गात्, औचित्यं विज्ञाय पुरुषाणां तु कथयेत्, अविविक्तायां नारीणामपीति, तथा 'गृहिसंस्तवं' गृहिपरिचयं न कुर्यात् तत्स्नेहादिदोषसंभवात् । कुर्यात्साधुभिः सह 'संस्तवं' परिचयं, कल्याणमित्रयोगेन कुशलपक्षवृद्धिभावत इति सूत्रार्थः ॥५३॥**

**टीकार्थ :** એ મકાન = વસતિ = ઉપાશ્રય તે સાધુ સિવાયના સાધુઓથી રહિત હોય... તથા ગાથામાં લખેલા **च** શબ્દથી સમજવું કે તેવા પ્રકારના ભુજંગ જેવા - વિલાસી, વ્યભિચારી જેવા એક પુરુષવાળી શય્યા હોય તો તેવી શય્યામાં એ સાધુ સ્ત્રીઓની સામે કથા ન કરે. કેમકે એમાં સાધુ ઉપર શંકા થવી વગેરે રૂપ દોષોનો સંભવ છે.

હા ! ઔચિત્યને જાણીને પુરુષોને ત્યાં કથા કહી શકે તથા વસતિ અવિવિક્ત હોય, એટલે કે બીજા સાધુઓથી યુક્ત હોય તો સ્ત્રીઓને પણ કથા કહે.

તથા ગૃહસ્થોનો પરિચય ન કરવો. કેમકે એમાં તેઓ પર સ્નેહ થવો વગેરે દોષોનો સંભવ છે. સાધુઓ સાથે પરિચય કરવો. કેમકે કલ્યાણમિત્રોના યોગથી કુશલપક્ષની વૃદ્ધિ થાય. (પુણ્યાનુબંધી પુણ્ય વગેરેની વૃદ્ધિ થાય...)

**कथञ्चिद्गृहिसंस्तवभावेऽपि स्त्रीसंस्तवो न कर्तव्य एवेत्यत्र कारणमाह–**

**जहा कुक्कुडपोअस्स, निच्चं कुललओ भयं । एवं खु बंभयारिस्स, इत्थीविग्गहओ भयं ॥५४॥**

---

"કોઈક રીતે ગૃહસ્થનો પરિચય થાય તો પણ સ્ત્રીઓનો પરિચય તો કરવો જ નહિ."

**પ્રશ્ન :** કેમ ? **ઉત્તર :** એમાં કારણ કહે છે.

**ગા.૫૪** જેમ કુકડાનાં બચ્ચાંને સદા બિલાડાથી ભય હોય. એમ બ્રહ્મચારીને સ્ત્રીનાં શરીરથી ભય હોય.

---

**'जह'त्ति सूत्रं, यथा 'कुक्कुटपोतस्य' कुकुटचेल्लकस्य 'नित्यं' सर्वकालं 'कुललतो' मार्जारात् भयम्, एवमेव 'ब्रह्मचारिणः' साधोः 'स्त्रीविग्रहात्' स्त्रीशरीराद्भयम् । विग्रहग्रहणं मृतविग्रहादपि भयख्यापनार्थमिति सूत्रार्थः ॥५४॥**

---

**ટીકાર્થ :** જેમ કુકડાનાં બચ્ચાંને સદા માટે બિલાડાથી ભય હોય છે એ જ પ્રમાણે બ્રહ્મચારી સાધુને સ્ત્રીના શરીરથી ભય હોય છે.

**પ્રશ્ન :** 'સ્ત્રીથી ભય હોય', એમ કહેવાને બદલે સ્ત્રીના શરીરથી ભય હોય એમ કેમ કહ્યું ?

**ઉત્તર :** અહીં શરીરનું ગ્રહણ કરેલું છે તે "મરી ગયેલી સ્ત્રીના શરીરથી પણ સાધુને બ્રહ્મચર્ય અંગે ભય છે, એમ જણાવવા માટે કરેલું છે.

---

**यतश्चैवमतः–**

**चित्तभित्तिं न निज्झाए, नारिं वा सुअलंकिअं । भक्खरंपिव दट्ठूणं, दिट्ठिं पडिसमाहरे ॥५५॥**

---

આવું છે, માટે = મૃતસ્ત્રીના શરીરથી પણ ભય છે, માટે

**ગા.૫૫** ચિત્રગત નારીને કે સુ-અલંકૃતનારીને ન જુએ. સૂર્યની જેમ જોઈને દૃષ્ટિને પાછી ખેંચે.

---

**'चित्त'त्ति सूत्रं, 'चित्तभित्तिं' चित्रगतां स्त्रियं 'न निरीक्षेत' न पश्येत्, नारीं वा सचेतनामेव स्वलङ्कृताम्, उपलक्षणमेतदनलङ्कृतां च न निरीक्षेत, कथञ्चिद्दर्शन-**

न मोऽत्थु तस्स जिनशासनाय

योगेऽपि '<u>भास्करमिव</u>' आदित्यमिव दृष्ट्वा दृष्टिं '<u>प्रतिसमाहरेद्</u>' द्रागेव निवर्तयेदिति सूत्रार्थः ॥५५॥

**ટીકાર્થ** : ચિત્રભિત્તી = ચિત્રમાં રહેલી સ્ત્રીને ન જુએ. તથા સચિત્ત એવી જ નારી સારી રીતે અલંકારવાળી હોય, તેને ન જુએ.

**પ્રશ્ન** : અલંકારરહિત સ્ત્રીને જોવાય ?

**ઉત્તર** : આ ઉપલક્ષણ છે. એનાથી સમજી લેવું કે અનલંકૃત નારીને પણ ન જુએ.

કોઈક રીતે દર્શન થઈ જાય, તો પણ જેમ સૂર્યને જોઈને દૃષ્ટિ ખેંચી લે, એમ તરત દૃષ્ટિ પાછી ખેંચે.

किं बहुना ? –

**हत्थपायपलिच्छिन्नं, कण्णनासविगप्पिअं । अवि वाससयं नारिं, बंभयारी विवज्जए ॥५६॥**

વધારે કહેવાથી શું ?

**ગા.૫૬** છેદાયેલા હાથ-પગવાળી, કપાયેલા કાન-નાકવાળી, ૧૦૦ વર્ષની નારીને પણ બ્રહ્મચારી વર્જે.

'हत्थ' त्ति सूत्रं, '<u>हस्तपादप्रतिच्छिन्ना</u>'मिति प्रतिच्छिन्नहस्तपादां '<u>कर्णनासाविकृत्ता</u>'-मिति विकृत्तकर्णनासामपि वर्षशतिकां नारीम्, एवंविधामपि किमङ्ग पुनस्तरुणीं ?, तां तु सुतरामेव, '<u>ब्रह्मचारी</u>' चारित्रधनो महाधन इव तस्करान् विवर्जयेदिति सूत्रार्थः ॥५६॥

**ટીકાર્થ** : કોઈ નારી ૧૦૦ વર્ષની હોય, એના હાથ-પગ કપાઈ ગયેલા હોય, નાક અને કાન કપાઈ ગયેલા હોય, આવાપ્રકારની પણ સ્ત્રીને ચારિત્રરૂપી ધનવાળો સાધુ વર્જે. જેમ પુષ્કળધનવાળો ચોરોને વર્જે તેમ, હવે જો આવી સ્ત્રીને પણ વર્જે તો યુવતીની તો શી વાત કરવી ? એને તો અવશ્ય વર્જે.

अपिच –

**विभूसा इत्थिसंसग्गो, पणीअं रसभोअणं । नरस्सऽत्तगवेसिस्स, विसं तालउडं जहा ॥५७॥**

વળી

ગા.૫૭ વિભૂષા, સ્ત્રીસંસર્ગ અને પ્રણીતરસભોજન... આત્મગવેષક નરને તાલપુટ ઝેર જેવા છે.

**'विभूस'त्ति सूत्रं, '<u>विभूषा</u>' वस्त्रादिराढा '<u>स्त्रीसंसर्गः</u>' येन केनचित्प्रकारेण स्त्रीसंबन्धः '<u>प्रणीतरसभोजनं</u>' गलत्स्नेहरसाभ्यवहारः, एतत्सर्वमेव विभूषादि नरस्य '<u>आत्मगवेषिण</u>' आत्महितान्वेषणपरस्य '<u>विषं तालपुटं यथा</u>' तालमात्रव्यापत्तिकरविष-कल्पमहितमिति सूत्रार्थः ॥५७॥**

**ટીકાર્થ :** વિભૂષા એટલે વસ્ત્રાદિની શોભા. સ્ત્રીસંસર્ગ એટલે ગમે તે પ્રકારે સ્ત્રી સાથે સંબંધ. પ્રણીતરસભોજન એટલે જેમાંથી ઘી-તેલાદિ સ્નેહ ટપકે એવા રસનો = ભોજનનો અભ્યવહાર = ભોગ = વપરાશ.

આ બધું જ આત્મહિતના અન્વેષણમાં પર સાધુને તાલપુટ ઝેર જેવું છે. જેમ આ ઝેર તાળવા માત્રને અડતાની સાથે મૃત્યુપમાડનાર છે, તેમ આ ઝેર અહિતકારી છે.

**अंगपच्चंगसंठाणं, चारुल्लविअपेहिअं । इत्थीणं तं न निज्झाए, कामरागविवड्ढणं ॥५८॥**

ગા.૫૮ સ્ત્રીઓના કામરાગવર્ધક એવા અંગ, પ્રત્યંગ, સંસ્થાન, ચારુ લપિત, પ્રેક્ષિતને ન જુએ.

**'अंग'त्ति सूत्रं, '<u>अङ्गप्रत्यङ्गसंस्थान</u>'मिति <u>अङ्गानि</u>-शिरःप्रभृतीनि <u>प्रत्यङ्गानि</u>-नयनादीनि एतेषां <u>संस्थानं</u>-विन्यासविशेषं, तथा <u>चारु</u>-शोभनं '<u>लपितप्रेक्षितं</u>' <u>लपितं</u>-जल्पितं <u>प्रेक्षितं</u>-निरीक्षितं स्त्रीणां संबन्धि, तदङ्गप्रत्यङ्गसंस्थानादि '<u>न निरीक्षेत</u>' न पश्येत्, किमित्यत आह-कामरागविवर्द्धनमिति, एतद्धि निरीक्ष्यमाणं मोहदोषात् मैथुनाभिलाषं वर्द्धयति, अत एवास्य प्राक् स्त्रीणां निरीक्षणप्रतिषेधाद्गतार्थतायामपि प्राधान्यख्यापनार्थो भेदेनोपन्यास इति सूत्रार्थः ॥५८॥**

**ટીકાર્થ :** અંગ = મસ્તક વગેરે. પ્રત્યંગ = આંખ વગેરે. આ બધાનું સંસ્થાન = વિન્યાસવિશેષ = સ્થાપના વિશેષ = રચના વિશેષ... તથા સુંદર વચન, સુંદર નિરીક્ષણ...

સ્ત્રીઓના સંબંધી આ બધું સાધુ ન જુએ.

**પ્રશ્ન :** કેમ ન જુએ ?

**ઉત્તર :** એ કામરાગને વધારનારું છે. જો આ બધું જોવામાં આવે તો આ બધું મોહદોષથી મૈથુનના અભિલાષને વધારે.

આથી જ પૂર્વે સ્ત્રીઓના નિરીક્ષણના પ્રતિષેધ દ્વારા આ શ્લોકનો અર્થ આવી જ ચૂકેલો હોવા છતાં એની પ્રધાનતા દર્શાવનારો એવો આ જુદો ઉપન્યાસ કરેલો જાણવો.

**किं च –**

**विसएसु मणुन्नेसु, पेमं नाभिनिवेसए । अणिच्चं तेसिं विन्नाय, परिणामं पुग्गलाण उ ।।५९।।**

ગા.૫૯ તે પુદ્ગલોનાં અનિત્યપરિણામને જાણીને મનોજ્ઞવિષયોમાં પ્રેમ ન કરે.

**'विसएसु'त्ति सूत्रं, 'विषयेषु' शब्दादिषु 'मनोज्ञेषु' इन्द्रियानुकूलेषु 'प्रेम' रागं 'नाभिनिवेशयेत्' न कुर्यात्, एवममनोज्ञेषु द्वेषम्, आह-उक्तमेवेदं प्राक् 'कण्णसोक्खेही' त्यादौ किमर्थं पुनरूपन्यास इति ?, उच्यते, कारणविशेषाभिधानेन विशेषोपलम्भार्थमिति, आह च - 'अनित्यमेव' परिणामानित्यतया 'तेषां' पुद्गलानां, तुशब्दाच्छब्दादिविषय-संबन्धिनामिति योगः, 'विज्ञाय' अवेत्य जिनवचनानुसारेण, किमित्याह–'परिणामं' पर्यायान्तरापत्तिलक्षणं, ते हि मनोज्ञा अपि सन्तो विषयाः क्षणादमनोज्ञतया परिणमन्ति अमनोज्ञा अपि मनोज्ञतया इति तुच्छं रागद्वेषयोर्निमित्तमिति सूत्रार्थः ।।५९।।**

**ટીકાર્થ :** ઈન્દ્રિયને અનુકૂળ એવા શબ્દાદિમાં રાગ ન કરવો. એ પ્રમાણે અમનોજ્ઞ શબ્દાદિમાં દ્વેષ ન કરવો.

**પ્રશ્ન :** આ વાત પૂર્વે **कण्णसुहेहिं** વગેરેમાં કહી જ દીધી છે. શા માટે ફરી ઉપન્યાસ કરો છો ?

**ઉત્તર :** કારણવિશેષના કથન દ્વારા વિશેષનો બોધ કરાવવા માટે ફરી ઉપન્યાસ કરેલો છે. એજ કહે છે કે શબ્દ વગેરે વિષયો સંબંધી જે પુદ્ગલો છે, તેઓનો પરિણામ અનિત્ય છે. એટલે પરિણામાનિત્યતાથી અનિત્ય એવા એમના પરિણામને જિનવચનના અનુસારે જાણીને તેમાં રાગ ન કરે.

અહીં **पुद्गलानां** શબ્દ તો ગાથામાં છે. પરંતુ એ ક્યા પુદ્ગલો લેવા એ લખેલું નથી.

ગાથામાં રહેલા **तु** શબ્દથી સમજવું કે એ પુદ્ગલો શબ્દ વગેરે વિષયો સંબંધી લેવા.

ગાથામાં રહેલા **परिणामं** શબ્દનો અર્થ એ છે કે બીજા પર્યાયની પ્રાપ્તિ કરવી તે. પુદ્ગલોનો આ પર્યાયાન્તરની પ્રાપ્તિ રૂપી પરિણામ અનિત્ય જ છે. કેમકે પરિણામની અનિત્યતા છે...

(આ જ વાત સ્પષ્ટ કરે છે કે)

તે સારા પણ વિષયો ક્ષણવારમાં અમનોજ્ઞ તરીકે પરિણમે છે. ખરાબ પણ વિષયો સારા તરીકે પરિણમે છે..એટલે રાગ અને દ્વેષનું નિમિત્ત એ પુદ્ગલો સાવ તુચ્છ છે. માટે જ રાગદ્વેષ ન કરવા જોઈએ. (**कण्णसुहेहिं** માં રાગદ્વેષનુ નિમિત્ત કોણ ? એ દર્શાવેલું નહિ. જ્યારે અહીં જે દર્શાવ્યું કે એ રાગદ્વેષના કારણતુચ્છ વિષયપુદ્ગલો છે. આમ કારણના કથનદ્વારા અહીં વિશેષતા દર્શાવાઈ છે.)

---

**एतदेव स्पष्टयन्नाह-**

**पोग्गलाणं परीणामं, तेसिं नच्चा जहा तहा । विणीअतण्हो विहरे, सीईभूएण अप्पणा ॥६०॥**

---

આ જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે કે

ગા.૬૦ તે પુદ્ગલોનાં યથા પરિણામને તથા જાણીને વિનીતતૃષ્ણાવાળો શીતીભૂતઆત્માવડે વિચરે.

---

**'पोग्गलाणं'ति सूत्रं, 'पुद्गलानां' शब्दादिविषयान्तर्गतानां 'परिणामम्' उक्तलक्षणं तेषां 'ज्ञात्वा' विज्ञाय यथा मनोज्ञेतररूपतया भवन्ति तथा ज्ञात्वा 'विनीततृष्णः' अपेताभिलाषः शब्दादिषु विहरेत् 'शीतीभूतेन' क्रोधाद्यग्न्युपगमात्प्रशान्तेनात्मनेति सूत्रार्थः ॥६०॥**

---

**ટીકાર્થ :** શબ્દાદિ પુદ્ગલોનો જે રીતનો પરિણામ છે કે તે મનોજ્ઞ અને અમનોજ્ઞ રૂપે પરિણમે છે, તેને તે રીતે જાણીને શબ્દાદિમાં અભિલાષરહિતબનેલો સાધુ ક્રોધાદિ અગ્નિના વિનાશથી પ્રશાન્ત બનેલા આત્માવડે વિચરે. (એટલે કે એવો બનીને વિચરે.)

---

**किं च –**

**जाइ सद्धाइ निक्खंतो, परिआयट्ठाणमुत्तमं । तमेव अणुपालिज्जा, गुणे**

आयरिअसंमए ॥६१॥

ગા.૬૧ જે શ્રદ્ધાથી નીકળેલો ઉત્તમ પર્યાયસ્થાનને (પામ્યો), આચાર્યસંમત ગુણોમાં તે શ્રદ્ધાનું અનુપાલન કર.

**'जाइ'त्ति सूत्रं, यया 'श्रद्धया प्रधानगुणस्वीकरणरूपया निष्क्रान्तोऽविरतिजम्बालात् 'पर्यायस्थानं' प्रव्रज्यारूपम् 'उत्तमं' प्रधानं प्राप्त इत्यर्थः, तामेव श्रद्धामप्रतिपतिततया प्रवर्द्धमानामनुपालयेद्यत्नेन, क्व इत्याह – 'गुणेषु' मूलगुणादिलक्षणेषु, 'आचार्यसंमतेषु' तीर्थकरादिबहुमतेषु, अन्ये तु श्रद्धाविशेषणमेतदिति व्याचक्षते, तामेव श्रद्धामनुपालयेद्गुणेषु, किंभूताम् ? –आचार्यसंमतां, न तु स्वाग्रहकलङ्कितामिति सूत्रार्थः ॥६१॥**

**टीकार्थ** : પ્રધાનગુણોનો = પાંચ મહાવ્રતાદિનો સ્વીકાર કરવારૂપ જે શ્રદ્ધાથી અવિરતિરૂપ કાદવમાંથી નીકળ્યો અને દીક્ષા રૂપ ઉત્તમસ્થાનને પામ્યો (**प्राप्तः** બહારથી લીધું છે.) અપ્રતિપતિત હોવાથી વર્ધમાન = વધતી (અર્થાત્ વધે નહિ, તો પણ ઘટે નહીં તેથી વર્ધમાન) એવી તે જ શ્રદ્ધાનું યત્નથી પાલન કર.

**પ્રશ્ન** : આ શ્રદ્ધા શેમાં છે ?

**ઉત્તર** : તીર્થંકરાદિને સંમત એવા મૂલગુણાદિ રૂપ ગુણોમાં આ શ્રદ્ધાને પાળવાની છે.

બીજાઓ વળી "**आयरियसंमए**" પદ આ શ્રદ્ધાનું વિશેષણ છે" એમ કહે છે. તેઓ આ પ્રમાણે અર્થ કરે છે કે તે જ શ્રદ્ધાને ગુણોને વિશે પાળવી = જાળવવી.

એ શ્રદ્ધા કેવી ? એ કહે છે કે આચાર્યને સંમત એવી એ શ્રદ્ધા હોવી જોઈએ. પોતાના આગ્રહથી કલંકિત થયેલી શ્રદ્ધા ન હોવી જોઈએ.

(**अप्रतिपतितया** ના બે અર્થ સંભવે છે. એ શ્રદ્ધા નહિ પડેલી હોવા રૂપે વર્ધમાન... એટલે કે શ્રદ્ધાનું પડી ન જવું એ જ એની વર્ધમાનતા સમજવાની. જ્યારે બીજો અર્થ- શ્રદ્ધા નહિ પડેલી હોવાથી વર્ધમાન... એટલે કે એ પડી નથી ગઈ અને માટે પૂર્વ કરતા વધતી વધતી જ છે...)

आचारप्रणिधिफलमाह–

**तवं चिमं संजमजोगयं च, सज्झायजोगं च सया अहिट्ठए ।**
**सुरे व सेणाइ समत्तमाउहे, अलमप्पणो होइ अलं परेसिं ॥६२॥**

આચારપ્રણિધિનાં ફલને કહે છે.

**ગા.૬૨** આ તપ, સંયમયોગ, સ્વાધ્યાયયોગનો સદા અધિષ્ઠાતા પોતાના માટે સમર્થ અને બીજાઓ માટે સમર્થ બને છે. જેમ સમસ્તશસ્ત્રોવાળો સેનાથી યુક્ત શૂરવીર...

**'तवं चिमं'त्ति सूत्रं, तपश्चेदम्-अनशनादिरूपं साधुलोकप्रतीतं 'संयमयोगं च' पृथिव्यादिविषयं संयमव्यापारं च 'स्वाध्याययोगं च' वाचनादिव्यापारं 'सदा' सर्वकालम् 'अधिष्ठाता' तपःप्रभृतीनां कर्त्तेत्यर्थः, इह च तपोऽभिधानात्तद्ग्रहणेऽपि स्वाध्याययोगस्य प्राधान्यख्यापनार्थं भेदेनाभिधानमिति । 'स' एवंभूतः 'शूर इव' विक्रान्तभट इव 'सेनया' चतुरङ्गरूपया इन्द्रियकषायादिरूपया निरुद्धः सन् 'समाप्तायुधः' संपूर्णतपःप्रभृतिखड्गाद्यायुधः 'अलम्' अत्यर्थमात्मनो भवति संरक्षणाय अलं च परेषां निराकरणायेति सूत्रार्थः ॥६२॥**

**ટીકાર્થ :** આ તપ - અનશનાદિરૂપ સાધુલોકમાં પ્રતીત...

સંયમયોગ - પૃથ્વ્યાદિસંબંધી સંયમવ્યાપાર...

સ્વાધ્યાયયોગ - વાચનાદિ વ્યાપાર. સાધુ આ બધાનો અધિષ્ઠાતા = કર્તા હોય. અહીં તપનાં કથન દ્વારા સ્વાધ્યાયનું ગ્રહણ થઈ જાય છે. છતાં પણ સ્વાધ્યાય યોગની પ્રધાનતાને બતાવવા માટે એનું ભેદથી કથન કરેલું છે.

જેમ શૂરવીર = વિક્રાન્ત સૈનિક ચતુરંગી સેનાથી રુંધાયેલો હોય પણ બધા આયુધોવાળો હોય તે પોતાના સંરક્ષણમાટે અને બીજાઓના નિરાકરણને માટે સમર્થ બને છે. તેમ આ સાધુ ઈન્દ્રિય, કષાયાદિ સેનાથી રુંધાયેલો પણસંપૂર્ણ તપ વગેરે તલવારાદિ શસ્ત્રોવાળો હોય તો એ પોતાના સંરક્ષણને માટે અને ઈન્દ્રિયાદિના નિરાકરણને માટે અત્યંતસમર્થ બને છે.

(આશય એ છે કે

સાધુ = શૂરવીરસૈનિક. ઈન્દ્રિયો, કષાયો = ચતુરંગિણી શત્રુસેના.

તપ, સ્વાધ્યાયાદિ = શસ્ત્રો.

સાધુ સ્વનું રક્ષણ, શત્રુઓનું નિરાકરણ કરે. જેમ શૂરવીર કરે...)

**एतदेव स्पष्टयन्नाह –**

**सज्झायसज्झाणरयस्स ताइणो, अपावभावस्स तवे रयस्स ।**
**विसुज्झई जंसि मलं पुरेकडं, समीरिअं रुप्पमलं व जोइणा ॥६३॥**

આ જ વાત સ્પષ્ટ કરે છે.

ગા.૬૩ સ્વાધ્યાય, સદ્ધ્યાનમાં રત, ત્રાયી, અપાપભાવવાળા, તપમાં રત તે સાધુને પૂર્વે કરેલો જે મલ, તે વિશુદ્ધ થાય છે. જેમ જ્યોતિથી પ્રેરાયેલો રૂપાનો મલ...

'सज्झाय'त्ति सूत्रं, स्वाध्याय एव सद्ध्यानं स्वाध्यायसद्ध्यानं तत्र रतस्य - सक्तस्य 'त्रातुः' स्वपरोभयत्राणशीलस्य 'अपापभावस्य' लब्ध्याद्यपेक्षारहिततया शुद्धचित्तस्य 'तपसि' अनशनादौ यथाशक्ति रतस्य 'विशुद्ध्यते' अपैति यद् 'अस्य' साधोः 'मलं' कर्ममलं 'पुराकृतं' जन्मान्तरोपात्तं, दृष्टान्तमाह–'समीरितं' प्रेरितं रूप्यमलमिव 'ज्योतिषा' अग्निनेति सूत्रार्थः ॥६३॥

**ટીકાર્થ :** સ્વાધ્યાય એ જ સદ્ધ્યાન, તેમાં લીન તથા સ્વ અને પર બંનેનું રક્ષણ કરવાના સ્વભાવવાળો, લબ્ધિ વગેરેની અપેક્ષા વિનાનો હોવાથી શુદ્ધ ચિત્તવાળો, અનશનાદિમાં શક્તિ પ્રમાણે લીન સાધુને જે બીજા જન્મોમાં કરેલો કર્મમેલ છે, તે દૂર થાય છે.

દૃષ્ટાન્ત કહે છે કે અગ્નિવડે પ્રેરાયેલો એવો રૂપાનો મલ જેમ દૂર થાય...

ततः–

**से तारिसे दुक्खसहे जिइंदिए, सुएण जुत्ते अममे अकिंचणे ।**

**विरायई कम्मघणंमि अवगए, कसिणब्भपुडावगमे व चंदिमि ॥६४॥**

**त्ति बेमि ॥ आयारपणिही णाम अज्झयणं समत्तं ८॥**

ત્યારબાદ

ગા.૬૪ તે તાદૃશ, દુઃખસહ, જિતેન્દ્રિય, શ્રુતથી યુક્ત, અમમ, અકિંચન સાધુ સંપૂર્ણ વાદળોના સમૂહનો અપગમ થયે છતેં ચંદ્ર જેમ, તેમ કર્મઘન અપગત થયે છતેં શોભે છે.

'से तारिसे'त्ति सूत्रं, 'स तादृशः' अनन्तरोदितगुणयुक्तः साधुः 'दुःखसहः' परीषहजेता 'जितेन्द्रियः' पराजितश्रोत्रेन्द्रियादिः 'श्रुतेन युक्तो' विद्यावानित्यर्थः 'अममः' सर्वत्र ममत्वरहितः 'अकिञ्चनो' द्रव्यभावकिञ्चनरहितः 'विराजते' शोभते, 'कर्मघने' ज्ञानावरणीयादिकर्ममेघे अपगते सति, निदर्शनमाह–'कृत्स्नाभ्रपुटापगम इव चन्द्रमा इति' यथा कृतस्ने कृष्णे वा अभ्रपुटे अपगते सति चन्द्रो विराजते शरदि तद्वदसावपेतकर्मघनः समासादितकेवलालोको विराजत इति सूत्रार्थः ॥६४॥ ब्रवीमीति पूर्ववत्, उक्तोऽनुगमः,

**साम्प्रतं नयाः, ते च पूर्ववदेव । व्याख्यातमाचारप्रणिध्यध्ययनम् ॥८॥**

**ટીકાર્થ :** અનંતર જણાવેલા ગુણોથી યુક્ત, પરીષહનો જીતનાર, શ્રોત્રેન્દ્રિયાદિનો પરાજય કરી ચૂકેલો, વિદ્યાવાન્, સર્વપદાર્થોમાં મમત્વવિનાનો, દ્રવ્ય અને ભાવ કિંચન=કંઈપણ વસ્તુવિનાનો. સાધુ જ્ઞાનાવરણીયાદિ કર્મો રૂપી વાદળ દૂર થયે છતે શોભે છે.

એમાં દૃષ્ટાન્ત કહે છે કે

જેમ સંપૂર્ણ વાદળનું પડ કે કાળા વાદળનું પડ દૂર થાય એટલે શરદઋતુમાં ચંદ્ર શોભે. તેની જેમ આ દૂર થયેલા કર્મવાદળવાળો પ્રાપ્ત કરાયેલા કેવલજ્ઞાનપ્રકાશવાળો સાધુ શોભે છે.

**ब्रवीमि** શબ્દ પૂર્વની જેમ.

અનુગમ કહેવાયો.

હવે નયો...

તે પૂર્વની જેમ જ.

**इति श्रीहरिभद्रसूरिविरचितायां दशवैकालिकबृहद्वृत्तावष्टमाध्ययनम् संपूर्णम् ॥८॥**

**આચારપ્રણિધિ અધ્યયન વ્યાખ્યાન કરાયું.**

●



नमोऽस्तु तस्मै जिनशासनाय

विनयसमाधि — नवम अध्ययन

## अनुयोग द्वार

१ उपक्रम — २ निक्षेप — ३ अनुगम — ४ नय

निक्षेप → नामनिष्पन्न निक्षेप → 'विनय समाधि' इति द्विपदं नाम

१ नाम, २ स्थापना, ३ द्रव्य, ४ भाव (पांच प्रकारे)*

- द्रव्य: तिनिश वृक्ष, सुवर्ण विगेरे ने तेते रूपे घडी शकाय माटे ते द्रव्य विनय
- भाव (पांच प्रकारे):
  - १ लोकोपचार → अभ्युत्थान, अंजली, आसनदान, अतिथिपूजा, देवता पूजा.
  - २ अर्थनिमित्त → अभ्यासवृत्ति, छन्दोनुवर्तन, देश-कालदान, अभ्युत्थान, अंजली, आसनदान.
  - ३ काम हेतु → जे रीते अर्थनिमित्त अभ्यासवृत्ति विगेरे छे ते ज रीते काम माटे वैश्यादि पासे रहेवुं विगेरे.
  - ४ भय थी विनित → स्वामीना भय नोकरादि जे विनय करे ते.
  - ५ मोक्ष विनय (पांच प्रकारे)
    - १ दर्शन → जिनेश्वरवडे जे रीते जे भावो सर्व द्रव्योना कहेला छे ते भावो ते रीते श्रद्धा थी माने ते दर्शन विनय.
    - २ ज्ञान → ज्ञान शीखे, ज्ञान नुं गुणण करे, ज्ञान थी कर्तव्य करे, ज्ञानी नवा कर्म न बांधे जूना दूर करे तेथी ते ज्ञान विनय
    - ३ चारित्र → आठ प्रकार ना संचित कर्मने रिक्त करे प्रयत्न करतो आत्मा... अने नवा कर्म न बांधे त्यारे चारित्र विनय
    - ४ तप → अज्ञाने दूर करे अने स्वर्ग मोक्षने प्राप्त करे ते तप विनय
    - ५ औपचारिक (२ प्रकारे)
      - १ प्रतिरूपयोग व्यापार (३ प्रकारे)
        - कायिक → १ अभ्युत्थान, २ अंजली, ३ आसनदान, ४ अभिग्रह, ५ कृतिकर्म, ६ शुश्रूषण, ७ अनुगमन, ८ संसाधन
        - वाचिक → १ हित, २ मित, ३ अपुरुष, ४ अनुविचिन्त्य भाषी.
        - मानस → १ अकुशल मन नो निरोध, २ कुशल मननी उदीरणा
      - २ (५२ प्रकारे) अनाशातन → १ तीर्थंकर, २ सिद्ध, ३ कुल, ४ गण, ५ संघ, ६ क्रिया, ७ धर्म, ८ ज्ञान, ९ ज्ञानी, १० आचार्य, ११ स्थविर, १२ उपाध्याय, १३ गणी
        - आ तेर ने चार थी गुणो ५२: १ अनाशातन २ भक्ति ३ बहुमान ४ वर्ण कीर्तन

## ★ समाधि निक्षेप

१ नाम, २ स्थापना, ३ द्रव्य, ४ भाव (प्रशस्त)

- द्रव्य → जे द्रव्य थी समाधि मले ते द्रव्य समाधि जेम- त्रिफला थी कब्जियात न थाय तेम- खीर अने गोल विगेरे थी अन्य उपाय थाय
- भाव (प्रशस्त) → १ दर्शन, २ ज्ञान, ३ चारित्र, ४ तप

## ॥ अथ नवमं विनयसमाधिनामाध्ययनं प्रारभ्यते ॥

### ॥ प्रथमोद्देशकः ॥

**अधुना विनयसमाध्याख्यमारभ्यते, अस्य चायमभिसंबन्धः-इहानन्तराध्ययने निरवद्यं वच आचारे प्रणिहितस्य भवतीति तत्र यत्नवता भवितव्यमित्येतदुक्तम्, इह त्वाचारप्रणिहितो यथोचितविनयसंपन्न एव भवतीत्येतदुच्यते, उक्तं च-"आयारपणिहाणंमि, से सम्मं वट्टई बुहे । णाणादीण विणीए जे, मोक्खट्ठा निव्विगिच्छए ॥१॥" इत्यनेनाभिसंबन्धेनायातमिदमध्ययनम्, अस्य चानुयोगद्वारोपन्यासः पूर्ववत्तावद्यावन्नामनिष्पन्नो निक्षेपः, तत्र च विनयसमाधिरिति द्विपदं नाम, तन्निक्षेपायाह—**

विणयस्स समाहीए निक्खेवो होइ दोण्हवि चउक्को ।
दव्वविणयंमि तिणिसो सुवण्णमिच्चेवमाईणि ॥३०९॥

## વિનયસમાધિનામક નવમું અધ્યયન

### પ્રથમ ઉદ્દેશો

હવે વિનયસમાધિ નામનું અધ્યયન શરુ કરાય છે.

આનો આ સંબંધ છે.

અહીં અનંતર અધ્યયનમાં એ કહ્યું કે "નિરવદ્ય વચન આચારમાં પ્રણિધાનવાળાને હોય" આ અધ્યયનમાં એ કહેવાય છે કે "આચારમાં પ્રણિધાનવાળો યથોચિતવિનયસંપન્ન જ હોય." (વિનયવાળો જ આચારમાં પ્રણિધાનવાળો બની શકે...)

કહ્યું છે કે "તે બુધ આચારપ્રણિધાનમાં સમ્યક્ વર્તે છે. મોક્ષ માટે નિર્વિચિકિત્સક જે જ્ઞાનાદિમાં વિનયવાળો છે." (ધર્મના ફળની શંકા એ વિચિકિત્સા છે. આ ધર્મથી મને મોક્ષફળ મળશે જ એવા નિશ્ચયવાળો જીવ મોક્ષ માટે નિર્વિચિકિત્સક કહેવાશે.)

આ સંબંધથી આવેલું આ અધ્યયન છે. આના અનુયોગદ્વારોનો ઉપન્યાસ પૂર્વની જેમ ત્યાં સુધી જ જાણવો યાવત્ નામનિષ્પન્ન નિક્ષેપ આવે. તેમાં 'વિનયસમાધિ' એમ બેપદવાળું નામ છે. તેના નિક્ષેપાને માટે કહે છે કે

**નિ.૩૦૯** વિનય અને સમાધિ બંનેનાં ચાર નિક્ષેપા છે. દ્રવ્યવિનયમાં તિનિશ, સુવર્ણ વગેરે.

**व्याख्या-'विनयस्य' प्रसिद्धतत्त्वस्य 'समाधेश्च' प्रसिद्धतत्त्वस्यैव निक्षेपो-न्यासो भवति द्वयोरपि चतुष्को नामादिभेदात्, तत्र नामस्थापने क्षुण्णत्वादनादृत्य द्रव्यविनयमाह-द्रव्यविनये ज्ञशरीरभव्यशरीरव्यतिरिक्ते 'तिनिशो' वृक्षविशेष उदाहरणं, स रथाङ्गादिषु यत्र यत्र यथा यथा विनीयते तत्र तत्र तथा तथा परिणमति, योग्यत्वादिति । तथा सुवर्णमित्यादीनि कटककुण्डलादिप्रकारेण विनयनाद् द्रव्याणि द्रव्यविनयः, आदिशब्दात्तत्तद्योग्यरूप्यादिपरिग्रह इति गाथार्थः ॥**

**ટીકાર્થ :** વિનયનું તત્ત્વ પ્રસિદ્ધ છે, સમાધિનું તત્વ = સ્વરૂપ પણ પ્રસિદ્ધ જ છે. એ બંનેનો નામાદિ ભેદથી ચતુષ્કનિક્ષેપ થાય છે. તેમાં નામસ્થાપના ક્ષુણ્ણ હોવાથી એનો અનાદરકરીને દ્રવ્યવિનયને કહે છે કે દ્રવ્યવિનયમાં જ્ઞશરીરભવ્યશરીરવ્યતિરિક્ત ભેદમાં તિનિશ નામનું એકવૃક્ષ દૃષ્ટાન્ત છે. તે રથના અંગ = ચક્ર વગેરેમાં જ્યાં જ્યાં જે રીતે વાળો, ત્યાં ત્યાં તે રીતે પરિણમે છે, કેમકે તે યોગ્ય છે.

તથા સુવર્ણવગેરે પણ કડું, કુંડલવગેરે પ્રકારે વળી જતાં હોવાથી = બની જતાં હોવાથી એ દ્રવ્યો દ્રવ્યવિનય ગણાય. આદિ શબ્દથી તે તે યોગ્ય રૂપ્યવગેરેનો પરિગ્રહ કરવો.

(વિનયનો અર્થ નમવું, વાળવું, પરિણમવું... વગેરે ભાવાર્થો સમજવા...)

**साम्प्रतं भावविनयमाह–**

लोगोवयारविणओ अत्थनिमित्तं च कामहेउं च । भयविणय मुक्खविणओ विणओ खलु पंचहा होइ ॥३१०॥

હવે ભાવવિનયને કહે છે.

**નિ.૩૧૦** (૧) લોકોપચારવિનય (૨) અર્થનિમિત્ત (૩) કામહેતુ (૪) ભયવિનય (૪) મોક્ષવિનય. આમ વિનય પાંચપ્રકારે છે.

**व्याख्या-लोकोपचारविनयो लोकप्रतिपत्तिफलः 'अर्थनिमित्तं च' अर्थप्राप्त्यर्थं च 'कामहेतुश्च' कामनिमित्तश्च तथा 'भयविनयो' भयनिमित्तो 'मोक्षविनयो' मोक्षनिमित्तः, एवमुपाधिभेदाद्विनयः खलु 'पञ्चधा' पञ्चप्रकारो भवतीति गाथासमासार्थः ॥**

ટીકાર્થ : (૧) લોકોપચારવિનય લોકની પ્રતિપત્તિ રૂપી ફલવાળો છે. (લોકને અનુસરવું, લોકની વિરુદ્ધ ન વર્તવું આ બધામાં લોકોની પ્રતિપત્તિ = સ્વીકાર = આદર

થાય છે. અથવા તો આ વિનય કરનારને લોકો સ્વીકારે છે..) (૨) અર્થની, ધનની પ્રાપ્તિ માટે વિનય (૩) કામને માટે વિનય (૪) ભયના નિમિત્તથી વિનય (૫) મોક્ષ નિમિત્તથી વિનય.

આમ લોકોપચાર, અર્થ, કામાદિ ઉપાધિના ભેદથી વિનય પાંચપ્રકારનો છે. (એક જ સ્ફટિક પાછળ રહેલા કાળા-ધોળા-પીળા વસ્ત્રથી કાળું, ધોળું, પીળું લાગે. વસ્ત્રો ઉપાધિ છે, એના કારણે સ્ફટિક પણ કાળું... વગેરે બને છે. એમ અહીં સમજવું.)

આ રીતે ગાથાનો સમાસથી અર્થ કહ્યો.

---

**व्यासार्थाभिधित्सया तु लोकोपचारविनयमाह—**

अब्भुट्ठाणं अंजलि आसणदाणं अतिहिपूआ य । लोगोवयारविणओ देवयपूआ य विहवेणं ॥३११॥

---

વ્યાસથી = વિસ્તારથી અર્થને કહેવાની ઈચ્છાથી હવે લોકોપચારવિનય કહે છે.

**નિ.૩૧૧** અભ્યુત્થાન, અંજલિ, આસનદાન, અતિથિપૂજા, વૈભવથી દેવપૂજા લોકોપચારવિનય છે.

---

**'अभ्युत्थानं' तदुचितस्यागतस्याभिमुखमुत्थानम् 'अञ्जलिः' विज्ञापनादौ, आसनदानं च गृहागतस्य प्रायेण, अतिथिपूजा चाहारादिदानेन 'एष' इत्थंभूतो लोकोपचारविनयः, देवतापूजा च यथाभक्ति बल्याद्युपचाररूपा 'विभवेने'ति यथाविभवं विभवोचितेति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** (૧) અભ્યુત્થાનને માટે ઉચિત જન આવેલો હોય, તો તેની અભિમુખ ઉભા થવું એ અભ્યુત્થાન.

(૨) વિજ્ઞાપન = જણાવવું, વિનંતિ કરવી વગેરેમાં હાથ જોડવા એ અંજલિ.

(૩) પ્રાયઃ કરીને ઘરે આવેલાને આસન આપવું. તે આસનદાન.

(૪) આહારાદિના દાનથી અતિથિપૂજા.

(૫) ભક્તિ પ્રમાણે બલી વગેરેની ઉપચાર = પૂજા એ દેવતાપૂજા. એ વૈભવને ઉચિત રીતે કરવી. (દેવતા એટલે લૌકિક દેવાદિ) આ લોકોપચાર વિનય છે.

---

**उक्तो लोकोपचारविनयः, अर्थविनयमाह—**

अब्भासवित्तिछंदाणुवत्तणं देसकालदाणं च । अब्भुट्ठाणं अंजलिआसणदाणं च अत्थकए

॥૩૧૨॥

લોકોપચાર વિનય કહેવાયો. હવે અર્થવિનયને કહે છે.

**નિ.૩૧૨** અર્થ માટે અભ્યાસવૃત્તિ, છંદ-અનુવર્તન, દેશકાલદાન, અભ્યુત્થાન, અંજલિ, આસનદાન (એ અર્થવિનય છે.)

**'अभ्यासवृत्तिः' नरेन्द्रादीनां समीपावस्थानं 'छन्दोऽनुवर्तनम्' अभिप्रायाराधनं 'देशकालदानं च' कटकादौ विशिष्टनृपतेः प्रस्तावदानं, तथाऽभ्युत्थानमञ्जलिरासनदानं च नरेन्द्रादीनामेव कुर्वन्ति 'अर्थकृते' अर्थार्थमिति गाथार्थः ॥**

**ટીકાર્થ :** (૧) રાજા વગેરેની પાસે રહેવું એ અભ્યાસવૃત્તિ.

(૨) રાજા વગેરેના અભિપ્રાયની = ઈચ્છાની આરાધના કરવી = પૂર્તિ કરવી એ છંદ-અનુવર્તન.

(૩) યુદ્ધ વગેરેમાં વિશિષ્ટરાજાને પ્રસ્તાવ = અવસર આપવો. ("અત્યારે યુદ્ધ કરશો તો ઘણો લાભ થશે..." એમ વિશિષ્ટ રાજાને પુષ્કળ લાભદાયક યુદ્ધનો અવસર આપવો.)

તથા રાજા વગેરેનું જ (૪) અભ્યુત્થાન (૫) અંજલિ (૬) આસનદાન કરે.

આ બધું ધનને માટે કરે તો એ અર્થવિનય.

**उक्तोऽर्थविनयः, कामादिविनयमाह—**

एमेव कामविणओ भए अ नेअव्वमाणुपुव्वीए। मोक्खंमिऽवि पंचविहो परूवणा तस्सिमा होइ ॥३१३॥

અર્થવિનય કહેવાયો.

હવે કામાદિવિનય કહે છે.

**નિ.૩૧૩** એજ પ્રમાણે ક્રમશઃ કામવિનય અને ભયમાં વિનય જાણવો. મોક્ષમાં પણ પાંચપ્રકારે છે. તેની પ્રરૂપણા આ છે.

**'एवमेव' यथाऽर्थविनय उक्तोऽभ्यासवृत्त्यादिः तथा कामविनयः 'भये चे'ति भयविनयश्च 'ज्ञातव्यो' विज्ञेयः 'आनुपूर्व्या' परिपाट्या, तथाहि—कामिनो वेश्यादीनां कामार्थमेवाभ्यासवृत्त्यादि यथाक्रमं सर्वं कुर्वन्ति प्रेष्याश्च भयेन स्वामिनामिति, उक्तौ कामभयविनयौ, मोक्षविनयमाह—'मोक्षेऽपि' मोक्षविषयो विनयः 'पञ्चविधः' पञ्चप्रकारः**

'प्ररूपणा' निरूपणा तस्यैषा भवति वक्ष्यमाणेति गाथार्थः ॥

**ટીકાર્થ :** જે રીતે અભ્યાસવૃત્તિવગેરે અર્થવિનય કહેવાયો, તે રીતે કામવિનય અને ભયવિનય ક્રમશઃ જાણવો. તે આ પ્રમાણે - કામી માણસો કામને માટે જ વેશ્યાદિની નજીકમાં રહેવું વગેરે ક્રમશઃ બધું જ કરે છે. અને નોકરો સ્વામીના ભયથી અભ્યાસવૃત્તિ વગેરે કરે છે.

दंसणनाणचरित्ते तवे अ तह ओवयारिए चेव । एसो अ मोक्खविणओ पंचविहो होइ नायव्वो ॥३१४॥

કામવિનય અને ભયવિનય કહેવાઈ ગયા.

મોક્ષસંબંધી વિનય પાંચપ્રકારનો છે. તેની આ વક્ષ્યમાણ પ્રરૂપણા છે.

**નિ.૩૧૪** દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, ઔપચારિક આ પાંચપ્રકારનો મોક્ષવિનય જાણવો.

**व्याख्या-'दर्शनज्ञानचारित्रेषु' दर्शनज्ञानचारित्रविषयः 'तपसि च' तपोविषयश्च तथा 'औपचारिकश्चैव' प्रतिरूपयोगव्यापारश्चैव, एष तु मोक्षविनयो-मोक्षनिमित्तः पञ्चविधो भवति ज्ञातव्य इति गाथासमासार्थः ॥**

**ટીકાર્થ :** દર્શન-જ્ઞાન-ચારિત્રમાં એટલે કે દર્શનસંબંધી, જ્ઞાનસંબંધી, ચારિત્રસંબંધી વિનય તપમાં, તપસંબંધી વિનય અને ઔપચારિક = પ્રતિરૂપ યોગવ્યાપાર.

આ મોક્ષને માટે કરાતો વિનય પાંચપ્રકારનો જાણવો.

**व्यासार्थे दर्शनविनयमाह—**

दव्वाण सव्वभावा उवइट्ठा जे जहा जिणवरेहिं । ते तह सद्दहइ नरो दंसणविणओ हवइ तम्हा ॥३१५॥

આ ગાથાનો સંક્ષેપથી અર્થ કહ્યો. વિસ્તારથી અર્થમાં દર્શનવિનયને કહે છે કે

**નિ.૩૧૫** જિનવરોવડે જે રીતે દ્રવ્યોના જે સર્વભાવો ઉપદેશેલા છે. તેને તે પ્રમાણે નર શ્રદ્ધા કરે છે. તેથી તે દર્શનવિનય છે.

**'द्रव्याणां' धर्मास्तिकायादीनां 'सर्वभावाः' सर्वपर्यायाः 'उपदिष्टाः' कथिता 'ये' अगुरुलघ्वादयो 'यथा' येन प्रकारेण 'जिनवरैः' तीर्थकरैः 'तान्' भावान् 'तथा' तेन**

**प्रकारेण श्रद्धत्ते नरः, श्रद्धानश्च कर्म विनयति यस्माद्दर्शनविनयो भवति तस्माद्, दर्शनाद्विनयो दर्शनविनय इति गाथार्थः ॥**

**ટીકાર્થ :** જિનેશ્વરોએ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના બધા પર્યાયો = અગુરુલઘુ વગેરે જે પ્રકારે કહ્યા છે નર = મનુષ્ય તે પર્યાયોની તે પ્રકારે શ્રદ્ધા કરે છે અને શ્રદ્ધા કરતો તે કર્મને દૂર કરે છે. તેથી તે દર્શનવિનય છે. દર્શનથી વિનય = કર્મક્ષય તે દર્શનવિનય...

**ज्ञानविनयमाह–**

नाणं सिक्खइ नाणं गुणेइ नाणेण कुणइ किच्चाइं । नाणी नवं न बंधइ नाणविणीओ हवइ तम्हा ॥३१६॥

જ્ઞાનવિનય કહે છે.

**નિ.૩૧૬** જ્ઞાનને શીખે, જ્ઞાનને ગુણે, જ્ઞાનથી કૃત્યો કરે. જ્ઞાની નવું ન બાંધે. તેથી જ્ઞાનવિનીત થાય.

**'ज्ञानं शिक्षति' अपूर्वं ज्ञानमादत्ते, 'ज्ञानं गुणयति' गृहीतं सत्प्रत्यावर्त्तयति, ज्ञानेन करोति 'कृत्यानि' संयमकृत्यानि, एवं ज्ञानी नवं कर्म न बध्नाति प्राक्तनं च विनयति यस्मात् 'ज्ञानविनीतो' ज्ञानेनापनीतकर्मा भवति तस्मादिति गाथार्थः ॥**

**ટીકાર્થ :** નવું જ્ઞાન ગ્રહણ કરે, ગ્રહણ કરેલા જ્ઞાનનું પુનરાવર્તન કરે. જ્ઞાનથી સંયમના કાર્યો કરે. આ પ્રમાણે જ્ઞાની નવું કર્મ ન બાંધે અને જુનું કર્મ દૂર કરે. આ રીતે જ્ઞાનથી તે દૂર થયેલા કર્મવાળો બને છે, તેથી તે જ્ઞાનવિનય છે.

**चारित्रविनयमाह–**

अट्ठविहं कम्मचयं जम्हा रित्तं करेइ जयमाणो । नवमन्नं च न बंधइ चरित्तविणओ हवइ तम्हा ॥३१७॥

ચારિત્રવિનય કહે છે.

**નિ.૩૧૭** યતના કરતો સાધુ અષ્ટવિધ કર્મચયને રિક્ત કરે છે, બીજા નવા નથી બાંધતો. તેથી ચારિત્રવિનય છે.

**'अष्टविधम्' अष्टप्रकारं 'कर्मचयं' कर्मसंघातं प्रागबद्धं यस्माद् 'रिक्तं करोति' तुच्छतापादनेनापनयति 'यतमानः' क्रियायां यत्नपरः तथा नवमन्यं च कर्मचयं न बध्नाति**

**यस्मात् 'चारित्रविनय' इति चारित्राद्विनयश्चारित्रविनयः चारित्रेण विनीतकर्मा भवति तस्मादिति गाथार्थः ॥**

**ટીકાર્થ :** આઠપ્રકારના પૂર્વે બાંધેલા કર્મસમૂહને ક્રિયામાં યત્નવાળો = ચારિત્રપાલક સાધુ રિક્ત કરે છે. એટલે કે એ કર્મોમાં તુચ્છતા લાવવા દ્વારા દૂર કરે છે. અને નવા કર્મસમૂહને બાંધતો નથી. તેથી તે ચારિત્રવિનય છે. ચારિત્રથી કર્મોનો વિનય = દૂરીકરણ તે ચારિત્રવિનય. એટલે કે ચારિત્રથી દૂર થયેલા કર્મવાળો બને છે.

**तपोविनयमाह–**

अवणेइ तवेण तमं उवणेइ अ सग्गमोक्खमप्पाणं । तवविणयनिच्छयमई तवोविणीओ हवइ तम्हा ॥३१८॥

તપવિનયને કહે છે.

**નિ.૩૧૮** તપથી તમઃને દૂર કરે, આત્માને સ્વર્ગ-મોક્ષમાં લઈ જાય. તેથી તપવિનયનિશ્ચયમતિ જીવ તપવિનીત છે.

**अपनयति तपसा 'तमः' अज्ञानम् उपनयति च स्वर्गं मोक्षम् 'आत्मानं' जीवं तपोविनयनिश्चयमतिः, यस्मादेवंविधस्तपोविनीतो भवति तस्मादिति गाथार्थः ॥**

**ટીકાર્થ :** તપવિનયમાં નિશ્ચયથી મતિ છે જેની એવો જીવ તપથી અજ્ઞાનને દૂર કરે, જીવને સ્વર્ગ અને મોક્ષમાં લઈ જાય. આમ તપવિનયનિશ્ચયમતિજીવ તપોવિનીત છે.

**उपचारविनयमाह–**

अह ओवयारिओ पुण दुविहो विणओ समासओ होइ । पडिरूवजोगजुंजण तह य अणासायणाविणओ ॥३१९॥

ઉપચારવિનય કહે છે.

**નિ.૩૧૯** ઔપચારિક વિનય સમાસથી દ્વિવિધ છે. પ્રતિરૂપયોગયુંજન અને અનાશાતના વિનય.

**अथौपचारिकः पुनर्द्विविधो विनयः समासतो भवति, द्वैविध्यमेवाह-प्रतिरूपयोगयोजनं तथाऽनाशातनाविनय इति गाथासमासार्थः ॥**

**ટીકાર્થ :** (ગાથાર્થવત્ સ્પષ્ટ છે.)

**व्यासार्थमाह–**

पडिरूवो खलु विणओ काइअजोए य वाइ माणसिओ । अट्ठ चउव्विह दुविहो परूवणा तस्सिमा होइ ॥३२०॥

વ્યાસથી અર્થ કહે છે.

**નિ.૩૨૦** પ્રતિરૂપ વિનય આઠ કાયયોગ, ચાર વાગ્યોગ, બે માનસિક છે. તેની આ પ્રરૂપણા છે.

**'<u>प्रतिरूपः</u>' उचितः खलु विनयस्त्रिविधः, '<u>काययोगे च वाचि मानसः</u>' कायिको वाचिको मानसश्च, अष्टचतुर्विधद्विविधः, कायिकोऽष्टविधः वाचिकश्चतुर्विधः मानसो द्विविधः । प्ररूपणा तस्य कायिकाष्टविधादेरियं भवति वक्ष्यमाणलक्षणेति गाथार्थः ॥**

**ટીકાર્થ :** પ્રતિરૂપ-ઉચિત. ઉચિતયોગાત્મક વિનય કાયયોગમાં, વાણીમાં અને માનસિક છે એટલે કે કાયિક, વાચિક અને માનસ છે. એ ૮,૪,૨ પ્રકારના છે. કાયિક અષ્ટવિધ છે. વાચિક ચતુર્વિધ છે. માનસિક દ્વિવિધ છે.

આઠપ્રકારનાં કાયિકાદિની પ્રરૂપણા આ વક્ષ્યમાણલક્ષણવાળી જાણવી.

**कायिकमाह–**

अब्भुट्ठाणं अंजलि आसणदाणं अभिग्गह किई अ । सुस्सूसणमणुगच्छण संसाहण काय अट्ठविहो ॥३२१॥

કાયિક- પ્રતિરૂપયોગવિનય કહે છે.

**નિ.૩૨૧** અભ્યુત્થાન, અંજલિ, આસનદાન, અભિગ્રહ, કૃતિ, સુશ્રુષા, અનુગમન, સંસાધન અષ્ટવિધ કાયવિનય છે.

**अभ्युत्थानमर्हस्य, अञ्जलिः प्रश्नादौ, आसनदानं पीठकाद्युपनयनम्, अभिग्रहो गुरुनियोगकरणाभिसंधिः, '<u>कृतिश्चे</u>'ति कृतिकर्म वन्दनमित्यर्थः, '<u>शुश्रूषणं</u>' विधिवददूरासन्नतया सेवनं, '<u>अनुगमनम्</u>' आगच्छतः प्रत्युद्गमनं, '<u>संसाधनं च</u>' गच्छतोऽनुव्रजनं चाष्टविधः कायविनय इति गाथार्थः ॥**

**ટીકાર્થ :** (૧) યોગ્ય વ્યક્તિ આવે ત્યારે ઉભા થવું. (૨) પ્રશ્ન પુછવા વગેરે કાર્યોમાં હાથ જોડવા. (૩) પાટપાટલાદિ લાવી આપવા. (૪) ગુરુની આજ્ઞાનું પાલન કરવાનો

વિચાર = નિર્ણય = પ્રતિજ્ઞા. (૫) કૃતિકર્મ = વંદન. (૬) વિધિપૂર્વક દૂર પણ નહિ અને નજીક પણ નહિ એ રીતે બેસીને ગુરુની સેવા કરવી. (૭) ગુર્વાદિ આવતા હોય ત્યારે સામે લેવા જવું. (૮) ગુર્વાદિ જતા હોય ત્યારે પાછળ વળાવવા જવું. આ અષ્ટવિધ કાયવિનય છે.

---

**वागादिविनयमाह–**

हिअमिअअफरुसवाई अणुवीईभासि वाइओ विणओ । अकुसलचित्तनिरोहो कुसलमणउदीरणा चेव ॥३२२॥

---

વાણી વગેરેનાં વિનયને બતાવે છે.

**નિ.૩૨૨** હિતમિત, અપરુષવાદી, વિચારીને બોલનાર આ વાચિક વિનય છે. અકુશલચિત્તનો નિરોધ અને કુશલ મનની ઉદીરણા.

---

**'<u>हितमितापरुषवा</u>'गिति हितवाक्-हितं वक्ति परिणामसुन्दरं, <u>मितवाग्</u>-मितं स्तोकैरक्षरैः, <u>अपरूषवाग</u>परूषम्-अनिष्ठुरं, तथा '<u>अनुविचिन्त्यभाषी</u>' स्वालोचितवक्तेति वाचिको विनयः । तथा अकुशलमनोनिरोधः आर्तध्यानादिप्रतिषेधेन, कुशलमनउदीरणं चैव धर्मध्यानादिप्रवृत्त्येति मानस इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** હિત, પરિણામે સુંદર એવા વચનો બોલે તે હિતવાક્. થોડા અક્ષરો વડે મિત બોલે તે મિતવાક્. અપરુષ = અનિષ્ઠુર બોલે તે અનિષ્ઠુરવાક. સારી રીતે વિચારાયેલું બોલે તે અનુવિચિન્ત્યભાષી. આ વાચિક વિનય કહ્યો.

તથા આર્તધ્યાનાદિના નિષેધ દ્વારા (ન કરવા દ્વારા) અકુશલમનનો નિરોધ.

ધર્મધ્યાનાદિની પ્રવૃત્તિ દ્વારા કુશલમનની ઉદીરણા.

આ બે માનસ વિનય છે.

---

**आह–किमर्थमयं प्रतिरूपविनयः ?, कस्य चैष इति ?, उच्यते–**

पडिरूवो खलु विणओ पराणुअत्तिमइओ मुणेअव्वो । अप्पडिरूवो विणओ नायव्वो केवलीणं तु ॥३२३॥

---

**પ્રશ્ન :** આ પ્રતિરૂપવિનય શા માટે કરવો ? આ કોને હોય ?

**નિ.૩૨૩ ઉત્તર :** પ્રતિરૂપ વિનય પરાનુવૃત્તિમય જાણવો. અપ્રતિરૂપવિનય કેવલીઓને જાણવો.

**व्याख्या-'प्रतिरूपः' उचितः खलु विनयः 'परानुवृत्त्यात्मकः' तत्तद्वस्त्वपेक्षया प्राय आत्मव्यतिरिक्त-प्रधानानुवृत्त्यात्मको मन्तव्यः । अयं च बाहुल्येन छद्मस्थानां । तथा 'अप्रतिरूपो विनयः' अपरानुवृत्त्यात्मकः, स च ज्ञातव्यः केवलिनामेव, तेषां तेनैव प्रकारेण कर्मविनयनात्, तेषामपीत्वरः प्रतिरूपोऽज्ञातकेवलभावानां भवत्येवेति गाथार्थः ॥**

**टीकार्थ :** પ્રતિરૂપવિનય, ઉચિતવિનય પરની અનુવૃત્તિ રૂપ જાણવો. અર્થાત્ તે તે વસ્તુની અપેક્ષાએ પ્રાયઃ પોતાનાથી જુદા એવા પ્રધાન પુરુષને અનુસરવા રૂપ જાણવો. (તદ્દતદ્દવસ્તુ = જ્ઞાન-ચારિત્ર વગેરે વસ્તુ. આ વસ્તુની અપેક્ષાએ જે પોતાના કરતા મહાન હોય, તેને અનુસરવા રૂપ આ વિનય છે. તે તે જ્ઞાનાદિ વસ્તુની અપેક્ષાએ પોતાના કરતા હીન પ્રત્યે આ વિનય કરવાનો હોતો નથી...)

આ વિનય મોટાભાગે છદ્મસ્થોને હોય છે. અપ્રતિરૂપ વિનય એટલે કે બીજાને અનુસરવા રૂપ વિનય સિવાયનો વિનય કેવલીઓને જ જાણવો. કેમકે તેઓને તે જ પ્રકારે કર્મનો વિનય થાય છે.

હા ! જ્યાં સુધી એમને કેવલજ્ઞાન થયાની વાત બધાએ જાણી ન હોય, ત્યાં સુધી તેમને પણ થોડોક સમય (ઈત્વર) પ્રતિરૂપવિનય હોય છે. (આશય એ કે કેવલીઓ ગુર્વાદિનો અભ્યુત્થાનાદિ વિનય ન કરે. પણ કેવલી તરીકે જણાયા ન હોય તો એ પણ કરે...)

**उपसंहरन्नाह—**

एसो भे परिकहिओ विणओ पडिरूवलक्खणो तिविहो । बावन्नविहिविहाणं बेंति अणासायणाविणयं ॥३२४॥

ઉપસંહાર કરતાં કહે છે કે -

**નિ.૩૨૪** તમને આ ત્રણ પ્રકારનો પ્રતિરૂપવિનય કહેવાયો. અનાશાતનાવિનય ૫૨ ભેદવાળો કહે છે.

**'एषः' अनन्तरोदितो 'भे' भवतां परिकथितो विनयः प्रतिरूपलक्षणः 'त्रिविधः' कायिकादिः 'द्विपञ्चाशद्विधिविधानम्' एतावत्प्रभेदमित्यर्थः 'ब्रुवते' अभिदधति तीर्थकरा 'अनाशातनाविनयं' वक्ष्यमाणमिति गाथार्थः ॥**

**टीकार्थ :** (ગાથાર્થની જેમ સ્પષ્ટ જ છે... તીર્થંકરો ૫૨ પ્રકારનો અનાશાતનાવિનય

કહે છે...)

**एतदेवाह—**

तित्थगरसिद्धकुलगणसंघकि(रि)याधम्मनाणनाणीणं । आयरिअथेरओज्झा(य)गणीणं तेरस पयाणि ॥३२५॥

આ જ કહે છે કે -

**નિ.૩૨૫** તીર્થંકર, સિદ્ધ, કુલ, ગુણ, સંઘ, ક્રિયા, ધર્મ, જ્ઞાન, જ્ઞાની, આચાર્ય, સ્થવિર, ઉપાધ્યાય, ગણીનાં તેર પદો છે.

**तीर्थकरसिद्धकुलगणसङ्घक्रियाधर्मज्ञानज्ञानिनां तथा आचार्यस्थविरोपाध्यायगणिनां संबन्धीनि त्रयोदश पदानि, अत्र तीर्थकरसिद्धौ प्रसिद्धौ, कुलं नागेन्द्रकुलादि, गणः कोटिकादिः, सङ्घः प्रतीतः, क्रियाऽस्तिवादरूपा, धर्मः श्रुतधर्मादिः, ज्ञानं मत्यादि, ज्ञानिनस्तद्वन्तः, आचार्यः प्रतीतः, स्थविरः सीदतां स्थिरीकरणहेतुः, उपाध्यायः प्रतीतः, गणाधिपतिर्गणिरिति गाथार्थः ॥**

**ટીકાર્થ :** (૧) તીર્થંકર (૨) સિદ્ધ પ્રતીત છે. (૩) કુલ = નાગેન્દ્રકુલાદિ (૪) ગણ = કોટિકાદિ (૫) સંઘ પ્રતીત છે. (૬) ક્રિયા-અસ્તિવાદ (આત્મા છે... વગેરે) (૭) ધર્મ = શ્રુતધર્મ વગેરે. (૮) જ્ઞાન = મતિ વગેરે. (૯) જ્ઞાની = જ્ઞાનવાળાઓ (૧૦) આચાર્ય પ્રતીત છે. (૧૧) સ્થવિર = સીદાતાઓને સ્થિર કરવામાં હેતુ (૧૨) ઉપાધ્યાય પ્રતીત છે. (૧૩) ગણનાં અધિપતિ તે ગણિ.

**एतानि त्रयोदश पदानि अनाशातनादिभिश्चतुर्भिर्गुणितानि द्विपञ्चाशद्भवन्तीत्याह—**

अणसायणा य भत्ती बहुमाणो तहय वन्नसंजलणा । तित्थगराई तेरस चउग्गुणा होंति बावन्ना ॥३२६॥

આ ૧૩ પદો અનાશાતનાદિ ચાર સાથે ગુણો, એટલે ૫૨ થાય. એ કહે છે કે

**નિ.૩૨૬** અનાશાતના, ભક્તિ, બહુમાન, વર્ણસંજ્વલના તીર્થંકરાદિ ૧૩, ચાર સાથે ગુણો એટલે ૫૨ થાય.

**अनाशातना च तीर्थकरादीनां सर्वथा अहीलनेत्यर्थः, तथा भक्तिस्तेष्वेवोचितोपचाररूपा, तथा बहुमानस्तेष्वेवान्तरभावप्रतिबन्धरूपः, तथा च वर्णसंज्वलना-**

**तीर्थकरादीनामेव सद्भूतगुणोत्कीर्तना । एवमनेन प्रकारेण तीर्थकरादयस्त्रयोदश चतुर्गुणा अनाशातनाद्युपाधिभेदेन भवन्ति द्विपञ्चाशद्भेदा इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ : (૧) અનાશાતના :** તીર્થંકરાદિની સર્વ પ્રકારે હીલના ન કરવી તે.

(૨) **ભક્તિ :** તેઓમાં જ ઉચિત ઉપચાર રૂપ.

(૩) **બહુમાન :** તેઓમાં જ આંતરિક ભાવપ્રતિબંધ = લાગણી = અનુરાગ.

(૪) **વર્ણસંજ્વલના :** તીર્થંકરાદિના જ સદ્ભૂતગુણોની પ્રશંસા.

આમ આ પ્રકારે તીર્થંકરાદિ ૧૩ પદો ચાર સાથે ગુણો એટલે અનાશાતનાદિ ઉપાધિ ભેદથી બાવન ભેદ થાય છે.

---

**उक्तो विनयः, साम्प्रतं समाधिरुच्यते, तत्रापि नामस्थापने क्षुण्णत्वादनादृत्य द्रव्यादिसमाधिमाह—**

दव्वं जेण व दव्वेण समाही आहिअं च जं दव्वं । भावसमाहि चउव्विह दंसणनाणे तवचरित्ते ॥३२७॥

---

વિનય કહેવાયો.

હવે સમાધિ કહેવાય છે.

તેમાં પણ નામ-સ્થાપના ક્ષુણ્ણ હોવાથી એનો અનાદર કરીને દ્રવ્યાદિસમાધિ કહે છે.

**નિ.૩૨૭** દ્રવ્ય, જે દ્રવ્યથી સમાધિ કે આહિત જે દ્રવ્ય... ભાવસમાધિ દર્શન, જ્ઞાન, તપ, ચારિત્રમાં ચતુર્વિધ છે.

---

**व्याख्या-'<u>द्रव्य</u>'मिति द्रव्यमेव समाधिः द्रव्यसमाधिः यथा मात्रकम् अविरोधि वा क्षीरगुडादि तथा येन वा द्रव्येणोपयुक्तेन समाधिस्त्रिफलादिना तद् द्रव्यसमाधिरिति । तथा आहितं वा यद्द्रव्यं समतां करोति तुलारोपितपलशतादिवत्स्वस्थाने तद् द्रव्यं समाधिरिति । उक्तो द्रव्यसमाधिः, भावसमाधिमाह—'<u>भावसमाधिः</u>' प्रशस्तभावाविरोधलक्षणश्चतुर्विधः, चातुर्विध्यमेवाह-दर्शनज्ञानतपश्चारित्रेषु । एतद्विषयो दर्शनादीनां व्यस्तानां समस्तानां वा सर्वथाऽविरोध इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** દ્રવ્ય એ જ સમાધિ તે દ્રવ્યસમાધિ. દા.ત. માત્રક (પાત્રા સાથે રખાતું બીજું પાત્ર એ અથવા માત્રાદિ માટેનો પ્યાલો એ **સમાધિ** કહેવાય છે.)

અથવા તો પરસ્પર અવિરોધી એવા દૂધગોળ વગેરે દ્રવ્યો દ્રવ્યસમાધિ છે. તથા ઉપયોગ કરાયેલા જે ત્રિફળાદિ દ્રવ્યો વડે સમાધિ થાય તે દ્રવ્ય દ્રવ્યસમાધિ.

તથા સ્થાપિત કરાયેલું જે દ્રવ્ય સમતાને કરે = સરખાપણું કરે તે દ્રવ્ય દ્રવ્યસમાધિ. જેમકે, તુલામાં = ત્રાજવામાં આરોપાયેલા ૧૦૦ પલ વગેરે. (એકબાજુ ૧૦૦ પલના વજનનો ગોળાદિ મુકેલો હોય તો ત્રાજવું એ બાજું નમેલું હોય. વિષમ હોય. હવે બીજી બાજુ ૧૦૦ પલના વજનની વસ્તુ મૂકો તો ત્રાજવું એકદમ સમ-સમાન થઈ જાય. આમ આ મુકાયેલી વસ્તુ સમતાને કરનારી બની, એટલે એ દ્રવ્ય સમાધિ કહેવાય.)

સ્વસ્થાનમાં તે દ્રવ્ય સમાધિ કહેવાય. (જ્યાં એ દ્રવ્ય સમતાને કરે, એ સ્થાન તેનું સ્વસ્થાન. એ સિવાય ગમે ત્યાં રહેલું, સમતા ન કરતું એ દ્રવ્ય સમાધિ ન કહેવાય.)

દ્રવ્યસમાધિ કહેવાઈ ગઈ.

હવે ભાવસમાધિ કહે છે.

ભાવસમાધિ એટલે પ્રશસ્તભાવો સાથે વિરોધ ન હોવો એ. એ ચાર પ્રકારે છે.

એ ચતુર્વિધતા જ દેખાડે છે કે દર્શન, જ્ઞાન, તપ અને ચારિત્રમાં ભાવસમાધિ છે. એટલે કે દર્શનાદિ સંબંધી ભાવસમાધિ છે. દર્શનાદિ જુદા જુદા હોય કે ભેગા હોય એ બધાનો પરસ્પર સર્વથા અવિરોધ એ ભાવસમાધિ છે.

---

**उक्तः समाधिः, तदभिधानान्नामनिष्पन्नो निक्षेपः,**

**साम्प्रतं सूत्रालापकनिष्पन्नस्यावसर इत्यादिचर्चः पूर्ववत् तावद्यावत्सूत्रानुगमेऽस्खलितादिगुणोपेतं सूत्रमुच्चारणीयं, तच्चेदम् –**

**थंभा व कोहा व मयप्पमाया, गुरुस्सगासे विणयं न सिक्खे ।**
**सो चेव उ तस्स अभूईभावो, फलं व कीअस्स वहाय होइ ॥१॥**

---

સમાધિ કહેવાઈ.

તેના કથનથી નામનિષ્પન્ન નિક્ષેપ કહેવાયો.

હવે સૂત્રાલાપકનિષ્પન્નનો અવસર છે... વગેરે ચર્ચા પૂર્વની જેમ ત્યાં સુધી જાણવી, યાવત્ સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિગુણોવાળું સૂત્ર ઉચ્ચારવાનું આવે.

તે સૂત્ર આ છે.

**ગા. ૧** માનથી, ક્રોધથી માયા કે પ્રમાદથી ગુરુ પાસે વિનય ન શીખે. તેનો તે જ અભૂતિભાવ છે. જેમ કીચકનું ફલ વધને માટે થાય.



નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય

'थंभा व'त्ति, अस्य व्याख्या–'स्तम्भाद्वा' मानाद्वा जात्यादिनिमित्तात् 'क्रोधाद्वा' अक्षान्तिलक्षणात् 'मायाप्रमादा'दिति मायातो-निकृतिरूपायाः प्रमादाद्-निद्रादेः सकाशात्, किमित्याह-'गुरोः सकाशे' आचार्यादेः समीपे 'विनयम्' आसेवनाशिक्षाभेदभिन्नं 'न शिक्षते' नोपादत्ते, तत्र स्तम्भात्कथमहं जात्यादिमान् जात्यादिहीनसकाशे शिक्षामीति, एवं क्रोधात्क्वचिद्वितथकरणचोदितो रोषाद्वा, मायातः शूलं मे क्रियत इत्यादिव्याजेन, प्रमादात्प्रक्रान्तोचितमनवबुद्ध्यमानो निद्रादिव्यासङ्गेन, स्तम्भादिक्रमोपन्यासश्चेत्थमेवामीषां विनयविघ्नहेतुतामाश्रित्य प्राधान्यख्यापनार्थः। तदेवं स्तम्भादिभ्यो गुरोः सकाशे विनयं न शिक्षते, अन्ये तु पठन्ति-गुरोः सकाशे 'विनये न तिष्ठति' विनये न वर्त्तते, विनयं नासेवत इत्यर्थः। इह च 'स एव तु' स्तम्भादिर्विनयशिक्षाविघ्नहेतुः 'तस्य' जडमतेः 'अभूतिभाव' इति अभूतेर्भावोऽभूतिभावः, असंपद्भाव इत्यर्थः, किमित्याह –'वधाय भवति' गुणलक्षणभावप्राणविनाशाय भवति, दृष्टान्तमाह–'फलमिव कीचकस्य' कीचको-वंशस्तस्य यथा फलं वधाय भवति, सति तस्मिंस्तस्य विनाशात्, तद्वदिति सूत्रार्थः ॥१॥

**टीकार्थ :** જાતિ, કુળાદિ નિમિત્તથી ઉત્પન્ન થયેલા અભિમાનથી કે અક્ષમા સ્વરૂપ ક્રોધથી, કપટથી કે નિદ્રાદિ પ્રમાદથી જે સાધુ આચાર્યાદિ ગુરુની પાસે વિનયને = આસેવનાશિક્ષાના ભેદોથી જુદા જુદા વિનયને ગ્રહણ કરતો નથી...

તેમાં અહંકારથી "હું જાત્યાદિવાળો શી રીતે જાત્યાદિહીનની પાસે શીખું ?

એમ ક્રોધથી આ પ્રમાણે કે કોઈક બાબતમાં સાધુએ ખોટું કર્યું અને ગુરુએ ઠપકો આપેલો હોય તો એ સાધુ ગુરુ પાસે ગ્રહણાદિ શિક્ષા ન લે. અથવા તો બીજા કોઈ કારણસર રોષ થવાથી એ શિક્ષા ન લે.

માયાથી આ પ્રમાણે કે "મને શૂળ થાય છે" એ બહાનાથી શિક્ષા ન લે.

પ્રમાદથી આ પ્રમાણે કે "પ્રસ્તુતમાં ઉચિત શું છે ? એ નહિ જાણતો તે ઊંઘ વગેરેના વ્યાસંગથી (નિદ્રામાં લીનતા દ્વારા) શિક્ષા ન લે." (અત્યારે મારે ગુરુ પાસે શિક્ષા લેવી ઉચિત છે... એ બધું ન સમજે અને ઉંઘ વગેરેમાં જ મસ્ત રહે...)

અહીં માન, ક્રોધ વગેરે ક્રમનો ઉપન્યાસ આ રીતે જ આ માનાદિની વિનયવિઘ્નહેતુતાને આશ્રયીને પ્રધાનતા બતાવવા માટે કરેલો છે. (માન વિનયમાં વિઘ્નકરનાર સૌથીપ્રધાનકારણ છે. ક્રોધ એના કરતાં નાનું કારણ... એમ નિદ્રા સૌથીગૌણકારણ...)

આમ આ રીતે સ્તંભાદિના કારણે ગુરુ પાસે સાધુ વિનય ન શીખે.

બીજાઓ આ પ્રમાણે પાઠ માને છે કે "ગુરુ પાસે વિનયમાં ન વર્તે. એટલે કે વિનયને ન સેવે.

અહીં તે જ વિનયશિક્ષામાં વિઘ્નનું કારણભૂત સ્તંભાદિ તે જડમતિવાળાને અભૂતિભાવ છે. ભૂતિ = સંપત્તિ, અભૂતિ = અસંપત્તિ. તેનો ભાવ છે.

**પ્રશ્ન :** સ્તંભાદિ અસંપતિભાવરૂપ શા માટે ?

**ઉત્તર :** કેમકે સ્તંભાદિકષાયો ગુણરૂપી ભાવપ્રાણના વિનાશમાટે થાય છે.

દૃષ્ટાન્ત કહે છે કે જેમ વંશનું ફલ વંશના વધ માટે થાય. કેમકે વંશને ફલ આવે એટલે વંશનો નાશ થાય છે, તેમ સમજવું.

---

**किंच –**

**जे आवि मंदित्ति गुरुं विइत्ता, डहरे इमे अप्पसुअत्ति नच्चा ।**

**हीलंति मिच्छं पडिवज्जमाणा, करंति आसायण ते गुरूणं ॥२॥**

---

ગા.૨ જેઓ ગુરુને મંદ જાણીને, "આ નાના છે, અલ્પશ્રુતવાળા છે" એમ જાણીને મિથ્યાત્વને સ્વીકારતા છતાં હીલના કરે છે. તેઓ ગુરુની આશાતના કરે છે.

---

'जे आवि'त्ति सूत्रं, ये चापि केचन द्रव्यसाधवोऽगम्भीराः, किमित्याह–'मन्द इति गुरुं विदित्वा' क्षयोपशमवैचित्र्यात्तन्त्रयुक्त्यालोचनाऽसमर्थः सत्प्रज्ञाविकल इति स्वमाचार्यं ज्ञात्वा । तथा कारणान्तरस्थापितमप्राप्तवयसं 'डहरोऽयम्' अप्राप्तवयाः खल्वयं, तथा 'अल्पश्रुत' इत्यनधीतागम इति विज्ञाय, किमित्याह – 'हीलयन्ति' सूययाऽसूयया वा खिंसयन्ति, सूयया अतिप्रज्ञस्त्वं वयोवृद्धो बहुश्रुत इति, असूयया तु मन्दप्रज्ञस्त्वमित्याद्यभिदधति, 'मिथ्यात्वं प्रतिपद्यमाना' इति गुरुर्न हीलनीय इति तत्त्वमन्यथाऽवगच्छन्तः कुर्वन्ति 'आशातनां' लघुतापादनरूपां 'ते' द्रव्यसाधवः 'गुरूणाम्' आचार्याणां, तत्स्थापनाया अबहुमानेन एकगुर्वाशातनायां सर्वेषामाशातनेति बहुवचनम्, अथवा कुर्वन्ति 'आशातनां' स्वसम्यग्दर्शनादिभावापह्रासरूपां ते गुरूणां संबन्धिनीं, तन्निमित्तत्वादिति सूत्रार्थः ॥२॥

---

**ટીકાર્થ :** જે કોઈક દ્રવ્યસાધુ, અગંભીર જીવો છે. તેઓ પોતાના ગુરુને મંદ તરીકે જાણીને...

**પ્રશ્ન** : ગુરુ મંદ શી રીતે ?

**ઉત્તર** : ક્ષયોપશમની વિચિત્રતાના કારણે એવું બને કે ગુરુ શાસ્ત્રની યુક્તિઓની વિચારણા કરવામાં અસમર્થ હોય; સુંદર પ્રજ્ઞા વિનાના હોય... આથી એ મંદ ગણાય.

તથા કોઈક કારણસર નાની ઉંમરવાળા સાધુને ગુરુ તરીકે સ્થાપેલા હોય, તો એ શિષ્ય નાની ઉંમરવાળા ગુરુને "આ તો સાવ નાના છે" એમ જાણીને...

તથા એ આગમોને ભણેલા નથી એમ જાણીને...

જે શિષ્યો આ બધું જાણીને સૂયાથી (કટાક્ષથી) કે અસૂયાથી ગુરુની હીલના કરે... એમાં સૂયાથી આ પ્રમાણે કે "તમે તો વધુ પ્રજ્ઞાવાળા છો, વયોવૃદ્ધ છો, બહુશ્રુત છો..."

અસૂયાથી આ પ્રમાણે કે "તમે મંદપ્રજ્ઞાવાળા છો, નાના છો, અલ્પશ્રુત છે..."

"ગુરુની હીલના ન કરવી જોઈએ" આ પ્રકારના તત્ત્વને ઊંધી રીતે જાણતા તે દ્રવ્ય સાધુઓ ગુરુની = આચાર્યની આશાતના કરે છે. આશાતના એટલે લઘુતાનું આપાદન. (મહાન એવા ગુરુને હલકા ચીતરવા.)

**પ્રશ્ન** : કોઈપણ સાધુના ગુરુ તો એક જ હોય, તો અહીં ગુરુણાં એમ બહુવચનપ્રયોગ શા માટે કર્યો ?

**ઉત્તર** : ગુરુની સ્થાપનાનું એણે બહુમાન ન કરવા દ્વારા એક ગુરુની આશાતના કરી, અને એક ગુરુની આશાતનામાં તમામે તમામ ગુરુઓની આશાતના ગણાય-એટલે એ દૃષ્ટિએ અહીં બહુવચનનો પ્રયોગ કરેલો છે. (ગુરુવ્યક્તિઓ લાખો છે, પણ તમામ ગુરુઓમાં ગુરુત્વની સ્થાપના એક છે, એટલે એક વ્યક્તિમાં ગુરુત્વસ્થાપનાનું અબહુમાન વસ્તુતઃ સઘળી વ્યક્તિમાં ગુરુત્વસ્થાપનાનું અબહુમાન ગણાઈ જાય...)

અથવા તો

આ હીલનાકરનારા સાધુઓ ગુરુસંબંધી આશાતના કરે છે એટલે કે પોતાના સમ્યગ્દર્શનાદિ ભાવોની હાનિ થવા રૂપ આશાતના કરે છે. પોતાના જ ગુણોનો નાશ એ આશાતના, પણ એ ગુરુના નિમિત્તે થાય છે, માટે એ ગુરુસંબંધી આશાતના કહેવાય.

---

**अतो न कार्या हीलनेति, आह च –**

**पगईइ मंदावि भवंति एगे, डहरावि अ जे सुअबुद्धोववेआ ।**
**आयरमंतो गुणसुट्ठिअप्पा, जे हीलिआ सिहिरिव भास कुज्जा ॥३॥**

---

-તેથી હીલના કરવાયોગ્ય નથી, કહ્યું છે કે

ગા.૩ આનો ભાવાર્થ ટીકાર્થથી સ્પષ્ટ થશે.

---

**'पगइ'त्ति सूत्रं, 'प्रकृत्या' स्वभावेन कर्मवैचित्र्यात् 'मन्दा अपि' सद्बुद्धिरहिता अपि भवन्ति 'एके' केचन वयोवृद्धा अपि तथा 'डहरा अपि च' अपरिणता अपि च वयसाऽन्येऽमन्दा भवन्तीति वाक्यशेषः, किंविशिष्टा इत्याह-ये च 'श्रुतबुद्ध्युपपेताः' तथा सत्प्रज्ञावन्तः श्रुतेन बुद्धिभावेन वा, भाविनीं वृत्तिमाश्रित्याल्पश्रुता इति, सर्वथा 'आचारवन्तो' ज्ञानाद्याचारसमन्विताः 'गुणसुस्थितात्मानो' गुणेषु-संग्रहोपग्रहादिषु सुष्ठु-भावसारं स्थित आत्मा येषां ते तथाविधा न हीलनीयाः, ये 'हीलिताः' खिंसिताः 'शिखीव' अग्निरिवेन्धनसंघातं 'भस्मसात्कुर्युः' ज्ञानादिगुणसंघातमपनयेयुरिति सूत्रार्थः ॥३॥**

---

**ટીકાર્થ :** ગાથામાં **एके** શબ્દ છે, એનો અર્થ 'કેટલાક વયોવૃદ્ધો' એમ લેવાનો. એના પછી **अपि** પણ સમજવાનો. એટલે આ પ્રમાણે અર્થ થશે કે કેટલાકો વયોવૃદ્ધ હોય તો પણ સ્વભાવથી કર્મનીવિચિત્રતાને લીધે સદ્બુદ્ધિરહિત પણ હોય છે. (એટલે મારા ગુરુ નાના છે, માટે મંદ છે." ઈત્યાદિ ન વિચારવું. કેમકે મોટાઓ પણ મંદ પણ સંભવે જ છે.)

તથા બીજાઓ ઉંમરથી પરિણત નથી, નાના છે, તેઓ અમંદ હોય છે. (એટલે ઉંમરને મંદતા સાથે સંબંધ નથી...) અહીં **अमन्दा भवन्ति** એ લખેલું નથી, એ બહારથી જોડી દેવું.

**પ્રશ્ન :** એ નાનાઓ કેવા વિશિષ્ટ છે ?

**ઉત્તર :** જેઓ શ્રુતથી અથવા બુદ્ધિભાવથી સુંદરપ્રજ્ઞાવાળા છે. તેઓ ભવિષ્યની અપેક્ષાએ અલ્પશ્રુતવાળા છે. (આશય એ છે નાનાઓ અત્યારે શ્રુતાદિસંપન્ન હોય, પણ ભવિષ્યમાં એ જ અલ્પશ્રુત બની જાય..)

પણ આ બધા જો સર્વથા જ્ઞાનાદિઆચારવાળા હોય, સંગ્રહ-ઉપગ્રહ વગેરે ગુણોમાં ભાવ પ્રધાન રીતે સ્થિર થયેલો છે આત્મા જેમનો એવા તેઓ હોય... તો તેવા ગુરુઓ હીલના કરવા જેવા નથી. (શિષ્યાદિને ઉત્પન્ન કરવા એ સંગ્રહ અને એમને વસ્ત્રાદિ સામગ્રીઓ પૂરી પાડીને પોષવા એ ઉપગ્રહ...)

આ એવા ગુરુઓ છે કે જે હીલના કરાયેલા છતાં અગ્નિ જેમ લાકડાના સમૂહને બાળે એમ જ્ઞાનાદિગુણોના સંઘાત = સમૂહને ખતમ કરી દે.

(સાર એમ જણાય છે કે મોટી ઉંમર, વધુ જ્ઞાન, આ બે ગુણો શિષ્ય જુએ છે. અભાવ હોય તો એ હીલના કરી બેસે છે... અહીં એ કહે છે કે કોઈ વધુ જ્ઞાન વિનાના હોય, પણ વધુ ઉંમરવાળા હોય. કોઈ નાના હોય પણ વધુ જ્ઞાનવાળા હોય... મોટી ઉંમરમાં એ પાછા અલ્પજ્ઞાનવાળા બનવાના હોય... આ બધું તો કર્મની વિચિત્રતાથી ચાલ્યા જ કરવાનું.

શિષ્યે એટલું જોવાનું કે નાના કે મોટા, અલ્પજ્ઞાની કે વધુજ્ઞાની મારા ગુરુ સર્વથા જ્ઞાનાચારાદિથી સંપન્ન છે કે નહિ? એ સંગ્રહાદિગુણોમાં સક્ષમ છે કે નહિ ? ... એ હોય તો એમની હીલના ન કરવી...)

**विशेषेण डहरहीलनादोषमाह –**

**जे आवि नागं डहरंति नच्चा, आसायए से अहिआय होइ ।**

**एवायरिअंपि हु हीलयंतो, निअच्छई जाइपहं खु मंदो ॥४॥**

નાનાગુરુની હીલનાનાં દોષને વિશેષથી બતાવે છે કે

ગા.૪ જેઓ સાપને નાનો જાણીને આશાતના કરે, તે તેમના અહિત માટે થાય. તેમ આચાર્યની પણ હીલના કરતો મંદ નક્કી જાતિપથને પામે.'

**'जे आवि'त्ति सूत्रं, यश्चापि कश्चिदज्ञो 'नागं' सर्पं 'डहर इति' बाल इति 'ज्ञात्वा' विज्ञाय 'आशातयति' किलिञ्चादिना कदर्थयति 'स' कदर्थ्यमानो नागः 'से' तस्य कदर्थकस्य 'अहिताय भवति' भक्षणेन प्राणनाशाय भवति, एष दृष्टान्तोऽयमर्थोपनयः-एवमाचार्यमपि कारणतोऽपरिणतमेव स्थापितं हीलयन् निर्गच्छति 'जातिपन्थानं' द्वीन्द्रियादिजातिमार्गं 'मन्दः' अज्ञः, संसारे परिभ्रमतीति सूत्रार्थः ॥४॥**

**ટીકાર્થ :** કોઈક અજ્ઞાની માણસ સાપને બાલ છે એમ જાણીને કિલિંચ (લાકડાનો ટુકડો...)થી એની કદર્થના કરે, તો પરેશાન કરાતો સર્પ તે કદર્થકના અહિતને માટે થાય છે. તે સાપ ભક્ષણ દ્વારા = ડંખ દ્વારા પ્રાણનાં નાશમાટે થાય છે.

આ દૃષ્ટાન્ત છે.

અર્થનો ઉપનય આ પ્રમાણે કરવો કે

એ પ્રમાણે કારણસર નાની ઉંમરના જ ગુરુ સ્થપાયેલા હોય તો એવા નાના આચાર્યની પણ હીલના કરતો અજ્ઞાની જીવ સંસારમાં બેઈન્દ્રિયાદિ જાતિઓનાં માર્ગમાં

ભમે છે.

**अत्रैव दृष्टान्तदार्ष्टान्तिकयोर्महदन्तरमित्येतदाह –**

**आसीविसो वावि परं सुरुट्ठो, किं जीवनासाउ परं नु कुज्जा ?।**

**आयरिअपाया पुण अप्पसन्ना, अबोहिआसायण नत्थि मुक्खो ॥५॥**

અહીં જ દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકમાં મોટું અંતર છે એ કહે છે કે

ગા.૫ અત્યંતરુષ્ટ સર્પ જીવનાશથી વધુ શું કરે ? અપ્રસન્ન આચાર્ય તો આશાતનાથી અબોધિ કરે. મોક્ષ ન થાય.

**'आसि'त्ति सूत्रं, 'आशीविषश्चापि' सर्पोऽपि परं 'सुरुष्टः' सुक्रुद्धः सन् किं 'जीवितनाशात्' मृत्योः परं कुर्यात् ?, न किंचिदपीत्यर्थः, आचार्यपादाः पुनः 'अप्रसन्ना' हीलनयाऽननुग्रहे प्रवृत्ताः, किं कुर्वन्तीत्याह – 'अबोधिं' निमित्तहेतुत्वेन मिथ्यात्वसंहतिं, तदाशातनया मिथ्यात्वबन्धात्, यतश्चैवमत आशातनया गुरोर्नास्ति मोक्ष इति, अबोधिसंतानानुबन्धेनानन्तसंसारिकत्वादिति सूत्रार्थः ॥५॥**

**ટીકાર્થ :** સાપ પણ અત્યંત વધારે ગુસ્સે થયેલો હોય તો પણ મૃત્યુ સિવાય બીજું શું કરવાનો ? કંઈ જ નહિ. જ્યારે પૂજનીય આચાર્ય જો હીલનાને લીધે અકૃપા કરવામાં પ્રવર્તેલા થાય, તો એ શિષ્યને અબોધિ કરે.

**પ્રશ્ન :** ગુરુ શિષ્યને બોધિ-અભાવ કરી આપે એમ ?

**ઉત્તર :** (ગુરુ કંઈ એવા ખરાબ ભાવવાળા નથી, પરંતુ) ગુરુ નિમિત્તકારણ તરીકે શિષ્યને મિથ્યાત્વની સંહતિ= મિથ્યાત્વનો સમૂહ કરી આપે છે. શિષ્ય ગુરુની આશાતના દ્વારા મિથ્યાત્વ બાંધે. એટલે એમ કહેવાય કે ગુરુ તેને મિથ્યાત્વસંહિત કરાવનારા બન્યા. (પણ એ નિમિત્ત રૂપે... સાક્ષાત્ કર્તારૂપે નહિ...)

આવું છે, માટે ગુરુની આશાતનાથી મોક્ષ ન થાય.

**પ્રશ્ન :** મોક્ષ કેમ ન થાય ?

**ઉત્તર :** અબોધિની પરંપરાનો અનુબંધ ચાલે, એનાથી અનંતસંસારીપણું થાય એટલે મોક્ષ ન થાય.

**किं च –**

**जो पावगं जलिअमवक्कमिज्जा, आसीविसं वावि हु कोवइज्जा ।**

**जो वा विसं खायइ जीविअट्ठी, एसोवमाऽऽसायणया गुरूणं ॥६॥**

ગા.૬ જે બળેલા અગ્નિને અપક્રમે, સાપને ગુસ્સે કરે, જીવિતાર્થી જે ઝેર ખાય... ગુરુની આશાતના સાથે આ ઉપમા છે.

**'जो पावगं'ति सूत्रं, यः 'पावकम्' अग्निं ज्वलितं सन्तम् 'अपक्रामेद्' अवष्टभ्य तिष्ठति, 'आशीविषं वापि हि' भुजङ्गमं वापि हि 'कोपयेत्' रोषं ग्राहयेत्, यो वा विषं खादति 'जीवितार्थी' जीवितुकामः, 'एषोपमा' अपायप्राप्तिं प्रत्येतदुपमानम्, आशातनया कृतया गुरूणां संबन्धिन्या तद्वदपायो भवतीति सूत्रार्थः ॥६॥**

**ટીકાર્થ :** જે ભડભડ બળતા અગ્નિનો ટેકો લઈને ઊભો રહે, અથવા તો સાપને ગુસ્સો કરાવે, અથવા તો જીવવાની ઈચ્છાવાળો ઝેર ખાય, ગુરુસંબંધી કરાયેલી આશાતના સાથે આ ઉપમા અપાય. અર્થાત્ નુકસાનોની પ્રાપ્તિ પ્રત્યે આ ઉપમા છે.

અર્થાત્ અગ્નિ, સર્પ, ઝરે દ્વારા જેમ નુકસાનો થાય, તેમ ગુરુની આશાતનાથી નુકસાનો થાય.

**अत्र विशेषमाह–**

**सिआ हु से पावय नो डहिज्जा, आसीविसो वा कुविओ न भक्खे ।**
**सिआ विसं हालहलं न मारे, न आवि मुक्खो गुरुहीलणाए ॥७॥**

આમાં વિશેષતા બતાવે છે કે

ગા.૭ કદાચ અગ્નિ તેને ન બાળે, કદાચ ક્રુદ્ધ સર્પ ડંખે નહિ, કદાચ હલાહલ ઝેર ન મારે તો પણ ગુરુ હીલનાથી મોક્ષ ન થાય.

**'सिआ हु'त्ति सूत्रं, 'स्यात्' कदाचिन्मन्त्रादिप्रतिबन्धादसौ 'पावकः' अग्निः 'न दहेत्' न भस्मसात्कुर्यात्, 'आशीविषो वा' भुजङ्गो वा कुपितो 'न भक्षयेत्' न खादयेत्, तथा 'स्यात्' कदाचिन्मन्त्रादिप्रतिबन्धादेव विषं 'हालाहलम्' अतिरौद्रं 'न मारयेत्' न प्राणांस्त्याजयेत्, एवमेतत्कदाचिद्भवति न चापि मोक्षो 'गुरुहीलनया' गुरोराशातनया कृतया भवतीति सूत्रार्थः ॥७॥**

**ટીકાર્થ :** કદાચ એવું બને કે મંત્રાદિના પ્રતિબંધના કારણે અગ્નિ એ માણસને ન બાળે. કદાચ એવું બને કે ગુસ્સે થયેલો સર્પ ડંશ ન મારે. મંત્રાદિના પ્રતિબંધના કારણે

જ આવું બને. કદાચ એવું બને કે અતિભંયકર ઝેર પણ ન મારે.

આમ આ બધું કદાચ બની જાય, પણ ગુરુની કરાયેલી આશાતનાથી મોક્ષ (તો ક્યારેય) ન થાય.

किंच –

**जो पव्वयं सिरसा भित्तुमिच्छे, सुत्तं व सीहं पडिबोहइज्जा ।**
**जो वा दए सत्तिअग्गे पहारं, एसोवमाऽऽसायणया गुरूणं ॥८॥**

ગા.૮ જે મસ્તકથી પર્વતને ભેદવા ઈચ્છે, ઊંઘેલા સિંહને જગાડે, જે શક્તિના અગ્રભાગમાં પ્રહાર આપે ગુરુની આશાતના સાથે આ ઉપમા છે.

**'जो पव्वयं'त्ति सूत्रं, यः पर्वतं 'शिरसा' उत्तमाङ्गेन भेत्तुमिच्छेत्, सुप्त वा सिंहं गिरिगुहायां प्रतिबोधयेत्, यो वा ददाति 'शक्त्यग्रे' प्रहरणविशेषाग्रे प्रहारं हस्तेन, एषोपमाऽऽशातनया गुरूणामिति पूर्ववदेवेति सूत्रार्थः ॥८॥**

**ટીકાર્થ :** જે માણસ પર્વતને મસ્તકથી ભેદવામાટે ઈચ્છે, અથવા પર્વતની ગુફામાં ઉંઘેલા સિંહને જગાડે, અથવા જે શક્તિ નામના એક શસ્ત્રવિશેષની ધાર ઉપર હાથથી પ્રહાર કરે... ગુરુની આશાતના સાથે આ ઉપમા છે... આ પણ પૂર્વની જેમ જ સમજવું.

अत्र विशेषमाह–

**सिआ हु सीसेण गिरिंपि भिंदे, सिआ हु सीहो कुविओ न भक्खे ।**
**सिआ न भिंदिज्ज व सत्तिअग्गं, न आवि मुक्खो गुरुहीलणाए ॥९॥**

અહીં વિશેષતા દર્શાવે છે.

ગા.૯ કદાચ મસ્તકથી પર્વતને ભેદે, કદાચ કોપિત સિંહ ન ખાઈ જાય, કદાચ શક્તિનો અગ્રભાગ (હસ્તાદિને) ન ભેદે પણ ગુરુની હીલનાથી મોક્ષ નથી.

**'सिआ हु'त्ति सूत्रं, 'स्यात्' कदाचित्कश्चिद्वासुदेवादिः प्रभावातिशयाच्छिरसा 'गिरिमपि' पर्वतमपि भिन्द्यात्, स्यान्मन्त्रादिसामर्थ्यात्सिंहः कुपितो न भक्षयेत्, स्याद्देवतानुग्रहादेर्न भिन्द्याद्वा शक्त्यग्रं प्रहारे दत्तेऽपि, एवमेतत्कदाचिद्भवति, न चापि मोक्षो 'गुरुहीलनया' गुरोराशातनया भवतीति सूत्रार्थः ॥९॥**

**ટીકાર્થ :** ક્યારેક એવું બને કે કોઈક વાસુદેવાદિ પ્રભાવના અતિશયથી મસ્તક દ્વારા પર્વતને પણ ભેદે. કદાચ એવું બને કે ક્રોધિત સિંહ(પણ) મંત્રના સામર્થ્યને કારણે માણસને ન ખાય. કદાચ એવું બને કે પ્રહાર આપવા છતાં પણ શક્તિનો અગ્ર ભાગ દેવતાનાં અનુગ્રહાદિનાં કારણે હસ્તાદિને ન ભેદે. પણ ગુરુની આશાતનાથી મોક્ષ ન થાય.

**एवं पावकाद्याशातनाया गुर्वाशातना महतीत्यतिशयप्रदर्शनार्थमाह –**

**आयरिअपाया पुण अप्पसन्ना, अबोहिआसायण नत्थि मुक्खो ।**

**तम्हा अणाबाहसुहाभिकंखी, गुरुप्पसायाभिमुहो रमिज्जा ॥१०॥**

આ પ્રમાણે

'અગ્નિ વગેરેની આશાતના કરતાં ગુરુની આશાતના મોટી છે એ આશયનું પ્રદર્શન કરવા માટે કહે છે કે

ગા.૧૦ આચાર્ય અપ્રસન્ન હોય તો અબોધિ, આશાતના થાય. મોક્ષ ન થાય. તેથી અનાબાધસુખાભિકાંક્ષી ગુરુપ્રસાદાભિમુખ રમે.

**'आयरिअ'त्ति सूत्रं, आचार्यपादाः पुनरप्रसन्ना इत्यादि पूर्वार्धं पूर्ववत्, यस्मादेवं तस्माद् 'अनाबाधसुखाभिकाङ्क्षी' मोक्षसुखाभिलाषी साधुः 'गुरुप्रसादाभिमुखः' आचार्यादिप्रसाद उद्युक्तः सन् 'रमेत' वर्तेत इति सूत्रार्थः ॥१०॥**

**ટીકાર્થ :** પૂજનીય આચાર્ય અપ્રસન્ન થાય તો... ઈત્યાદિ પૂર્વાર્ધ = ગાથાનો પ્રથમ અડધોભાગ પૂર્વની જેમ જાણવો.

આવું છે, માટે મોક્ષસુખનાં અભિલાષાવાળો સાધુ આચાર્યાદિની કૃપા મળે એને વિશે ઉદ્યમવાળો બને.

**केन प्रकारेणेत्याह–**

**जहाहिअग्गी जलणं नमंसे, नाणाहुईमंतपयाभिसित्तं ।**

**एवायरिअं उवचिट्ठइज्जा, अणंतनाणोवगओऽवि संतो ॥११॥**

ક્યા પ્રકારે ઉદ્યમવાળો બને... એ દેખાડે છે.

ગા.૧૧ જેમ આહિતાગ્નિ નાના-આહુતિમંત્રપદોથી અભિષિક્ત અગ્નિને નમે, તેમ

અનંતજ્ઞાનોપગત એવો પણ સાધુ આચાર્યને સેવે.

**'जहाहिअग्गि'त्ति सूत्रं, यथा 'आहिताग्निः' कृतावसथादिर्ब्राह्मणो 'ज्वलनम्' अग्निं नमस्यति, किंविशिष्टमित्याह–'नानाहुतिमन्त्रपदाभिषिक्तं' तत्राहुतयो-घृतप्रक्षेपादिलक्षणा मन्त्रपदानि-अग्नये स्वाहेत्येवमादीनि तैरभिषिक्तं–दीक्षासंस्कृतमित्यर्थः, 'एवम्' अग्निमिवाचार्यम् 'उपतिष्ठेत्' विनयेन सेवेत, किंविशिष्ट इत्याह–'अनन्तज्ञानोपगतोऽपी'ति अनन्तं स्वपरपर्यायापेक्षया वस्तु ज्ञायते येन तदनन्तज्ञानं तदुपगतोऽपि सन्, किमङ्ग पुनरन्य इति सूत्रार्थः ॥११॥**

**ટીકાર્થ :** કરાયેલું છે આવસથ = અગ્નિકુંડાદિ જેનાવડે એવો બ્રાહ્મણ અગ્નિને નમસ્કાર કરે.

એ અગ્નિ કેવા વિશેષણવાળો છે ? એ દર્શાવે છે કે ઘીનો પ્રક્ષેપ કરવો વગેરે આહુતિ છે. **अग्नये स्वाहा** વગેરે મંત્રપદો છે. આ બધાથી અભિષેક કરાયેલો એવો તે અગ્નિ છે. એટલે કે મંત્રીદીક્ષાથી સંસ્કારિત કરાયેલો અગ્નિ છે.

આમ અગ્નિની સેવા જેમ બ્રાહ્મણ કરે, એમ સાધુ વિનય વડે આચાર્યની સેવા કરે.

એ સાધુ કેવા વિશેષણવાળો ? એ દર્શાવે છે કે સ્વપર્યાય અને પરપર્યાયની અપેક્ષાએ અનંત એવી વસ્તુ જે જ્ઞાનથી જણાય તે અનંતજ્ઞાન, તેને પામેલો એવો પણ સાધુ ગુરુને સેવે. તો બીજાઓ તો શું ? (તેઓ તો અવશ્ય સેવા કરે જ...)

(વસ્તુમાં પોતાના કહેવાતા ગુણો-પર્યાયો એ સ્વપર્યાયો અને વસ્તુમાં ન રહેલા ગુણો-પર્યાયો એ પરપર્યાયો...)

**एतदेव स्पष्टयति-**

**जस्संतिए धम्मपयाइं सिक्खे, तस्संतिए वेणइयं पउंजे ।**
**सक्कारए सिरसा पंजलीओ, कायग्गिरा भो मणसा अ निच्चं ॥१२॥**

આ જ વાતને સ્પષ્ટ કરે છે કે

ગા.૧૨ જેની પાસે ધર્મપદોને શીખે, તેની પાસે વિનય પ્રયુંજે. અંજલિવાળો નિત્ય કાય, વચન અને મનથી મસ્તકથી સત્કાર કરે.

**'जस्स'त्ति सूत्रं, 'यस्यान्तिके' यस्य समीपे 'धर्मपदानि' धर्मफलानि सिद्धान्तपदानि 'शिक्षेत' आदद्यात् 'तस्यान्तिके' तत्समीपे किमित्याह–'वैनयिकं प्रयुञ्जीत' विनय एव**

वैनयिकं तत्कुर्यादिति भावः, कथमित्याह–सत्कारयेदभ्युत्थानादिना पूर्वोक्तेन 'शिरसा' उत्तमाङ्गेन 'प्राञ्जलिः' प्रोद्गताञ्जलिः सन् 'कायेन' देहेन 'गिरा' वाचा मस्तकेन वन्दे इत्यादिरूपया 'भो' इति शिष्यामन्त्रणं 'मनसा च' भावप्रतिबन्धरूपेण 'नित्यं' सदैव सत्कारयेत्, न तु सूत्रग्रहणकाल एव, कुशलानुबन्धव्यवच्छेदप्रसङ्गादिति सूत्रार्थः ॥१२॥

**ટીકાર્થ** : જેની પાસે ધર્મરૂપી ફલને આપનારા એવા સિદ્ધાન્તપદોને ભણે એટલે કે એ પદોને સ્વીકારે, તેની પાસે વિનય કરવો.

વિનય એ જ વૈનયિક કહેવાય છે.

**પ્રશ્ન** : કેવી રીતે વિનય કરવો ?

**ઉત્તર** : અભ્યુત્થાનાદિ પૂર્વે કહેલા પ્રકારે વિનય કરવો.

તથા મસ્તકથી પ્રોદ્ગત અંજલિવાળો = માથા ઉપર ઊંચે જોડેલા હાથવાળો સાધુ દેહથી, વાણીથી = **मस्तकेन वन्दे** એવા શબ્દથી અને મનથી = ભાવપ્રતિબંધથી = બહુમાનથી સદાય સત્કાર કરે.

માત્ર સૂત્રનું ગ્રહણ કરવાના કાળે જ વિનય ન કરવો (પણ સદા કરવો) નહિ તો પુણ્યાનુબંધનો વ્યવચ્છેદ થવાનો પ્રસંગ આવે.

**एवं च मनसि कुर्यादित्याह–**

**लज्जा दया संजम बंभचेरं, कल्लाणभागिस्स विसोहिठाणं ।**
**जे मे गुरू सययमणुसासयंति, तेऽहं गुरू सययं पूअयामि ॥१३॥**

આ પ્રમાણે મનમાં વિચારવું કે

ગા.૧૩ કલ્યાણભાગીનાં વિશોધિસ્થાનભૂત જે લજ્જા, દયા, સંયમ, બ્રહ્મચર્યને ગુરુ મને સતત કહે છે હું તે ગુરુની સતત પૂજા કરું છું.

'लज्जा दय'त्ति सूत्रं, 'लज्जा' अपवादभयरूपा 'दया' अनुकम्पा 'संयमः' पृथिव्यादिजीवविषयः 'ब्रह्मचर्यं' विशुद्धतपोऽनुष्ठानम्, एतल्लज्जादि विपक्षव्यावृत्त्या कुशलपक्षप्रवर्त्तकत्वेन कल्याणभागिनो जीवस्य 'विशोधिस्थानं' कर्ममलापनयनस्थानं वर्त्तते, अनेन ये मां 'गुरव' आचार्याः 'सततम्' अनवरतम् 'अनुशासयन्ति' कल्याणयोग्यतां नयन्ति तानहमेवंभूतान् गुरून् सततं पूजयामि, न तेभ्योऽन्यः पूजार्ह इति सूत्रार्थः ॥१३॥

**ટીકાર્થ :** લજ્જા = નિંદાનો ભય. દયા = અનુકંપા, સંયમ = પૃથ્વ્યાદિ જીવ સંબંધી સંયમ, બ્રહ્મચર્ય = વિશુદ્ધ તપાનુષ્ઠાન.

આ બધું કલ્યાણને ભજનારા જીવને કર્મમલનો વિનશ કરવાનું સ્થાન છે.

**પ્રશ્ન :** એ જીવ કલ્યાણનો ભજનારો શી રીતે બને છે ?

**ઉત્તર :** અલજ્જા, અસંયમ, અદયા આ બધા વિપક્ષોનો એ ત્યાગ કરે છે, એ ત્યાગ કરવા દ્વારા એ લજ્જાદિ કુશલપક્ષમાં પ્રવૃત્તિ કરે છે, એટલે એ કલ્યાણને ભજનારો બને છે. (અથવા વિપક્ષ = અકુશલપક્ષ...)

જે આચાર્ય આ વિશોધિસ્થાન વડે મને સતત અનુશાસન કરે છે એટલે કે મને કલ્યાણની યોગ્યતા પમાડે છે, તે એવા પ્રકારના ગુરુની હું સતત પૂજા કરું છે. ગુરુ સિવાય બીજો કોઈ પૂજા યોગ્ય નથી.

**इतश्चैते पूज्या इत्याह–**

**जहा निसंते तवणच्चिमाली, पभासई केवल भारहं तु ।**
**एवायरिओ सुअसीलबुद्धिए, विरायई सुरमज्झे व इंदो ॥१४॥**

વળી આ કારણથી પણ તેઓ પૂજ્ય છે... એ કહે છે કે

ગા.૧૪ જેમ રાત્રિના અંતે સૂર્ય કેવલ ભારતને પ્રકાશિત કરે છે. એમ આચાર્ય શ્રુતશીલબુદ્ધિથી (પદાર્થોને પ્રકાશિત કરે છે, આ આચાર્ય) દેવોની મધ્યમાં ઈન્દ્રની જેમ શોભે છે.

**'जह'त्ति सूत्रं, यथा 'निशान्ते' रात्र्यवसाने दिवस इत्यर्थः, तपन् 'अर्चिर्माली' सूर्यः 'प्रभासयति' उद्योतयति 'केवलं' संपूर्णं 'भारतं' भरतक्षेत्रं, तुशब्दादन्यच्च क्रमेण एवम् – अर्चिर्मालीवाचार्यः 'श्रुतेन' आगमेन 'शीलेन' परद्रोहविरतिरूपेण 'बुद्ध्या च' स्वाभाविक्या युक्तः सन् प्रकाशयति जीवादिभावानिति । एवं च वर्त्तमानः सुसाधुभिः परिवृतो विराजते 'सुरमध्य इव' सामानिकादिमध्यगत इव इन्द्र इति सूत्रार्थः ॥१४॥**

**ટીકાર્થ :** જે રીતે રાત્રિના અંતે, દિવસે તપતો એવો સૂર્ય આખા ભારતક્ષેત્રને પ્રકાશિત કરે છે **तु** શબ્દથી સમજવાનું કે ક્રમશઃ બીજા ક્ષેત્રને પણ પ્રકાશિત કરે છે.

એમ સૂર્યની જેમ આચાર્ય આગમથી, પરદ્રોહની વિરતિ(હિંસાત્યાગ)રૂપ શીલથી અને સ્વાભાવિક બુદ્ધિથી યુક્ત છતાં જીવાદિ ભાવોને પ્રકાશિત કરે છે.

આ રીતે વર્તતા, સુસાધુઓથી પરિવરેલા આચાર્ય સામાનિકાદિ દેવોની વચ્ચે રહેલા ઇંદ્રની જેમ શોભે છે.

**किंच–**

**जहा ससी कोमुइजोगजुत्तो, नक्खत्ततारागणपरिवुडप्पा ।**

**खे सोहई विमले अब्भमुक्के । एवं गणी सोहइ भिक्खुमज्झे ॥१५॥**

ગા.૧૫ જેમ કૌમુદીયોગયુક્ત, નક્ષત્ર-તારાગણથી પરિવરેલો ચંદ્ર નિર્મળ-વાદળમુક્ત આકાશમાં શોભે. એમ ગણી સાધુઓની મધ્યમાં શોભે.

**'जह'त्ति सूत्रं, यथा 'शशी' चन्द्रः 'कौमुदीयोगयुक्तः' कार्त्तिकपौर्णमास्यामुदित इत्यर्थः, स एव विशेष्यते–'नक्षत्रतारागणपरिवृतात्मा' नक्षत्रादिभिर्युक्त इति भावः, 'खे' आकाशे शोभते, किं विशिष्टे खे ?–'विमलेऽभ्रमुक्ते' अभ्रमुक्तमेवात्यन्तं विमलं (तत्) भवतीति ख्यापनार्थमेतत्, एवं चन्द्र इव 'गणी' (तत्) आचार्यः शोभते 'भिक्षुमध्ये' साधुमध्ये, अतोऽयं महत्त्वात्पूज्य इति सूत्रार्थः ॥१५॥**

**ટીકાર્થ :** જેમ કૌમુદીયોગવાળો, કાર્તિક પુનમના દિવસે ઉગેલો એવો, નક્ષત્ર અને તારાના ગણથી પરિવરેલા આત્માવાળો એટલે કે નક્ષત્રાદિવાળો ચંદ્ર આકાશમાં શોભે છે...

આકાશ કેવું ? એ દર્શાવે છે કે વિમલ અને વાદળ વિનાનું આકાશ.

વાદળ વિનાનું આકાશ જ અત્યંત નિર્મળ હોય છે. એવું જણાવવા માટે અભ્રમુક્ત વિશેષણ છે.

આવા પ્રકારના ચંદ્રની જેમ આચાર્ય સાધુઓની વચ્ચે શોભે છે.

આથી આ આચાર્ય મહાન હોવાથી પૂજ્ય છે.

**किं च –**

**महागरा आयरिआ महेसी, समाहिजोगेसुअसीलबुद्धिए ।**

**संपाविउकामे अणुत्तराइं, आराहए तोसइ धम्मकामी ॥१६॥**

વળી

ગા.૧૬ ટીકાર્થથી સ્પષ્ટ થશે.

**'महागर'त्ति सूत्रं, महाकरा ज्ञानादिभावरत्नापेक्षया आचार्या 'महैषिणो' मोक्षैषिणः, कथं महैषिण इत्याह—'समाधियोगश्रुतशीलबुद्धिभिः' समाधियोगैः- ध्यानविशेषैः श्रुतेन-द्वादशाङ्गाभ्यासेन शीलेन-परद्रोहविरतिरूपेण बुद्ध्या च औत्पत्तिक्यादिरूपया, अन्ये तु व्याचक्षते-समाधियोगश्रुतशीलबुद्धीनां महाकरा इति। तानेवंभूतानाचार्यान् संप्राप्तुकामोऽनुत्तराणि ज्ञानादीनि आराधयेद्विनयकरणेन, न सकृदेव, अपि तु 'तोषयेद्' असकृत्करणेन तोषं ग्राहयेत् धर्मकामो-निर्जरार्थं, न तु ज्ञानादिफलापेक्षयाऽपीति सूत्रार्थः ॥१६॥**

---

**ટીકાર્થ :** આચાર્ય જ્ઞાનાદિ ભાવરત્નોથી અપેક્ષાએ રત્નોની મોટીખાણ જેવા છે.

તથા મહૈષી = મોક્ષની ઈચ્છાવાળા.

કેવી રીતે મહૈષી ? એ કહે છે કે ધ્યાનવિશેષરૂપ સમાધિયોગથી, દ્વાદશાંગીના અભ્યાસરૂપ શ્રુતથી, પરદ્રોહની વિરતિરૂપ શીલથી તથા ઔત્પાતિકીવગેરેરૂપ બુદ્ધિથી તેઓ મોક્ષને પામવાની ઈચ્છાવાળા છે.

બીજાઓ કહે છે કે આચાર્ય સમાધિયોગ + શ્રુત + શીલ + બુદ્ધિની મોટીખાણ છે.

અનુત્તર એવા જ્ઞાનાદિને મેળવવાની ઈચ્છાવાળો સાધુ આવા પ્રકારના આચાર્યની વિનયકરણ દ્વારા આરાધના કરે.

માત્ર એકવાર નહિ, પરંતુ નિર્જરાને માટે વારંવાર કરવા દ્વારા સાધુ એમને સંતોષ પમાડે. "જ્ઞાનાદિ ફલોની અપેક્ષાએ પણ સંતોષ પમાડે એવું નહિ."

("આ ગુરુને સંતોષ પમાડીશ તો મને એમની પાસેથી શ્રુતજ્ઞાન મળશે." એવા પ્રકારની ઈચ્છાથી એમને ખુશ નહિ કરવા. પરંતુ "એ મને કંઈપણ આપે કે ન આપે પરંતુ એમની સેવા કરવાથી મને તો નિર્જરા મળવાની જ છે." એવી ભાવનાથી એમને ખુશ કરવા.)

---

**सुच्चाण मेहावि सुभासिआइं, सुस्सूसए आयरिअप्पमत्तो ।**
**आराहइत्ताण गुणे अणेगे, से पावई सिद्धिमणुत्तरं ॥१७॥**
**ति बेमि । विणयसमाहीए पढमो उद्देसो समत्तो ॥९-१॥**

---

ગા.૧૭ મેધાવી સુભાષિતને સાંભળીને અપ્રમત્ત થઈ આચાર્યની શુશ્રૂષા કરે, અનેકગુણોને આરાધીને તે અનુત્તર સિદ્ધિને પામે.

**'सोच्चाण'त्ति सूत्रं, श्रुत्वा मेधावी सुभाषितानि गुर्वाराधनफलाभिधायीनि, किमित्याह-शुश्रूषयेदाचार्यान् 'अप्रमत्तो' निद्रादिरहितस्तदाज्ञां कुर्वीतेत्यर्थः, य एवं गुरुशुश्रूषापरः स आराध्य 'गुणान्' अनेकान् ज्ञानादीन् प्राप्नोति सिद्धिमनुत्तरां, मुक्तिमित्यर्थः, अनन्तरं सुकुलादिपरम्परया वा । ब्रवीमीति पूर्ववदयं सूत्रार्थः ॥१७॥**

---

**ટીકાર્થ** : મેધાવી = બુદ્ધિમાન = મર્યાદાવાન્ સાધુ ગુરુની આરાધનાનાં ફલનું નિરૂપણકરનારા એવા સુભાષિતોને = સુંદરવચનોને સાંભળીને આચાર્યાદિની સેવા કરવી જોઈએ. નિદ્રાવગેરે પ્રમાદવિનાનો તે તેમની આજ્ઞાને કરે.

જે આ પ્રમાણે ગુરુની શુશ્રૂષામાં લીન છે, તે જ્ઞાનાદિ અનેકગુણોને આરાધીને અનુત્તર = જેની પછી કોઈ સિદ્ધિ નથી એવી સિદ્ધિને એટલે કે મુક્તિને પામે છે.

આ મુક્તિને એ તરત જ પામે કે સુકુલવગેરેની પરંપરાથી પામે. **ब्रवीमि** એ શબ્દ પૂર્વની જેમ સમજવો. આ સૂત્રાર્થ છે.

**इति श्रीदशवैकालिकटीकायां श्रीहरिभद्रसूरिविरचितायां नवमाध्ययने प्रथम उद्देशकः ॥१॥**

## પ્રથમ ઉદ્દેશો સંપૂર્ણ

अथ द्वितीय उद्देशः ।

विनयाधिकारवानेव द्वितीय उच्यते, तत्रेदमादिमं सूत्रं–

**मूलाउ खंधप्पभवो दुमस्स, खंधाउ पच्छा समुविंति साहा ।**
**साहप्पसाहा विरुहंति पत्ता, तओ सि पुप्फं च फलं रसो अ ॥१॥**

## દ્વિતીય ઉદ્દેશો

વિનયના અધિકારવાળો એવો જ બીજો ઉદ્દેશો કહેવાય છે.

**ગા.૧** વૃક્ષના મૂળમાંથી સ્કંધની ઉત્પત્તિ, પછી સ્કંધમાંથી શાખાઓ પ્રગટે, શાખામાંથી પ્રશાખાઓ ઊગે, પત્રો ઊગે, તેમાંથી પુષ્પ, ફલ અને રસ...

'मूलाउ' इत्यादि, अस्य व्याख्या–'मूलाद्' आदिप्रबन्धात् 'स्कन्धप्रभवः' स्थुडोत्पादः, कस्येत्याह–'द्रुमस्य' वृक्षस्य । 'ततः' स्कन्धात् सकाशात् 'पश्चात्' तदनु 'समुपयान्ति' आत्मानं प्राप्नुवन्त्युत्पद्यन्त इत्यर्थः, कास्ता इत्याह–'शाखाः' तद्भुजाकल्पाः । तथा 'शाखाभ्य' उक्तलक्षणाभ्यः प्रशाखास्तदंशभूता 'विरोहन्ति' जायन्ते, तथा तेभ्योऽपि 'पत्राणि' पर्णानि विरोहन्ति । 'ततः' तदनन्तरं 'से' तस्य द्रुमस्य पुष्पं च फलं च रसश्च फलगत एवैते क्रमेण भवन्तीति सूत्रार्थः ॥१॥

**ટીકાર્થ :** મૂળ = આદિપ્રબન્ધ (વૃક્ષનો જમીનમાં રહેલો સૌપ્રથમ અવયવ...) એમાંથી થડનો ઉત્પાદ થાય.

પ્રશ્ન : કોના મૂળમાંથી ? ઉત્તર : વૃક્ષનાં મૂળમાંથી...

તે થડમાંથી ત્યારબાદ થડની ભુજા-હાથ જેવી શાખાઓ ડાળીઓ આત્માને પ્રાપ્ત કરે = ઉત્પન્ન થાય. તે ઉક્તલક્ષણવાળી શાખાઓમાંથી પ્રશાખાઓ કે જે શાખાઓના જ અંશભૂત છે. તે ઉત્પન્ન થાય. તથા તેમાંથી પણ પર્ણો ઊગે. ત્યારપછી તે વૃક્ષનું પુષ્પ, ફલ અને ફલમાં રહેલો જ રસ... આ બધું ક્રમશઃ થાય.

एवं दृष्टान्तमभिधाय दार्ष्टान्तिकयोजनामाह–

**एवं धम्मस्स विणओ, मूलं परमो से मुक्खो ।**
**जेण कित्तिं सुअं सिग्धं, नीसेसं चाभिगच्छइ ॥२॥**

આમ દૃષ્ટાન્તને દેખાડીને દાર્ષ્ટાન્તિકની યોજનાને કહે છે.

ગા.૨ એમ ધર્મનું મૂળ વિનય છે. તેનો પરમ (રસ) મોક્ષ છે. જેનાથી કીર્તિ, સંપૂર્ણ શ્લાઘ્ય શ્રુતને પામે છે.

**'एवं'त्ति सूत्रं, 'एवं' द्रुममूलवत् धर्मस्य परमकल्पवृक्षस्य विनयो 'मूलम्' आदिप्रबन्धरूपं 'परम' इत्यग्रो रसः 'से' तस्य फलरसवन्मोक्षः, स्कन्धादिकल्पानि तु देवलोकगमनसुकुलागमनादीनि, अतो विनयः कर्तव्यः, किंविशिष्ट इत्याह–'येन' विनयेन 'कीर्तिं' सर्वत्र शुभप्रवादरूपां तथा 'श्रुतम्' अङ्गप्रविष्टादि 'श्लाघ्यं' प्रशंसास्पदभूतं 'निःशेषं' संपूर्णम् 'अधिगच्छति' प्राप्नोतीति ॥२॥**

**ટીકાર્થ :** દ્રુમનાં મૂળની જેમ પરમકલ્પવૃક્ષસમાન ધર્મનું આદિપ્રબન્ધરૂપ મૂલ વિનય છે. અને ફલના રસની જેમ તે ધર્મનો પરમ=અગ્ર રસ મોક્ષ છે. જ્યારે દેવલોકમાં ગમન, ત્યાંથી સારાકુળમાં આગમન વગેરે થડ વગેરે જેવા છે... આથી વિનય કરવો જોઈએ.

એ વિનય કેવો વિશિષ્ટ છે ? એ કહે છે કે જે વિનય દ્વારા જીવ સર્વત્ર સારાપ્રવાદરૂપ કીર્તિને અને પ્રશંસાના સ્થાનભૂત સંપૂર્ણ અંગપ્રવિષ્ટાદિ શ્રુતને પામે. (આપણા માટે લોકો સારું બોલે... એ શુભપ્રવાદ...)

**अविनयवतो दोषमाह–**

**जे अ चंडे मिए थद्धे, दुव्वाई नियडी सढे । वुज्झइ से अविणीअप्पा, कट्ठं सोअगयं जहा ॥३॥**

અવિનયવાળાનાં દોષ બતાવે છે.

ગા. ૩ જે ચંડ, મૃગ, સ્તબ્ધ, દુર્વાદી, નિકૃતિ, શઠ છે. તે અવિનીતઆત્મા વહન કરાય છે. જેમ પ્રવાહમાં ગયેલું લાકડું...

**'जे अ'त्ति सूत्रं, यः 'चण्डो' रोषणो 'मृगः' अज्ञः हितमप्युक्तो रुष्यति तथा 'स्तब्धो' जात्यादिमदोन्मत्तः 'दुर्वाग्' अप्रियवक्ता 'निकृतिमान्' मायोपेतः 'शठः' संयमयोगेष्वनादृतः, एभ्यो दोषेभ्यो विनयं न करोति यः उह्यतेऽसौ पापः संसारस्त्रोतसा 'अविनीतात्मा' सकलकल्याणैकनिबन्धनविनयविरहितः । किमिवेत्याह–काष्ठं 'स्त्रोतोगतं' नद्यादिवहनीपतितं यथा तद्वदिति सूत्रार्थः ॥३॥**

**ટીકાર્થ :** જે ક્રોધી હોય, અજ્ઞાની હોય એટલે કે એને કોઈ હિતકારી વાત કરે, તો પણ ક્રોધ પામતો હોય, જાત્યાદિ મદથી ઉન્મત્ત હોય, અપ્રિયવચન બોલનારો હોય,



नमोऽस्तु तस्मै जिनशासनाय

માયાવાળો હોય, સંયમયોગોમાં અનાદરવાળો હોય, આ બધા દોષોના કારણે જ વિનયને ન કરે, તે પાપી અને તમામ કલ્યાણનાં એકમાત્ર કારણભૂત વિનયથી રહિત તે સંસારના પ્રવાહવડે વહન કરાય. (અર્થાત્ તે સંસારમાં ભટક્યા કરે.)

કોની જેમ ? એ કહે છે કે જેમ નદીવગેરેના વહેણમાં પડેલું લાકડું એ પ્રવાહવડે વહન કરાય... તેની જેમ

**किं च –**

**विणयंपि जो उवाएणं, चोइओ कुप्पई नरो । दिव्वं सो सिरिमिज्जंतिं, दंडेण पडिसेहए ॥४॥**

વળી,

ગા.૪ ઉપાયથી પણ વિનયને કહેવાયેલો મનુષ્ય ક્રોધ કરે. તે આવતી દિવ્યલક્ષ્મીને દંડથી પ્રતિષેધે છે.

**'विणयंपी'ति सूत्रं, 'विनयम्' उक्तलक्षणं यः 'उपायेनापि' एकान्तमृदुभणनादिलक्षणेनापि अपिशब्दस्य व्यवहितः संबन्धः 'चोदित' उक्तः 'कुप्यति' रुष्यति नरः । अत्र निदर्शनमाह–'दिव्याम्' अमानुषीम् 'असौ' नरः 'श्रियं' लक्ष्मीम् 'आगच्छन्तीम्' आत्मनो भवन्तीं 'दण्डेन' काष्ठमयेन 'प्रतिषेधयति' निवारयति । एतदुक्तं भवति-विनयः संपदो निमित्तं, तत्र स्खलितं यदि कश्चिच्चोदयति स गुणस्तत्रापि रोषकरणेन वस्तुतः संपदो निषेधः, उदाहरणं चात्र दशारादयः कुरूपागत-श्रीप्रार्थनाप्रणयभङ्गकारिणस्तद्रहितास्तदभङ्गकारी च तद्युक्तः कृष्ण इति सूत्रार्थः ॥४॥**

**टीकार्थ :** એકાન્તે કોમળવચનોથી કહેવાવગેરેરૂપ ઉપાયથી પણ જે વિનયને કહેવાય, (એટલે કે "ત્યારે વિનય કરવો જોઈએ" એમ ગુર્વાદિવડે ખૂબ કોમળતાથી કહેવાય) છતાં પણ જે નર ક્રોધ કરે. (ગાથામાં રહેલા **अपि** શબ્દનો વ્યવહિતસંબંધ કરવો. અર્થાત્ એ શબ્દ **विनयं** શબ્દ પછી લખેલો છે, પણ તે **उपायेन** પછી જોડવો...)

(આવું કરનાર નર કેવો છે ?) આ વિષયમાં દૃષ્ટાન્ત કહે છે કે આ માણસ અમાનવીય = દૈવી એવી આવતી = પોતાની થતી લક્ષ્મીને લાકડાના દંડથી નિવારે છે.

કહેવાનો ભાવ એ છે કે વિનય સંપત્તિનું કારણ છે. તેમાં સ્ખલના પામેલાને જો

કોઈક પ્રેરણા કરે છે તો એ ગુણ છે. તેમાં પણ રોષ કરવાથી પરમાર્થથી તો સંપત્તિનો જ નિષેધ થાય છે. અહીં ખરાબરૂપ કરીને આવેલી લક્ષ્મીની પ્રાર્થના અને સ્નેહનો ભંગ કરનારા દશાર વગેરે રાજાઓ ઉદાહરણ છે કે જેઓ લક્ષ્મીહીન બન્યા. તથા તે પ્રાર્થના અને સ્નેહનો ભંગ ન કરનાર, તે લક્ષ્મીથી યુક્ત કૃષ્ણ (સારા અર્થમાં) ઉદાહરણ છે.

अविनयदोषोपदर्शनार्थमेवाह–

**तहेव अविणीअप्पा, उववज्झा हया गया । दीसंति दुहमेहंता, आभिओगमुवट्ठिआ ॥५॥**

અવિનયનાં દોષોનું દર્શન કરાવવામાટે જ કહે છે.

**ગા.૫ :** તે જ પ્રમાણે અવિનીત આત્માવાળા ઔપવાહ્ય ઘોડા, હાથીઓ આભિયોગને પામેલા, દુઃખને અનુભવતા દેખાય છે.

**'तहेव'त्ति सूत्रं, 'तथैवे'ति तथैवैते 'अविनीतात्मानो' विनयरहिता अनात्मज्ञाः, उपवाह्यानां–राजादिवल्लभानामेते कर्मकरा इत्यौपवाह्याः 'हया' अश्वाः 'गजा' हस्तिनः, उपलक्षणमेतन्महिषकादीनामिति । एते किमित्याह–'दृश्यन्ते' उपलभ्यन्त एव मन्दुरादौ अविनयदोषेण उभयलोकवर्त्तिना यवसादिवोढारः 'दुःखं' संक्लेशलक्षणम् 'एधयन्तः' अनेकार्थत्वादनुभवन्तः 'आभियोग्यं' कर्मकरभावम् 'उपस्थिताः' प्राप्ता इति सूत्रार्थः ॥५॥**

**टीकार्थ :** વિનયરહિત, આત્માને નહિ જાણનારા, ઔપવાહ્ય એવા ઘોડાઓ અને હાથીઓ... ઉપવાહ્ય એટલે રાજા વગેરેના પ્રિય માણસો... તેઓના આ ઘોડાઓ વગેરે કર્મકર = કામ કરનારા છે, એટલે એ ઔપવાહ્ય ગણાય.

આ ઘોડા-હાથી એ પાડાવગેરેનું ઉપલક્ષણ છે. (અર્થાત્ પાડાવગેરે પણ લઈ લેવા) આ જીવો બંને લોકમાં થનાર એવા અવિનયદોષથી ઘાસ વગેરેનું વહનકરનારા, (અને માટે જ) દુઃખને અનુભવતા, નોકરભાવને પામેલા મન્દુરાવગેરેમાં દેખાય જ છે.

મન્દુરા = ઘોડાઓને રાખવાનું, ફેરવવાનું સ્થાન.

ધાતુ અનેકઅર્થવાળા હોવાથી અહીં **एधयन्तः = अनुभवन्तः** એમ અર્થ કરેલો છે. (અવિનયદોષ આ લોકમાં પણ હોય અને પરલોકમાં પણ હોય... એટલે ઉભયલોકવર્તી કહ્યો છે. આ લોકમાં અપકીર્તિ, નોકરપણું વગેરે. પરલોકમાં દુર્ગતિ વગેરે.)

एतेष्वेव विनयगुणमाह–

**तहेव सुविणीअप्पा, उववज्झा हया गया । दीसंति सुहमेहंता, इड्ढि पत्ता महायसा ॥६॥**

આ જ જીવોમાં વિનયનાં ગુણને બતાવે છે.

ગા. ૬ : તે જ પ્રમાણે સુવિનીતઆત્માવાળા ઔપવાહ્ય ઘોડા-હાથીઓ ઋદ્ધિને પામેલા, મોટાયશવાળા સુખને અનુભવતા દેખાય છે

**'तहेव'त्ति सूत्रं, 'तथैवे'ति तथैवैते 'सुविनीतात्मानो' विनयवन्त आत्मज्ञा औपवाह्या राजादीनां हया गजा इति पूर्ववत् । एते किमित्याह–'दृश्यन्ते' उपलभ्यन्त एव सुखम्–आह्लादलक्षणम् 'एधमाना' अनुभवन्तः 'ऋद्धिं प्राप्ता' इति विशिष्ट-भूषणालयभोजनादिभावतः प्राप्तर्द्धयो 'महायशसो' विख्यातसद्गुणा इति सूत्रार्थः ॥६॥**

**ટીકાર્થ :** વિનયવાળા, આત્મજ્ઞ, ઔપવાહ્ય એવાં રાજા વગેરેના ઘોડા, હાથી... આનો અર્થ પૂર્વવત્ સમજવો. આ બધા વિશિષ્ટ આભૂષણો, નિવાસસ્થાન, ભોજન વગેરેના સદ્ભાવથી ઋદ્ધિ પામેલા, વિખ્યાત સદ્ગણોવાળા આહ્લાદસ્વરૂપ સુખને અનુભવતા દેખાય છે.

(અવિનયી હાથી-ઘોડાઓને રાજા ન રાખે, પણ રાજાના માણસો રાખે... એમને દુઃખ જ વધુ પડે. જ્યારે વિનયી હાથી, ઘોડાઓને રાજા વગેરે વાપરે. એટલે જ એમને સારુંભોજન, સ્થાન, આભૂષણાદિ મળે...)

एतदेव विनयाविनयफलं मनुष्यानधिकृत्याह–

**तहेव अविणीअप्पा, लोगंमि नरनारिओ । दीसंति दुहमेहंता, छाया विगलितेंदिआ ॥७॥**

વિનયનાં અને અવિનયનાં આ જ ફલને મનુષ્યને આશ્રયીને કહે છે કે

ગા. ૭ : તે જ પ્રમાણે અવિનીતાત્માવાળા, લોકમાં રહેલાં નરનારીઓ છાત, વિગલિતેન્દ્રિયવાળા, દુઃખને અનુભવતા દેખાય છે.

**'तहेव'त्ति सूत्रं, 'तथैव' तिर्यञ्च इव अविनीतात्मान इति पूर्ववत् । 'लोके'**

अस्मिन्मनुष्यलोके, नरनार्य इति प्रकटार्थं दृश्यन्ते दु:खमेधमाना इति पूर्ववत् 'छारा( ताः )' कसघातव्रणाङ्कितशरीराः 'विगलितेन्द्रिया' अपनीतनासिकादीन्द्रियाः पारदारिकादय इति सूत्रार्थः ॥७॥

**ટીકાર્થ :** તથૈવ = તિર્યંચની જેમ જેમનો આત્મા અવિનીત છે. તેવા આ મનુષ્ય લોકમાં રહેલા નરનારીઓ (આનો અર્થ પ્રગટ જ છે.) દુઃખને અનુભવતા દેખાય છે. આ બધું પૂર્વની જેમ સમજવું.

(એ નરનારીઓ કેવા છે ? તે દેખાડે છે કે) ચાબુકના મારથી પડેલા જે વ્રણ-ઘા, તેનાથી અંકિત થયેલા શરીરવાળા તથા જેમની નાક વગેરે ઈન્દ્રિયો દૂર કરાઈ છે તેવા પરસ્ત્રીગમન કરનારા વગેરે.

આશય એ છે કે પારદારિક વગેરે અવિનયીઓને ચાબુકાદિના માર પડે, ઈન્દ્રિયો કાપવામાં આવે... એ રીતે તેઓ અવિનયને લીધે દુઃખ ભોગવે...)

तथा

**दंडसत्थपरिज्जुन्ना, असब्भवयणेहि अ । कलुणाविवन्नच्छंदा, खुप्पिवासाइपरिगया ॥८॥**

ગા. ૮ : દંડ, શસ્ત્ર અને અસભ્યવચનોવડે પરિજીર્ણ, કરુણવિપન્નછંદવાળા, ભૂખ-તરસથી પરિગત (તેઓ દુઃખને અનુભવતા દેખાય છે.)

'दंड'त्ति सूत्रं, दण्डा-वेत्रदण्डादयः शस्त्राणि-खड्गादीनि ताभ्यां परिजीर्णाः- समन्ततो दुर्बलभावमापादिताः तथा 'असभ्यवचनैश्च' खरकर्कशादिभिः परिजीर्णाः, त एवंभूताः सतां करुणाहेतुत्वात्करुणा-दीना व्यापन्नच्छन्दसः-परायत्ततया अपेतस्वाभिप्रायाः, क्षुधा-बुभुक्षया पिपासया-तृषा परिगता-व्याप्ता अन्नादिनिरोधस्तोकदानाभ्यामिति । एवमिह लोके प्रागविनयोपात्तकर्मानुभावत एवंभूताः परलोके तु कुशलाप्रवृत्तेर्दुःखिततरा विज्ञेया इति सूत्रार्थः ॥८॥

**ટીકાર્થ :** દંડ = વેત્રદંડ વગેરે. શસ્ત્રો = તલવાર વગેરે. આનાથી પરિજીર્ણ થયેલા એટલે કે ચારેબાજુથી દુર્બળપણાને પમાડાયેલા તથા ખર, કર્કશવગેરે વચનોવડે પરિજીર્ણ બનેલા, તે આવાપ્રકારના નરનારીઓ સજ્જનોને કરુણાનું કારણ બનતાં હોવાથી કરુણ-દીન કહેવાય. તથા ખતમ થયેલી છે ઈચ્છાઓ જેમની એવા... પરાધીન હોવાથી જેમના

અભિપ્રાયો નષ્ટ થયા છે. તેવા... તથા એમને અન્નવગેરે આપવાનું બંધ કરાયું હોવાથી કે અલ્પ અપાતું હોવાથી... આ બે કારણસર ભૂખ અને તરસથી વ્યાપ્ત બનેલા...

આમ પૂર્વેના અવિનયથી ભેગા કરેલા કર્મના પ્રભાવથી આ લોકમાં આવા પ્રકારના થયેલા તેઓ કુશલમાં પ્રવૃત્તિ ન કરી હોવાના કારણે પરલોકમાં વધુ દુઃખી થાય છે, એ જાણવું.

---

**विनयफलमाह–**

**तहेव सुविणीअप्पा, लोगंसि नरनारिओ । दीसंति सुहमेहंता, इड्ढिं पत्ता महायसा ॥९॥**

---

વિનયનું ફલ બતાવે છે.

**ગા. ૯ :** તે જ પ્રમાણે સુવિનીત આત્માવાળા, લોકમાં રહેલા નરનારીઓ સુખને અનુભવતા, ઋદ્ધિ પામેલા, મહાયશવાળા દેખાય છે.

---

**'तहेव'त्ति सूत्रं, 'तथैव' विनीततिर्यञ्च इव सुविनीतात्मानो लोकेऽस्मिन्नरनार्य इति पूर्ववत्। दृश्यन्ते सुखमेधमानाः शुद्धिं प्राप्ता महायशस इति पूर्ववदेव, नवरं स्वाराधितनृपगुरुजना उभयलोकसाफल्यकारिण एत इति सूत्रार्थः ॥९॥**

---

**ટીકાર્થ :** વિનયી તિર્યંચોની જેમ જે નરનારીઓ આ લોકમાં સુવિનીત આત્માવાળા છે, તેઓ સુખને અનુભવતા, ઋદ્ધિને પામેલા, મહાયશવાળા દેખાય છે... આની વ્યાખ્યા પૂર્વની જેમ જ સમજવી. માત્ર એટલો અર્થ વધુ કે આ સુવિનીતનરનારીઓ રાજા અને ગુરુજનને સારી રીતે આરાધે છે, અને એના પરિણામે બંને લોકની સફળતાને કરનારા બને છે.

---

**एतदेव विनयाविनयफलं देवानधिकृत्याह–**

**तहेव अविणीअप्पा, देवा जक्खा अ गुज्झगा । दीसंति दुहमेहंता, आभिओगमुवट्ठिआ ॥१०॥**

---

એજ વિનયાવિનયફલ દેવોને આશ્રયીને દેખાડે છે.

**ગા. ૧૦ :** તે જ પ્રમાણે અવિનીતાત્મા, દેવો, યક્ષો, ગુહ્યકો દુઃખને અનુભવતાં, આભિયોગપણાંને પામેલા દેખાય છે.

**'तहेव'त्ति सूत्रं, 'तथैव' यथा नरनार्यः 'अविनीतात्मानो' भावन्तरेऽकृतविनयाः 'देवा' वैमानिका ज्योतिष्का 'यक्षाश्च' व्यन्तराश्च 'गुह्यका' भवनवासिनः, तं एते दृश्यन्ते आगमभावचक्षुषा दुःखमेधमानाः पराज्ञाकरणपरवृद्धिदर्शनादिना, आभियोग्यमुपस्थिताः-अभियोगः-आज्ञाप्रदानलक्षणोऽस्यास्तीत्यभियोगी तद्भाव आभियोग्यं कर्मकरभावमित्यर्थः उपस्थिताः-प्राप्ता इति सूत्रार्थः ॥१०॥**

**ટીકાર્થ :** જે રીતે નરનારીઓ, તે રીતે જેમણે ભવાન્તરમાં વિનય નથી કર્યો એવા વૈમાનિકો, જ્યોતિષ્કો, વ્યન્તરો, ભવનપતિઓ... આ બધા આગમરૂપી ભાવચક્ષુવડે દુઃખને અનુભવતા દેખાય છે. તેઓએ બીજાની આજ્ઞા પાળવાની, બીજાની વૃદ્ધિ = વિકાસ જોવાનો... આ બધાથી દુઃખને અનુભવતા દેખાય છે. તથા અભિયોગ = આજ્ઞાપ્રદાન આ જેઓને છે તે અભિયોગી, તદ્ભાવ = અભિયોગ્ય = નોકરપણું. એને પામેલા દેખાય છે. (દેવભવમાં જ અવિનય કરે અને એના કારણે એ જ ભવમાં આભિયોગિક દેવ બને. એમ નથી હોતું. તેઓ ત્યાં જન્મથી જ આભિયોગિકાદિ રૂપે હોય છે. એટલે એમને દેવભવસંબંધી અવિનયનું ફળ ન કહી શકાય, એટલે પૂર્વભવોના અવિનયનું ફલ જણાવ્યું છે...)

**विनयफलमाह-**

**तहेव सुविणीअप्पा, देवा जक्खा अ गुज्झगा । दीसंति सुहमेहंता, इड्ढिं पत्ता महायसा ॥११॥**

વિનયનું ફલ બતાવે છે.

ગા. ૧૧ : તે જ પ્રમાણે સુવિનિતાત્મા એવા દેવો, યક્ષો અને ભવનપતિઓ સુખને પામેલા, ઋદ્ધિને પામેલા અને મહાયશવાળા દેખાય છે.

**'तहेव'त्ति सूत्रं, 'तथैवे'ति पूर्ववत्, 'सुविनीतात्मानो' जन्मान्तरकृतविनया निरतिचारधर्माराधका इत्यर्थः, देवा यक्षाश्च गुह्यका इति पूर्ववदेव, दृश्यन्ते सुखमेधमाना अर्हत्कल्याणादिषु 'ऋद्धिं प्राप्ता' इति देवाधिपादिप्राप्तर्द्धयो 'महायशसो' विख्यातसद्गुणा इति सूत्रार्थः ॥११॥**

**ટીકાર્થ : तथैव** શબ્દ પૂર્વની જેમ જાણવો. સુવિનીતાત્મા = પૂર્વજન્મોમાં કરાયેલો છે વિનય જેઓ વડે તેવા, એટલે કે પૂર્વજન્મોમાં નિરતિચાર ધર્મની આરાધના કરનારા

દેવો, યક્ષો અને ગુહ્યકો (આનો અર્થ પૂર્વની જેમજ...) અરિહંતોના કલ્યાણક વગેરેમાં સુખને અનુભવતા, દેવોના માલિક વગેરે તરીકેની ઋદ્ધિને પામેલા, વિખ્યાતસદ્ગુણવાળા દેખાય છે. (અહીં પણ દેવભાવમાં કરેલા વિનયના પ્રતાપે તેમને એ જ ભવમાં આ બધું મળે... એ સંભવિત નથી. આ બધું જન્મથી જ મળે છે. એટલે જ પૂર્વજન્મોની વિનયારાધના લીધી છે. નિરતિચારસંયમપાલન એ પણ એક પ્રકારનો વિનય જ છે. તથા અરિહંતકલ્યાણકો ઉજવવા વગેરેમાં તેઓ સુખને અનુભવે... એ સ્વાભાવિક છે...)

**एवं नारकापोहेन व्यवहारतो येषु सुखदुःखसंभवस्तेषु विनयाविनयफलमुक्तम्, अधुना विशेषतो लोकोत्तरविनयफलमाह—**

**जे आयरिअउवज्झायाणं, सुस्सूसावयणंकरा । तेसिं सिक्खा पवड्ढंति, जलसित्ता इव पायवा ॥१२॥**

આ રીતે નારક સિવાય જેઓમાં વ્યવહારથી સુખનો અને દુઃખનો સંભવ છે, તેઓમાં વિનયનું અને અવિનયનું ફલ કહી દીધું.

હવે વિશેષથી લોકોત્તરવિનયના ફલને બતાવે છે.

ગા. ૧૨ : જેઓ આચાર્ય-ઉપાધ્યાયના શુશ્રૂષાવચનને કરનારા છે, તેઓની શિક્ષા જલસિક્ત વૃક્ષોની જેમ વધે છે.

**'जे आयरिअ'त्ति सूत्रं, य आचार्योपाध्याययोः-प्रतीतयोः 'शुश्रूषावचनकराः' पूजाप्रधानवचनकरणशीलास्तेषां पुण्यभाजां 'शिक्षा' ग्रहणासेवनालक्षणा भावार्थरूपाः 'प्रवर्द्धन्ते' वृद्धिमुपयान्ति, दृष्टान्तमाह-जलसिक्ता इव 'पादपा' वृक्षा इति सूत्रार्थः ॥१२॥**

**ટીકાર્થ :** આચાર્ય અને ઉપાધ્યાય પ્રતીત જ છે, તેઓના શુશ્રૂષાવચનને કરનારા એટલે કે પૂજાપ્રધાન એવા વચનકરણનાં સ્વભાવવાળા જેઓ છે. (અર્થાત્ એમનું વચન પાળે એ એમના પ્રત્યેનાં બહુમાન-વિનયાદિપૂર્વક પાળે. વેઠ ઉતારવા રૂપે, તિરસ્કારથી વચનપાલન નહિ...)

પુણ્યશાળી તેઓની ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા રૂપી ભાવાર્થાત્મકશિક્ષા વૃદ્ધિ પામે છે.

આ વિષયમાં દૃષ્ટાન્ત કહે છે કે જેમ જલથી સિંચાયેલા વૃક્ષો...

एतच्च मनस्याधाय विनयः कार्य इत्याह –

**अप्पणट्ठा परट्ठा वा, सिप्पा णेउणिआणि अ । गिहिणो उवभोगट्ठा, इहलोगस्स कारणा ॥१३॥**

વળી આ વસ્તુ મનમાં રાખીને વિનય કરવો જોઈએ... એ વાત કહે છે.

ગા. ૧૩ : પોતાને માટે કે પરને માટે ઉપભોગને માટે, આલોકનાં કારણે ગૃહસ્થો શિલ્પોને અને નૈપુણ્યને શીખે છે.

**'आत्मार्थम्' आत्मनिमित्तमनेन मे जीविका भविष्यतीति, एवं 'परार्थं वा' परनिमित्तं वा पुत्रमहमेतद्ग्राहयिष्यामीत्येवं 'शिल्पानि' कुम्भकारक्रियादीनि 'नैपुण्यानि च' आलेख्यादिकलालक्षणानि 'गृहिणः' असंयता 'उपभोगार्थम्' अन्नपानादिभोगाय, शिक्षन्त इति वाक्यशेषः 'इहलोकस्य कारणम्' इहलोकनिमित्तमिति सूत्रार्थः ॥१३॥**

**ટીકાર્થ :** ગૃહસ્થો અસંયતો "આનાવડે મારી આજીવિકા થશે" એમ પોતાના માટે તથા "હું આ (શીખીને) મારા પુત્રને શીખવાડી દઈશ." એમ પરને માટે કુંભારની ક્રિયાવગેરે શિલ્પોને અને ચિત્રકલા વગેરેરૂપ નિપુણતાઓને અન્નપાનાદિના ભોગને માટે શીખે છે. આ બધું આલોકમાટે કરે છે. **शिक्षन्ते** એ વાકયશેષ લેવું.

**जेणं बंधं वहं घोरं, परिआवं च दारुणं । सिक्खमाणा निअच्छंति, जुत्ता ते ललिइंदिआ ॥१४॥**

ગા. ૧૪ : શીખતાં, જોડાયેલા, લલિતેન્દ્રિયવાળા તેઓ જેને માટે બંધ, રૌદ્ર વધ અને દારૂણ પરિતાપ પ્રાપ્ત કરે.

**'येन' शिल्पादिना शिक्ष्यमाणेन 'बन्धं' निगडादिभिः 'वधं' कषादिभिः 'घोरं' रौद्रं परितापं च 'दारुणम्' एतज्जनितमनिष्टं निर्भर्त्सनादिवचनजनितं च शिक्षमाणा गुरोः सकाशात् 'नियच्छन्ति' प्राप्नुवन्ति 'युक्ता' इति नियुक्ताः शिल्पादिग्रहणे ते 'ललितेन्द्रिया' गर्भेश्वरा राजपुत्रादय इति सूत्रार्थः ॥१४॥**

**ટીકાર્થ :** શીખાતા એવા શિલ્પાદિના નિમિત્તે તેઓ સાંકળવગેરેવડે બંધને, ચાબુકવગેરેવડે ઘોર વધને, તથા આ બધાથી ઉત્પન્ન થયેલા ભયંકર પરિતાપને, એમ તિરસ્કારાદિનાં વચનથી ઉત્પન્ન થયેલા પરિતાપને ગુરુ પાસેથી પામે છે.

- તેઓ શિલ્પાદિના ગ્રહણમાં જોડાયેલા છે, લલિતેન્દ્રિય = ગર્ભશ્રીમંત રાજપુત્રવગેરે છે.

(આવા રાજપુત્રાદિ પણ આલોકસંબંધી શિલ્પાદિ શીખતી વખતે આ બધું જ સહન કરે છે...)

---

**तेऽवि तं गुरुं पूअंति, तस्स सिप्पस्स कारणा । सक्कारंति नमंसंति, तुट्ठा निद्देसवत्तिणो ॥१५॥**

---

ગા. **૧૫** : તેઓ પણ તુષ્ટ નિર્દેશવાળા છતાં તે શિલ્પને કારણે તે ગુરુને પૂજે છે, સત્કારે છે, નમસ્કાર કરે છે.

---

**तेऽपीत्वरं शिल्पादि शिक्षमाणास्तं गुरुं बन्धादिकारकमपि पूजयन्ति सामान्यतो मधुरवचनाभिनन्दनेन तस्य शिल्पस्येत्वरस्य कारणात्, तन्निमित्तत्वादिति भावः, तथा 'सत्कारयन्ति' वस्त्रादिना 'नमस्यन्ति' अञ्जलिप्रग्रहादिना । तुष्टा इत्यमुत इदमवाप्यत इति हृष्टा, 'निर्देशवर्त्तिन' आज्ञाकारिण इति सूत्रार्थः ॥१५॥**

---

**ટીકાર્થ :** ઈત્વર = અલ્પકાલીન = આલૌકિક શિલ્પાદિને શીખતાં એવા પણ તેઓ બંધાદિને કરનાર એવા પણ તે ગુરુને પૂજે છે. અર્થાત્ સામાન્યથી મધુરવચનથી અભિનંદન આપવા દ્વારા ગુરુને પૂજે છે. એ પણ તે ઈત્વરશિલ્પને માટે પૂજે છે. તથા વસ્ત્રાદિથી સત્કારે છે. હાથ જોડવાદિદ્વારા નમસ્કાર કરે છે. આ ગુરુ પાસેથી આ મળે છે એમ ખુશ થયેલા અને તેમની આજ્ઞાનું પાલન કરતાં તેઓ આ પૂજાદિ કરે છે.

---

**यदि तावदेतेऽपि तं गुरूं पूजयन्ति अतः—**

**किं पुणं जे सुअग्गाही, अणंतहिअकामए । आयरिआ जं वए भिक्खू, तम्हा तं नाइवत्तए ॥१६॥**

---

જો આવાઓ પણ તે ગુરુને પૂજે છે, તો પછી

ગા. **૧૬** : જે શ્રુતગ્રાહી, અનંતહિતકામી છે, તેણે શું ? (તેની શી વાત કરવી ?) તેથી આચાર્ય જે કહે, ભિક્ષુ તેને ન ઉલ્લંઘે.

---

**'किं'सूत्रं, किं पुनर्यः साधुः 'श्रुतग्राही' परमपुरुषप्रणीतागमग्रहणाभिलाषी 'अनन्तहितकामुकः' मोक्षं यः कामयत इत्यभिप्रायः, तेन तु सुतरां गुरवः पूजनीया इति,**

**यतश्चैवमाचार्या यद्वदन्ति किमपि तथा तथाऽनेकप्रकारं '<u>भिक्षुः</u>' साधुस्तस्मात्तदाचार्यवचनं नातिवर्त्तेत, युक्तत्वात्सर्वमेव संपादयेदिति सूत्रार्थः ॥१६॥**

**ટીકાર્થ :** જે સાધુ પરમપુરુષે બનાવેલા = કહેલા એવા આગમનું ગ્રહણકરવાના અભિલાષાવાળો છે, અનંતહિતને = મોક્ષને ઈચ્છનારો છે... તેની શું વાત કરવી ? અર્થાત્ એણે તો અવશ્ય ગુરુજનોને પૂજવા જોઈએ.

આવું છે, તેથી આચાર્ય જે કંઈપણ અનેક પ્રકારનું કથન કરે, સાધુ તે આચાર્યવચનને ઉલ્લંઘે નહિ. અર્થાત્ તે વચન યુક્ત હોવાથી બધું જ સ્વીકારે.

**विनयोपायमाह-**

**नीअं सिज्जं गइं ठाणं, नीअं च आसणाणि अ । नीअं च पाए वंदिज्जा, नीअं कुज्जा अ अंजलिं ॥१७॥**

વિનયનો ઉપાય કહે છે.

ગા. ૧૭ : નીચી શય્યા, ગતિ, સ્થાન, નીચા આસનો, પગમાં નીચે નમીને વંદન કરવા. નીચે નમીને અંજલિ કરવી.

**नीचां '<u>शय्यां</u>' संस्तारकलक्षणामाचार्यशय्यायाः सकाशात्कुर्यादिति योगः, एवं नीचां गतिं आचार्यगतेः, तत्पृष्ठतो नातिदूरेण नातिद्रुतं यायादित्यर्थः, एवं नीचं स्थानमाचार्यस्थानात्, यत्राचार्य आस्ते तस्मान्नीचतरे स्थाने स्थातव्यमिति भावः । तथा '<u>नीचानि</u>' लघुतराणि कदाचित्कारणजाते '<u>आसनानि</u>' पीठकानि तस्मिन्नुपविष्टे तदनुज्ञातः सेवेत, नान्यथा, तथा '<u>नीचं</u>' च सम्यगवनतोत्तमाङ्गः सन् पादावाचार्यसत्कौ वन्देत, नावज्ञया, तथा क्वचित्प्रश्नादौ '<u>नीचं</u>' नम्रकायं '<u>कुर्यात्</u>' संपादयेच्चाञ्जलिं, न तु स्थाणुवत्स्तब्ध एवेति सूत्रार्थः ॥१७॥**

**ટીકાર્થ :** સાધુએ આચાર્યનાં સંથારા કરતાં પોતાનો સંથારો નીચો કરવો જોઈએ. એમ આચાર્યની ગતિ કરતા પોતાની ગતિ નીચી કરવી જોઈએ. અર્થાત્ તેમની પાછળ ચાલવું. પણ પાછળ પણ ઘણે દૂર કે ઘણાં ઝડપથી ન ચાલવું. એમ આચાર્યના સ્થાન કરતાં પોતાનું સ્થાન નીચું રાખવું. એટલે કે આચાર્ય જ્યાં બેસે, તેનાથી વધુ નીચા સ્થાનમાં બેસવું. તથા ક્યારેક કારણ આવી પડે અને પીઠક ઉપર, પાટલાદિ ઉપર બેસવું પડે, તો તે આચાર્ય (પોતાના પાટલાદિ ઉપર) બેસી જાય એ બાદ તેમની રજા લઈ

એમના કરતાં નાના-નીચા પાટલાદિ ઉપર બેસે. પણ એમની રજા વિના ન બેસે. તથા સારીરીતે મસ્તક નમાવીને આચાર્યના બે પગને વંદે. પણ અવજ્ઞાથી ન વંદે. તથા કોઈક પ્રશ્ન પુછવાદિ કાર્ય આવી પડે ત્યારે નમ્રકાયવાળો થઈને હાથ જોડે. પણ ઠુંઠાની જેમ અક્કડ જ ન રહે.

**एवं कायविनयमभिधाय वाग्विनयमाह–**

**संघट्टइत्ता काएणं, तहा उवहिणामवि । खमेह अवराहं मे, वइज्ज न पुणुत्ति अ ॥१८॥**

આ પ્રમાણે કાયવિનયને કહીને વાણીવિનયને કહે છે.

ગા. ૧૮ : કાયાથી તથા ઉપધિ પણ સંઘટ્ટો થાય તો બોલવું કે "મારો અપરાધ ક્ષમા કરો. ફરી નહિ થાય."

**'संघट्टिय' स्पृष्ट्वा 'कायेन' देहेन कथंचित्तथाविधप्रदेशोपविष्टमाचार्यं तथा 'उपधिनापि' कल्पादिना कथंचित्संघट्ट्य मिथ्यादुष्कृतपुरःसरमभिवन्द्य 'क्षमस्व' सहस्व 'अपराधं' दोषं मे मन्दभाग्यस्यैवं 'वदेद्' ब्रूयात् 'न पुनरिति च' नाहमेनं भूयः करिष्यामीति सूत्रार्थः ॥१८॥**

**ટીકાર્થ :** તેવાપ્રકારના પ્રદેશમાં બેઠેલા આચાર્યને કોઈપણ રીતે શરીરથી સંઘટ્ટો થઈ જાય તથા કપડા વગેરે ઉપધિથી કોઈક રીતે સ્પર્શ થઈ જાય. તો મિચ્છામિદુક્કડં કરવાપૂર્વક વંદન કરીને કહેવું કે "મન્દભાગ્યવાળા મારો આ અપરાધ ક્ષમા કરો. ફરીથી હું આવું નહિ કરું..."

**एतच्च बुद्धिमान् स्वयमेव करोति, तदन्यस्तु कथमित्याह–**

**दुग्गओ वा पओएणं, चोइओ वहई रहं । एवं दुबुद्धि किच्चाणं, वुत्तो वुत्तो पकुव्वई ॥१९॥**

બુદ્ધિમાન સાધુ આ વિનય જાતે જ કરે, પણ જે મંદબુદ્ધિવાળો હોય તે કેવી રીતે કરશે ? એ હવે બતાવે છે.

ગા. ૧૯ : ગળીયો બળદ પ્રતોદથી પ્રેરાયેલો છતો રથને વહન કરે. એમ દુર્બુદ્ધિવાળો કાર્યોને માટે કહેવાયેલો કહેવાયેલો છતો કરે.

'दुर्गौरिव' गलिबलीवर्द्दवत् 'प्रतोदेन' आरादण्डलक्षणेन 'चोदितो' विद्धः सन् 'वहति' नयति क्वापि 'रथं' प्रतीतम्, 'एवं' दुर्गौरिव 'दुर्बुद्धिः' अहितावहबुद्धिः शिष्यः 'कृत्यानाम्' आचार्यादीनां 'कृत्यानि वा' तदभिरुचितकार्याणि 'उक्त उक्तः' पुनः पुनरभिहित इत्यर्थः, 'प्रकरोति' निष्पादयति प्रयुङ्क्ते चेति सूत्रार्थः ॥१९॥

---

**ટીકાર્થ :** રથિક = ગાડાવાળો ગળીયાબળદને આરાદંડ રૂપ પ્રતોદથી વીંધે, મારે, પ્રેરે... એટલે

(આરાદંડ એટલે બળદાદિ પશુઓને પ્રેરવા-મારવા માટે ગાડાવાળાઓ જે રાખે છે...તે.)

એ વીંધાયેલો ગળીયો બળદ ક્યાંક રથને લઈ જાય.

એમ દુષ્ટબળદ જેવો જે અહિતને વહન કરનારી બુદ્ધિવાળો શિષ્ય હોય તે આચાર્યાદિના કાર્યોને વારંવાર કહેવાયેલો છતો કરે અથવા તો આચાર્યોને ગમેલા કાર્યોને કરે અને પ્રયોગ કરે.

(આશય એ છે કે **किच्चाणं** શબ્દ ગાથામાં છે, એનો **कृत्यानां** શબ્દ લો, તો આચાર્યાદિના... એમ અર્થ થાય. પણ આચાર્યાદિના કાર્યોને કરે,.. એમ 'કાર્યોને' શબ્દ તો અધ્યાહારથી સમજવો પડે. એટલે **कृत्यानि** એમ શબ્દ પણ લઈ શકાય. એનો અર્થ એ કે આચાર્યોને ગમેલા કાર્યો...

**प्रकरोति** ના બે અર્થ કરેલા છે. **निष्पादयति** એટલે સ્વયં એ કાર્ય કરે. **प्रयुङ्क्ते** એટલે અન્યોને પણ એ કાર્યમાં જોડે.)

---

एवं च कृतान्यमूनि न शोभनानीत्यतः( आह )–

**"आलवंते लवंते वा, न निसिज्जाइ पडिस्सुणे ।**

**मुत्तूण आसणं धीरो, सुस्सूसाए पडिस्सुणे ॥"**

**कालं छंदोवयारं च, पडिलेहित्ता ण हेउहिं ।**

**तेण तेण उवाएणं, तं तं संपडिवायए ॥२०॥**

---

પણ આ રીતે વારંવાર કહેવાયાથી કરાયેલા આ કાર્યો સારા નહિ. એ વાત કહે છે કે

ગા. ૨૦ : કાલ, છંદ, ઉપચારને પ્રતિલેખીને હેતુઓ વડે તે તે ઉપાયથી તેને તેને સંપાદિત કરે.

'कालं' शरदादिलक्षणं, 'छन्दः' तदिच्छारूपम् 'उपचारम्' आराधनाप्रकारं, चशब्दाद्देशादिपरिग्रहः, एतत् 'प्रत्युपेक्ष्य' ज्ञात्वा 'हेतुभिः' यथानुरूपैः कारणैः किमित्याह-तेन तेनोपायेन-गृहस्थावर्जनादिना 'तत्तत्' पित्तहरादिरूपमशनादि संप्रतिपादयेत्, यथा काले शरदादौ पित्तहरादिभोजनं प्रवातनिवातादिरूपा शय्या इच्छानुलोमं वा यद्यस्य हितं रोचते च आराधनाप्रकारोऽनुलोमं भाषणं ग्रन्थाभ्यासवैयावृत्त्यकरणादि देशे अनूपदेशाद्युचितं निष्ठीवनादिभिर्हेतुभिः श्लेष्माद्याधिक्यं विज्ञाय तदुचितं संपादयेदिति सूत्रार्थः ॥२०॥

**ટીકાર્થ :** શબ્દઋતુવગેરે કાળ, આચાર્યની ઈચ્છા એ છન્દ, આચાર્યાદિને પ્રસન્ન કરવાનો પ્રકાર એ ઉપચાર, **च** શબ્દથી દેશ વગેરે પણ લઈ લેવા.

આ બધું જાણીને તે તે કાર્યને અનુરૂપ એવા કારણોવડે ગૃહસ્થાવર્જનવગેરે ઉપાયથી આચાર્યને પિત્તાહર વગેરે અશનાદિ આપવા જોઈએ. (કાલાદિ જાણીને એ પ્રમાણે આચાર્યાનુકૂળ વસ્તુનો નિર્ણય કરવો... એ પછી એ વસ્તુ મેળવવા માટે તે તે ઉપાયો આદરવા.) જેમકે શરદવગેરે કાળમાં પિત્તને હરી લે વગેરે પ્રકારનું ભોજન, પ્રવાત, નિવાત વગેરે રૂપ શય્યા... (બહુપવનવાળી કે પવનવિનાની વગેરે...)

અથવા ઈચ્છાને અનુકૂળ વસ્તુ આપવી. એટલે કે જેને જે હિતકારી હોય અને એમને ગમતું પણ હોય તે તેમને આપવું.

ઉપચાર = આરાધનાપ્રકાર આ પ્રમાણે કે અનુકૂળ બોલવું. શાસ્ત્રોનો અભ્યાસ કરવો, વૈયાવચ્ચ કરવું વગેરે.

દેશની અપેક્ષાએ આ પ્રમાણે કે અનુપદેશવગેરેને ઉચિત વસ્તુ આપવી. (ભેજવાળો દેશ તે અનુપદેશ...)

તથા અનુરૂપકારણોવડે..." આ પ્રમાણે કે નિષ્ઠીવનવગેરે હેતુઓ દ્વારા (વારંવાર કફના ગળફા પ્યાલાદિમાં થૂંકવા...) શ્લેષ્મની અધિકતાને જાણીને તેને ઉચિતવસ્તુનું સંપાદન કરે.

((૧) કાળ (૨) છન્દ (૩) ઉપચાર (૪) દેશ (૫) હેતુઓ... આ બધા અનુસારે આચાર્યની ભક્તિ કેવી રીતે કરવી? એ અત્રે બતાવેલું છે.)

किंच-

**विवत्ती अविणीअस्स, संपत्ती विणिअस्स य । जस्सेयं दुहओ नायं, सिक्खं से अभिगच्छइ ॥२१॥**

ગા.૨૧ : અવિનીતને વિનાશ, વિનીતને સંપત્તિ... જેને આ બેથી જણાયું હોય તે શિક્ષાને પામે.

**विपत्तिरविनीतस्य ज्ञानादिगुणानां, संप्राप्तिर्विनीतस्य च ज्ञानादिगुणानामेव, 'यस्यैतत्' ज्ञानादिप्राप्त्यप्राप्तिद्वयम् 'उभयतः' उभयाभ्यां विनयाविनयाभ्यां सकाशात् भवतीत्येवं 'ज्ञातम्' उपादेयं चैतदिति भवति, 'शिक्षां' ग्रहणासेवनारूपाम् 'असौ' इत्थंभूतः अधिगच्छति-प्राप्नोति, भावत उपादेयपरिज्ञानादिति सूत्रार्थः ॥२१॥**

**ટીકાર્થ** : અવિનયીના જ્ઞાનાદિ ગુણોનો વિનાશ થાય અને વિનયીને જ્ઞાનાદિગુણોની જ પ્રાપ્તિ થાય. જેમને "આ જ્ઞાનાદિની પ્રાપ્તિ અને અપ્રાપ્તિ એ ક્રમશઃ વિનયથી અને અવિનયથી થાય છે.." એમ જણાયેલું છે, અને (એટલે જ) 'આ વિનય ઉપાદેય છે' એમ જણાવેલું છે. આવા પ્રકારનો સાધુ ગ્રહણસેવા અને આસેવારૂપ શિક્ષાને પામે છે. કેમકે એને ભાવથી ઉપાદેયનું જ્ઞાન થયેલું છે.

**एतदेव दृढयन्नविनीतफलमाह–**

**जे आवि चंडे मइइड्ढिगारवे, पिसुणे नरे साहसहीणपेसणे ।**
**अदिट्ठधम्मे विणए अकोविए, असंविभागी न हु तस्स मुक्खो ॥२२॥**

આ જ વાતને દૃઢ કરતાં તે અવિનયીના ફલને દેખાડે છે.

ગા. ૨૨ : જે ચંડ, ઋદ્ધિગારવમાં મતિવાળો, પિશુન, સાહસિક, હીનપ્રેષણ, અદૃષ્ટધર્મ અને વિનયમાં અકોવિદ, છે. અસંવિભાગી છે, તેનો મોક્ષ નથી.

**यश्चापि 'चण्डः' प्रव्रजितोऽपि रोषणः 'ऋद्धिगौरवमतिः' ऋद्धिगौरवे अभिनिविष्टः 'पिशुनः' पृष्टिमांसखादकः 'नरो' नरव्यञ्जनो न भावनरः 'साहसिकः' अकृत्यकरणपरः 'हीनप्रेषणः' हीनगुर्वाज्ञापरः 'अदृष्टधर्मा' सम्यगनुपलब्धश्रुतादिधर्मा 'विनयेऽकोविदो' विनयविषयेऽपण्डितः 'असंविभागी' यत्र क्वचन लाभे न संविभागवान् । य इत्थंभूतोऽधमो नैव तस्य मोक्षः, सम्यग्दृष्टेश्चारित्रवत इत्थंविधसंक्लेशाभावादितिसूत्रार्थः ॥२२॥**

**ટીકાર્થ** : જે વળી દીક્ષિત થયો હોવા છતાં પણ ક્રોધી છે. ઋદ્ધિગારવામાં આસક્ત, પિશુન = પીઠનું માંસ ખાનારો (કોઈની સામે એની વિરુદ્ધમાં ન બોલે, પરંતુ તેની

ગેરહાજરીમાં તેની પીઠ પાછળ એની નિંદા કરે, ચાડી ખાય એ પિશુન...) નર = માત્ર નર નામવાળો, ખરેખર ભાવથી નર નહિ, સાહસિક, અકાર્યો કરવામાં તત્પર, હીનપ્રેષણ = હીન ગુર્વાજ્ઞામાં તત્પર = ગુરુની આજ્ઞા સંપૂર્ણ ન પાળે પણ ઓછી-ઓછી પાળે, સમ્યગ્ રીતે જેણે શ્રુતાદિ ધર્મો નથી જાણેલા તેવો, વિનયવિષયમાં અપંડિત, જ્યાં ક્યાંય લાભ થાય તો પણ સાધુઓ સાથે વહેંચણી કરીને ન વાપરે...

જે આવાપ્રકારનો અધમ છે, તેનો મોક્ષ ન થાય. કેમકે (મોક્ષ તો રત્નત્રયી વાળાનો થાય, અને) સમ્યગદષ્ટિ ચારિત્રધરને આવાપ્રકારના સંકલેશ નથી હોતા. (આને આવા સંકલેશ છે, માટે તે સમ્યક્ત્વી પણ નથી, માટે જ તેનો મોક્ષ ન થાય.)

---

**विनयफलाभिधानेनोपसंहरन्नाह–**

**निद्देसवित्ती पुण जे गुरूणं, सुअत्थधम्मा विणयंमि कोविआ ।**

**तरित्तु ते ओघमिणं दुरुत्तरं, खवित्तु कम्मं गइमुत्तमं गय ॥२३॥ त्ति बेमि ॥**

**विणयसमाहिअज्झयणे बीओ उद्देसो समत्तो ॥२॥**

---

વિનયનું ફલ કહેવા દ્વારા ઉપસંહાર કરતા કહે છે કે

**ગા. ૨૩ :** જે વળી ગુરુની આજ્ઞામાં વર્તનારા, શ્રુતધર્માર્થ, વિનયમાં કોવિદ છે, તેઓ આ દુરુત્તર ઓઘને તરીને, કર્મને ખપાવીને ઉત્તમ ગતિમાં ગયા છે, એમ હું કહું છું.

---

**'<u>निर्देश</u>'-आज्ञा तद्वर्त्तिनः पुनर्ये '<u>गुरुणाम्</u>' आचार्यादीनां '<u>श्रुतार्थधर्मा</u>' इति प्राकृतशैल्या श्रुतधर्मार्था गीतार्था इत्यर्थः, विनये कर्त्तव्ये <u>कोविदा</u>-विपश्चितो य इत्थंभूतास्तीर्त्वा ते महासत्त्वा '<u>ओघमेनं</u>' प्रत्यक्षोपलभ्यमानं संसारसमुद्रं दुरुत्तारं तीर्त्त्वेव तीर्त्त्वा, चरमभवं केवलित्वं च प्राप्येति भावः, ततः क्षपयित्वा कर्म निरवशेषं भवोपग्राहिसंज्ञितं गतिमुत्तमां सिद्ध्याख्यां '<u>गताः</u>' प्राप्ताः । इति ब्रवीमीति पूर्ववदिति सूत्रार्थः ॥२३॥**

---

**ટીકાર્થ :** આચાર્યાદિની આજ્ઞામાં રહેનારા, તથા ધર્મના અર્થો જેમણે સાંભળેલા છે તેવા એટલે કે ગીતાર્થ... અહીં ગાથામાં **શ્રુતાર્થ ધર્માઃ** લખેલું છે, એ પ્રાકૃતશૈલીના લીધે જાણવું. એટલે એનો અર્થ આમ જોડવો કે **શ્રુતધર્માર્થાઃ** = **ગીતાર્થાઃ...** તથા કરવાયોગ્ય વિનયમાં હોંશિયાર...

જે આવાપ્રકારના છે, તે મહાસત્ત્વશાળીઓ પ્રત્યક્ષથી દેખાતા, દુઃખેથી તરી શકાય એવા સંસારસમુદ્રને જાણે કે તરીને એટલે કે ચરમભવ અને કેવલિપણાને પામીને ત્યારબાદ ભવોપગ્રાહીનામનાં સઘળા કર્મોને ખપાવીને સિદ્ધિ નામની ઉત્તમગતિને પામેલા છે.

(સંસાર તરીને, કર્મક્ષય કરીને... આ ક્રમ ઊંધો લાગે, કેમકે પહેલાં કર્મોનો ક્ષય થાય, પછી સિદ્ધિપ્રાપ્તિ રૂપી સંસારતરણ થાય. એટલે જ વૃત્તિકારે **तीर्त्वा इव तीर्त्वा** એમ લખેલું છે. આશય એ કે ચરમભવ અને કેવલિપણું પામે એટલે એ તરેલા જેવા જ ગણાય. એમને માટે **तीर्त्वा** શબ્દ વાપરેલો છે. તેઓ એ પછી પણ કર્મક્ષય કરે અને મોક્ષ પામે.)

"આ પ્રમાણે હું કહું છે" એનો અર્થ પૂર્વની જેમ સમજી લેવો.

**॥ इति विनयसमाधौ व्याख्यातो द्वितीय उद्देशः ॥२॥**

## દ્વિતીય ઉદ્દેશો સંપૂર્ણ

●

अथ तृतीय उद्देशः ।

साम्प्रतं तृतीय आरभ्यते, इह च विनीतः पूज्य इत्युपदर्शयन्नाह–

आयरिअं अग्गिमिवाहिअग्गी, सुस्सूसमाणो पडिजागरिज्जा ।
आलोइअं इंगिअमेव नच्चा, जो छंदमाराहयई स पुज्जो ॥१॥

## તૃતીય ઉદ્દેશો

હવે ત્રીજો ઉદ્દેશો આરંભાય છે.

આ ઉદ્દેશામાં વિનયી પૂજ્ય છે એ દેખાડતાં કહે છે કે

ગા. ૧ : આહિતાગ્નિ જેમ અગ્નિને, તેમ આચાર્યને સેવતો પ્રતિજાગરણ કરે. આલોકિત, ઈંગિત જાણીને જે છંદને આરાધે તે પૂજ્ય.

'आचार्यं' सूत्रार्थप्रदं तत्स्थानीयं वाऽन्यं ज्येष्ठार्यं, किमित्याह–'अग्निमिव' तेजस्कायमिव 'आहिताग्निः' ब्राह्मणः 'शुश्रूषमाणः' सम्यक्सेवमानः 'प्रतिजागृयात्' तत्तत्कृत्यसंपादनेनोपचरेत् । आह–यथाऽऽहिताग्निरित्यादिना प्रागिदमुक्तमेव, सत्यं, किं तु तदाचार्यमेवाङ्गीकृत्य इदं तु रत्नाधिकादिकमप्यधिकृत्योच्यते, वक्ष्यति च–'रायणीएसु विणय' मित्यादि, प्रतिजागरणोपायमाह–'आलोकितं' निरीक्षितम् 'इङ्गितमेव च' अन्यथावृत्तिलक्षणं 'ज्ञात्वा' विज्ञायाचार्यीयं 'यः' साधुः 'छन्दः' अभिप्रायमाराधयति । यथा शीते पतति प्रावरणावलोकने तदानयने, इङ्गिते वा निष्ठीवनादिलक्षणे शुण्ठ्याद्यानयनेन 'स पूज्यः' स इत्थंभूतः साधुः पूजार्हः, कल्याणभागिति सूत्रार्थः ॥१॥

**ટીકાર્થ :** જેમ બ્રાહ્મણ અગ્નિને, એમ આચાર્યની સમ્યક્ સેવા કરતો સાધુ તે તે કાર્યો કરવા દ્વારા તેમનો ઉપચાર કરે = વિનય કરે = ભક્તિ કરે.

આચાર્ય એટલે સૂત્ર અને અર્થને આપનાર અથવા તો તેમના જેવા જ જે બીજા મોટાસાધુ હોય તે સમજવા.

આહિતાગ્નિ એટલે બ્રાહ્મણ. (બ્રાહ્મણો અગ્નિમાં ઘી વગેરેનું આધાન કરે...)

**પ્રશ્ન :** जहाहिअग्गी... એ વગેરે શ્લોકદ્વારા આહિતાગ્નિની = બ્રાહ્મણની વાત પૂર્વે કીધેલી જ છે. ફરી શા માટ?

**ઉત્તર :** સાચી વાત છે તમારી. પરંતુ તે વાત આચાર્યને આશ્રયીને જ કરેલી. આ વાત તો રત્નાધિકને આશ્રયીને પણ કહેવાય છે.

આગળ કહેશે પણ ખરા કે રત્નાધિકોમાં વિનય કરવો. વગેરે.

પ્રતિજાગરણના = ઉપચારના = ભક્તિના ઉપાયને કહે છે. કે આચાર્યસંબંધી આલોકિત અને ઈંગિતને જાણીને જે સાધુ આચાર્યના અભિપ્રાયને આરાધે (એમની ઈચ્છા પ્રમાણે કરે) તે પૂજ્ય છે.

આલોકિત એટલે આચાર્ય આંખોવડે જે જુએ, દર્શન કરે તે.

ઈંગિત એટલે અન્યથાવૃત્તિ = પૂર્વના વર્તન કરતાં જુદા પ્રકારનું વર્તન.

આલોકિતમાં... દા.ત. ઠંડી પડતી હોય ત્યારે આચાર્ય વસ્ત્ર તરફ અવલોકન કરે,એ વખતે સાધુ વસ્ત્ર લાવવામાં પ્રવૃત્તિ કરે.

ઈંગિત... દા.ત. આચાર્ય કફ વગેરેનું નિષ્ઠીવન કરે, થુંકે (સ્વાસ્થ્યાદિ વખતે જે વર્તન હોય, એના કરતાં વિપરીત વર્તન છે...) ત્યારે સૂંઠ વગેરે લાવવા દ્વારા આચાર્યના અભિપ્રાયને અનુસરે.

આવો જે છે, તે આવાપ્રકારનો સાધુ પૂજાને યોગ્ય છે, કલ્યાણભાગી છે.

---

**प्रक्रान्ताधिकार एवाह—**

**आयारमट्ठा विणयं पउंजे, सुस्सूसमाणो परिगिज्झ वक्कं ।**

**जहोवइट्ठं अभिकंखमाणो, गुरुं तु नासाययई स पुज्जो ॥२॥**

---

પ્રકાન્તના = વિનયનાં અધિકારમાં જ કહે છે કે

ગા. ૨ : શુશ્રૂષાવાળો આચારને માટે વિનય કરે. વાક્યગ્રહણ કરીને યથોપદિષ્ટને ઈચ્છતો ગુરુની આશાતના ન કરે, તે પૂજ્ય છે.

---

**'आचारार्थं' ज्ञानाद्याचारनिमित्तं 'विनयम्' उक्तलक्षणं 'प्रयुङ्क्ते' करोति यः 'शुश्रूषन्' श्रोतुमिच्छन्, किमयं वक्ष्यतीत्येवम् । तदनु तेनोक्ते सति परिगृह्य वाक्यम् आचार्यीयं ततश्च 'यथोपदिष्टं' यथोक्तमेव अभिकाङ्क्षन्, मायारहितः श्रद्धया कर्त्तुमिच्छन् विनयं प्रयुङ्क्ते, अतोऽन्यथाकरणेन 'गुरुं त्वि'ति आचार्यमेव 'नाशातयति' न हीलयति यः स पूज्य इति सूत्रार्थः ॥२॥**

---

**ટીકાર્થ :** "આ આચાર્ય શું કહેશે ?" એ પ્રમાણે એમના વચનોને ઈચ્છતો સાધુ જ્ઞાનાદિ આચારોના નિમિત્તે ઉક્તલક્ષણવાળા વિનયને કરે. (એનાથી જ્ઞાનાચારાદિની પ્રાપ્તિ થવાની જ, પ્રસન્ન ગુરુ પાસેથી બધું મળે...)

ત્યારબાદ તે ગુરુ ઉપદેશ કહે એટલે એ આચાર્યસંબંધી વાક્યને ગ્રહણ કરીને, તેમના કહેવાપ્રમાણે જ કરવાને ઈચ્છતો, માયા રહિત, શ્રદ્ધાથી કરવાને ઈચ્છતો તે વિનય કરે.

આનાથી વિપરીત કરવા દ્વારા ગુરુની જ આશાતના થાય, પણ એવું જે નથી કરતો તે પૂજ્ય છે.

---

**किं च–**

**रायणिएसु विणयं पउंजे, डहराऽवि अ जे परिआयजिट्ठा ।**

**नीअत्तणे वट्टइ सच्चवाई, उवायवं वक्ककरे स पुज्जो ॥३॥**

---

ગા. ૩ : રત્નાધિકોમાં તથા નાના પણ જે પર્યાયજયેષ્ઠ છે, તેમાં વિનય કરે. નીચપણામાં વર્તે, સત્યવાદી, ઉપતાપવાળો, વાક્યકર તે પૂજ્ય છે.

---

**'रत्नाधिकेषु' ज्ञानादिभावरत्नाभ्युच्छ्रितेषु 'विनयं' यथोचितं 'प्रयुङ्क्ते' करोति, तथा डहरा अपि च ये वयःश्रुताभ्यां 'पर्यायज्येष्ठाः' चिरप्रव्रजितास्तेषु विनयं प्रयुङ्क्ते, एवं च यो 'नीचत्वे' गुणाधिकान् प्रति नीचभावे वर्त्तते 'सत्यवादी' अविरुद्धवक्ता तथा 'अवपातवान्' वन्दनशीलो निकटवर्ती वा एवं च यो 'वाक्यकरो' गुरुनिर्देशकरणशीलः स पूज्य इति सूत्रार्थः ॥३॥**

---

**ટીકાર્થ :** જેઓ જ્ઞાનવગેરે ભાવરત્નોથી ઊંચા = મહાન છે, તેમને વિશે વિનય કરે, તથા જેઓ ઉંમર અને શ્રુતથી નાના હોવા છતાં પણ વધુ દીક્ષાપર્યાયવાળા છે, તેઓને વિશે પણ વિનય કરે. જે ગુણાધિકો પ્રત્યે નીચપણામાં = નમ્રપણામાં વર્તે, સત્યવાદી = એ રત્નાધિકોના સાથે વિરોધ ન થાય એ રીતે બોલનાર, વંદન કરવાના સ્વભાવવાળો અથવા તો રત્નાધિકોની નજીકમાં રહેનારો, તથા આ પ્રમાણે જે ગુરુની આજ્ઞાનું પાલન કરવાના સ્વભાવવાળો છે, તે પૂજ્ય છે.

---

**किं च-**

**अन्नायउंछं चरई विसुद्धं, जवणट्ठया समुआणं च निच्चं ।**

**अलद्धुअं नो परिदेवइज्जा, लद्धुं न विकत्थई स पुज्जो ॥४॥**

---

ગા. ૪ : યાપનાને માટે વિશુદ્ધ, સમુદાન, અજ્ઞાતઉંછને નિત્ય ચરે છે. ન મેળવીને ખેદ ન કરે, મેળવીને પ્રશંસા ન કરે તે પૂજ્ય.

'अज्ञातोञ्छं' परिचयाकरणेनाज्ञातः सन् 'भावोञ्छं' गृहस्थोद्धरितादि 'चरति' अटित्वाऽऽनीतं भुङ्क्ते, न तु ज्ञातस्तद्बहुमतमिति, एतदपि 'विशुद्धम्' उद्गमादिदोषरहितं, न तद्विपरीतम्, एतदपि 'यापनार्थं' संयमभरोद्वाहिशरीरपालनाय नान्यथा 'समुदानं च' उचितभिक्षालब्धं च 'नित्यं' सर्वकालं न तूञ्छमप्येकत्रैव बहुलब्धं कादाचित्कं वा, एवंभूतमपि विभागतः 'अलब्ध्वा' अनासाद्य 'न परिदेवयेत्' न खेदं यायात्, यथा-मन्दभाग्योऽहमशोभनो वाऽयं देश इति, एवं विभागतश्च 'लब्ध्वा' प्राप्योचितं 'न विकत्थते' न श्लाघां करोति-सपुण्योऽहं शोभनो वाऽयं देश इत्येवं स पूज्य इति सूत्रार्थः ॥४॥

**ટીકાર્થ :** જે સાધુ શ્રાવકાદિનો પરિચય નહિ કરવા દ્વારા અજ્ઞાત છે, અને એવો તે ભાવોઞ્છ એટલે કે ગૃહસ્થોને વાપર્યાબાદ વધી પડેલી રસોઈ ફરીને લાવે અને એ વાપરે, પરંતુ પરિચયદ્વારા જ્ઞાત બનેલો છતો તે શ્રાવકોને બહુમત વસ્તુ ન લાવે (પરિચયાદિ હોય તો ગૃહસ્થો સારામાં સારી વસ્તુ એને આપવાનો પ્રયાસ કરવાના જ... એટલે એ છેલ્લી વધેલી ગોચરી તો ન હોય...)

આવું પણ જે ઉદ્‌ગમાદિદોષોથી રહિત હોય, પણ તે દોષોવાળું ન હોય, અને તે પણ સંયમનાં ભારને વહનકરનારા શરીરનો નિર્વાહ કરવામાટે, પણ અન્યથા = બીજા કોઈ કારણસર નહિ... તે પણ ઉચિતભિક્ષાવડે મેળવેલું હોય. તથા એ પણ સદામાટે આવું હોય. પણ એવું નહિ કે ઊંછ = શુદ્ધગોચરી પણ એકજ જગ્યાએથી ઘણું મેળવેલું કે થોડું થોડું પણ ક્યારેક જ (લગભગ) વધારે વહોરે. ક્યારેક જ ઉપર પ્રકારનું ભોજન વહોરે... એવું ન હોવું જોઈએ.

આવાપ્રકારનું પણ વિભાગથી જો ન મળે તો સાધુ ખેદ ન પામે કે હું મંદભાગ્યવાળો છું, કે આ દેશ અશોભન છે." તથા વિભાગથી ઉચિતભોજન મળે, તો એ પામીને પ્રશંસા ન કરે કે "હું પુણ્યશાળી છું" કે "આ દેશ સારો છે." (વિભાગ = જુદી જુદી વસ્તુઓ અથવા જુદા જુદા ઘરેથી...)

તે સાધુ પૂજ્ય છે.

किं च-

**संथारसिज्जासणभत्तपाणे, अप्पिच्छया अइलाभेऽवि संते ।**

**जो एवमप्पाणभितोसइज्जा, संतोसपाहन्नरए स पुज्जो ॥५॥**

વળી

ગા. ૫ : (અતિલાભ થવા છતાં પણ) સંથારો, શય્યા, આસન, ભોજન, પાનમાં અલ્પેચ્છતા રાખે. તથા અતિલાભ થવા છતાં પણ સંતોષપ્રધાનતારત જે આ રીતે આત્માને સંતોષવાળો રાખે તે પૂજ્ય છે.

---

**संस्तारकशय्यासनभक्तपानानि प्रतीतान्येव, एतेषु 'अल्पेच्छता' अमूर्च्छया परिभोगोऽतिरिक्ताग्रहणं वा अतिलाभेऽपि सति संस्तारकादीनां गृहस्थेभ्यः सकाशात् य एवमात्मानम् 'अभितोषयति' येन वा तेन वा यापयति 'संतोषप्राधान्यरतः' संतोष एव प्रधानभावे सक्तः स पूज्य इति सूत्रार्थः ॥५॥**

---

**ટીકાર્થ** : સંથારો, શય્યા, આસન, ભોજન અને પાન આ પદાર્થો પ્રસિદ્ધ જ છે. આ બધામાં સાધુની અલ્પેચ્છતા હોય. અલ્પેચ્છતા એટલે અમૂર્ચ્છાથી વપરાશ અથવા તો વધારે ગ્રહણ ન કરવું તે.

ગૃહસ્થો પાસેથી સંથારાવગેરેનો ઘણો લાભ થતો હોય તો પણ (જે અલ્પેચ્છતાને ધારણ કરે અને એ રીતે) જે સંતોષરૂપી પ્રધાનભાવમાં આસક્ત સાધુ આત્માને સંતોષવાળો કરે છે, એટલે કે જે તે વસ્તુથી નિર્વાહ કરી લે છે તે પૂજ્ય છે.

---

**इन्द्रियसमाधिद्वारेण पूज्यतामाह-**

**सक्का सहेउं आसाइ कंटया, अओमया उच्छहया नरेणं ।**

**अणासए जो उ सहिज्ज कंटए, वईमए कन्नसरे स पुज्जो ॥६॥**

---

ઈન્દ્રિયની સમાધિ દ્વારા પૂજ્યતાને દેખાડે છે.

ગા. ૬ : ઉત્સાહવાળા નરવડે લોખંડના કાંટાઓ આશાથી સહન કરવા શક્ય છે. આશારહિત જે કાનમાં જનારા વચનમય કાંટાઓને સહે છે તે પૂજ્ય છે.

---

**शक्याः सोढुम् 'आशये'त्ति इदं मे भविष्यतीति प्रत्याशया, क इत्याह-कण्टका 'अयोमया' लोहात्मकाः 'उत्सहता नरेण' अर्थोद्यमवतेत्यर्थः, तथा च कुर्वन्ति केचिदयोमयकण्टकास्तरणशयनमप्यर्थलिप्सया, न तु वाक्कण्टकाः शक्या इत्येवं व्यवस्थिते 'अनाशया' फलप्रत्याशया निरीहः सन् यस्तु सहेत कण्टकान् 'वाङ्मयान्' खरादिवागात्मकान् 'कर्णसरान्' कर्णगामिनः स पूज्य इति सूत्रार्थः ॥६॥**

---

**ટીકાર્થ** : મને આ થશે = મળશે... એ પ્રમાણેની આશાથી ધનનાં ઉદ્યમવાળા

પુરુષવડે લોઢાનાં બનેલા કાંટાઓ સહન કરવા શક્ય છે. કેટલાકો ધનપ્રાપ્તિની ઈચ્છાથી લોખંડના કાંટાઓ = ખીલાઓની પથારી ઉપર શયન પણ કરે છે.

પરંતુ વાણીરૂપી કાંટાઓ સહન કરવા શક્ય નથી.

આવું છે, માટે ફલની અપેક્ષા વિના સ્પૃહારહિત થયેલો છતો જે સાધુ કાનમાં જનારા કર્કશવગેરે વચનો રૂપ કાંટાઓને સહન કરે છે, તે પૂજ્ય છે.

---

**एतदेव स्पष्टयति–**

**मुहुत्तदुक्खा उ हवंति कंटया, अओमया तेऽवि तओ सुउद्धरा ।**

**वायादुरुत्ताणि दुरुद्धराणि, वेराणुबंधीणि महब्भयाणि ।।७।।**

---

આ જ વાતને સ્પષ્ટ કરે છે.

ગા. ૭ : લોખંડમય કાંટાઓ મુહૂર્તદુઃખવાળા છે, તે પણ સુખેથી ઉદ્ધરી શકાય એવા છે. ખરાબવચનો દુરુદ્ધર છે, વૈરાનુબંધી અને મહાભયવાળા છે.

---

**'मुहूर्त्तदुःखा' अल्पकालदुःखा भवन्ति कंटका अयोमयाः, वेधकाल एव प्रायो दुःखभावात्, तेऽपि 'ततः' कायात् 'सूद्धराः' सुखेनैवोद्ध्रियन्ते व्रणपरिकर्म च क्रियते, वाग्दुरुक्तानि पुनः 'दुरुद्धराणि' दुःखेनोद्ध्रियन्ते मनोलक्षवेधनाद् 'वैरानुबन्धीनि' तथाश्रवणप्रद्वेषादिनेह परत्र च वैरानुबन्धीनि भवन्ति, अत एव महाभयानि, कुगतिपातादिमहाभयहेतुत्वादिति सूत्रार्थः ।।७।।**

---

**टीकार्थ :** લોખંડમય કાંટાઓ અલ્પકાળ દુઃખ આપનારા હોય છે. કેમકે જ્યારે એ કાંટાઓ શરીરમાં વીંધાય ત્યારે જ પ્રાયઃ દુઃખ થાય. વળી તે કાંટાઓ પણ શરીરમાંથી સુખેથી કાઢી શકાય છે અને જે ઘા લાગ્યો હોય એને રુઝવી પણ શકાય છે.

પણ જે વાણીના દુષ્ટ કથનો છે, તે દુઃખેથી કાઢી શકાય છે. કેમકે એ મનરૂપી લક્ષ્યને વીંધી નાંખે છે. તથા વૈરના અનુબંધવાળા છે, એટલે કે તેવાપ્રકારના શ્રવણથી જે દ્વેષ વગેરે થાય, તેના દ્વારા આલોકમાં અને પરલોકમાં વૈરના અનુબંધવાળા બને છે. આથી જ એ મોટાભયવાળા છે. કેમકે દુર્ગતિમાં પતન વગેરે મોટા ભયોનું કારણ છે.

---

**किं च–**

**समावयंता वयणाभिघाया, कन्नंगया दुम्मणिअं जणंति ।**

**धम्मुत्ति किच्चा परमग्गसूरे, जिइंदिए जो सहई स पुज्जो ॥८॥**

ગા. ૮ : અભિમુખ આવી પડતાં, વચનપ્રહારો કાનમાં ગયેલા છતાં દુર્મનને ઉત્પન્ન કરે છે. પણ જે પરમાગ્રશૂર, જિતેન્દ્રિય 'આ ધર્મ છે.' એમ સહન કરે છે. તે પૂજ્ય છે.

**'समापतन्त' एकीभावेनाभिमुखं पतन्तः, क इत्याह–'वचनाभिघाताः' खरादिवचनप्रहाराः कर्णगताः सन्तः प्रायोऽनादिभवाभ्यासात् 'दौर्मनस्यं' दुष्टमनोभावं जनयन्ति, प्राणिनामेवंभूतान् वचनाभिघातान् धर्म इतिकृत्वा सामायिकपरिणामापन्नो न त्वशक्त्यादिना 'परमाग्रशूरो' दानसंग्रामशूरापेक्षया प्रधानः शूरो जितेन्द्रियः सन् यः सहते न तु तैर्विकारमुपदर्शयति स पूज्य इति सूत्रार्थः ॥८॥**

**ટીકાર્થ :** એક સાથે અભિમુખ પડતાં (આપણી તરફ એક સાથે આવી પડતાં) એવા કર્કશાદિવચનરૂપ પ્રહારો કાનમાં ગયેલા છતાં પ્રાયઃ કરીને અનાદિભવનાં સંસ્કારથી પ્રાણીઓને દુષ્ટમનોભાવને ઉત્પન્ન કરે છે.

પણ આવાપ્રકારનાં વચનોને **'આ તો ધર્મ છે'** એમ વિચારી સામાયિકપરિણામને પામેલો, નહિ કે શક્તિ ન હોવાદિ કારણે.. જે પરમાગ્રશૂર જિતેન્દ્રિય સહન કરે છે, તે વચનોવડે કોઈ વિકૃતિને (ક્રોધાદિને) દેખાડતો નથી, તે પૂજ્ય છે.

દાનશૂરવીર, સંગ્રામશૂરવીરની અપેક્ષાએ આ સાધુ પ્રધાન શૂરવીર છે, માટે એ પરમાગ્રશૂર કહ્યો છે. (સામે પ્રતીકાર કરવાની શક્તિ ન હોવાના કારણે એ સહન કરે તો એ મુખ્ય નથી. પણ શક્તિ હોવા છતાં ધર્મ માનીને સહન કરે એ પૂજ્ય બને છે...)

**तथा–**

**अवण्णवायं च परम्मुहस्स, पच्चक्खओ पडिणीअं च भासं ।**
**ओहारणिं अप्पिअकारिणिं च, भासं न भासिज्ज सया स पुज्जो ॥९॥**

ગા.૯ : પરાઙ્મુખનાં અવર્ણવાદને, પ્રત્યક્ષને પ્રત્યનીકભાષાને, અવધારણી અને અપ્રિયભાષાને જે સદા ન બોલે તે પૂજ્ય.

**'अवर्णवादं च' अश्लाघावादं च 'पराङ्मुखस्य' पृष्ठत इत्यर्थः 'प्रत्यक्षतश्च' प्रत्यक्षस्य च 'प्रत्यनीकाम्' अपकारिणीं चौरस्त्वमित्यादिरूपां भाषां तथा 'अवधारिणीम्' अशोभन एवायमित्यादिरूपाम् 'अप्रियकारिणीं च' श्रोतुर्मृतनिवेदनादिरूपां 'भाषां'**



नमोऽस्तु तस्मै जिनशासनाय

वाचं 'न भाषेत सदा' यः कदाचिदपि नैव ब्रूयात्स पूज्य इति सूत्रार्थः ॥९॥

**ટીકાર્થ :** જે પરાङ्મુખ છે, સામે નથી એના અવર્ણવાદને = નિંદાને જે સદા માટે ન બોલે, તથા જે સામે છે તેને અપકારકરનારી એવી "તું ચોર છે" વગેરે રૂપ ભાષાને જે સદા ન બોલે તથા "આ ખરાબ જ છે" એવી અવધારણવાળી ભાષાને અને શ્રોતાને દુઃખકરનારી એવી મરી ગયેલાનું નિવેદન = કથન કરવાવગેરે રૂપ ભાષાને જે ક્યારેય ન બોલે, તે પૂજ્ય છે.

तथा–

**अलोलुए अक्कुहए अमाई, अपिसुणे आवि अदीणवित्ती ।**
**नो भावए नोऽविअ भाविअप्पा, अकोउहल्ले अ सया स पुज्जो ॥१०॥**

ગા. ૧૦ : અલોલુપ, અકુહક, અમાયી, અપિશુન, અદીનવૃત્તિ, કોઈને ભાવિત ન કરે, સ્વયં ભાવિતાત્મા ન થાય, સદા અકુતુહલી તે પૂજ્ય.

'अलोलुप' आहारादिष्वलुब्धः 'अकुहक' इन्द्रजालादिकुहकरहितः 'अमायी' कौटिल्यशून्यः 'अपिशुनश्चापि' नो छेदभेदकर्ता 'अदीनवृत्तिः' आहाराद्यलाभेऽपि शुद्धवृत्तिः ( ग्रन्थाग्रम् ६००० ) नो भावयेद् अकुशलभावनया परं, यथाऽमुकपुरतो भवताऽहं वर्णनीयः 'नापि च भावितात्मा' स्वयमन्यपुरतः स्वगुणवर्णनापरः अकौतुकश्च सदा नटनर्त्तकादिषु यः स पूज्य इति सूत्रार्थः ॥१०॥

**ટીકાર્થ :** આહારાદિમાં લોભરહિત, ઈન્દ્રજાળવગેરે કુહકો = કુતુહલોથી રહિત, કપટશૂન્ય, અપિશુન = છેદભેદ ન કરનાર (ચાડી ખાવા દ્વારા કોઈનામાં ટુકડા ન પડાવનાર.) અદીનવૃત્તિ = આહારાદિ ન મળે તો પણ શુદ્ધ ગોચરી જ વાપરનાર (અથવા શુદ્ધપરિણતિવાળો) બીજાને ખરાબ ભાવનાઓથી ભાવિત ન કરે કે "અમુકની આગળ તારે મારી આ પ્રમાણે પ્રશંસા કરવી..." કે જાતે પણ બીજાની આગળ પોતાના ગુણોનું વર્ણન કરવામાં તત્પર ન બને, તથા સદા નટ, નૃત્યકાર વગેરેને વિશે કૌતુકવિનાનો જે હોય તે પૂજ્ય છે.

किंच–

**गुणेहि साहू अगुणेहिऽसाहू, गिण्हाहि साहू गुण मुंचऽसाहू ।**

**विआणिआ अप्पगमप्पएणं, जो रागदोसेहिं समो स पुज्जो ॥११॥**

ગા.૧૧ : "ગુણોથી સાધુ, અગુણોથી અસાધુ. સાધુગુણોને ગ્રહણ કરો, અસાધુને ત્યાગો" (એવું) આત્માને આત્માદ્વારા જણાવે છે, જે રાગ-દ્વેષમાં સમાન છે, તે પૂજ્ય છે.

**'गुणैः' अनन्तरोदितैर्विनयादिभिर्युक्तः साधुर्भवति, तथा 'अगुणैः' उक्तगुणविपरीतैरसाधुः, एवं सति गृहाण साधुगुणान् मुञ्चासाधुगुणानिति शोभन उपदेशः, एवमधिकृत्य प्राकृतशैल्या 'विज्ञापयति' विविधं ज्ञापयत्यात्मानमात्मना यः तथा 'रागद्वेषयोः समः' न रागवान्न द्वेषवानिति स पूज्य इति सूत्रार्थः ॥११॥**

**ટીકાર્થ** : અનન્તર કહેલાં વિનયવગેરે ગુણોથી યુક્ત હોય તે સાધુ થાય તથા કહેલાં ગુણોથી વિપરીત અવગુણોવડે અસાધુ થાય.

આમ છે, એટલે સાધુગુણોને ગ્રહણ કર. અસાધુગુણોને ત્યાગી દે. આ સુંદરઉપદેશ છે.

આ ઉપદેશને આશ્રયીને જે આત્માને આત્માદ્વારા વિવિધ રીતે જણાવે છે = ભાવિત કરે છે, જે રાગવાન્ દ્વેષવાન્ નથી તે પૂજ્ય

ગાથામાં **विआणिआ** પ્રાકૃતશૈલીથી લખેલું છે, એનો સંસ્કૃત શબ્દ **विज्ञापयति** સમજવો.

**किं च–**

**तहेव डहरं च ( व )महल्लगं वा, इत्थीं पुमं पव्वइअं गिहिं वा ।**
**नो हीलए नोऽवि अ खिंसइज्जा, थंभं च कोहं च चए स पुज्जो ॥१२॥**

ગા. ૧૨ : તે જ પ્રમાણે નાનાને કે મોટાને, સ્ત્રી કે પુરુષને, સાધુને કે ગૃહસ્થને હીલના ન કરે, ખિંસા ન કરે. માન અને ક્રોધને ત્યાગે તે પૂજ્ય.

**'तथैवे'ति पूर्ववत्, डहरं वा महल्लकं वा, वाशब्दान्मध्यमं वा, स्त्रियं पुमांसमुपलक्षणत्वान्नपुंसकं वा प्रव्रजितं गृहिणं वा, वाशब्दादन्यतीर्थिकं वा 'न हीलयति नापि च खिंसयति' तत्र सूयया असूयया वा सकृद्दुष्टाभिधानं हीलनं, तदेवासकृत्खिसनमिति । हीलनखिंसनयोश्च निमित्तभूतं 'स्तम्भं च' मानं च 'क्रोधं च' रोषं च त्यजति यः स पूज्यो, निदानत्यागेन तत्त्वतः कार्यत्यागादिति सूत्रार्थः ॥१२॥**

**ટીકાર્થ : तथैव** શબ્દનો અર્થ પૂર્વની જેમ સમજવો. નાના કે મોટાને **वा** શબ્દથી મધ્યમને, સ્ત્રીને કે પુરુષને, ઉપલક્ષણથી નપુંસકને, પ્રવ્રજિતને કે ગૃહસ્થને **वा** શબ્દથી અન્યતીર્થિકને, હીલે નહિ કે એમની ખિંસા ન કરે.

તેમાં કટાક્ષથી કે સીધેસીધી ભાષામાં એકવાર દુષ્ટકથન કરવું તે હીલન અને તે જ વારંવાર કરવું તે ખિંસન.

હીલના અને ખિંસાનાં નિમિતભૂત માન અને ક્રોધને જે ત્યાગે છે, તે પૂજ્ય છે. કારણના ત્યાગથી પરમાર્થતઃ કાર્યનો ત્યાગ થાય છે, માટે માનાદિત્યાગી પૂજ્ય છે. માનાદિરૂપ કારણનો ત્યાગ કરે એટલે હીલનાદિનો ત્યાગ થઈ જ જવાનો...)

**किंच-**

**जे माणिआ सययं माणयंति, जत्तेण कन्नं व निवेसयंति ।**

**ते माणए माणरिहे तवस्सी, जिइंदिए सच्चरए स पुज्जो ॥१३॥**

ગા. ૧૩ : માનિત જેઓ સતત માન કરે છે. યત્નથી કન્યાની જેમ નિવેશ કરે છે. તે માનયોગ્યને જે તપસ્વી, જિતેન્દ્રિય, સત્યરત માન આપે છે. તે પૂજ્ય છે.

**ये मानिता अभ्युत्थानादिसत्कारैः 'सततम्' अनवरतं शिष्यान् 'मानयन्ति' श्रुतोपदेशं प्रति चोदनादिभिः, तथा 'यत्नेन कन्यामिव निवेशयन्ति' यथा मातापितरः कन्यां गुणैर्वयसा च संवर्द्ध्य योग्यभर्त्तरि स्थापयन्ति एवमाचार्याः शिष्यं सूत्रार्थवेदिनं दृष्ट्वा महत्याचार्यपदेऽपि स्थापयन्ति । तानेवंभूतान् गुरुन्मानयति योऽभ्युत्थानादिना 'मानार्हान्' मानयोग्यान् तपस्वी सन् जितेन्द्रियः सत्यरत इति, प्राधान्यख्यापनार्थं विशेषणद्वयं, स पूज्य इति सूत्रार्थः ॥१३॥**

**ટીકાર્થ :** જેઓ અભ્યુત્થાન વગેરે સત્કારો દ્વારા સન્માનિત કરાયેલા છતાં સતત શિષ્યોને શ્રુતનાં ઉપદેશ પ્રત્યે = શાસ્ત્રાજ્ઞાઓ પ્રત્યે પ્રેરણાવગેરે દ્વારા માનવાળા કરે છે, વાળે છે... તથા જેમ માતાપિતા કન્યાને ગુણોથી અને ઉંમરથી વધારીને = મોટીકરીને યોગ્યપતિને વિશે સ્થાપે, એમ આચાર્યો શિષ્યને સૂત્રાર્થજ્ઞાતા જાણીને મોટા એવા પણ આચાર્યપદ ઉપર સ્થાપે છે. તે આવાપ્રકારના માનને યોગ્ય ગુરુને જે તપસ્વી, જિતેન્દ્રિય, સત્યરત શિષ્ય અભ્યુત્થાનવગેરે દ્વારા સન્માન આપે છે તે પૂજ્ય છે.

જિતેન્દ્રિયતા અને સત્યરતતા આ બે ગુણોની પ્રધાનતા બતાવવા માટે એ બે

વિશેષણ વાપરેલા છે.

**तेसिं गुरूणं गुणसायराणं, सुच्चाण मेहावि सुभासिआइं ।**
**चरे मुणी पंचरए तिगुत्तो, चउक्कसायावगए स पुज्जो ॥१४॥**

ગા. ૧૪ : ગુણસાગર તે ગુરુના સદ્વચનોને સાંભળીને પંચરત, ત્રિગુપ્ત, અપગતચતુષ્કષાય જે મેધાવીમુનિ તેને આચરે છે તે પૂજ્ય છે.

तेषां 'गुरूणाम्' अनन्तरोदितानां 'गुणसागराणां' गुणसमुद्राणां संबन्धीनि श्रुत्वा मेधावी 'सुभाषितानि' परलोकोपकारकाणि 'चरति' आचरति 'मुनिः' साधुः 'पञ्चरतः' पञ्चमहाव्रतसक्तः 'त्रिगुप्तो' मनोगुप्त्यादिमान् 'चतुःकषायापगत' इत्यपगतक्रोधादिकषायो यः स पूज्य इति सूत्रार्थः ॥१४॥

ટીકાર્થ : ગુણોનાં સાગર, અનન્તર કહેવાયેલા ગુરુના સંબંધી પરલોકોપકારી વચનોને સાંભળીને જે પંચમહાવ્રતમાં આસક્ત, મનોગુપ્તિવગેરેવાળો, ક્રોધાદિ કષાયોથી રહિત સાધુ એ વચનોને આચરે છે તે પૂજ્ય છે.

प्रस्तुतफलाभिधानेनोपसंहरन्नाह–

**गुरुमिह सययं पडिअरिअ मुणी, ज़िणमयनिउणे अभिगमकुसले ।**
**धुणिअ रयमलं पुरेकडं, भासुरमउलं गइं वइ ॥१५॥ त्ति बेमि ॥**
**विणयसमाहीए तइओ उद्देसो समत्तो ॥३॥**

પ્રસ્તુતનાં = વિનયનાં ફલનું કથન કરવાદ્વારા ઉપસંહાર કરતાં કહે છે કે

ગા. ૧૫ : અહીં ગુરુને સતત આરાધીને જિનમતનિપુણ, અભિગમકુશલ મુનિ પૂર્વકૃત્ રજોમલને ખતમ કરીને ભાસ્વર, અતુલ ગતિમાં જાય છે. એમ હું કહું છું.

'गुरुम्' आचार्यादिरूपम् 'इह' मनुष्यलोके 'सततम्' अनवरतं 'परिचर्य' विधिनाऽऽराध्य 'मुनिः' साधुः, किंविशिष्टो मुनिरित्याह–'जिनमतनिपुणः' आगमे प्रवीणः 'अभिगमकुशलो' लोकप्राघूर्णकादिप्रतिपत्तिदक्षः, स एवंभूतः विधूय रजोमलं पुराकृतं, क्षपयित्वाऽष्टप्रकारं कर्मेति भावः, किमित्याह-भास्वरां ज्ञानतेजोमयत्वात् 'अतुलाम्' अनन्यसदृशीं 'गतिं' सिद्धिरूपां 'व्रजती'ति गच्छति तदा जन्मान्तरेण वा

सुकुलप्रजात्यादिना प्रकारेण । ब्रवीमीति पूर्ववदिति सूत्रार्थः ॥१५॥

**ટીકાર્થ :** આ મનુષ્યલોકમાં આચાર્યવગેરે રૂપી ગુરુને સતત વિધિપૂર્વક આરાધીને આગમમાં પ્રવીણ, લોક અને મહેમાન સાધુ વગેરેની પ્રતિપત્તિ કરવામાં દક્ષ - ચતુર (અર્થાત્ તેઓની સાથે ઉચિત વર્તન કરવામાં ચતુર) આવાપ્રકારનો મુનિ પૂર્વે કરેલા આઠપ્રકારનાં કર્મરૂપ રજોમલને ખપાવીને ભાસ્વર, અતુલ ગતિને પામે છે.

જ્ઞાનનાં તેજ રૂપ હોવાથી સિદ્ધિગતિ ભાસ્વર કહેવાય.

તથા સિદ્ધિ જેવી બીજી કોઈ ગતિ નથી, તેથી તે અતુલ કહેવાય. આવી સિદ્ધિગતિમાં તે મુનિ ત્યારે = તે જ ભવમાં જાય, કે પછી સારાકુળમાં જન્મ વગેરે પ્રકારે જન્માન્તરવડે સિદ્ધિગતિમાં જાય.

**ब्रवीमि** એનો અર્થ પૂર્વની જેમ સમજવો.

**॥ इति विनयसमाधौ व्याख्यातस्तृतीय उद्देशः ॥३॥**

**તૃતીય ઉદ્દેશો સંપૂર્ણ**

## अथ चतुर्थ उद्देशः ।

अथ चतुर्थ आरभ्यते, तत्र सामान्योक्तविनयविशेषोपदर्शनार्थमिदमाह-

**सुअं मे आउसं ! तेणं भगवया एवमक्खायं-इह खलु थेरेहिं भगवंतेहिं चत्तारि विणयसमाहिट्ठाणा पन्नत्ता, कयरे खलु ते थेरेहिं भगवंतेहिं चत्तारि विणयसमाहिठाणा पन्नत्ता ?, इमे खलु ते थेरेहिं भगवंतेहिं चत्तारि विणयसमाहिट्ठाणा पन्नत्ता, तंजहा-विणयसमाही सुअसमाही तवसमाही आयारसमाही ।**

**विणए सुए अ तवे, आयारे निच्चपंडिआ ।**
**अभिरामयंति अप्पाणं, जे भवंति जिइंदिआ ॥१॥**

## ચતુર્થ ઉદ્દેશો

હવે ચોથો ઉદ્દેશો શરુ કરાય છે. તેમાં સામાન્યથી કહેવાયેલા વિનયની વિશેષતાને દેખાડવાને માટે આ કહે છે કે **श्रुतं मया...**

**सूत्र-१** આયુષ્મન્ ! મારાવડે સંભળાયું છે. તે ભગવાનવડે આમ કહેવાયું છે કે અહીં ખરેખર સ્થવિર ભગવંતોવડે ચાર વિનયસમાધિસ્થાનો કહેવાયા છે.

**પ્રશ્ન** : સ્થવિર ભગવંતોવડે તે કયા ચાર વિનયસમાધિસ્થાનો કહેવાયા છે ?

**ઉત્તર** : સ્થવિર ભગવંતોવડે તે આ ચાર વિનયસમાધિસ્થાનો કહેવાયા છે. તે આ પ્રમાણે-વિનયસમાધિ, શ્રુતસમાધિ, તપસમાધિ, આચારસમાધિ, તે આ પ્રમાણે વિનયમાં, શ્રુતમાં, તપમાં અને આચારમાં નિત્યપંડિતો આત્માને જોડે છે, જેઓ જિતેન્દ્રિય હોય છે.

**श्रुतं मया आयुष्मंस्तेन भगवता एवमाख्यातमित्येतद्यथा षड्जीवनिकायां तथैव द्रष्टव्यम्, इह 'खल्वि'ति इह क्षेत्रे प्रवचने वा खलुशब्दो विशेषणार्थः न केवलमत्र किं त्वन्यत्राप्यन्यतीर्थकृत्प्रवचनेष्वपि 'स्थविरैः' गणधरैः 'भगवद्भिः' परमैश्वर्यादियुक्तै-श्चत्वारि 'विनयसमाधिस्थानानि' विनयसमाधिभेदरूपाणि 'प्रज्ञप्तानि' प्ररूपितानि, भगवतः सकाशे श्रुत्वा ग्रन्थत उपरचितानीत्यर्थः, कतराणि खलु तानीत्यादिना प्रश्नः, अमूनि खलु तानीत्यादिना निर्वचनं, 'तद्यथे'त्युदाहरणोपन्यासार्थः, विनयसमाधिः १**

श्रुतसमाधिः २ तपःसमाधिः ३ आचारसमाधिः ४, तत्र समाधानं समाधिः-परमार्थत आत्मनो हितं सुखं स्वास्थ्यं, विनये विनयाद्वा समाधिः विनयसमाधिः, एवं शेषेष्वपि शब्दार्थो भावनीयः ॥ एतदेव श्लोकेन संगृह्णाति–'विनये' यथोक्तलक्षणे 'श्रुते' अङ्गादौ 'तपसि' बाह्यादौ 'आचारे च' मूलगुणादौ, चशब्दस्य व्यवहित उपन्यासः, 'नित्यं' सर्वकालं 'पण्डिताः' सम्यक्परमार्थवेदिनः, किं कुर्वन्तीत्याह – 'अभिरमयन्ति' अनेकार्थत्वादाभिमुख्येन विनयादिषु युञ्जते 'आत्मानं' जीवं, किमिति ?, अस्योपादेयत्वात्, क एवं कुर्वन्तीत्याह-ये भवन्ति 'जितेन्द्रिया' जितचक्षुरादिभावशत्रवः, त एव परमार्थतः पण्डिता इति प्रदर्शनार्थमेतदिति सूत्रार्थः ॥१॥

---

**ટીકાર્થ : श्रुतं... आख्यातम्** આ બધું જે પ્રમાણે ષડ્જીવનિકામાં કહેલું, તે જ પ્રમાણે જાણવું. **इह** આ ક્ષેત્રમાં કે આ પ્રવચનમાં, શાસનમાં... **खलु** શબ્દ વિશેષઅર્થવાળો છે એ વિશેષઅર્થ આ છે કે માત્ર અહીં નહિ, પણ અન્યક્ષેત્રોમાં પણ, અન્યતીર્થકરોનાં પ્રવચનોમાં પણ પરમઐશ્વર્યવગેરેથી યુક્ત એવા ગણધરોવડે વિનયસમાધિના ભેદ રૂપચારવિનયસમાધિસ્થાનો પ્રરૂપેલા છે. એટલે કે ભગવાનની પાસે સાંભળીને ગ્રન્થ રૂપે રચેલા છે.

**कतराणि...** એના દ્વારા પ્રશ્ન દર્શાવ્યો છે.

**अमूनि...** એના દ્વારા ઉત્તર દર્શાવ્યો છે.

**तद्यथा...** એ ઉદાહરણનો ઉપન્યાસ કરવામાટે છે.

(૧) વિનયસમાધિ (૨) શ્રુતસમાધિ (૩) તપસમાધિ (૪) આચારસમાધિ.

તેમાં સમાધાન એટલે સમાધિ, પરમાર્થથી આત્માનું હિત, સુખ, સ્વાસ્થ્ય. વિનયમાં કે વિનય દ્વારા સમાધિ તે વિનયસમાધિ. એ રીતે બાકીનામાં પણ શબ્દાર્થ વિચારી લેવો.

આ જ વાતને શ્લોકથી સંગૃહીત કરે છે... યથોક્તલક્ષણવાળા વિનયમાં, અંગવગેરે શ્રુતમાં, બાહ્ય વગેરે તપમાં અને મૂલગુણવગેરે આચારમાં સર્વકાળ પંડિત = સમ્યક્પરમાર્થનાં જ્ઞાતાઓ જીવને વિનય વગેરેમાં જોડે છે. ધાતુઓ અનેકઅર્થવાળા હોવાથી **अभिरमयन्ति** નો અર્થ **युञ्जते** કરેલો છે. તથા ગાથામાંના **च** શબ્દનો વ્યવહિત ઉપન્યાસ કરવો. અર્થાત્ **विनये श्रुते च तपसि आचारे** એમ વચ્ચે **च** છે, તેને **आचारे च** એમ છેક છેલ્લે જોડવો.

**પ્રશ્ન** : એ શા માટે વિનયાદિમાં જીવને જોડે છે ?

ઉત્તર : કેમકે વિનયાદિ ઉપાદેય છે.

પ્રશ્ન : આવું કોણ કરે ?

ઉત્તર : જેઓએ ચક્ષુવગેરે ભાવશત્રુઓને જીતી લીધા હોય તેઓ આવું કરે છે. "તેઓ જ પરમાર્થથી પંડિત છે." એ વાત દર્શાવવામાટે આ શબ્દ લખેલો છે.

---

विनयसमाधिमभिधित्सुराह-

**चउव्विहा खलु विणयसमाही भवइ, तंजहा-अणुसासिज्जंतो सुस्सूसइ १ सम्मं संपडिवज्जइ २ वेयमाराहइ ३ न य भवइ अत्तसंपग्गहिए ४ चउत्थं पयं भवइ । भवइ अ इत्थ सिलोगो-**

**पेहेइ हिआणुसासणं, सुस्सूसई तं च पुणो अहिट्ठए ।**
**न य माणमएण मज्जई, विणयसमाहि आययट्ठिए ।।२।।**

---

વિનયસમાધિને કહેવાની ઈચ્છવાળા કહે છે કે

સૂ.૨ ચારપ્રકારની વિનયસમાધિ છે. તે આ પ્રમાણે (૧) અનુશાસિત કરાતો શુશ્રૂષા કરે. (૨) સમ્યક્ સ્વીકારે. (૩) વેદને આરાધે. (૪) આત્મસંપ્રગૃહીત ન બને. ચોથું પદ છે. અહીં શ્લોક છે. હિતાનુશાસનને ઈચ્છે, તેને બરાબર જાણે, તેને આદરે. આયતાર્થી તે વિનયસમાધિમાં માનમદથી અહંકારી ન બને.

---

चतुर्विधः खलु विनयसमाधिर्भवति, 'तद्यथे'त्युदाहरणोपन्यासार्थः, 'अणुसासिज्जंतो' इत्यादि, 'अनुशास्यमानः' तत्र तत्र चोद्यमानः 'शुश्रूषति' तदनुशासनमर्थितया श्रोतुमिच्छति १, इच्छाप्रवृत्तितः तत् 'सम्यक् संप्रतिपद्यते' सम्यग्-अविपरीतमनुशासनतत्त्वं यथाविषयमवबुद्ध्यते २, स चैवं विशिष्टप्रतिपत्तेरेव वेदमाराधयति, वेद्यतेऽनेनेति वेदः-श्रुतज्ञानं तद् यथोक्तानुष्ठानपरतया सफलीकरोति ३, अत एव विशुद्धप्रवृत्तेः 'न च भवत्यात्मसंप्रगृहीतः' आत्मैव सम्यक् प्रकर्षेण गृहीतो येनाहं विनीतः सुसाधुरित्येवमादिना स तथाऽनात्मोत्कर्षप्रधानत्वाद्विनयादेः, न चैवंभूतो भवतीत्यभिप्रायः, 'चतुर्थं पदं भवती'त्येतदेव सूत्रक्रमप्रामाण्या-दुत्तरोत्तरगुणापेक्षया चतुर्थमिति, भवति च 'अत्र श्लोकः' अत्रेति विनयसमाधौ 'श्लोकः' छन्दोविशेषः ॥ स चायम्-'प्रार्थयते हितानुशासनम्' इच्छतीहलोक-परलोकोपकारिणमाचार्यादिभ्य उपदेशं, 'शुश्रूषती'त्यनेकार्थत्वाद्यथाविषयमवबुध्यते,

**तच्चावबुद्धं सत्पुनरधितिष्ठति-यथावत् करोति, न च कुर्वन्नपि 'मानमदेन' मानगर्वेण 'माद्यति' मदं याति 'विनयसमाधौ' विनयसमाधिविषये 'आयतार्थिको' मोक्षार्थीति सूत्रार्थः ॥२॥**

---

**ટીકાર્થ :** વિનયસમાધિ ચારપ્રકારની છે. **तद्यथा** શબ્દ ઉદાહરણનો ઉપન્યાસ કરવા માટે છે. (૧) તે તે કાર્યમાં પ્રેરણા કરાતો સાધુ તે અનુશાસનને અર્થિતાથી = ઈચ્છાથી = અભિલાષાથી સાંભળવા માટે ઈચ્છે. (અર્થાત્ "આ અનુશાસન તો હિતકારી છે, મારે સાંભળવું જ છે." એવી અભિલાષાથી સાંભળવા માટે ઈચ્છે...)

(૨) ઈચ્છાથી પ્રવૃત્તિ કરતો હોવાથી તે અનુશાસનતત્ત્વને અવિપરીત = વિષય પ્રમાણે જાણે.

(૩) તે સાધુ આ રીતે વિશિષ્ટ બોધ કરતો હોવાથી જ વેદને આરાધે છે. જેના વડે પદાર્થો જણાય તે વેદ. અર્થાત્ શ્રુતજ્ઞાન. તે શ્રુતજ્ઞાનને આરાધે એટલે કે તેમાં કહેલા અનુષ્ઠાનોમાં તત્પર બનવા દ્વારા તે શ્રુતજ્ઞાનને (ગુરુવચનથી પ્રાપ્ત થયેલા જ્ઞાનને) સફલ કરે.

(૪) આવું હોવાથી જ વિશુદ્ધપ્રવૃત્તિ હોવાના કારણે આત્મસંપ્રગૃહીત ન બને. હું વિનયી છું, સુસાધુ છું. આ પ્રમાણે આત્મા જ જેના વડે સારીરીતે પ્રકર્ષથી ગ્રહણ કરાયો હોય તે આત્મસંપ્રગૃહીત કહેવાય. પણ આ સાધુ આવો ન બને. કેમકે વિનય તો આત્મોત્કર્ષનાં અભાવની પ્રધાનતાવાળો છે. એટલે અભિપ્રાય એ છે કે તે સાધુ આવાપ્રકારનો ન બને.

આ **न भवति आत्म...** એ પદ જ સૂત્રના ક્રમની પ્રામાણિકતા પ્રમાણે ઉત્તરોત્તર ગુણની અપેક્ષાએ ચોથું પદ છે.

(**સાર :** ગુરુ જે અનુશાસન કરે = હિતશિક્ષા આપે = ઠપકો આપે, એને હર્ષથી સાંભળવાને ઈચ્છે, એ પહેલો પ્રકાર. આવી રીતે હર્ષથી સાંભળે એટલે એ અનુશાસનના બધા જ પદાર્થો = રહસ્યો બરાબર સમજી શકે, એ બીજો પ્રકાર. અને આ રીતે સમ્યગ્બોધ થવાથી વિશુદ્ધપ્રવૃત્તિ કરે. એને જીવનમાં ઉતારી એ જ્ઞાનને સાર્થક કરે એ ત્રીજો પ્રકાર. અને આવો વિનયી હોવાને લીધે જ આત્મોત્કર્ષવાળો ન બને એ ચોથો પ્રકાર...)

આ વિનયસમાધિને વિશે શ્લોક છે. એક છંદવિશેષ છે.

તે આ છે.

(૧) આ લોક અને પરલોકમાં હિતકારી બને એવા ઉપદેશને આચાર્યાદિ પાસેથી ઈચ્છે.

(૨) **शुश्रूषति** એટલે એને વિષય પ્રમાણે જાણે. ધાતુ અનેક અર્થવાળા હોવાથી આવો અર્થ થઈ શકે.

(૩) જણાયેલા તે અનુશાસનને બરાબર આચરે.

(૪) એ કરતો હોવા છતાં વિનયસમાધિરૂપી વિષયમાં માનગર્વથી મદ ન પામે. ("હું કેવો વિનયી ?" વગેરે મદ ન કરે.)

**પ્રશ્ન** : કોણ મદ ન પામે ?

ઉત્તર : મોક્ષાર્થી.

---

**उक्तो विनयसमाधिः, श्रुतसमाधिमाह-**

**चउव्विहा खलु सुअसमाही भवइ, तंजहा-सुअं मे भविस्सइत्ति अज्झाइअव्वं भवइ १, एगग्गचित्तो भविस्सामित्ति अज्झाइअव्वयं भवइ २, अप्पाणं ठावइस्सामित्ति अज्झाइअव्वयं भवइ ३, ठिओ परं ठावइस्सामित्ति अज्झाइअव्वयं भवइ ४, चउत्थं पयं भवइ । भवइ अ इत्थ सिलोगो-**

**नाणमेगग्गच्चित्तो अ, ठिओ अ ठावई परं ।**
**सुआणि अ अहिज्जित्ता, रओ सुअसमाहिए ॥३॥**

---

વિનયસમાધિ કહેવાઈ ગઈ. હવે શ્રુતસમાધિ કહે છે.

**સૂ.૩** શ્રુતસમાધિ ચારપ્રકારે છે. તે આ પ્રમાણે (૧) 'મારે શ્રુત થશે' આ પ્રમાણે ભણવું જોઈએ. (૨) 'એકાગ્રચિત્તવાળો થઈશ' એ પ્રમાણે ભણવું જોઈએ. (૩) 'આત્માને સ્થાપીશ' એ પ્રમાણે ભણવું જોઈએ. (૪) 'સ્થિત હું બીજાને સ્થાપીશ' એ પ્રમાણે ભણવું જોઈએ. ચોથું પદ છે. આમાં શ્લોક છે. જ્ઞાન, એકાગ્રચિત, સ્થિર, બીજાને સ્થાપે. શ્રુતોને ભણીને શ્રુતસમાધિમાં રત બને.

---

**चतुर्विधः खलु श्रुतसमाधिर्भवति, 'तद्यथे'त्युदाहरणोपन्यासार्थः । श्रुतं मे आचारादि द्वादशाङ्गं भविष्यतीत्यनया बुद्ध्याऽध्येतव्यं भवति, न गौरवाद्यालम्बनेन १, तथाऽध्ययनं कुर्वन्नेकाग्रचित्तो भविष्यामि न विप्लुतचित्त इत्यध्येतव्यं भवत्यनेन चालम्बनेन २, तथाऽध्यननं कुर्वन्विदितधर्मतत्त्व आत्मानं स्थापयिष्यामि शुद्धधर्म इत्यनेन चालम्बनेनाध्येतव्यं भवति ३, तथाऽध्ययनफलात् स्थितः स्वयं धर्मे 'परं' विनेयं स्थापयिष्यामि तत्रैवेत्यध्येतव्यं भवत्यनेनालम्बनेन ४ चतुर्थं पदं भवति । भवति**

चात्र श्लोक इति पूर्ववत् ॥ स चायम् – 'ज्ञान'मित्यध्ययनपरस्य ज्ञानं भवति 'एकाग्रचित्तश्च' तत्परतया एकाग्रालम्बनश्च भवति 'स्थित' इति विवेकाद्धर्मस्थितो भवति 'स्थापयति पर'मिति स्वयं धर्मे स्थितत्वादन्यमपि स्थापयति, श्रुतानि च नानाप्रकाराण्यधीतेऽधीत्य च 'रतः' सक्तो भवति श्रुतसमाधाविति सूत्रार्थः ॥३॥

**ટીકાર્થ :** શ્રુતસમાધિ ચારપ્રકારે છે. **तं जहा** શબ્દ ઉદાહરણનો ઉપન્યાસ કરવા માટે છે.

(૧) ભણવાથી "મને આચારાંગાદિ બાર અંગરૂપ શ્રુત પ્રાપ્ત થશે" આ બુદ્ધિથી ભણવું જોઈએ. પણ અહંકારાદિના આલંબનથી ન ભણવું જોઈએ. (હું વિદ્વાન બનીશ... વગેરે મદગર્ભિત બુદ્ધિથી ન ભણવું)

(૨) "અધ્યયન કરતો હું એકાગ્રચિત્તવાળો થઈશ. ચંચળ ચિત્તવાળો નહિ રહું." આ આલંબનથી ભણવું જોઈએ. (૩) અધ્યયન કરતો હું તત્ત્વનો જ્ઞાતા બનીશ અને તેથી શુદ્ધધર્મમાં આત્માને સ્થાપીશ. આ આલંબનથી ભણવું જોઈએ. (૪) અધ્યયનનાં ફલથી (કે બલથી) સ્વયં ધર્મમાં સ્થિર થયેલો હું શિષ્યને તે જ ધર્મમાં સ્થાપીશ... આ આલંબનથી ભણવું જોઈએ. આ ચોથું પદ છે.

આ શ્રુતસમાધિવિષયમાં શ્લોક છે... એ બધું પૂર્વવત્ સમજવું.

તે શ્લોક આ છે. (૧) અધ્યયનમાં લીન બનેલાને જ્ઞાન થાય. (૨) અધ્યયનમાં લીનતાના કારણે એકાગ્ર આલંબનવાળો બને. એટલે કે શ્રુતરૂપી આલંબનમાં એકદમ લીન બને. (૩) વિવેકપ્રાપ્ત થવાથી ધર્મમાં સ્થિર થાય. (૪) સ્વયં ધર્મમાં સ્થિર હોવાથી અન્યને પણ ધર્મમાં સ્થાપે. જુદા જુદા પ્રકારના શ્રુત ભણે, ભણીને શ્રુતસમાધિમાં આસક્ત બને.

---

उक्तः श्रुतसमाधिः, तपःसमाधिमाह-

**चउव्विहा खलु तवसमाही भवइ, तंजहा–नो इहलोगट्ठयाए तवमहिट्ठिज्जा १ नो परलोगट्ठयाए तवमहिट्ठिज्जा २, नो कित्तिवण्णसद्दसिलोगट्ठयाए तवमहिट्ठिज्जा ३, नन्नत्थ निज्जरट्ठयाए तवमहिट्ठिज्जा ४, चउत्थं पयं भवइ । भवइ अ इत्थ सिलोगो-**

**विविहगुणतवोरए निच्चं, भवइ निरासए निज्जरट्ठिए ।**
**तवसा धुणइ पुराणपावगं, जुत्तो सया तवसमाहिए ॥४॥**

---

શ્રુતસમાધિ કહેવાઈ ગઈ, હવે તપસમાધિને કહે છે.

સૂ.૪ ચાર પ્રકારની તપસમાધિ છે. તે આ પ્રમાણે (૧) આલોકને માટે તપ ન કરે. (૨) પરલોક માટે તપ ન કરે. (૩) કીર્તિ, વર્ણ, શબ્દ, શ્લોકને માટે તપ ન કરે. (૪) નિર્જરાની ઈચ્છાસિવાય તપ ન કરે. આ ચોથું પદ છે. આમાં શ્લોક છે. નિત્ય વિવિધગુણતપોરત, નિરાશ, નિર્જરાર્થી થાય. સદા તપસમાધિમાં જોડાયેલો તે તપથી જુનાકર્મોને ધુણાવે.

---

**चतुर्विधः खलु तपःसमाधिर्भवति, 'तद्यथे'त्युदाहरणोपन्यासार्थः, न 'इहलोकार्थम्' इहलोकनिमित्तं लब्ध्यादिवाञ्छया 'तपः' अनशनादिरूपम् 'अधितिष्ठेत्' न कुर्याद्धर्म्मिलवत् १, तथा न 'परलोकार्थं' जन्मान्तरभोगनिमित्तं तपोऽधितिष्ठेद्ब्रह्मदत्तवत्, एवं न 'कीर्तिवर्णशब्दश्लाघार्थ'मिति सर्वदिग्व्यापी साधुवादः कीर्तिः एकदिग्व्यापी वर्णः अर्द्धदिग्व्यापी शब्दः तत्स्थान एव श्लाघा, नैतदर्थं तपोऽधितिष्ठेत्, अपि तु 'नान्यत्र निर्जरार्थ'मिति न कर्मनिर्जरामेकां विहाय तपोऽधितिष्ठेत्, अकामः सन् यथा कर्मनिर्जरैव फलं भवति तथाऽधितिष्ठेदित्यर्थः चतुर्थं पदं भवति । भवति चात्र श्लोक इति पूर्ववत् ॥ स चायम्-विविधगुणतपोरतो हि नित्यम्-अनशनाद्यपेक्षयाऽनेकगुणं यत्तपस्तद्रत एव सदा भवति 'निराशो' निष्प्रत्याश इहलोकादिषु 'निर्जरार्थिकः' कर्मनिर्जरार्थी, स एवंभूतस्तपसा विशुद्धेन 'धुनोति' अपनयति 'पुराणपापं' चिरन्तनं कर्म, नवं च न बध्नात्येवं युक्तः सदा तपःसमाधाविति सूत्रार्थः ॥४॥**

---

**ટીકાર્થ** : ચાર પ્રકારની તપસમાધિ છે. **तद्यथा** શબ્દ ઉદાહરણનો ઉપન્યાસ કરવામાટે છે.

(૧) લબ્ધિ વગેરેની ઈચ્છાથી આલોક માટે અનશનાદિ રૂપ તપને ન કરે. દા.ત. ધમ્મિલ.

(૨) જન્માન્તરના ભોગને માટે તપ ન કરે. દા.ત. બ્રહ્મદત્ત. (જન્માન્તર માટે તપ કરેલો...)

(૩) એ રીતે કીર્તિ, વર્ણ, શબ્દ, શ્લોક માટે ધર્મ ન કરે, તેમાં સર્વદિશામાં વ્યાપેલો સાધુવાદ = પ્રશંસા એ કીર્તિ. એકદિશામાં વ્યાપેલો સાધુવાદ એ વર્ણ. અર્ધદિશામાં વ્યાપેલો સાધુવાદ એ શબ્દ. તે જ સ્થાનમાં વ્યાપેલો સાધુવાદ એ શ્લાઘા.

આ બધામાટે તપ ન કરે.

(૪) પરંતુ કર્મનિર્જરા રૂપી એક વસ્તુને છોડી દીધા વિના તપ કરે. આશય એ કે

કામનારહિત બનેલો તે જે રીતે કર્મનિર્જરા જ મળે, તે રીતે તપ કરે. આ ચોથું પદ છે.

આ તપસમાધિમાં શ્લોક છે... વગેરે પૂર્વની જેમ.

તે શ્લોક આ છે.

વિવિધગુણવાળા તપમાં સદા રત = અહીં અનશનવગેરે તપની અપેક્ષાએ તપ અનેકગુણવાળો છે. અર્થાત્ કોઈક તપના કોઈક ગુણો, કોઈક તપના કોઈક ગુણો... એમ અનેક ગુણોવાળો આ તપ છે. આવા તપમાં જ જે સદા રત-લીન હોય. આવો તે ઈહલોકાદિમાં આશંસા વિનાનો થાય. (પ્રત્યાશા = તપકરવાના બદલામાં જે ફળની આશા તે પ્રત્યાશા...) કર્મનિર્જરાની ઈચ્છાવાળો થાય.

તે આવાપ્રકારનો સાધુ વિશુદ્ધતપવડે જુનાકર્મને દૂર કરે. સદા તપસમાધિમાં જોડાયેલો તે નવાકર્મો ન બાંધે.

---

**उक्तस्तपःसमाधिः, आचारसमाधिमाह –**

**चउव्विहा खलु आयारसमाही भवइ, तंजहा-नो इहलोगट्ठयाए आयारमहिट्ठिज्जा १, नो परलोगट्ठयाए आयारमहिट्ठिज्जा २, नो कित्तिवण्णसद्दसिलोगट्ठयाए आयारमहिट्ठिज्जा ३, नन्नत्थ आरहंतेहिं हेऊहिं आयारमहिट्ठिज्जा ४ चउत्थं पयं भवइ । भवइ अ इत्थ सिलोगो-**

**जिणवयणरए अतिंतिणे, पडिपुन्नाययमाययट्ठिए ।**
**आयारसमाहिसंवुडे, भवइ अ दंते भावसंधए ॥५॥**

---

તપસમાધિ કહેવાઈ. હવે આચારસમાધિ કહે છે.

**સૂ.૫** ચારપ્રકારની આચારસમાધિ છે. તે આ પ્રમાણે (૧) આલોક માટે આચાર ન પાળે. (૨) પરલોક માટે આચાર ન પાળે. (૩) કીર્તિ, વર્ણ, શબ્દ, શ્લોકને માટે આચાર ન પાળે. (૩) અરિહંતસંબંધી હેતુઓ વિના અન્યહેતુથી આચારને ન પાળે. આ ચોથું પદ છે. આમાં શ્લોક છે. જિનવચનરત. અતિંતિણ, પ્રતિપૂર્ણ, અત્યંત આયતાર્થી, આચારસમાધિસંવૃત, દાન્ત, ભાવસંધક હોય.

---

चतुर्विधः खल्वाचारसमाधिर्भवति, 'तद्यथे'त्युदाहरणोपन्यासार्थः, नेहलोकार्थमित्यादि चाचाराभिधानभेदेन पूर्ववद्यावन्नान्यत्र 'आर्हतैः' अर्हत्संबन्धिभिर्हेतुभिरनाश्रवत्वादिभिः 'आचारं' मूलगुणोत्तरगुणमयमधितिष्ठेन्निरीहः

सन्.यथा मोक्ष एव भवतीति चतुर्थं पदं भवति । भवति चात्र श्लोक इति पूर्ववत् ॥ स चायम्—'जिनवचनरत' आगमे सक्तः 'अतिन्तिनः' न सकृत्किञ्चिदुक्तः सन्नसूयया भूयो भूयो वक्ता 'प्रतिपूर्णः' सूत्रादिना, 'आयतमायतार्थिक' इत्यत्यन्तं मोक्षार्थी 'आचारसमाधिसंवृत' इति आचारे यः समाधिस्तेन स्थगिताश्रवद्वारः सन् भवति दान्त इन्द्रियनोइन्द्रियदमाभ्यां 'भावसंधकः' भावो-मोक्षस्तत्संधक आत्मनो मोक्षासन्नकारीति सूत्रार्थः ॥५॥

**ટીકાર્થ :** ચારપ્રકારની આચારસમાધિ છે. **तद्यथा** ઉદાહરણનો ઉપન્યાસ કરવામાટે છે. **नेहलोकादिक...** વગેરે બધું આચાર એ પ્રમાણે શબ્દભેદથી પૂર્વની જેમ જાણવું. છેક છેલ્લે... 'હું આશ્રવરહિત બનું' વગેરે અરિહંતો સંબંધી હેતુઓ વિના અન્યહેતુઓથી આચારને ન પાળે. પણ એજ હેતુઓ વડે મૂલગુણ અને ઉત્તરગુણરૂપ એવા આચારને નિરીહ થયેલો સાધુ તે રીતે પાળે કે જેથી મોક્ષ જ થાય. આ ચોથું પદ છે.

આચારસમાધિવિષયમાં આશ્લોક છે... વગેરે પૂર્વની જેમ.

તે શ્લોક આ છે.

(૧) જિનવચનમાં = આગમમાં આસક્ત (૨) અતિન્તિન = એકવાર કંઈક કહેવાયેલો છતાં ગુસ્સાથી (અથવા તો ખુલ્લે ખુલ્લી ભાષામાં) વારંવાર બોલનારો ન હોય. (૩) સૂત્રવગેરેથી પૂર્ણ (૪) અત્યંતપણે આયતનો = મોક્ષનો અભિલાષી (૫) આચારમાં સ્વસ્થતાવડે આશ્રવદ્વારોને બંધ કરી ચૂકેલો (૬) ઈન્દ્રિય અને નોઈન્દ્રિયના દમનદ્વારા દાન્ત (૭) ભાવ-મોક્ષને જોડનાર... અર્થાત્ આત્માનાં મોક્ષને નજીક કરનાર થાય.

सर्वसमाधिफलमाह—

**अभिगम चउरो समाहिओ, सुविसुद्धो सुसमाहिअप्पओ ।**
**विउलहिअं सुहावहं पुणो, कुव्वइ अ सो पयखेममप्पणो ॥६॥**

સર્વસમાધિનાં ફલને કહે છે.

**સૂ.૬** ચાર સમાધિને પામીને, સુવિશુદ્ધ, સુસમાહિત આત્મવાળો તે સાધુ વિપુલહિતરૂપી સુખાવહ, આત્માના ક્ષેમભૂત પદને કરે છે.

'अभिगम्य' विज्ञायासेव्य च 'चतुरः समाधीन्' अनन्तरोदितान्, सुविशुद्धो

मनोवाक्कायैः, सुसमाहितात्मा सप्तदशविधे संयमे, एवंभूतो धर्मराज्यमासाद्य 'विपुलहितसुखावहं पुन'रिति विपुलं-विस्तीर्णं हितं तदात्वे आयत्यां च पथ्यं सुखमावहति-प्रापयति यत्तत् तथाविधं करोत्यसौ साधुः पदं-स्थानं क्षेमं-शिवम् आत्मन इत्यात्मन एव न त्वन्यस्य इत्यनेनैकान्तक्षणभङ्गव्यवच्छेदमाहेति सूत्रार्थः ॥६॥

---

**टीकार्थ** : અનંતર કહેલી ચારસમાધિને જાણીને અને આદરીને મનવચનકાયાથી વિશુદ્ધ, સત્તર પ્રકારનાં સંયમમાં સુસમાહિત આત્માવાળો આવાપ્રકારનો સાધુ ધર્મરાજ્યને પામીને, વિસ્તૃત = વિશાળ, હિત એટલે કે તે કાળે અને ભવિષ્યમાં પણ પથ્ય = હિતરૂપ એવા સુખને જે લાવી આપે તેવા સ્થાનને આ સાધુ કરે. કે જે સ્થાન આત્માનાં કલ્યાણભૂત છે.

**अप्पणो** એટલે આત્માને જ શિવભૂત, અન્યને નહિ. આના દ્વારા એકાંતે ક્ષણિકવાદનો વ્યવચ્છેદ કહ્યો. (ક્ષણમાત્રમાં જ વસ્તુનો વિનાશ-ભંગ થઈ જાય એવું બોલનારાઓનો વાદ ક્ષણભંગવાદ કહેવાય. અહીં એ દર્શાવ્યું કે જે આત્મા અત્યારે છે, તેનું જ ભવિષ્યમાં હિત થઈ રહ્યું છે. બીજાનું નહિ. એટલે એ આત્મા ક્ષણિક નથી. પણ ચિરકાલસ્થાયી છે.. એ નક્કી થાય છે.)

---

एतदेव स्पष्टयति–

**जाइमरणाओ मुच्चइ, इत्थंथं च चएइ सव्वसो ।**

**सिद्धे वा हवइ सासए, देवे वा अप्परए महड्डिए ॥७॥ त्ति बेमि ॥**

**चउत्थो उद्देसो समत्तो ॥४॥ विणयसमाहीणामज्झयणं समत्तं ॥९॥**

---

આ જ વાત સ્પષ્ટ કરે છે.

સૂ.૭ : જન્મમરણ મૂકાય છે. ઇત્થંસ્થને સર્વપ્રકારે ત્યાગે છે, સિદ્ધ થાય છે શાશ્વત થાય છે અથવા અલ્પરત મહર્દ્ધિકદેવ થાય છે.

---

'जातिमरणात्' संसारान्मुच्यते असौ सुसाधुः 'इत्थंस्थं चेती'दंप्रकारमापन्नमित्थम् इत्थं स्थितमित्थंस्थं-नारकादिव्यपदेशबीजं वर्णसंस्थानादि तच्च त्यजति 'सर्वशः' सर्वैः प्रकारैरपुनर्ग्रहणतया एवं 'सिद्धो वा' कर्मक्षयात्सिद्धो भवति 'शाश्वतः' अपुनरागामी सावशेषकर्मा देवो वा 'अल्परतः' कण्डूपरिगतकण्डूयनकल्परतरहितः 'महर्द्धिकः' अनुत्तरवैमानिकादिः । ब्रवीमीति पूर्ववदिति सूत्रार्थः, उक्तोऽनुगमः, नयाः पूर्ववत् ॥७॥

**इति चतुर्थः ॥४॥**

**ટીકાર્થ :** આ સાધુ જન્મમરણ રૂપ સંસારથી મુક્ત થાય છે. તથા ઈત્થંસ્થને સર્વપ્રકારે ત્યાગે છે. **इत्थंस्थं** નો અર્થ આ પ્રમાણે કે આ પ્રકારને પામેલું હોય તે **इत्थं** (વિવક્ષિત કોઈપણ પ્રકારને પામેલું હોય તે **इत्थं**) એ પ્રમાણે રહેલું જે હોય તે **इत्थंस्थं** અર્થાત્ આ નારક, આ દેવ... એ વગેરે વ્યવહારના બીજભૂત એવા વર્ણ, સંસ્થાનાદિ તે **इत्थंस्थं** કહેવાય. તેને આ સાધુ સર્વપ્રકારે ત્યાગે છે. એટલે કે ફરી એ ગ્રહણ જ ન કરવા પડે એ રીતે ત્યાગે છે.

આવો તે સાધુ કર્મનાં ક્ષયથી સિદ્ધ થાય. શાશ્વત = ફરી સંસારમાં ન આવનારો થાય. પણ જો કર્મો બાકી રહેલા હોય તો અલ્પરત, મહર્દ્ધિકદેવ થાય.

એમાં અલ્પરત એટલે ખંજવાળથી વ્યાપ્ત માણસ જેમ ખંજવાળ ખણે, તેના જેવી જે વિષયેચ્છા તેનાથી રહિત દેવ થાય. (કામવાસના રૂપી ખંજવાળ ઉત્પન્ન થાય. એટલે વિષયસેવનરૂપ ખંજવાળ ખણવામાં આવે. એનાથી તત્કાળ શાંતિ થાય. પણ ઝાઝો લાભ નહિ. કામવાસના રૂપી ખંજવાળ વધે... આ સાધુ આવી વિષયેચ્છાવિનાનો દેવ થાય.)

મહર્દ્ધિક એટલે અનુત્તરવિમાનવાસી વગેરે. (ત્યાં મૈથુન નથી...)

**ब्रवीमि** એ પૂર્વની જેમ...

અનુગમ કહેવાયો.

નયો પૂર્વવત્

આ પ્રમાણે **ચોથો ઉદ્દેશો પૂર્ણ થયો.**

**इति श्रीहरिभद्रसूरिविरचितायां दशवैकालिकबृहद्वृत्तौ नवममध्ययनम् संपूर्णम् ॥९॥**

**વિનયસમાધિ અધ્યયન વ્યાખ્યાન કરાયું.**

## ॥ अथ दशमं सभिक्षुनामाध्ययनम् प्रारभ्यते ॥

अधुना सभिक्ष्वाख्यमारभ्यते, अस्य चायमभिसंबन्धः, इहानन्तराध्ययन आचारप्रणिहितो यथोचितविनयसंपन्नो भवति एतदुक्तम्, इह त्वेतेष्वेव नवस्वध्ययनार्थेषु यो व्यवस्थितः स सम्यग्भिक्षुरित्येतदुच्यते, इत्यनेनाभिसंबन्धेनायातमिदमध्ययनम्, अस्य चानुयोगद्वारोपन्यासः पूर्ववत्तावद्यावन्नामनिष्पन्नो निक्षेपः, तत्र च सभिक्षुरित्यध्ययननाम, अतः सकारो निक्षेप्तव्यो भिक्षुश्च, तत्र सकारनिक्षेपमाह–

नामंठवणसयारो दव्वे भावे अ होइ नायव्वो । दव्वे पसंसमाई भावे जीवो तदुवउत्तो ॥३२८॥

## સભિક્ષુનામક દશમું અધ્યયન

હવે સભિક્ષુ નામનું અધ્યયન શરુ કરાય છે. આનો આ સંબંધ છે. અહીં અનન્તરઅધ્યયનમાં = નવમા અધ્યયનમાં કહ્યું કે "આચારમાં પ્રણિધાનવાળો સાધુ યથોચિતવિનયસંપન્ન બને છે" આ ૧૦માં અધ્યયનમાં એ કહેવાય છે કે "નવ અધ્યયનનાં અર્થોમાં જે સાધુ વ્યવસ્થિત છે (અર્થાત્ કહેવાયેલા આચારો પાળે છે) તે સમ્યગ્ ભિક્ષુ છે." આ સંબંધથી આવેલું આ અધ્યયન છે. આના અનુયોગદ્વારોનો ઉપન્યાસ પૂર્વની જેમ ત્યાં સુધી કરવો, કે યાવત્ નામનિષ્પન્ન નિક્ષેપ આવે. તેમાં અધ્યયનનું નામ **सभिक्षुः** છે. આથી **स** કારનો અને **भिक्षु** નો નિક્ષેપ કરવાનો છે.

તેમાં **स** કારના નિક્ષેપ કહે છે.

**નિ.૩૨૮ ગાથાર્થ :** નામ અને સ્થાપના **स** કાર, દ્રવ્યમાં અને ભાવમાં **स** કાર જાણવો. દ્રવ્યમાં પ્રશંસાદિ અને ભાવમાં તદુપયુક્ત જીવ.

नामसकारः सकार इति नाम, स्थापनासकारः सकार इति स्थापना, 'द्रव्ये भावे च भवति ज्ञातव्यः' द्रव्यसकारो भावसकारश्च, तत्र द्रव्य इत्यागमनोआगमज्ञशरीर-भव्यशरीरतद्व्यतिरिक्तः प्रशंसादिविषयो द्रव्यसकारः, भाव इति भावसकारो जीवः 'तदुपयुक्तः' सकारोपयुक्तः तदुपयोगानन्यत्वादिति गाथार्थः ॥

**ટીકાર્થ :** નામ **स** કાર એટલે 'સકાર' એ પ્રમાણે નામ. સ્થાપના સકાર એટલે 'સકાર' એ પ્રમાણે સ્થાપના. દ્રવ્યમાં અને ભાવમાં **स** કાર જાણવો. એટલે કે દ્રવ્ય સકાર

અને ભાવ સકાર... તેમાં દ્રવ્યસકારમાં આગમ-નોઆગમજ્ઞશરીર ભવ્યશરીરતદ્વ્યતિરિક્ત દ્રવ્યસકાર પ્રશંસાદિ સંબંધી જાણવો. (આગમતઃ, નોઆગમતઃ જ્ઞશરીર, નો-આગમતઃ ભવ્યશરીર... આ ત્રણ દ્રવ્યભેદો અત્રે દર્શાવેલા નથી, એ સ્વયં સમજવા.)

ભાવસકાર એટલે સકારમાં ઉપયોગવાળો જીવ. કેમકે તે જીવ તે ઉપયોગથી અભિન્ન છે. (એટલે સકારોપયોગથી અભિન્ન એવો જીવ પોતે ભાવસકાર કહેવાય...)

**प्रकृतोपयोगीत्यागमनोआगमज्ञशरीरभव्यशरीरातिरिक्तं प्रशंसादिविषयं द्रव्यसकारमाह –**

निद्देसपसंसाए अत्थीभावे अ होइ उ सगारो । निद्देसपसंसाए अहिगारो इत्थ अज्झयणे ॥३२९॥

(આમાં પ્રશંસા માટે વપરાતો દ્રવ્યસકાર) પ્રસ્તુતમાં ઉપયોગી છે. એટલે આગમ, નોઆગમ જ્ઞશરીર-ભવ્યશરીરથી અતિરિક્ત એવા પ્રશંસાદિ વિષયવાળા દ્રવ્યસકારને કહે છે.

**નિ.૩૨૯ ગાથાર્થ**: નિર્દેશમાં, પ્રસંશામાં અને અસ્તિભાવમાં **स** કાર હોય છે. આ અધ્યયનમાં નિર્દેશ અને પ્રશંસામાં અધિકાર છે.

**निर्देशे प्रशंसायामस्तिभावे चेत्येतेष्वर्थेषु त्रिषु भवति तु सकारः । तत्र निर्देशे यथा सोऽनन्तरमित्यादि, प्रशंसायां यथा सत्पुरुष इत्यादि, अस्तिभावे यथा सद्भूतममुक-मित्यादि । तत्र 'निर्देशप्रसंशाया'मिति निर्देशे प्रशंसायां च यः सकारस्तेनाधिकारोऽत्रा-ध्ययने प्रक्रान्त इति गाथार्थः ॥**

**ટીકાર્થ : स** કાર ત્રણ અર્થોમાં હોય છે. (૧) નિર્દેશમાં (૨) પ્રશંસામાં (૩) અસ્તિભાવમાં તેમાં નિર્દેશમાં **सोऽनन्तरं...** વગેરે. (તે માણસ તરત જ... આમાં **ते** એ વિવક્ષિત માણસનો નિર્દેશ કરવા માટે વપરાયેલો **स** કાર છે.)

પ્રશંસામાં, જેમકે **सत्पुरुषः** વગેરે. આમાં **स** એ પ્રશંસામાં છે.

અસ્તિત્વમાં, જેમકે અમુક વસ્તુ સદ્ભૂત છે = વિદ્યમાન છે.

આમાં જે **स** કાર નિર્દેશમાં અને પ્રશંસામાં વપરાય છે. તેના વડે આ અધ્યયનમાં પ્રસ્તુત છે = અધિકાર છે. (જે આવો આવો છે. તે ભિક્ષુ છે. આ રીતે નિર્દેશમાં...

જે આવો આવો છે, સારો ભિક્ષુ છે = સભિક્ષુ છે. આ રીતે પ્રશંસામાં...)

**एतदेव दर्शयति –**

जे भावा दसवेआलिअम्मि करणिज्ज वण्णिअ जिणेहिं । तेसिं समावणंमिति(मी) जो भिक्खू भन्नइ स भिक्खू ॥३३०॥

આ જ દેખાડે છે.

**નિ.૩૩૦ ગાથાર્થ :** દશવૈકાલિકમાં જિનોવડે જે ભાવો કરણીય વર્ણવાયા છે, તેમના સમાપનમાં જે ભિક્ષુ તે ભિક્ષુ કહેવાય.

**ये 'भावाः' पदार्थाः पृथिव्यादिसंरक्षणादयो 'दशवैकालिके' प्रस्तुते शास्त्रे 'करणीया' अनुष्ठेया 'वर्णिताः' कथिता जिनैः-तीर्थकरगणधरैः, 'तेषां' भावानां 'समापने' यथाशक्त्या(क्ति) द्रव्यतो भावतश्चाचरणेन पर्यन्तनयनेन 'यो भिक्षुः' तदर्थं यो भिक्षणशीलो न तूदरादिभरणार्थं भण्यते स भिक्षुरिति, इतिशब्दस्य व्यवहित उपन्यासः । स भिक्षुरित्यत्र निर्देशे सकार इति गाथार्थः ॥**

**ટીકાર્થ :** દશવૈકાલિક નામના પ્રસ્તુત શાસ્ત્રમાં પૃથ્વીવગેરેનું સંરક્ષણ વગેરે રૂપ જે ભાવો અનુષ્ઠાન કરવાયોગ્ય તરીકે તીર્થંકરો અને ગણધરોવડે વર્ણવાયેલા છે, તે ભાવોને પોતાની શક્તિપ્રમાણે દ્રવ્યથી અને ભાવથી આચરવાદ્વારા અંત સુધી લઈ જવા = પૂર્ણ કરવામાટે જે ભિક્ષાટન કરવાના સ્વભાવવાળો છે, પરંતુ પેટ વગેરે ભરવામાટે ભિક્ષા નથી કરતો, તે ભિક્ષુ **इति** શબ્દનો વ્યવહિત ઉપન્યાસ કરવો. (**समावणंमिति** માં જે **इति** છે, તેને છેક ગાથાના અંતે જોડવો તથા પર્યન્તનયનેન = પર્યન્તનયનાર્થે એમ અર્થ ધ્યાનમાં લેવો.)

અહીં નિર્દેશમાં **स** કાર વપરાયો છે.

**प्रशंसायामाह –**

चरगमरुगाइआणं भिक्खुजीवीण काउणमपोहं । अज्झयणगुणनिउत्तो होइ पसंसाइ उ सभिक्खू ॥३३१॥

પ્રશંસામાં **स** કારને કહે છે.

**નિ.૩૩૧ ગાથાર્થ :** ભિક્ષોપજીવી ચરક, મરુક વગેરેના અપોહને કરીને અધ્યયનગુણનિયુક્ત પ્રશંસામાં સદ્‌ભિક્ષુ હોય.

'चरकमरुकादीना'मिति चरका:-परिव्राजकविशेषा: मरुका-धिग्वर्णा: आदिशब्दाच्छाक्यादिपरिग्रहः, अमीषां 'भिक्षोपजीविनां' भिक्षणशीलानामगुणवत्त्वेनापोहं कृत्वा 'अध्ययनगुणनियुक्त:' प्रक्रान्तशास्त्रनिष्यन्दभूतप्रक्रान्ताध्ययनाभिहितगुणसमन्वितो भवति । प्रशंसायामवगम्यमानायां सद्भिक्षु:-संश्चासौ भिक्षुश्च तत्तदन्यापोहेन सद्भिक्षुरिति गाथार्थ: ॥

**ટીકાર્થ :** ચરકો એટલે વિશેષપ્રકારના પરિવ્રાજકો, મરુકો = બ્રાહ્મણો, **आदि** શબ્દથી શાક્યવગેરે લેવા. ભિક્ષા કરવાના સ્વભાવવાળા આ બધાને અગુણવાળા તરીકે જાણી એમનો ત્યાગ કરી (એટલે કે એમના જેવો ન બનીને) પ્રસ્તુતશાસ્ત્રનાં સાર સમાન પ્રસ્તુતઅધ્યયનમાં કહેવાયેલા ગુણોથી યુક્ત જે હોય, તે સારો ભિક્ષુ છે. અહીં પ્રશંસા જણાઈ રહી છે, એટલે સારો એવો ભિક્ષુ એમ અર્થ લેવો. અર્થાત્ તે તે બીજા સાધુઓના અપોહ = ત્યાગ = બાદબાકી દ્વારા આ સારો ભિક્ષુ છે.

**उक्त: सकार:, इदानीं भिक्षुमभिधातुकाम आह–**

भिक्खुस्स य निक्खेवो निरुत्तएगट्ठिआणि लिंगाणि । अगुणट्ठिओ न भिक्खू अवयवा पंच दाराइं ॥३३२॥

**स** કાર કહેવાયો.

હવે **भिक्षु** ને કહેવાની ઈચ્છાવાળા કહે છે.

**નિ.૩૩૨ ગાથાર્થ :** ભિક્ષુનો નિક્ષેપ, નિરુક્ત, એકાર્થિક, લિંગ, અગુણસ્થિત ભિક્ષુ નથી, પાંચ અવયવો... આ દ્વારો છે.

**भिक्षो: 'निक्षेपो' नामादिलक्षण: कार्य:, तथा निरुक्तं वक्तव्यं भिक्षोरेव, तथा 'एकार्थिकानि' पर्यायशब्दरूपाणि वक्तव्यानि, तथा 'लिङ्गानि' संवेगादीनि, तथा अगुणस्थितो न भिक्षुरपि तु गुणस्थित एवेत्येतद्वाच्यम् । अत्र च 'अवयवा: पञ्च' प्रतिज्ञादयो वक्ष्यमाणा इति, द्वाराण्येतानीति गाथासमासार्थ: ॥**

**ટીકાર્થ :** (૧) ભિક્ષુનો નામાદિ રૂપ નિક્ષેપ કરવો. (૨) ભિક્ષુશબ્દનું જ નિરુક્ત કહેવું. (૩) ભિક્ષુના પર્યાયવાચી શબ્દો કહેવા. (૪) સંવેગાદિ લિંગો કહેવા. (૫) અગુણમાં રહેલો હોય તે ભિક્ષુ નહિ, પણ ગુણમાં રહેલો હોય તેજ ભિક્ષુ આ કહેવું.

(૬) અહીં પ્રતિજ્ઞા વગેરે વક્ષ્યમાણ પાંચ અવયવો છે.

આ દ્વારો છે.

ગાથાનો સંક્ષેપથી અર્થ થયો.

**यथाक्रमं व्यासार्थमाह —**

णामंठवणाभिक्खू दव्वभिक्खू अ भावभिक्खू अ। दव्वम्मि आगमाई अन्नोऽवि अ पज्जवो इणमो ॥३३३॥

ક્રમશઃ વિસ્તારથી અર્થને કહે છે.

**નિ.૩૩૩ ગાથાર્થ :** નામ અને સ્થાપના ભિક્ષુ, દ્રવ્યભિક્ષુ અને ભાવભિક્ષુ. દ્રવ્યમાં આગમાદિ. આ બીજો પણ પર્યાય છે.

**'नामस्थापनाभिक्षु'रिति भिक्षुशब्दः प्रत्येकमभिसंबध्यते, नामभिक्षुः स्थापनाभिक्षुः द्रव्यभिक्षुश्च भावभिक्षुश्चेति । तत्र नामस्थापने क्षुण्णत्वादनादृत्य द्रव्यभिक्षुमाह—'द्रव्य' इति द्रव्यभिक्षुः 'आगमादिः' आगमनोआगमज्ञशरीरभव्यशरीरतद्व्यतिरिक्तैकभविकादिभेदभिन्नः, अन्योऽपि च 'पर्यायो' भेदः 'अयं' द्रव्यभिक्षोर्वक्ष्यमाणलक्षण इति गाथार्थः ॥**

**ટીકાર્થ : नामस्थापनाभिक्षुः** માં ભિક્ષુ શબ્દ દરેક સાથે જોડાશે. એટલે નામભિક્ષુ... ભાવભિક્ષુ તેમાં નામસ્થાપના પ્રચલિત હોવાથી એનો અનાદર કરીને દ્રવ્યભિક્ષુને દર્શાવે છે કે દ્રવ્યભિક્ષુ આગમ વગેરે છે. એટલે કે આગમથી દ્રવ્યભિક્ષુ, નોઆગમથી જ્ઞશરીર, નોઆગમથી ભવ્યશરીર, નોઆગમથી તદ્વ્યતિરિક્ત, એક ભવિક વગેરે ભેદોથી જુદા જુદા પ્રકારનો ભિક્ષુ છે. દ્રવ્યભિક્ષુનો વક્ષ્યમાણલક્ષણવાળો અન્ય પણ પર્યાય છે.

भेअओ भेअणं चेव, भिंदिअव्वं तहेव य। एएसिं तिण्हंपि अ, पत्तेअपरूवणं वोच्छं ॥३३४॥

**નિ.૩૩૪ ગાથાર્થ :** ભેદ, ભેદન તથા ભેત્તવ્ય, આ ત્રણેયની પ્રત્યેકની પ્રરૂપણા કહીશ.

**भेदकः पुरुषः भेदनं चैव परश्वादि भेत्तव्यं तथैव च काष्ठादीति भावः । एतेषां 'त्रयाणामपि' भेदकादीनां 'प्रत्येकं' पृथक्पृथक् प्ररूपणां वक्ष्य इति गाथार्थः ॥**

**ટીકાર્થ :** ભેદક તરીકે પુરુષ, ભેદન તરીકે પરશુ વગેરે. ભેત્તવ્ય તરીકે લાકડા વગેરે.

ભેદકાદિ આ ત્રણેયની જુદી જુદી પ્રરૂપણા કહીશ.

**एतदेवाह –**

जह दारुकम्मगारो भेअणभित्तव्वसंजुओ भिक्खू । अन्नेवि दव्वभिक्खू जे जायणगा अविरया अ ॥३३५॥

એજ કહે છે.

**નિ.૩૩૫ ગાથાર્થ :** જેમ લાકડાનું કામ કરનારો ભેદન અને ભેત્તવ્યથી સંયુક્ત છતો ભિક્ષુ છે. તેમ બીજા યાચક અને અવિરત જે છે, તે દ્રવ્યભિક્ષુ છે.

**यथा '<u>दारुकर्मकरो</u>' वर्धक्यादिः भेदनभेत्तव्यसंयुक्तः सन्-क्रियाविशिष्ट-विदारणादिदारुसमन्वितो द्रव्यभिक्षुः, द्रव्यं भिनत्तीतिकृत्वा, तथाऽन्येऽपि <u>द्रव्यभिक्षवः</u>-अपारमार्थिकाः, क इत्याह–ये '<u>याचनका</u>' भिक्षणशीला '<u>अविरताश्च</u>' अनिवृत्ताश्च पापस्थानेभ्य इति गाथार्थः ॥ एते च द्विविधाः-गृहस्था लिङ्गिनश्चेति,**

**ટીકાર્થ :** જેમ સુથાર પરશુ અને લાકડાવાળો હોય એટલે કે ભેદવાની ક્રિયાથી વિશિષ્ટ વિદારણાદિ = કુહાડી વગેરે અને લાકડાથી યુક્ત હોય તે દ્રવ્યભિક્ષુ છે. કેમકે તે દ્રવ્યને ભેદે છે. (**भिक्षु** શબ્દ **भिद्** ધાતુ અને **भिक्ष्** ધાતુ એમ બે ધાતુ પરથી બને છે. અહીં **भिद्** ધાતુને અનુસારે અર્થ દર્શાવાય છે.)

એમ બીજા પણ દ્રવ્યભિક્ષુઓ = અપારમાર્થિક ભિક્ષુઓ છે.

**પ્રશ્ન :** કોણ છે ?

**ઉત્તર :** જેઓ ભિક્ષા માંગવાના સ્વભાવવાળા છે. અને પાપસ્થાનોથી અટકેલા નથી તે... આ બે પ્રકારના છે. ગૃહસ્થો અને લિંગધારીઓ.

**तदाह –**

गिहिणोऽवि सयारंभग उज्जुप्पन्नं जणं विमग्गंता । जीवणिअ दीणकिविणा ते विज्जा दव्वभिक्खुत्ति ॥३३६॥

**નિ.૩૩૬ ગાથાર્થ :** ગૃહસ્થો પણ સદા આરંભકરનારા, સરળપ્રજ્ઞાવાળા માણસ પાસે યાચનાકરનારા, જીવિકામાટે દીનકૃપણ તે દ્રવ્યભિક્ષુ જાણવા.

'गृहिणोऽपि' सकलत्रा अपि 'सदारंभका' नित्यमारम्भकाः षण्णां जीवनिकायानामृजुप्रज्ञं जनं अनालोचकं विमृगयन्तः-अनेकप्रकारं द्विपदादि भूमिदेवा वयं लोकहितायावतीर्णा इत्यभिधाय याचमानाः, द्रव्यभिक्षणशीलत्वाद्द्रव्यभिक्षवः, एते च धिग्वर्णाः, तथा ये च 'जीवनिकायै' जीवनिकानिमित्तं 'दीनकृपणाः' कार्पटिकादयो भिक्षामटन्ति तान् 'विद्याद्' विजानीयाद्द्रव्यभिक्षूनिति, द्रव्यार्थं भिक्षणशीलत्वादिति गाथार्थः ॥

**ટીકાર્થ :** જેઓ ગૃહસ્થ છે = પત્નીવાળા છે, નિત્ય ષડ્જીવનિકાની હિંસા કરનારા છે, તેઓ પણ સરળબુદ્ધિવાળા, વિચારનહિકરનારા માણસ પાસે અનેકપ્રકારે દ્વિપદ = નોકર વગેરે વસ્તુઓની યાચના કરે છે કે "અમે ભૂમિદેવ છીએ, લોકના હિતમાટે ધરતી પર ઉતરેલા છીએ. (અમને આપો.)"

આ બધા દ્રવ્યની ભિક્ષા માંગવાના સ્વભાવવાળા હોવાથી દ્રવ્યભિક્ષુ છે. (અહીં **भिक्ष्** ધાતુ પ્રમાણે **भिक्षु** શબ્દ જાણવો.)

**પ્રશ્ન :** આ કોણ છે ?

**ઉત્તર :** બ્રાહ્મણો આવા છે.

તથા આજીવિકાને માટે જે દીન, કૃપણો એટલે કે ફેરિયા વગેરે ભિક્ષા ફરે છે. તેમને દ્રવ્યભિક્ષુ જાણો. કેમકે તેઓ દ્રવ્યને માટે ભિક્ષા ફરવાના સ્વભાવવાળા છે.

**उक्ता गृहस्थद्रव्यभिक्षवः, लिङ्गिनोऽधिकृत्याह—**

मिच्छद्दिट्ठी तसथावराण पुढवाइबिंदिआईणं । निच्चं वहकरणरया अबंभयारी अ संचइआ ॥३३७॥

ગૃહસ્થ દ્રવ્યભિક્ષુઓ કહેવાયા.

હવે લિંગધારીઓને આશ્રયીને કહે છે.

**નિ.૩૩૭ ગાથાર્થ :** મિથ્યાદષ્ટિઓ, પૃથ્વી વગેરે અને બેઈન્દ્રિય વગેરે ત્રસ-સ્થાવરજીવોનો વધ કરવામાં રત અબ્રહ્મચારી, સંચયવાળા (દ્રવ્યભિક્ષુ છે.)

**शाक्यभिक्षुप्रभृतयो हि 'मिथ्यादृष्टयः' अतत्त्वाभिनिवेशिनः प्रशमादिलिङ्गशून्याः, त्रसस्थावराणां प्राणिनां पृथिव्यादीनां द्वीन्द्रियादीनां च, अत्र पृथिव्यादयः स्थावराः** द्वीन्द्रियादयस्त्रसाः, नित्यं वधकरणरताः-सदैतदतिपाते सक्ताः, कथमित्यत्राह-

**अब्रह्मचारिणः संचयिनश्च यतः, अतोऽप्रधानत्वाद्द्रव्यभिक्षवः, चशब्दस्य व्यवहित उपन्यास इति गाथार्थः ॥**

**ટીકાર્થ :** શાક્યભિક્ષુ વગેરે મિથ્યાત્વીઓ, અતત્ત્વનાં કદાગ્રહવાળા છે. પ્રશમાદિલિંગોથી શૂન્ય છે. તથા પૃથ્વીવગેરે સ્થાવરો અને બેઈન્દ્રિયવગેરે ત્રસોનો નિત્ય વધ કરવામાં આસક્ત છે. (**त्रसस्थावराणां पथ्व्यादिद्वीन्द्रियादीनां** આમ જે લખેલું છે, તેમાં ક્રમ ઊંધો છે. એટલે વૃત્તિકારે એનો ખુલાસો આપેલો છે કે પૃથ્વી વગેરે સ્થાવર...)

**પ્રશ્ન :** તેઓ કેમ આવા છે ?

**ઉત્તર :** તેઓ અબ્રહ્મચારી છે, પરિગ્રહ કરનારા છે. માટે તેઓ અપ્રધાન હોવાથી દ્રવ્યભિક્ષુ છે. **च** શબ્દનો વ્યવહિત ઉપન્યાસ સમજવો. (**अ संचइआ** માં **अ** ને **संचइआ** પછી જોડવો.)

**एते चाब्रह्मचारिणः संचयादेवेति संचयमाह –**

दुपयचउप्पयधणधन्नकुविअतिअतिअपरिग्गहे निरया । सच्चित्तभोइ पयमाणगा अ उद्दिट्ठभोई अ ॥३३८॥

આ બધા અબ્રહ્મચારી છે, તે સંચયનાં કારણે જ એટલે સંચયને કહે છે. (પરિગ્રહ વિના અબ્રહ્મચારી બનવું શક્ય નથી...)

**નિ.૩૩૮ ગાથાર્થ :** દ્વિપદ, ચતુષ્પદ, ધન, ધાન્ય, કુપ્યના, ત્રિકત્રિકથી પરિગ્રહમાં નિરત, સચ્ચિત્તભોજી, પચનકરનારા, ઉદ્દિષ્ટભોજી...

**द्विपदं-दास्यादि चतुष्पदं-गवादि धनं-हिरण्यादि धान्यं-शाल्यादि कुप्यम्-अलिञ्जरादि एतेषु द्विपदादिषु क्रमेण मनोलक्षणादिना करणत्रिकेण त्रिकपरिग्रहे-कृतकारितानुमतपरिग्रहे निरताः-सक्ताः । न चैतदनार्षम्-'विहारान् कारयेद्रम्या-न्वासयेच्च बहुश्रुतान्' इतिवचनात्, सद्भूतगुणानुष्ठायिनो नेत्थंभूता इत्याशङ्क्याह–सचित्तभोजिनः, तेऽपि मांसाप्कायादिभोजिनः, तदप्रतिषेधात्, 'पचन्तश्च' स्वयंपचास्तापसादयः, उद्दिष्टभोजिनश्च सर्व एव शाक्यादयः, तत्प्रसिद्ध्या तपस्विनोऽपि, पिण्डविशुद्ध्यपरिज्ञानादिति गाथार्थः ॥**

**ટીકાર્થ :** દ્વિપદ = દાસી વગેરે. ચતુષ્પદ = ગાય વગેરે. ધન-હિરણ્ય વગેરે. ધાન્ય = શાલિ વગેરે. કુપ્ય-અલિંજર(?) વગેરે. આ દ્વિપદ વગેરેને વિશે મન, વચન, કાયા

રૂપી કરણત્રિકથી કરણ-કરાવણ અનુમોદનરૂપ પરિગ્રહ કરવામાં આસક્ત...

"આ વાત ખોટી છે, ઋષિમુનિઓએ કહેલી નથી" એમ નથી. કેમકે તે અન્યધર્મીઓનું જ વચન છે કે રમ્યવિહારો કરાવવા, (સ્થાનો = મકાનો કરાવવા) તેમાં બહુશ્રુતોને વસાવવા.." (એટલે તેઓ રમ્ય વિહારો કરાવે છે, તેમાં રહે પણ છે...)

**પ્રશ્ન** : જેઓ સદ્ભૂતગુણોનું અનુષ્ઠાન કરનારા છે, તેઓ આવા પ્રકારના નથી. (બીજા ભલે એવા હોય.)

**ઉત્તર** : (તમે જેને સદ્ભૂતગુણાનુષ્ઠાયી માનો છો, તેઓ પણ) સચિત્તભોજી છે, તેઓ પણ માંસ, પાણી વગેરેને ખાનારા છે. કેમકે આ બધાનો તેઓને પ્રતિષેધ નથી. તે તાપસ વગેરે સ્વયં ભોજન પકાવનારા છે. તથા શાક્ય વગેરે બધા જ પોતાને ઉદ્દેશીને બનાવેલા ભોજનને વાપરનારા છે. તેમની પ્રસિદ્ધિથી તપસ્વી સંન્યાસીઓ પણ તેવા જ છે. કેમકે પિંડની વિશુદ્ધિનું એમને જ્ઞાન નથી.

(એટલે આ સારા કહેવાતા પણ સંન્યાસીઓ દ્રવ્યભિક્ષુ છે.)

---

**त्रिकत्रिकपरिग्रहे निरता इत्येतद्व्याचिख्यासुराह–**

करणतिए जोअतिए सावज्जे आयहेउपरउभए । अट्ठाणट्ठपवत्ते ते'विज्जा दव्वभिक्खुत्ति ॥३३९॥

---

"ત્રિકત્રિકપરિગ્રહમાં આસક્ત છે" એનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાવાળા કહે છે કે

**નિ.૩૩૯ ગાથાર્થ** : આત્મા માટે, પર માટે, ઉભય માટે, અર્થ માટે, અનર્થ માટે કરણત્રિકથી સાવદ્ય એવા યોગત્રિકમાં પ્રવર્તેલા તેઓને દ્રવ્યભિક્ષુ જાણવા. .

---

**करणत्रिक इति 'सुपां सुपो भवन्ती'ति 'करणत्रिकेण' मनोवाक्कायलक्षणेन 'योगत्रितय' इति कृतकारितानुमतिरूपे 'सावद्ये' सपापे आत्महेतोः-आत्मनिमित्तं देहाद्युपचयाय, एवं परनिमित्तं-मित्राद्युपभोगसाधनाय एवमुभयनिमित्तम्-उभयसाधनार्थम्, एवमर्थायात्माद्यर्थम् अनर्थाय वा-विना प्रयोजनेन आर्त्तध्यानचिन्तनखरादिभाषणलक्षवेधनादिभिः प्राणातिपातादौ प्रवृत्तान्-तत्परान् तानेवंभूतान् 'विद्याद्'-विजानीयात् द्रव्यभिक्षूनिति, प्रवृत्ताश्चैवं शाक्यादयः, तद्द्रव्यभिक्षव इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ** : "બધી વિભક્તિઓની બધી વિભક્તિ થાય" એ ન્યાયપ્રમાણે સૂત્રમાં **करणत्रिके** એમ જે સાતમી વાપરી છે, તે ત્રીજી કરવી. એટલે કે મન, વચન, કાયા રૂપી

ત્રિકવડે કરવું-કરાવવું-અનુમોદવું રૂપ સાવદ્યમાં પોતાના દેહવગેરેની પુષ્ટિને માટે, એમ મિત્રાદિના ઉપભોગને સાધવા માટે એમ બંનેના ઉપભોગને સાધવાને માટે, એમ અર્થને માટે = આત્માવગેરે માટે, અનર્થ માટે = પ્રયોજન વિનાજ આર્તધ્યાનનું ચિંતન (મન), કર્કશાદિ ભાષણ (વચન), લક્ષને વીંધવું (કાયા) વગેરે દ્વારા હિંસા વગેરેમાં તત્પર થયેલા, આવા પ્રકારના તેઓને દ્રવ્યભિક્ષુ જાણવા.

શાક્ય વગેરે આ રીતે પ્રવૃત્ત થયેલા છે, તેથી તેઓ દ્રવ્યભિક્ષુ છે.

---

**एवं स्त्र्यादिसंयोगाद्विशुद्धतपोऽनुष्ठानाभावाच्चाब्रह्मचारिण एत इत्याह —**

इत्थीपरिग्गहाओ आणादाणाइभावसंगाओ । सुद्धतवाभावाओ कुतित्थिआऽबंभचारित्ति ॥३४०॥

---

એમ સ્ત્રીવગેરેનો સંયોગ હોવાથી અને વિશુદ્ધ તપાનુષ્ઠાનનો અભાવ હોવાથી એ અબ્રહ્મચારી છે એ કહે છે કે -

**નિ.૩૪૦ ગાથાર્થ :** સ્ત્રીપરિગ્રહથી, આજ્ઞાદાનાદિ ભાવસંગથી, શુદ્ધતપનાં અભાવથી કુતીર્થિકો અબ્રહ્મચારી છે.

---

**'स्त्रीपरिग्रहा'दिति दास्यादिपरिग्रहात् 'आज्ञादानादिभावसङ्गाच्च' परिणामाशुद्धेरित्यर्थः, न च शाक्या भिक्षवः, 'शुद्धतपोऽभावा'दिति शुद्धस्य तपसोऽभावात् तापसादयः कुतीर्थिका अब्रह्मचारिण इति, ब्रह्मशब्देन शुद्धं तपोऽभिधीयते, तदचारिण इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** કુતીર્થિકો પાસે દાસીવગેરેનો પરિગ્રહ છે. તથા આજ્ઞા આપવી વગેરે ભાવનો સંગ છે. એટલે કે પરિણામની શુદ્ધિ નથી (બીજાને નોકરીની જેમ પીડા આપે છે...) તેથી શાક્યવગેરે ભિક્ષુ નથી.

તથા તાપસવગેરે કુતીર્થિકો શુદ્ધતપનો અભાવ હોવાથી અબ્રહ્મચારી છે. બ્રહ્મશબ્દથી શુદ્ધતપ કહેવાય છે. તેને આચરનારા આ નથી.

---

**उक्तो द्रव्यभिक्षुः, भावभिक्षुमाह —**

आगमतो उवउत्तो तग्गुणसंवेअओ अ (उ) भावंमि । तस्स निरुत्तं भेअगभेअणभेत्तव्वएण तिहा ॥३४१॥

---

દ્રવ્યભિક્ષુ કહેવાઈ ગયો.

ભાવભિક્ષુ કહે છે.

**નિ.૩૪૧ ગાથાર્થ :** આગમથી (ભાવમાં) (ભિક્ષુ) ઉપયુક્ત, અને તદ્ગુણસંવેદનથી (નો-આગમથી ભાવભિક્ષુ.) તેના નિરુક્ત ભેદક-ભેદન અને ભેત્તવ્યવડે ત્રણ પ્રકારે છે.

---

**भावभिक्षुर्द्विविधः-आगमतो नोआगमतश्च, तत्रागमत '<u>उपयुक्त</u>' इति भिक्षुपदार्थज्ञस्तत्र चोपयुक्तः, '<u>तद्गुणसंवेदकस्तु</u>' भिक्षुगुणसंवेदकः पुनर्नोआगमतो भवति भावभिक्षुरित्युक्तो भिक्षुनिक्षेपः । साम्प्रतं निरुक्तमभिधातुकाम आह-'तस्य निरुक्त'मिति '<u>तस्य</u>' भिक्षोर्निश्चितमुक्तमन्वर्थरूपं भेदकभेदनभेत्तव्यैरेभिर्भेदैर्वक्ष्यमाणैस्त्रिधा भवतीति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** ભાવભિક્ષુ બે પ્રકારે છે. (૧) આગમથી અને (૨) નોઆગમથી. તેમાં આગમથી ભાવભિક્ષુ એટલે ભિક્ષુ પદાર્થનો જ્ઞાતા અને તેમાં ઉપયોગવાળો. ભિક્ષુનાં ગુણોનો અનુભવ કરનારો વળી નોઆગમથી ભાવભિક્ષુ છે. આ પ્રમાણે ભિક્ષુનો નિક્ષેપ કહેવાઈ ગયો. (૩૩૨મી નિ.ગાથામાં દ્વારો આપેલા છે. એમાં પ્રથમદ્વાર થયું.) હવે નિરુક્તને (નામનું બીજું દ્વાર) કહેવા માટે કહે છે કે તે ભિક્ષુનું નિરુક્ત = નિશ્ચિતઉક્ત = અન્વર્થ = વ્યુત્પત્યર્થ એ વક્ષ્યમાણ એવા ભેદક-ભેદન-ભેત્તવ્ય એ ભેદોવડે ત્રણપ્રકારે છે.

---

**एतदेव स्पष्टयति-**

भेत्ताऽऽगमोवउत्तो दुविह तवो भेअणं च भेत्तव्वं । अट्ठविहं कम्मखुहं तेण निरुत्तं स भिक्खुत्ति ॥३४२॥

---

એ જ વાત સ્પષ્ટ કરે છે.

**નિ.૩૪૨ ગાથાર્થ :** આગમમાં ઉપયુક્ત ભેત્તા, દ્વિવિધતપ ભેદન, અષ્ટવિધ કર્મભૂખ ભેત્તવ્ય. તેથી નિરુક્ત થાય 'તે ભિક્ષુ' એ પ્રમાણે.

---

**'<u>भेत्ता</u>' भेदकोऽत्रागमोपयुक्तः साधुः, तथा '<u>द्विविधं</u>' बाह्याभ्यन्तरभेदेन तपो भेदनं वर्तते, तथा '<u>भेत्तव्यं</u>' विदारणीयं <u>चाष्टविधं कर्म च</u>-अष्टप्रकारं ज्ञानावरणीयादि कर्म, तच्च क्षुदादिदुःखहेतुत्वात् क्षुच्छब्दवाच्यं, यतश्चैवं तेन निरुक्तं-यः शास्त्रनीत्या तपसा कर्म भिनत्ति स भिक्षुरिति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** અહીં આગમમાં ઉપયોગવાળો સાધુ ભેદક તરીકે છે. તથા બાહ્ય અને અભ્યન્તર એમ બે ભેદથી તપ એ ભેદન (સાધન) છે. આઠ પ્રકારનું જ્ઞાનાવરણીયાદિ કર્મ એ ભેત્તવ્ય છે. એ કર્મ ભુખ વગેરે દુઃખોનું કારણ હોવાથી ક્ષુત્-ભૂખશબ્દથી વાચ્ય

છે. આવું છે, તેથી નિરુક્ત = વ્યુત્પત્ત્યર્થ આ પ્રમાણે થાય કે જે શાસ્ત્રનીતિથી તપવડે કર્મને ભેદે છે તે ભિક્ષુ.

**किं च –**

भिंदंतो अ जह खुहं भिक्खू जयमाणओ जई होइ। संजमचरओ चरओ भवं खिवंतो भवंतो उ॥३४३॥

વળી

**નિ.૩૪૩ ગાથાર્થ :** જેમ ક્ષુધાને ભેદતો ભિક્ષુ, યતના કરતો યતિ, સંયમને આચરતો ચરક, ભવને ખપાવતો ભવાન્ત થાય.

**<u>'भिन्दंश्च'</u> विदारयंश्च यथा <u>'क्षुधं'</u> कर्म भिक्षुर्भवति, भावतो यतमानस्तथा तथा गुणेषु स एव यतिर्भवति नान्यथा, एवं <u>'संयमचरकः'</u> सप्तदशप्रकारसंयमानुष्ठायी चरकः, एवं <u>'भवं'</u> संसारं <u>'क्षपयन्'</u> परीतं कुर्वन् स एव भवान्तो भवति नान्यथेति गाथार्थः ॥**

**ટીકાર્થ :** જેમ ક્ષુધાને-કર્મને ભેદતો સાધુ ભિક્ષુ થાય. ભાવથી યતના કરતો એટલે કે તે તે પ્રકારે ગુણોમાં પ્રયત્ન કરતો તે જ યતિ થાય છે. એ સિવાય યતિ ન થાય. એમ ૧૭ પ્રકારના સંયમનું આચરણ કરતો તે ચરક થાય છે. એમ ભવને = સંસારને અલ્પ કરતો, તે ભવાન્ત થાય છે. પણ એ વિના ભવાન્ત ન થાય.

**प्रकारान्तरेण निरुक्तमेवाह –**

जं भिक्खमत्तवित्ती तेण व भिक्खू खवेइ जं व अणं। तवसंजमे तवस्सित्ति वावि अन्नोऽवि पज्जाओ॥३४४॥

બીજાપ્રકારે નિરુક્તને જ કહે છે.

**નિ.૩૪૪ ગાથાર્થ :** જે કારણથી ભિક્ષામાત્રવૃત્તિવાળો છે, તે કારણથી ભિક્ષુ છે. અથવા જે કારણથી ઋણને ખપાવે છે (તે કારણથી ક્ષપક) તપસંયમમાં તપસ્વી... અન્ય પણ પર્યાય છે.

**<u>'यद्'</u> यस्माद् <u>'भिक्षामात्रवृत्तिः'</u> भिक्षामात्रेण सर्वोपधाशुद्धेन वृत्तिरस्येति समासः, तेन वा भिक्षुर्भिक्षणशीलो भिक्षुरितिकृत्वा, अनेनैव प्रसङ्गेन अन्येषामपि तत्पर्यायाणां निरुक्तमाह-क्षपयति <u>'यद्'</u> यस्माद्वा <u>'ऋणं'</u> कर्म तस्मात्क्षपणः, क्षपयतीति क्षपण**

**इतिकृत्वा, तथा संयमतपसीति संयमप्रधानं तपः संयमतपः तस्मिन् विद्यमाने तपस्वीति वापि भवति, तपोऽस्यास्तीतिकृत्वा, अन्योऽपि पर्याय इति-अन्योऽपि भेदोऽर्थतो भिक्षुशब्दनिरुक्तस्येति गाथार्थः ॥**

**ટીકાર્થ :** સર્વદોષોથી શુદ્ધ એવી ભિક્ષામાત્રવડે વૃત્તિ-જીવનનિર્વાહ જેનો છે તેવો આ સાધુ છે, તેથી તે ભિક્ષુ છે. કેમકે ભિક્ષા માંગવાના સ્વભાવવાળો હોય તે ભિક્ષુ કહેવાય. (અહીં **भिक्ष्** ધાતુને આધારે વ્યુત્પત્યર્થ લીધેલો છે.)

આ જ પ્રસંગથી તે ભિક્ષુના બીજા પણ પર્યાયવાચી શબ્દોના નિરુક્તને કહે છે. જે કારણથી ઋણને-કર્મને ખપાવે છે, તે કારણથી તે ક્ષપણ કહેવાય છે. કેમકે ખપાવે તે ક્ષપણ. તથા સંયમપ્રધાન એવો તપ વિદ્યમાન હોતે છતે તપસ્વી કહેવાય છે. કેમકે તપ જેને હોય તે તપસ્વી કહેવાય.

ભિક્ષુશબ્દના નિરુક્તનો અર્થથી અન્ય પણ પર્યાય-ભેદ છે.

**उक्तं निरुक्तद्वारम्, अधुनैकार्थिकद्वारमाह –**

तिन्ने ताई दविए वई अ खंते अ दंत विरए अ । मुणितावसपन्नवगुजुभिक्खू बुद्धे जइ विऊ अ ॥३४५॥

નિરુક્તદ્વાર કહેવાયું.

હવે એકાર્થિક દ્વાર કહે છે.

**નિ.૩૪૫ ગાથાર્થ :** તીર્ણ, તાયી, દ્રવ્ય, વ્રતી, ક્ષાન્ત, દાન્ત, વિરત, મુનિ, તાપસ, પ્રજ્ઞાપક, ઋજુ, ભિક્ષુ, બુદ્ધ, યતિ અને વિદ્વાન.

**तीर्णवत्तीर्णः विशुद्धसम्यग्दर्शनादिलाभाद्भवार्णवमिति गम्यते, तायोऽस्यास्तीति तायी, तायः सुदृष्टमार्गोक्तिः, सुपरिज्ञातदेशनया विनेयपालयितेत्यर्थः, द्रव्यं रागद्वेषरहितः, व्रती च हिंसादिविरतश्च, क्षान्तश्च क्षाम्यति क्षमां करोतीति क्षान्तः, बहुलवचनात् कर्तरि निष्ठा, एवं दाम्यतीन्द्रियादिदमं करोतीति दान्तः, विरतश्च विषयसुखनिवृत्तश्च, मुनिर्मन्यते जगतस्त्रिकालावस्थामिति मुनिः, तपःप्रधानस्तापसः, प्रज्ञापकोऽपवर्गमार्गस्य प्ररूपकः, ऋजुः-मायारहितः संयमवान् वा, भिक्षुः पूर्ववत्, बुद्धोऽवगततत्त्वः, यतिरुत्तमाश्रमी प्रयत्नवान् वा, विद्वांश्च-पण्डितश्चेति गाथार्थः ॥**

**ટીકાર્થ :** (૧) જે તરેલા જેવો છે, તે તીર્ણ. વિશુદ્ધ સમ્યગ્દર્શન વગેરેનો લાભ થવાથી

જે સંસાર સમુદ્રને તરી ગયેલો છે તે. (**भवार्णवम्** વગેરે મૂળમાં લખેલું નથી, તે સમજી લેવું.)

(૨) જેને તાય છે, તે **તાયી.** તાય એટલે સારી રીતે જોવાયેલા માર્ગનું કથન. આશય એ કે સારી રીતે જણાયેલા પદાર્થોની દેશના દ્વારા શિષ્યોનું પાલન કરનાર.

(૩) **દ્રવ્ય** એટલે રાગદ્વેષરહિત.

(૪) **વ્રતી** એટલે હિંસાદિથી વિરતિવાળો.

(૫) **ક્ષાન્ત** એટલે ક્ષમાને કરે તે. અહીં બહુલવચન પ્રમાણે કર્તૃ અર્થમાં **त** પ્રત્યય લાગેલો છે. (**त** પ્રત્યય કર્મણિ અર્થમાં લાગે છે, પણ વ્યાકરણસૂત્રમાં **बहुलं** શબ્દદ્વારા એ જણાવાયું છે કે મોટાભાગે કર્મણિમાં લાગે, એટલે કે ક્યારેક કર્તરિમાં પણ લાગી શકે...)

(૬) એમ (કર્તરિમાં **त** લાગે, એ મુજબ જ) ઈન્દ્રિયાદિના દમનને કરે તે **દાન્ત.**

(૭) **વિરત** એટલે વિષયસુખોથી નિવૃત્ત થયેલો.

(૮) જગતની ત્રણે કાળની અવસ્થાને માને - જાણે તે **મુનિ.**

(૯) તપની પ્રધાનતાવાળો હોય તે **તાપસ.**

(૧૦) મોક્ષમાર્ગનો પ્રરૂપક તે **પ્રજ્ઞાપક.**

(૧૧) **ઋજુ** એટલે માયારહિત કે સંયમવાન

(૧૨) **ભિક્ષુ** એ પૂર્વની જેમ.

(૧૩) **બુદ્ધ** એટલે તત્વોને જાણી ચૂકેલો.

(૧૪) **યતિ** એટલે ઉત્તમ આશ્રમવાળો, કે પ્રયત્નવાન

(૧૫) **વિદ્વાન** એટલે પંડિત.

---

**तथा –**

पव्वइए अणगारे पासंडी चरग बंभणे चेव। परिवायगे अ समणे निग्गंथे संजए मुत्ते ॥३४६॥

---

તથા

**નિ.૩૪૬ ગાથાર્થ :** પ્રવ્રજિત, અણગાર, પાખંડી, ચરક, બ્રાહ્મણ, પરિવ્રાજક, શ્રમણ, નિર્ગ્રન્થ, સંયત, મુક્ત.

---

<u>प्रव्रजितः</u>–पापान्निष्क्रान्तः, <u>अनगारो</u>–द्रव्यभावागारशून्यः, <u>पाषण्डी</u>–पाशाड्डीनः,

चरकः पूर्ववत्, 'ब्राह्मणश्चैव' विशुद्धब्रह्मचारी चैव, परिव्राजकश्च-पापवर्जकश्च, श्रमणः पूर्ववत्, निर्ग्रंथः संयतो मुक्त इत्येतदपि पूर्ववदेवेति गाथार्थः ॥

**ટીકાર્થ :** (૧૬) પાપમાંથી નીકળી ગયો હોય તે **પ્રવ્રજિત.**

(૧૭) દ્રવ્યઘર અને ભાવઘરથી શૂન્ય તે **અણગાર.** (ઘર અને રાગદ્વેષાદિ વિનાનો)

(૧૮) પાશમાંથી છટકેલો, દૂર થયેલો તે **પાષણ્ડી**

(૧૯) **ચરક**-પૂર્વની જેમ.

(૨૦) વિશુદ્ધબ્રહ્મચર્યવાળો તે **બ્રાહ્મણ.**

(૨૧) પાપોનો વર્જક-ત્યાગી તે **પરિવ્રાજક**

(૨૨) **શ્રમણ**-પૂર્વની જેમ.

(૨૩) **નિર્ગ્રન્થ** (૨૪) **સંયત** (૨૫) **મુક્ત** એ પણ પૂર્વની જેમ જ સમજવા.

**तथा –**

साहू लूहे अ तहा तीरट्ठी होइ चेव नायव्वो । नामाणि एवमाईणि होंति तवसंजमरयाणं ॥३४७॥

તથા

**નિ.૩૪૭ ગાથાર્થ :** સાધુ, રુક્ષ, તીરાર્થી... તપસંયમરતજીવોના આ વગેરે નામો હોય છે.

'साधू रूक्षश्च तथे'ति निर्वाणसाधकयोगसाधनात्साधुः स्वजनादिषु स्नेहविरहाद्रूक्षः 'तीरार्थी चैव भवति ज्ञातव्य' इति तीरार्थी भवार्णवस्य, 'नामानि' एकार्थिकानि पर्यायाभिधानान्येवमादीनि यथोक्तलक्षणानि भवन्ति । केषामित्याह-तपःसंयमरतानां भावसाधूनामिति गाथार्थः ॥

**ટીકાર્થ :** (૨૬) નિર્વાણને સાધનારા યોગોનો સાધક હોવાથી **સાધુ.**

(૨૭) સ્વજનવગેરેમાં સ્નેહનો અભાવ હોવાથી **રુક્ષ.**

(૨૮) સંસારસમુદ્રનાં કિનારાનો અભિલાષી તે **તીરાર્થી**

જે તપ અને સંયમમાં લીન છે, તેવા ભાવસાધુઓના યથોક્તલક્ષણવાળા આ વગેરે પર્યાયવાચી નામો હોય છે.

**प्रतिपादितमेकार्थिकद्वारम्, इदानीं लिङ्गद्वारं व्याचिख्यासुराह —**

संवेगो निव्वेओ विसयविवेगो सुसीलसंसग्गो । आराहणा तवो नाणदंसणचरित्तविणओ अ ॥३४८॥

એકાર્થિકદ્વાર કહેવાયું.

હવે લિંગદ્વારનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાવાળા કહે છે કે

**નિ.૩૪૮ ગાથાર્થ :** સંવેગ, નિર્વેદ, વિષયવિવેક, સુશીલસંસર્ગ, આરાધના, તપ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વિનય.

**'संवेगो' मोक्षसुखाभिलाषः, 'निर्वेदः' संसारविषयः, 'विषयविवेको' विषयपरित्यागः, 'सुशीलसंसर्गः' शीलवद्भिः संसर्गः, तथा 'आराधना' चरमकाले निर्यापणारूपा, 'तपो' यथाशक्त्यनशनाद्यासेवनं, 'ज्ञानं' यथावस्थितपदार्थविषयमित्यादि 'दर्शनं' नैसर्गिकादि 'चारित्रं' सामायिकादि 'विनयश्च' ज्ञानादिविनय इति गाथार्थः ॥**

**ટીકાર્થ :** સંવેગ = મોક્ષસુખનો અભિલાષી, નિર્વેદ = સંસારસંબંધિ વૈરાગ્ય, વિષયોનો પરિત્યાગ,. શીલવાન સાથે સંપર્ક, મૃત્યુ સમયે નિર્યામણા રૂપી આરાધના, શક્તિ પ્રમાણે અનશનવગેરેનું આસેવન કરવા રૂપ તપ, યથાવસ્થિત પદાર્થવિષયક જ્ઞાન. નૈસર્ગિકવગેરે દર્શન. સામાયિકવગેરે ચારિત્ર, જ્ઞાનાદિ વિનય રૂપ વિનય... (આ બધા ભાવસાધુના લિંગો છે.)

**तथा—**

खंती अ मद्दवऽज्जव विमुत्तया तह अदीणय तितिक्खा । आवस्सगपरिसुद्धी अ होंति भिक्खुस्स लिंगाइं ॥३४९॥

**નિ.૩૪૯ ગાથાર્થ :** ક્ષાન્તિ,માર્દવ, આર્જવ, વિમુક્તતા, અદીનતા, તિતિક્ષા, આવશ્યકપરિશુદ્ધિ ભિક્ષુનાં લિંગો છે.

**'क्षान्तिश्च' आक्रोशादिश्रवणेऽपि क्रोधत्यागश्च 'मार्दवार्जवविमुक्तते'ति जात्यादिभावेऽपि मानत्यागान्मार्दवं, परस्मिन्निकृतिपरेऽपि मायापरित्याग आर्जवं, धर्मोपकरणेष्वप्यमूर्च्छा विमुक्तता, तथाऽशनाद्यलाभेऽप्यदीनता, क्षुदादिपरीषहोपनिपातेऽपि तितिक्षा, तथा 'आवश्यकपरिशुद्धिश्च' अवश्यंकरणीययोगनिरतिचारता च, भवन्ति 'भिक्षोः' भावसाधोः 'लिङ्गानि' अनन्तरोदितानि संवेगादीनीति**

गाथार्थः ॥

**ટીકાર્થ :** આક્રોશાદિ સાંભળવા છતાં પણ ક્રોધ ન કરવો તે **ક્ષમા.** સારીજાતિવગેરે હોવા છતાં પણ માનનો ત્યાગ કરવો એ **મૃદુતા.** બીજો માણસ કપટ કરવામાં તત્પર હોય છતાં સ્વયં માયાનો ત્યાગ કરવો તે **આર્જવ.**

ધર્મનાં ઉપકરણોમાં પણ મૂર્છા ન કરવી એ **વિમુક્તતા.**

અશનવગેરે ન મળે તો પણ **અદીનતા.**

ભૂખવગેરે પરીષહો આવી પડે તો પણ સહન કરવું એ **તિતિક્ષા**

અવશ્ય કરવાના હોય એવા યોગોમાં કોઈ અતિચાર ન લગાડવો તે **આવશ્યકપરિશુદ્ધિ** ભાવસાધુનાં આ અનંતરોદિત સંવેગવગેરે લિંગો છે.

**व्याख्यातं लिङ्गद्वारम्, अवयवद्वारमाह –**

अज्झयणगुणी भिक्खू न सेस इइ णो पइन्न-को हेऊ ? । अगुणत्ता इइ हेऊ-को दिट्ठंतो ? सुवण्णमिव ॥३५०॥

લિંગદ્વારનું વ્યાખ્યાન થઈ ગયું.

હવે પંચઅવયવદ્વાર કહે છે.

**નિ.૩૫૦ ગાથાર્થ :** "અધ્યયનગુણવાન્ ભિક્ષુ, અન્ય નહિ" આ પ્રમાણે અમારી પ્રતિજ્ઞા છે. હેતુ કોણ ? અગુણત્વ એ હેતુ. દૃષ્ટાન્ત કોણ ? સુવર્ણની જેમ.

**'अध्ययनगुणी' प्रक्रान्ताध्ययनोक्तगुणवान् 'भिक्षुः' भावसाधुर्भवतीति, तत्स्वरूपमेतत्, 'न शेषः' तद्गुणरहित इति 'नः प्रतिज्ञा' अस्माकं पक्षः, 'को हेतुः ?' कोऽत्र पक्षधर्म इत्याशङ्क्याह–'अगुणत्वादिति हेतुः' अविद्यमानगुणोऽगुण-स्तद्भावस्तत्त्वं तस्मादित्ययं हेतुः, अध्ययनगुणशून्यस्य भिक्षुत्वप्रतिषेधः साध्य इति, 'को दृष्टान्तः ?' किं पुनरत्र निदर्शनमित्याशङ्क्याह– 'सुवर्णमिव' यथा सुवर्णं स्वगुणरहितं सुवर्णं न भवति तद्वदिति गाथार्थः ॥**

**ટીકાર્થ :** પ્રસ્તુતઅધ્યયનમાં કહેવાયેલા ગુણોવાળો જે હોય તે ભાવસાધુ થાય. આ ભાવસાધુનું સ્વરૂપ છે. પણ તે ગુણોથી રહિત જે હોય તે ભાવસાધુ નહિ. આ અમારો પક્ષ છે. (ગુણયુક્ત હોય તે ભાવસાધુ... આ માત્ર સ્વરૂપનું કથન સમજવું. એને પ્રતિજ્ઞામાં ન ગણવું. પ્રતિજ્ઞા તો માત્ર આટલી જ કે ગુણરહિત જે હોય તે ભાવસાધુ

ન હોય.)

**પ્રશ્ન** : હેતુ કોણ ? અહીં પક્ષનો ધર્મ કોણ ?

**ઉત્તર : अगुणत्वात्** એ હેતુ છે. જેનામાં ગુણો વિદ્યમાન નથી. તે અગુણ. અગુણનો ભાવ તે અગુણપણું આ હેતુ છે.

પ્રસ્તુતઅધ્યયનમાં કહેવાયેલા ગુણોથી શૂન્યની ભિક્ષુતાનો નિષેધ એ સાધ્ય છે.

**પ્રશ્ન** : દૃષ્ટાન્ત કોણ છે ? અહીં નિદર્શન શું છે ?

**ઉત્તર** : જેમ સુવર્ણ સ્વગુણરહિત હોય તો એ સુવર્ણ નથી તેની જેમ...

(અનુમાન : **अध्ययनगुणरहितः न भावसाधुः अगुणत्वात् सुवर्णवत्**)

---

**सुवर्णगुणानाह—**

विसघाइ रसायण मंगलत्थ विणिए पयाहिणावत्ते । गुरुए अडज्झऽकुत्थे अट्ठ सुवण्णे गुणा भणिआ ॥३५१॥

---

સુવર્ણનાં ગુણો કહે છે.

**નિ.૩૫૧ ગાથાર્થ** : વિષઘાતી, રસાયન, મંગલાર્થ, વિનીત, પ્રદક્ષિણાવર્ત, ગુરુક, અદાહ્ય, અકુથ્ય... સુવર્ણમાં આઠગુણો કહેલા છે.

---

**'विषघाति' विषघातनसमर्थं 'रसायनं' वयस्तम्भनकर्तृ 'मङ्गलार्थं' मङ्गलप्रयोजनं 'विनीतं' यथेष्टकटकादिप्रकारसंपादनेन 'प्रदक्षिणावर्त्तं' तप्यमानं प्रादक्षिण्येनावर्त्तते 'गुरु' सारोपेतम् 'अदाह्यं' नाग्निना दह्यते 'अकुथनीयं' न कदाचिदपि कुथतीत्येतेऽष्टावनन्तरोदिताः 'सुवर्णे' सुवर्णविषया गुणा भणितास्तत्स्वरूपज्ञैरिति गाथार्थः ॥**

---

**ટીકાર્થ** : (૧) સુવર્ણ વિષનો ઘાત કરવા સમર્થ છે. (૨) સુવર્ણ ઉંમરને અટકાવવા સમર્થ છે. (એટલે કે જુવાની ટકાવી રાખે, ઘડપણ જલ્દી ન આવવા દે...) (૩) મંગલ માટે થાય છે. (૪) વિનીત છે. એટલે કે જે રીતે ઈષ્ટ હોય, તે રીતે કડા, ઘટ, હાર વગેરે રૂપે બનાવી શકાય છે. (૫) તપાવાય તો એ જમણી તરફ પ્રદક્ષિણા આપતું ફરે છે. (૬) ગુરુ-સારયુક્ત છે. (૭) અગ્નિથી બળતું નથી. (અગ્નિમાં ગમે એટલું સળગાવીએ તો પણ સુવર્ણ ઓછું ન થાય...) (૮) ક્યારેય કહોવાય નહિ. અનન્તર કહેલા આ આઠગુણો તેના સ્વરૂપના જાણકારોએ સુવર્ણમાં કહેલા છે.

**उक्ताः सुवर्णगुणाः, साम्प्रतमुपनयमाह –**

चउकारणपरिसुद्धं कसछेअणतावतालणाए अ । जं तं विसघाइरसायणाइगुणसंजुअं होइ ॥३५२॥

સુવર્ણગુણો કહેવાયા.

હવે ઉપનય કહે છે.

**નિ.૩૫૨ ગાથાર્થ :** કષ, છેદ, તાપ, તાડનાદ્વારા જે ચારકારણોથી પરિશુદ્ધ હોય. તે વિષઘાત, રસાયણ વગેરે ગુણોથી સંયુક્ત હોય.

**'चतुष्कारणपरिशुद्धं' चतुःपरीक्षायुक्तमित्यर्थः, कथमित्याह–'कषच्छेदतापताडनया चे'ति कषेण छेदेन तापेन ताडनया च, यदेवंविधं तद्विषघाति रसायनादिगुणसंयुक्तं भवति, भावसुवर्णं स्वकार्यसाधकमिति गाथार्थः॥**

**ટીકાર્થ :** જે ચારપરીક્ષાથી યુક્ત હોય.

**પ્રશ્ન :** એ કેવી રીતે ?

**ઉત્તર :** કષ, છેદ, તાપ અને તાડના એ ચાર પરીક્ષાથી જે યુક્ત હોય... જે આવું હોય તે વિષઘાતી, રસાયનવગેરે ગુણોથી સંયુક્ત હોય. ભાવસુવર્ણ સ્વકાર્યોનું સાધક બને.

**यच्चैवंभूतम् –**

तं कसिणगुणोवेअं होइ सुवण्णं न सेसयं जुत्ती । नहि नामरूवमेत्तेण एवमगुणो हवइ भिक्खू ॥३५३॥

જે આવા પ્રકારનું હોય –

**નિ.૩૫૩ ગાથાર્થ :** તે કૃત્સ્નગુણોપેત સુવર્ણ છે. શેષ નહિ, (જેમ) યુક્તિ (સુવર્ણ) છે. એમ અગુણ હોય તે નામ અને રૂપ માત્રથી ભિક્ષુ ન થાય.

**'तद्' अनन्तरोदितं 'कृत्स्नगुणोपेतं' संपूर्णगुणसमन्वितं भवति सुवर्णं यथोक्तं, न 'शेषं' कषाद्यशुद्धं, 'युक्ति'रिति वर्णादिगुणसाम्येऽपि युक्तिसुवर्णमित्यर्थः, प्रकृते योजयति–यथैतत्सुवर्णं न भवति, एवं न हि नामरूपमात्रेण–रजोहरणादिसंधारणादिना 'अगुणः' अविद्यमानप्रस्तुताध्ययनोक्तगुणो भवति भिक्षुः, भिक्षामटन्नपि न भवतीति गाथार्थः ॥**

**ટીકાર્થ :** અનન્તર કહેવાયેલું, સંપૂર્ણ ગુણોથી યુક્ત એ જ યથોક્ત = સાચું સુવર્ણ હોય. પણ કષવગેરેથી અશુદ્ધ હોય તે સુવર્ણ ન હોય. તે યુક્તિ હોય, એટલે કે વર્ણ વગેરે ગુણોની અપેક્ષાએ કોઈ વસ્તુ સુવર્ણની સમાનતાવાળી હોય તો પણ એ ખોટું સુવર્ણ જાણવું. (કેમકે એ કષાદિથી અશુદ્ધ છે. માટે જ સર્વગુણયુક્ત નથી.)

આ પદાર્થને પ્રસ્તુતમાં જોડે છે.

જેમ આ સુવર્ણ ન હોય, એમ જેનામાં પ્રસ્તુતઅધ્યયનમાં કહેવાયેલા ગુણો વિદ્યમાન નથી, તે અગુણી "ભિક્ષુ" એ નામમાત્રથી કે ઓઘો વગેરે ધારી રાખવારૂપ બાહ્યરૂપ માત્રથી ભિક્ષુ ન થાય. ભિક્ષા ફરતો એવો પણ તે ભિક્ષુ નથી.

**एतदेव स्पष्टयन्नाह –**

जुत्तीसुवण्णगं पुण सुवण्णवण्णं तु जइवि कीरिज्जा । न हु होइ तं सुवण्णं सेसेहि गुणेहिं (अ) संतेहिं ॥३५४॥

આ જ વાત સ્પષ્ટ કરે છે.

**નિ.૩૫૪ ગાથાર્થ :** યુક્તિસુવર્ણ જો કે સુવર્ણના વર્ણવાળું કરાય, પણ બીજા ગુણો ન હોય તો એ સુવર્ણ ન થાય.

**युक्तिसुवर्णं कृत्रिमसुवर्णमिह लोके '<u>सुवर्णवर्णं तु</u>' जात्यसुवर्णवर्णमपि यद्यपि क्रियेत पुरुषनैपुण्येन तथापि नैव भवति तत् सुवर्णं परमार्थेन '<u>शेषैर्गुणैः</u>' कषादिभिः '<u>असद्भिः</u>' अविद्यमानैरिति गाथार्थः ॥**

**ટીકાર્થ :** જે કૃત્રિમસુવર્ણ છે = બનાવટી સોનું છે, તે લોકમાં સાચાસુવર્ણના જેવા જ રંગવાળું જો કે કરાય. પુરુષની નિપુણતાથી આવું થઈ શકે. તો પણ જો કષ વગેરે બાકીના ગુણો ન હોય તો એ પરમાર્થથી સુવર્ણ ન થાય.

**एवमेव किमित्याह –**

जे अज्झयणे भणिआ भिक्खुगुणा तेहि होइ सो भिक्खू । वण्णेण जच्चसुवण्णगं व संते गुणनिहिंमि ॥३५५॥

**પ્રશ્ન :** એ જ પ્રમાણે અહીં શું સમજવું ?

**નિ.૩૫૫ ગાથાર્થ :** અધ્યયનમાં જે ભિક્ષુગુણો કહેલા છે, તેનાવડે તે ભિક્ષુ હોય. જેમ ગુણનિધિ હોતે છતેં વર્ણવડે જાત્યસુવર્ણ હોય.

**येऽध्ययने भणिता भिक्षुगुणा अस्मिन्नेव प्रक्रान्ते जिनवचने चित्तसमाध्यादयः तैः करणभूतैः सद्भिर्भवत्यसौ भिक्षुर्नामस्थापनाद्रव्यभिक्षुव्यपोहेन भावभिक्षुः, परिशुद्धभिक्षावृत्तित्वात् । किमिवेत्याह–'<u>वर्णेन</u>' पीतलक्षणेन '<u>जात्यसुवर्णमिव</u>' परमार्थसुवर्णमिव '<u>सति गुणनिधौ</u>' विद्यमानेऽन्यस्मिन् कषादौ गुणसंघाते, एतदुक्तं भवति-यथाऽन्यगुणयुक्तं शोभनवर्णं सुवर्णं भवति तथा चित्तसमाध्यादिगुणयुक्तो भिक्षणशीलो भिक्षुर्भवतीति गाथार्थः॥**

---

**टीकार्थ :** આ જ પ્રારંભ કરાયેલા જિનવચનરૂપ અધ્યયનમાં જે ચિત્તસમાધિ વગેરે ભિક્ષુગુણો બતાવેલા છે. કરણભૂત એવા તે ગુણોવડે આ ભિક્ષુ થાય છે. એટલે કે નામ, સ્થાપના અને દ્રવ્યભિક્ષુના નિરાકરણ દ્વારા આ ભાવભિક્ષુ થાય છે. કેમકે એ પરિશુદ્ધભિક્ષાવૃત્તિવાળો છે.

**પ્રશ્ન :** આ વાત કોની જેમ જાણવી ?

**ઉત્તર :** જેમ કષાદિરૂપ અન્યગુણસમૂહ હોય તો પીતવર્ણવડે સાચુંસુવર્ણ કહેવાય.

કહેવાનો ભાવ એ છે કે જેમ અન્યગુણોથી યુક્ત એવું સુંદરવર્ણવાળું સુવર્ણ હોય, તેમાં ચિત્તસમાધિ વગેરે ગુણોથી યુક્ત એવો ભિક્ષાના સ્વભાવવાળો સાધુ સાચોભિક્ષુ હોય.

(આશય એ કે પીતવર્ણ હોય, પણ કષાદિ ગુણ ન હોય, તો સાચુંસુવર્ણ નહિ. એમ ભિક્ષાવૃત્તિ હોય, પણ ચિત્તસમાધિવગેરે ગુણો ન હોય, તો સાચોસાધુ નહિ...)

---

**व्यतिरेकतः स्पष्टयति –**

जो भिक्खू गुणरहिओ भिक्खं गिण्हइ न होइ सो भिक्खू । वण्णेण जुत्तिसुवण्णगं व असई गुणनिहिम्मि ॥३५६॥

---

વ્યતિરેકથી = નિષેધાત્મક રીતે આ વાત સ્પષ્ટ કરે છે.

**નિ.૩૫૬ ગાથાર્થ :** ગુણરહિત જે ભિક્ષુ ભિક્ષાને ગ્રહણ કરે છે, તે ભિક્ષુ નથી. જેમ ગુણનિધિ ન હોય તો વર્ણથી યુક્તિસુવર્ણ. (સાચુ સુવર્ણ ન બને, તેમ...)

---

**यो भिक्षुः '<u>गुणरहितः</u>' चित्तसमाध्यादिशून्यः सन् भिक्षामटति न भवत्यसौ भिक्षुर्भिक्षाटनमात्रेणैव, अपरिशुद्धभिक्षावृत्तित्वात्, किमिवेत्याह-वर्णेन युक्ति-सुवर्णमिव, यथा तद्वर्णमात्रेण सुवर्णं न भवत्यसति '<u>गुणनिधौ</u>' कषादिक इति**

**गाथार्थः ॥**

**ટીકાર્થ :** ચિત્તસમાધિવગેરેથી શૂન્ય જે ભિક્ષુ ભિક્ષા ફરે, એ ભિક્ષાટનમાત્રથી જ ભિક્ષુ ન બને. કેમકે અપરિશુદ્ધભિક્ષાવૃત્તિવાળો છે.

**પ્રશ્ન :** કોની જેમ આ પદાર્થ સમજવો ?

**ઉત્તર :** જેમ વર્ણવડે યુક્તિસુવર્ણ. અર્થાત્ જેમ કષવગેરે ગુણો ન હોય તો સુવર્ણનાં વર્ણ માત્રથી ખોટુંસુવર્ણ સાચુંસુવર્ણ ન બને, તેમ અત્રે સમજવું.

**किंच–**

उद्दिट्ठकयं भुंजइ छक्कायपमद्दओ घरं कुणइ । पच्चक्खं च जलगए जो पियइ कह नु सो भिक्खू ? ॥३५७॥

વળી

**નિ.૩૫૭ ગાથાર્થ :** જે ઉદ્દિષ્ટકૃત વાપરે, ષટ્કાયપ્રમર્દક હોય, ઘરને કરે, જે જલગત જીવોને પ્રત્યક્ષ પીએ તે શી રીતે ભિક્ષુ ?

**उद्दिश्य कृतं भुङ्क्त इत्यौद्देशिकमित्यर्थः, <u>षट्कायप्रमर्दकः</u>-यत्र क्वचन पृथिव्याद्युपमर्दकः, गृहं करोति संभवत्येवैषणीयालये मूर्च्छया वसतिं भाटकगृहं वा, तथा <u>'प्रत्यक्षं च'</u> उपलभ्यमान एव <u>'जलगतान्'</u> अप्कायादीन् यः पिबति, तत्त्वतो विनाऽऽलम्बनेन, कथं न्वसौ भिक्षुः, नैव भावभिक्षुरिति गाथार्थः ॥**

**ટીકાર્થ :** સાધુને ઉદ્દેશીને કરાયેલું હોય તેને જે સાધુ વાપરે. એટલે કે ઔદ્દેશિક (આધાકર્મી) વાપરે. જ્યાં ક્યાંય પૃથ્વીવગેરેની હિંસા કરનારો હોય, નિર્દોષ સ્થાન સંભવતું હોય તો પણ જે મૂર્છાથી વસતિ = ઘર કે ભાડાનું ઘર કરે. તથા બધા એને જોતાં હોય એ રીતે જ જે પાણીવગેરેને પીએ. પરમાર્થથી કોઈ આલંબનવિના પીએ. આ શી રીતે ભિક્ષુ કહેવાય. આ ભાવભિક્ષુ નથી જ.

**उक्त उपनयः, साम्प्रतं निगमनमाह –**

तम्हा जे अज्झयणे भिक्खुगुणा तेहिं होइ सो भिक्खू । तेहि अ सउत्तरगुणेहि होइ सो भाविअतरो उ ॥३५८॥

ઉપનય કહેવાયો.

હવે નિગમન કહે છે.

**નિ.૩૫૮ ગાથાર્થ :** તેથી અધ્યયનમાં જે ભિક્ષુગુણો કહેલા છે, તેનાથી તે ભિક્ષુ થાય. ઉત્તરગુણો સહિત તે ગુણોવડે તે ભાવિતતર થાય.

**यस्मादेतदेवं यदनन्तरमुक्तं तस्माद् येऽध्ययने प्रस्तुत एव 'भिक्षुगुणा' मूलगुणरूपा उक्तास्तैः करणभूतैः सद्भिर्भवत्यसौ भिक्षुः, तैश्च 'सोत्तरगुणैः' पिण्डविशुद्ध्याद्युत्तरगुणसमन्वितैर्भवत्यसौ 'भावितत्तरः' चारित्रधर्मे तु प्रसन्नतर इति गाथार्थः ॥**

**ટીકાર્થ :** જે અનન્તર કહ્યું છે, એ હકીકત છે, એથી પ્રસ્તુતઅધ્યયનમાં જ જે મૂલગુણરૂપ ભિક્ષુગુણો કહેવાયેલા છે, કરણભૂત તે ગુણો વડે આ ભિક્ષુ થાય. એ મૂલગુણો જો પિંડવિશુદ્ધિ વગેરે ઉત્તરગુણોથી સમન્વિત થાય, તો એવા તે મૂલગુણો વડે આ સાધુ ચારિત્રધર્મમાં વધુ પ્રસન્ન બને.

**उक्तो नामनिष्पन्नो निक्षेपः, साम्प्रतं सूत्रालापकनिष्पन्नस्यावसर इत्यादिचर्चः पूर्ववत्तावद्यावत्सूत्रानुगमेऽस्खलितादिगुणोपेतं सूत्रमुच्चारणीयं, तच्चेदम् –**

**निक्खम्ममाणाइ अ बुद्धवयणे, निच्चं चित्तसमाहिओ हविज्जा ।**
**इत्थीण वसं न आवि गच्छे, वंतं नो पडिआयइ जे स भिक्खू ॥१॥**

નામનિષ્પન્ન નિક્ષેપ કહેવાયો.

હવે સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપનો અવસર છે... વગેરે ચર્ચા પૂર્વની જેમ ત્યાં સુધી જાણવી કે યાવત્ સૂત્રાનુગમમાં અસ્ખલિત વગેરે ગુણોથીયુક્ત સૂત્ર ઉચ્ચારવાનું આવે. તે સૂત્ર આ છે.

**સૂ.૧ સૂત્રાર્થ :** આજ્ઞાથી નીકળીને, સદા બુદ્ધવચનમાં ચિત્તસમાધિવાળો બને. સ્ત્રીઓને વશ ન થાય. વાન્તને પુનઃ ન પીએ તે ભિક્ષુ.

**'निष्क्रम्य' द्रव्यभावगृहात् प्रव्रज्यां गृहीत्वेत्यर्थः 'आज्ञया' तीर्थकरगणधरोपदेशेन योग्यतायां सत्यां, निष्क्रम्य किमित्याह–'बुद्धवचने' अवगततत्त्वतीर्थकरगणधरवचने 'नित्यं' सर्वकालं 'चित्तसमाहितः' चित्तेनातिप्रसन्नो भवेत्, प्रवचन एवाभियुक्त इति गर्भः, व्यतिरेकतः समाधानोपायमाह–'स्त्रीणां' सर्वासत्कार्यनिबन्धनभूतानां 'वशं' तदायत्ततारूपं न चापि गच्छेत्, तद्वशगो हि नियमतो वान्तं प्रत्यापिबति, 'अतो' बुद्धवचनचित्तसमाधानतः सर्वथा स्त्रीवशत्यागाद्,**

**अनेनैवोपायेनान्योपायासंभवात्, '<u>वान्तं</u>' परित्यक्तं सद्विषयजम्बालं '<u>न प्रत्यापिबति</u>' न मनागप्याभोगतोऽनाभोगतश्च तत्सेवते यः स भिक्षुः-भावभिक्षुरिति सूत्रार्थः ॥१॥**

**ટીકાર્થ :** તીર્થંકરો અને ગણધરોના ઉપદેશપ્રમાણે જો યોગ્યતા હોય તો દ્રવ્યઘર અને ભાવઘરમાંથી નીકળીને = દીક્ષા લઈને તત્ત્વોનાં જ્ઞાતા એવા તીર્થંકરો અને ગણધરોનાં વચનમાં સર્વકાળ ચિત્તસમાધિવાળા બનવું જોઈએ. અર્થાત્ એ વચનોમાં ચિત્તથી અતિપ્રસન્ન થવું જોઈએ. ગર્ભિત આશય એ છે કે પ્રવચનમાં જ ઉપયોગ, અભિયોગવાળા બનવું જોઈએ.

વ્યતિરેકથી = નકારાત્મક રીતે ચિત્તસમાધાનનો ઉપાય કહે છે. કે તમામ ખોટાકાર્યોનાં કારણભૂત એવી સ્ત્રીઓને વશ ન થવું. તેમને આધીન ન થવું. કેમકે સ્ત્રીઓને વશ થાય તે અવશ્ય વમી નાંખેલા ભોગોને પુનઃ પીનારો બને છે. (અર્થાત્ ત્યક્ત ભોગોને ફરીથી સેવે છે...)

આથી બુદ્ધવચનમાં ચિત્તની પ્રસન્નતાવડે સર્વથા સ્ત્રીપરતન્ત્રતાનો ત્યાગ કરવા દ્વારા ત્યાગેલા એવા વિષયકાદવને જે ફરી પીતો નથી. એટલે કે આભોગથી કે અનાભોગથી લેશ પણ તેને સેવતો નથી તે ભાવભિક્ષુ છે.

આમાં બુદ્ધવચનમાં ચિત્તસમાધાનવડે સ્ત્રીવશતાનો ત્યાગ કરવાદ્વારા જ વાન્તનાં પાનનો ત્યાગ શક્ય છે. અર્થાત્ આ જ ઉપાયથી આ વસ્તુ શક્ય છે. કેમકે આનો બીજો કોઈ ઉપાય નથી.

---

**तथा–**

**पुढविं न खणे न खणावए, सीओदगं न पिए न पिआवए।**
**अगणिसत्थं जहा सुनिसिअं, तं न जले न जलावए जे स भिक्खू ॥२॥**

**સૂ.૨ સૂત્રાર્થ :** પૃથ્વીને ન ખણે, ન ખણાવે, શીતોદકને ન પીએ, ન પીવડાવે, પેટાવેલો જે અગ્નિ શસ્ત્ર જેવો છે, તેને ન પ્રગટાવે ન પ્રગટાવડાવે તે ભિક્ષુ.

---

**'<u>पृथिवीं</u>' सचेतनादिरूपां न खनति स्वयं न खानयति परैः, 'एकग्रहणे तज्जातीयग्रहण'मिति खनन्तमप्यन्यं न समनुजानाति, एवं सर्वत्र वेदितव्यं। '<u>शीतोदकं</u>' सचित्तं पानीयं न पिबति स्वयं न पाययति परानिति, अग्निः षड्जीवघातकः, किंवदित्याह–'<u>शस्त्रं</u>' खड्गादि यथा '<u>सुनिशितम्</u>' उज्ज्वालितं तद्वत्, तं न ज्वालयति**

स्वयं न ज्वालयति परैः, य इत्थंभूतः स भिक्षुः । आह–षड्जीवनिकायादिषु सर्वाध्ययनेष्वयमर्थोऽभिहितः किमर्थं पुनरुक्त इति, उच्यते, तदुक्तार्थानुष्ठानपर एव भिक्षुरिति ज्ञापनार्थं, ततश्च न दोष इति सूत्रार्थः ॥२॥

**ટીકાર્થ :** સચિત્તવગેરેરૂપ પૃથ્વીને જે સ્વયં ખણે નહિ કે બીજાઓવડે ખણાવે નહિ. "એકના ગ્રહણમાં તજ્જાતીયનું ગ્રહણ થઈ જાય." એટલે (કરણ-કરાવણ એ બે યોગના ગ્રહણ દ્વારા અનુમોદન રૂપ ત્રીજાયોગનું પણ ગ્રહણ સમજી લેવું કે) ખણતાં એવા પણ અન્યને અનુમતિ ન આપે. આમ બધે જ સમજી લેવું.

સચિત્તપાણી સ્વયં ન પીએ, બીજાઓને ન પીવડાવે.

જેમ શસ્ત્ર ષટ્જીવનિકાયનું ઘાતક હોય. તેમ અગ્નિ પણ જો પેટાવેલો હોય તો એ ષટ્કાયનો ઘાતક બને. આવા અગ્નિને જાતે પેટાવે નહિ, કે બીજાઓ વડે પેટાવડાવે નહિ. આવા પ્રકારનો જે હોય તે ભિક્ષુ.

**પ્રશ્ન :** ષટ્જીવનિકા વગેરે બધા અધ્યયનોમાં આ અર્થ કહી જ દીધો છે, તો શા માટે ફરી કહ્યો ?

**ઉત્તર :** પૂર્વેના અધ્યયનોમાં એ અર્થ કહેવાયો છે. અહીં એ જણાવવા માટે આ અર્થ કહ્યો છે કે "પૂર્વેના અધ્યયનોમાં કહેવાયેલા અર્થોનું અનુષ્ઠાન કરવામાં જે તત્પર હોય તે જ ભિક્ષુ બીજો નહિ."

આમ કોઈ પુનરુક્તિ દોષ નથી.

**तथा**

**अनिलेण न वीए न वीयावए, हरियाणि न छिंदे न छिंदावए ।**
**बीआणि सया विवज्जयंतो, सच्चित्तं नाहारए जे स भिक्खू ॥ ३॥**

**સૂ.૩. સૂત્રાર્થ :** પવનથી વીંઝે નહિ, વીંઝાવે નહિ. હરિતોને છેદે નહિ, છેદાવે નહિ. બીજોને સદા વર્જતો જે સચિત્તને ન વાપરે તે ભિક્ષુ.

'अनिलेन' अनिलहेतुना चेलकर्णादिना न वीजयत्यात्मादि स्वयं न वीजयति परैः । 'हरितानि' शष्पादीनि न छिनत्ति स्वयं न छेदयति परैः, 'बीजानि' हरितफलरूपाणि व्रीह्यादीनि 'सदा' सर्वकालं विवर्जयन् संघट्टनादिक्रियया, सचित्तं नाहारयति यः कदाचिदप्यपुष्टालम्बनः स भिक्षुरिति सूत्रार्थः ॥३॥

**ટીકાર્થ :** અનિલવડે = પવનનાં કારણભૂત વસ્ત્રનાં છેડાવગેરેવડે આત્માવગેરેને સ્વયં વીંઝે નહિ કે બીજાવડે વીંઝાવે નહિ.

શષ્પવગેરે વનસ્પતિને સ્વયં છેદે નહિ, બીજાઓ વડે છેદાવે નહિ.

ડાંગરવગેરે વનસ્પતિનાં ફલરૂપ બીજોને સંઘટ્ટ-પરિતાપાદિ દ્વારા સદા વર્જતો એટલે કે એ બીજોને સંઘટ્ટાદિ ન કરતો જે ક્યારેય અપુષ્ટાલંબનવાળો છતો સચિત્તને ન વાપરે (વગરકારણે કે નજીવા કારણે સચિત્તને ન વાપરે) તે ભિક્ષુ.

**औद्देशिकादिपरिहारेण त्रसस्थावरपरिहारमाह—**

**वहणं तसथावराण होइ, पुढवीतणकट्ठनिस्सिआणं ।**

**तम्हा उद्देसिअं न भुंजे, नोऽवि पए न पयावए जे स भिक्खू ॥४॥**

ઔદ્દેશિકાદિનાં પરિહારદ્વારા ત્રસ અને સ્થાવરનાં પરિહારને કહે છે.

**સૂ.૪ સૂત્રાર્થ :** પૃથ્વી, તૃણ, અને કાષ્ઠમાં રહેલા ત્રસ અને સ્થાવરજીવોનો વધ થાય છે, તેથી ઔદ્દેશિક ન વાપરે. જે પકાવે નહિ, પકાવડાવે નહિ તે ભિક્ષુ.

**'वधनं' हननं 'त्रसस्थावराणां' द्वीन्द्रियादिपृथिव्यादीनां भवति कृतौद्देशिके, किंविशिष्टानाम् ?-'पृथिवीतृणकाष्ठनिश्रितानां' तथासमारम्भात्, यस्मादेवं तस्मादौद्देशिकं कृताद्यन्यच्च सावद्यं न भुङ्क्ते, न केवलमेतत्, किंतु ? नापि पचति स्वयं न पाचयति अन्यैर्न पचन्तमनुजानाति यः स भिक्षुरिति सूत्रार्थः ॥४॥**

**ટીકાર્થ :** કૃતઔદ્દેશિકદોષવાળી વસ્તુમાં બેઈન્દ્રિયવગેરે અને પૃથ્વીવગેરેનો વધ થાય છે. કે જે જીવો પૃથ્વી, ઘાસ, લાકડા વગેરેમાં રહેલા છે. એ ઘાત થવાનું કારણ એ કે કૃતૌદ્દેશિકમાં તેવાપ્રકારનો સમારંભ = હિંસાદિ થાય છે.

આવું છે તેથી કૃત વગેરે રૂપ ઔદ્દેશિક અને અન્ય પણ સાવદ્ય ભોજનને ન વાપરે. માત્ર આટલું જ નહિ, પણ સ્વયં પકાવે નહિ, બીજાઓવડે પકાવડાવે નહિ, પકવનારા અન્યને જે અનુમતિ આપે નહિ તે ભિક્ષુ.

(વિભાગૌદ્દેશિકમાં ઉદ્દિષ્ટ, કૃત અને કર્મ એ ત્રણભેદ પડે છે. એમાં કર્મમાં અગ્નિ સમારંભ હોવાથી એમાં પૃથ્વી, ઘાસ, લાકડાદિ બળે, અને તેમાં રહેલા જીવો મરે એ સંભવે છે પરંતુ કૃતૌદ્દેશિકમાં અગ્નિસમારંભ ન હોવાથી આ વસ્તુ શી રીતે ઘટે ? એ એક પ્રશ્ન છે એટલે એમ લાગે છે કે સાધુને ઉદ્દેશીને જે કરાય તે ઔદ્દેશિક = આધાકર્મી એ સ્વયં કર્યું હોય તો કૃત, બીજા પાસે કરાવ્યું હોય તો કારિત, એમ અનુમોદિત... આમ

કૃતૌદ્દેશિકાદિનો અર્થ આવો થઈ શકે કે સ્વયંકૃત આધાકર્માદિ, કારિતઆધાકર્માદિ ન વાપરે. કોઈને પ્રશ્ન થાય કે "વાપરે નહિ, પણ એ રીતે પકાવી શકે ખરો ?" એટલે તરત કહ્યું કે માત્ર વાપરે જ નહિ, એટલું જ નહિ. પણ પકાવે પણ નહિ... આ રીતે અર્થ સંગત લાગે છે. આધાકર્મીમાં અગ્નિસમારંભ હોવાથી યથોક્તહિંસાનો સંભવ છે.)

किंच–

**रोइअ नायपुत्तवयणे, अत्तसमे मन्निज्ज छप्पि काए ।**
**पंच य फासे महव्वयाइं, पंचासवसंवरे जे स भिक्खू ॥५॥**

**સૂ.૫ સૂત્રાર્થ** : જ્ઞાતપુત્રવચનોને ગમાડીને ષટ્કાયને આત્મસમાન માને, પાંચ મહાવ્રતોને સ્પર્શે, પાંચ આશ્રવનાં સંવરવાળો જે, તે ભિક્ષુ.

**'रोचयित्वा' विधिग्रहणभावनाभ्यां प्रियं कृत्वा, किं तदित्याह–'ज्ञातपुत्रवचनं' भगवन्महावीरवर्धमानवचनम् 'आत्मसमान्' आत्मतुल्यान् मन्यते 'षडपि कायान्' पृथिव्यादीन्, 'पञ्च चे'ति चशब्दोऽप्यर्थः पञ्चापि 'स्पृशति' सेवते महाव्रतानि 'पञ्चाश्रवसंवृतश्च' द्रव्यतोऽपि पञ्चेन्द्रियसंवृतश्च यः स भिक्षुरिति सूत्रार्थः ॥५॥**

**ટીકાર્થ** : વચનને વિધિપૂર્વક ગ્રહણ કરવું અને ચિંતન કરવું એ બે દ્વારા ભગવાનવીરવર્ધમાનસ્વામીના વચનોને પ્રિય કરીને પૃથ્વી વગેરે છ કાયોને આત્મસમાન માને. પાંચેય મહાવ્રતોને સ્પર્શે = સેવે. દ્રવ્યથી પણ પાંચ ઈન્દ્રિયનાં સંવરવાળો જે હોય તે ભિક્ષુ.

किंच –

**चत्तारि वमे सया कसाए, धुवजोगी हविज्ज बुद्धवयणे ।**
**अहणे निज्जायरूवरयए, गिहिजोगं परिवज्जए जे स भिक्खू ॥६॥**

**સૂ.૬ સૂત્રાર્થ** : સદા ચારકષાયોને વમે, બુદ્ધવચનવડે ધ્રુવયોગી થાય. અધન, નિર્જાતરૂપરજત જે ગૃહસ્થયોગનો ત્યાગ કરે તે ભિક્ષુ.

**चतुरः क्रोधादीन् वमति तत्प्रतिपक्षाभ्यासेन 'सदा' सर्वकालं कषायान्, ध्रुवयोगी च-उचितनित्ययोगवांश्च भवति, बुद्धवचन इति तृतीयार्थे सप्तमी, तीर्थकरवचनेन करणभूतेन, ध्रुवयोगी भवति यथागममेवेति भावः, 'अधनः'**

चतुष्पदादिरहितः 'निर्जातरूपरजतो' निर्गतसुवर्णरूप्य इति भावः, 'गृहियोगं' मूर्च्छया गृहस्थसंबन्धं 'परिवर्जयति' सर्वैः प्रकारैः परित्यजति यः स भिक्षुरिति सूत्रार्थः ॥६॥

**ટીકાર્થ :** કષાયોના પ્રતિપક્ષ એવા ક્ષમાવગેરેનો અભ્યાસ કરવા દ્વારા ક્રોધાદિ ચારકષાયોને સર્વકાળ વમી નાંખે. કરણભૂત એવા તીર્થંકરવચનવડે ઉચિત નિત્ય યોગવાળો બને. અર્થાત્ આગમપ્રમાણે જ ઉચિત નિત્યયોગો આચરે. ગાથામાં **बुद्धवयणे** એ સપ્તમી વિભક્તિ છે, તે ત્રીજીના અર્થમાં સમજવી. તથા જે ચતુષ્પદ = ગાય વગેરેથી રહિત હોય. જાતરૂપ = સોનું, રજત = ચાંદી. જે સોનાચાંદી વિનાનો હોય. આવો જે સાધુ મૂર્છાથી ગૃહસ્થના સંબંધને સર્વપ્રકારે ત્યાગી દે તે ભિક્ષુ.

तथा–

**सम्मद्दिट्ठी सया अमूढे, अत्थि हु नाणे तवे संजमे अ ।**
**तवसा धुणइ पुराणपावगं, मणवयकायसुसंवुडे जे स भिक्खू ॥७॥**

**સૂ.૭ સૂત્રાર્થ :** સમ્યક્ત્વી, સદાઅમૂઢ, 'જ્ઞાન, તપ અને સંયમ' છે (એમ માનતો), તપથી જુનાપાપોને ખપાવે, જે મન-વચનકાય-સુસંવૃત હોય, તે ભિક્ષુ.

'सम्यग्दृष्टिः' भावसम्यग्दर्शनी सदा 'अमूढः' अविप्लुतः सन्नेवं मन्यते-अस्त्येव ज्ञानं हेयोपादेयविषयमतीन्द्रियेष्वपि तपश्च बाह्याभ्यन्तरकर्ममलापनयनजलकल्पं संयमश्च नवकर्मानुपादानरूपः, इत्थं च दृढभावस्तपसा धुनोति पुराणपापं भावसारया प्रवृत्त्या 'मनोवाक्काय( सु )संवृतः' तिसृभिर्गुप्तिभिर्गुप्तो यः स भिक्षुरिति सूत्रार्थः ॥७॥

**ટીકાર્થ :** ભાવથી સમ્યગ્દર્શનવાળો, અમૂઢ = અવિપ્લુત = મૂઢતા વિનાનો છતો એમ માને કે અતીન્દ્રિયપદાર્થોને વિશે પણ હેયોપાદેયવિષયક જ્ઞાન વર્તે છે. બાહ્ય અને અભ્યન્તર એવો તપ છે. તથા એ કર્મરૂપી મેલને દૂર કરવામાં પાણી સમાન છે. (બાહ્ય-અભ્યન્તર આ બે શબ્દો કર્મમલનું વિશેષણ લેવા યોગ્ય નથી લાગતાં. કેમકે બાહ્ય એવો કર્મમલ કોણ ? એ પ્રશ્ન ઊભો થાય. એટલે કાં તો (૧) **बाह्याभ्यन्तरं...** એમ શબ્દ જુદો સમજવો. અથવા (૨) **बाह्याभ्यन्तरं च तत् कर्ममल अपनयनजलकल्पं च** એ રીતે સમાસ કરીને અનુસ્વારરહિત આખો સમાસ સમજવો...) તથા નવાકર્મોને ગ્રહણ નહિકરવારૂપ સંયમ પણ છે.

આ પ્રમાણે દઢભાવવાળો તે તપવડે જુનાપાપને ભાવપ્રધાન પ્રવૃત્તિથી ખપાવે તથા

જે ત્રણગુપ્તિથી ગુપ્ત હોય તે ભિક્ષુ.

**तहेव असणं पाणगं वा, विविहं खाइमसाइमं लभित्ता ।**
**होही अट्ठो सुए परे वा, तं न निहे न निहावए जे स भिक्खू ॥८॥**

**સૂ.૮ સૂત્રાર્થ :** તે જ પ્રમાણે વિવિધ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ પામીને આવતીકાલે કે પરમદિવસે કામ પડશે"" એમ જે સ્થાપે નહિ, સ્થપાવે નહિ, તે ભિક્ષુ.

'तथैवे'ति पूर्वर्षिविधानेन 'अशनं पानं च' प्रागुक्तस्वरूपं तथा 'विविधम्' अनेकप्रकारं 'खाद्यं स्वाद्यं च' प्रागुक्तस्वरूपमेव 'लब्ध्वा' प्राप्य, किमित्याह– भविष्यति 'अर्थः' प्रयोजनमनेन श्वः परश्वो वेति 'तद्' अशनादि 'न निधत्ते' न स्थापयति स्वयं तथा 'न निधापयति' न स्थापयत्यन्यैः स्थापयन्तमन्यं नानुजानाति, यः सर्वथा संनिधिपरित्यागवान् स भिक्षुरिति सूत्रार्थः ॥८॥

**ટીકાર્થ : तथैव** = પૂર્વઋષિઓએ જે વિધિ બતાવી છે તે પ્રમાણે પૂર્વોક્તસ્વરૂપવાળા અનેકપ્રકારના અશન, પાનને તથા પૂર્વોક્તસ્વરૂપવાળા જ અનેકપ્રકારના ખાદિમસ્વાદિમને પામીને "આવતીકાલે કે પરમ-દિવસે આનાવડે પ્રયોજન થશે." (એટલે કે આનો ઉપયોગ થશે.) એ પ્રમાણે વિચારીને અશનાદિ સ્વયં સ્થાપી ન રાખે કે બીજાઓવડે સ્થાપના ન કરાવે કે સ્થાપના કરતાં અન્યને અનુમતિ ન આપે. જે સર્વપ્રકારે સંનિધિના ત્યાગવાળો બને તે ભિક્ષુ.

किंच -

**तहेव असणं पाणगं वा, विविहं खाइमसाइमं लभित्ता ।**
**छंदिअ साहम्मिआण भुंजे, भुच्चा सज्झायरए जे स भिक्खू ॥९॥**

**સૂ.૯ સૂત્રાર્થ :** તે જ પ્રમાણે વિવિધ અશન, પાન, ખાદિમ, સ્વાદિમને પામીને સાધર્મિકોને છંદના કરીને વાપરે, વાપરીને જે સ્વાધ્યાયરત બને તે ભિક્ષુ.

तथैवाशनं पानं च विविधं खाद्यं स्वाद्यं च लब्ध्वेति पूर्ववत्, लब्ध्वा किमित्याह– 'छन्दित्वा' निमन्त्र्य 'समानधार्मिकान्' साधून् भुङ्क्ते, स्वात्मतुल्यतया तद्वात्सल्यसिद्धेः, तथा भुक्त्वा स्वाध्यायरतश्च यः चशब्दाच्छेषानुष्ठानपरश्च यः स भिक्षुरिति सूत्रार्थः ॥९॥

**ટીકાર્થ** : તે જ પ્રમાણે અશન... પૂર્વની જેમ સમજવું. આ બધું પામ્યા બાદ સમાનધાર્મિકોને સાધુઓને નિમંત્રણ આપે. (કે તમે આ વાપરો.) આ રીતે તેઓને આત્મતુલ્ય ગણવાથી સાધર્મિકવાત્સલ્યની સિદ્ધિ થાય છે.

તથા આ રીતે નિમંત્રણ કરીને, તથા ગોચરી વાપરીને જે સ્વાધ્યાયમાં લીન બને છે, **च** શબ્દથી સમજવું કે જે બાકીના અનુષ્ઠાનોમાં લીન બને છે તે ભિક્ષુ છે.

**भिक्षुलक्षणाधिकार एवाह-**

**न य वुग्गहिअं कहं कहिज्जा, न य कुप्पे निहुइंदिए पसंते ।**
**संजमे धुवं जोगेण जुत्ते, उवसंते अविहेडए जे स भिक्खू ॥१०॥**

ભિક્ષુલક્ષણનાં અધિકારમાં જ કહે છે.

**સૂ.૧૦ સૂત્રાર્થ** : વિગ્રહવાળી કથાને ન કરે. નિભૃતેન્દ્રિય, પ્રશાંત કોપ ન કરે. સંયમમાં ધ્રુવયોગથી યુક્ત, ઉપશાંત, અવિહેઠક જે હોય તે ભિક્ષુ.

**न च 'वैग्रहिकीं' कलहप्रतिबद्धां कथां कथयति, सद्वादकथादिष्वपि न च कुप्यति परस्य, अपितु 'निभृतेन्द्रियः' अनुद्धतेन्द्रियः 'प्रशान्तो' रागादिरहित एवास्ते, तथा 'संयमे' पूर्वोक्ते 'ध्रुवं' सर्वकालं 'योगेन' कायवाङ्मनःकर्मलक्षणेन युक्तो योगयुक्तः, प्रतिभेदमौचित्येन प्रवृत्तेः, तथा 'उपशान्तः' अनाकुलः कायचापलादिरहितः 'अविहेठकः' न क्वचिदुचितेऽनादरवान्, क्रोधादीनां विश्लेषक इत्यन्ये, य इत्थंभूतः स भिक्षुरिति सूत्रार्थः ॥१०॥**

**ટીકાર્થ** : કલહપ્રતિબદ્ધ = ઝઘડાદિવાળી કથા=વાતો ન કરે. તથા સારાવાદની કથાઓમાં = વાતચીતોમાં પણ બીજા ઉપર ક્રોધ ન કરે. પરંતુ અનુદ્ધતઈન્દ્રિયવાળો, રાગાદિરહિત જ રહે. તથા પૂર્વોક્ત સંયમમાં સર્વકાળ કાય, પાણી, મનની ક્રિયા રૂપ યોગ વડે જે જોડાયેલો હોય. કેમકે તે દરેક ભેદમાં ઔચિત્યપૂર્વક પ્રવૃત્તિ કરતો હોય. તથા ઉપશાંત = અનાકુલ = કાયાની ચપલતા વગેરેથી રહિત હોય. તથા કોઈપણ ઉચિતબાબતમાં અનાદરવાળો ન હોય એ અવિહેઠક કહેવાય. અન્યો વળી આ પ્રમાણે અર્થ કરે છે કે ક્રોધાદિનો ત્યાગ કરે તે અવિહેઠક.

જે આવાપ્રકારનો હોય તે ભિક્ષુ.

**किंच-**

**जो सहइ हु गामकंटए, अक्कोसपहारतज्जणाओ अ ।
भयभेरवसद्दसप्पहासे, समसुहदुक्खसहे अ जे स भिक्खू ॥११॥**

सू.११ सूत्रार्थ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

**यः खलु महात्मा सहते 'सम्यग्ग्रामकण्टकान्' ग्रामा-इन्द्रियाणि तद्दुःखहेतवः कण्टकास्तान्, स्वरूपत एवाह-आक्रोशान् प्रहारान् तर्जनाश्चेति, तत्राक्रोशो यकारादिभिः प्रहाराः कशादिभिः तर्जना असूयादिभिः, तथा 'भैरवभया' अत्यन्तरौद्रभयजनकाः शब्दाः सप्रहासा यस्मिन् स्थान इति गम्यते तत्तथा तस्मिन्, वैतालादिकृतार्त्तनादाट्टहास इत्यर्थः, अत्रोपसर्गेषु सत्सु समसुखदुःखसहश्च-यः अचलित-सामायिकभावः स भिक्षुरिति सूत्रार्थः ॥११॥**

**ટીકાર્થ :** ગ્રામ એટલે ઈન્દ્રિયો, તેને દુઃખ આપવામાં કારણો તે કંટક કહેવાય. એ ગ્રામકંટકોને જ સ્વરૂપથી બતાવે છે કે આક્રોશ, પ્રહાર, તર્જના. તેમાં **ચ**કાર વગેરેવડે આક્રોશ (જેમ અત્યારે જા, જા... વગેરે તિરસ્કાર વચનો બોલાય... તેમ) ચાબુકવગેરેથી પ્રહાર, ઈર્ષ્યાવગેરેથી (કે ખુલ્લેખુલ્લા કડવા શબ્દોથી) તર્જના જે મહાત્મા આ બધા ગ્રામકંટકોને સહન કરે. તથા અત્યંતરૌદ્ર ભયને ઉત્પન્નકરનારા એવા હાસ્યસહિતના એવા શબ્દો જે સ્થાનમાં હોય તે 'ભયભેરવશબ્દસપ્રહાસ' કહેવાય. અર્થાત્ વેતાલ વગેરે વડે કરાયેલા આર્તનાદ, અટ્ટહાસ્ય વગેરે.

આ બધા ઉપસર્ગો આવે ત્યારે સુખ અને દુઃખને સમાન ગણીને સહનકરનારો એટલે કે જેનો સામાયિક ભાવ, સમભાવ ચંચળ નથી બન્યો તે ભિક્ષુ.

एतदेव स्पष्टयति-

**पडिमं पडिवज्जिआ मसाणे, नो भीयए भयभेरवाइं दिस्स ।
विविहगुणतवोरए अ निच्चं, न सरीरं चाभिकंखए जे स भिक्खू ॥१२॥**

આ જ વાતને સ્પષ્ટ કરે છે.

**सू.१२ सूत्रार्थ :** શ્મશાનમાં પ્રતિમા સ્વીકારીને ભયભૈરવોને જોઈને ગભરાય નહિ. નિત્ય વિવિધગુણવાળા તપમાં રત જે શરીરને ન ઈચ્છે તે ભિક્ષુ.

'प्रतिमां' मासादिरूपां 'प्रतिपद्य' विधिनाऽङ्गीकृत्य 'श्मशाने' पितृवने 'न

विभेति' न भयं याति 'भैरवभयानि दृष्ट्वा' रौद्रभयहेतूनुपलभ्य वैतालादिरूपशब्दादीनि 'विविधगुणतपोरतश्च नित्यं' मूलगुणाद्यनशनादिसक्तश्च सर्वकालं, न शरीरमभिकाङ्क्षते निःस्पृहतया वार्त्तमानिकं भावि च, इत्थंभूतः स भिक्षुरिति सूत्रार्थः ॥१२॥

**ટીકાર્થ :** શ્મશાનમાં વિધિપૂર્વક માસ-બેમાસવગેરેરૂપ પ્રતિમાને સ્વીકાર્યા બાદ ત્યાં ભૈરવભયોને = ભયંકરભયના કારણભૂત એવા વેતાલાદિના રૂપ, શબ્દાદિને પામીને = જોઈને = સાંભળીને જે ભય ન પામે.

તથા સર્વકાળ મૂલગુણાદિ અને અનશનાદિમાં આસક્ત જે નિઃસ્પૃહ હોવાથી વર્તમાનશરીરની અપેક્ષા ન રાખે અને ભાવીશરીરની પણ ઝંખના ન કરે.

જે આવાપ્રકારનો હોય તે ભિક્ષુ.

**असइं वोसट्ठचत्तदेहे, अक्कुट्ठे व हए लूसिए वा ।**
**पुढविसमे मुणी हविज्जा, अनिआणे अकोउहल्ले जे स भिक्खू ॥१३॥**

**સૂ.૧૩. સૂત્રાર્થ :** અનેકવાર વ્યુત્સૃષ્ટત્યક્તદેહવાળો, આક્રુષ્ટ કે હત કે લુષિત છતો પૃથ્વી સમાન મુનિ થાય. જે અનિદાન, અકુતુહલી હોય તે ભિક્ષુ.

न सकृदसकृत्सर्वदेत्यर्थः, किमित्याह-'व्युत्सृष्टत्यक्तदेहः' व्युत्सृष्टो भावप्रतिबन्धाभावेन त्यक्तो विभूषाकरणेन देहः-शरीरं येन स तथाविधः, आक्रुष्टो वा यकारादिना हतो वा दण्डादिना लूषितो वा खड्गादिना भक्षितो वा श्वशृगालादिना 'पृथिवीसमः' सर्वसहो मुनिर्भवति, न च रागादिना पीड्यते, तथा 'अनिदानो' भाविफलाशंसारहितः, अकुतूहलश्च नटादिषु, य एवंभूतः स भिक्षुरिति सूत्रार्थः ॥१३॥

**ટીકાર્થ :** સકૃત = એકવાર. અસકૃત્ = અનેકવાર એટલે કે સદામાટે.

શરીર ઉપર ભાવપ્રતિબંધ = રાગભાવનો અભાવ હોવાથી એ શરીર વ્યુત્સૃષ્ટ કહેવાય. તથા વિભૂષા ન કરાતી હોવાથી એ શરીર ત્યક્ત કહેવાય. સદા માટે જેનાવડે આ શરીર વ્યુત્સૃષ્ટ અને ત્યક્ત કરાયું છે, તેવો આ સાધુ **असकृत्व्युत्सृष्टत्यक्तदेहः** કહેવાય. તથા **च** કારાદિ ભાષાથી આક્રોશ કરાયેલો, દંડવગેરેથી મરાયેલો, તલવારાદિથી હણાયેલો કે કુતરા-શિયાળાદિથી ખવાયેલો મુનિ પૃથ્વી જેવો એટલે કે બધું જ સહન કરનારો બને. પણ રાગાદિથી ન પીડાય.

તથા જે ભવિષ્યસંબંધી ફલોની આશંસા વિનાનો હોય અને નટ વગેરેમાં કુતૂહલ

વિનાનો હોય તે ભિક્ષુ.

**भिक्षुस्वरूपाभिधानाधिकार एवाह –**

**अभिभूअ काएण परीसहाइं, समुद्धरे जाइपहाउ अप्पयं ।**

**विइत्तु जाईमरणं महब्भयं, तवे रए सामणिए जे स भिक्खू ॥१४॥**

ભિક્ષુસ્વરૂપના કથનનાં અધિકારમાં જ કહે છે કે

**સૂ.૧૪. સૂત્રાર્થ :** શરીરથી પરીષહોને હરાવીને જાતિપથમાંથી આત્માને ઉદ્ધરે. જન્મમરણને મોટાભયવાળું જાણીને સાધુસંબંધી તપમાં જે રત બને તે ભિક્ષુ.

**'अभिभूय' पराजित्य 'कायेन' शरीरेणापि, न भिक्षुसिद्धान्तनीत्या मनोवाग्भ्यामेव, कायेनानभिभवे तत्त्वतस्तदनभिभवात्, 'परीषहान्' क्षुदादीन्, 'समुद्धरति' उत्तारयति 'जातिपथात्' संसारमार्गादात्मानं, कथमित्याह–'विदित्वा' विज्ञाय जातिमरणं संसारमूलं 'महाभयं' महाभयकारणं, 'तपसि रतः' तपसि सक्तः, किंभूत इत्याह–'श्रामण्ये' श्रमणानां संबन्धिनि, शुद्ध इतिभावः, य एवंभूतः स भिक्षुरिति सूत्रार्थः ॥१४॥**

**ટીકાર્થ :** ભિક્ષુ (બૌદ્ધ)ના સિદ્ધાન્ત પ્રમાણે માત્ર વચન, કાયાથી જ નહિ, પરંતુ શરીરથી પણ પરીષહોને હરાવે, કેમકે શરીરથી પરીષહોનો પરાજય કરવામાં ન આવે, તો પરમાર્થથી તેમનો પરાજય જ ન ગણાય.

આ રીતે ભૂખવગેરે પરીષહોને હરાવીને સંસારમાર્ગમાંથી આત્માનો ઉદ્ધાર કરે.

**પ્રશ્ન :** કેવી રીતે ?

**ઉત્તર :** સંસારનાં મૂલ એવા જન્મમરણને મોટાભયના કારણ જાણીને સાધુસંબંધી એટલે કે શુદ્ધ એવા તપમાં જે રત બને (તે રીતે આત્માનો ઉદ્ધાર કરે.) તે ભિક્ષુ.

**हत्थसंजए पायसंजए, वायसंजए संजइंदिए ।**

**अज्झप्परए सुसमाहिअप्पा, सुत्तत्थं च विआणइ जे स भिक्खू ॥१५॥**

**સૂ.૧૫. સૂત્રાર્થ :** હસ્તસંયત, પાદસંયત, વાક્યસંયત, સંયતેન્દ્રિય, અધ્યાત્મરત, સુસમાહિતાત્મા જે સૂત્રાર્થને જાણે તે ભિક્ષુ.

**तथा हस्तसंयतः पादसंयत इति–कारणं विना कूर्मवल्लीन आस्ते कारणे च**

सम्यग्गच्छति, तथा वाक्संयतः अकुशलवाग्निरोधकुशलवागुदीरणेन, 'संयतेन्द्रियो' निवृत्तविषयप्रसरः, 'अध्यात्मरतः' प्रशस्तध्यानासक्तः, सुसमाहितात्मा ध्यानापादकगुणेषु, तथा सूत्रार्थं च यथावस्थितं विधिग्रहणशुद्धं विजानाति यः सम्यग्यथाविषयं स भिक्षुरिति सूत्रार्थः ॥१५॥

**ટીકાર્થ** : હાથમાં સંયમવાળો, પગમાં સંયમવાળો એટલે કે કારણ ન હોય તો કાચબાની જેમ લીન રહે. (હલન-ચલન કર્યા વિના બેસી રહે.) કારણ આવે તો સમ્યક્રીતે ચાલે. તથા વાણીમાં સંયમવાળો એટલે કે અકુશલવાણીનો નિરોધ અને કુશલવાણીનાં કથનદ્વારા વાણીનાં નિયમનવાળો, ઈન્દ્રિયોનો પોત-પોતાના વિષયોમાં જે પ્રસાર, તેને અટકાવી ચૂકેલો, પ્રશસ્તધ્યાનમાં આસક્ત, ધ્યાનને લાવી આપનારા ગુણોમાં સુસમાહિતઆત્માવાળો, તથા જે વિધિગ્રહણથી શુદ્ધ એવા યથાવસ્થિત સૂત્રાર્થને જાણે છે, જે સૂત્ર-અર્થનો જે વિષય છે, એ વિષયપ્રમાણે જે જાણે છે, તે ભિક્ષુ.

तथा—

**उवहिंमि अमुच्छिए अगिद्धे, अन्नायउंछं पुलनिप्पुलाए ।**
**कयविक्कयसंनिहिओ विरए, सव्वसंगावगए अ जे स भिक्खू ॥१६॥**

**સૂ.૧૬ સૂત્રાર્થ** : ઉપધિમાં અમૂર્च્છિત, અગૃદ્ધ, અજ્ઞાતઉંછ ચરનાર, પુલાક નિષ્પુલાક, ક્રય + વિક્રય + સંનિધિથી વિરત, અપગતસર્વસંગવાળો જે હોય તે ભિક્ષુ.

'उपधौ' वस्त्रादिलक्षणे 'अमूर्च्छितः' तद्विषयमोहत्यागेन 'अगृद्धः' प्रतिबन्धाभावेन, अज्ञातोञ्छं चरति भावपरिशुद्धं, स्तोकं स्तोकमित्यर्थः, 'पुलाकनिष्पुलाक' इति संयमासारतापादकदोषरहितः, 'क्रयविक्रयसंनिधिभ्यो विरतः' द्रव्यभावभेदभिन्नक्रयविक्रयपर्युषितस्थापनेभ्यो निवृत्तः, 'सर्वसङ्गापगतश्च यः' अपगतद्रव्यभावसङ्गश्च यः, स भिक्षुरिति सूत्रार्थः ॥१६॥

**ટીકાર્થ** : વસ્ત્રવગેરે ઉપધિસંબંધી મોહનાં ત્યાગદ્વારા જે ઉપધિમાં અમૂર્च્છિત છે, રાગનો અભાવ હોવાથી જે અગૃદ્ધ છે. જે ભાવશુદ્ધ અજ્ઞાત ઉંછને ચરે છે. એટલે કે થોડું થોડું લે છે. જે પુલાકની અપેક્ષાએ = ફોતરાંની અપેક્ષાએ વિચારીએ તો નિષ્પુલાક = ફોતરાં વિનાનો છે. અર્થાત્ સંયમને અસાર બનાવી દેનારા દોષોરૂપી પુલાકોથી = ફોતરાંઓથી રહિત છે. તથા ખરીદ-વેચાણ-સંનિધિથી અટકેલો છે. અર્થાત્ દ્રવ્ય અને ભાવ એમ બે ભેદથી જુદા જુદા પ્રકારના એવા ખરીદ, વેચાણ અને પર્યુષિતસ્થાપન =

વાસી = સુકુપાકું પાસે રાખી મુકવા રૂપ દોષથી જે નિવૃત્ત છે. (પિંડનિર્યુક્તિમાં દ્રવ્યક્રીત, ભાવક્રીત વગેરે ભેદો દર્શાવેલા છે. પૈસાદિ આપવા દ્વારા ખરીદાય તે દ્રવ્યક્રીત અને વિદ્વત્તા વગેરે ભાવો દ્વારા વસ્તુ મેળવાય તે ભાવક્રીત... વગેરે.) તથા દ્રવ્યસંગ અને ભાવસંગ જેમાંથી જતાં રહેલા છે. તેવો જે હોય તે ભિક્ષુ છે.

**किंच-**

**अलोल भिक्खू न रसेसु गिज्झे, उंछं चरे जीविअ नाभिकंखे ।**
**इड्ढि च सक्कारणपूअणं च, चए ठिअप्पा अणिहे जे स भिक्खू ॥१७॥**

**सू.१७ सूत्रार्थ :** અલોલ ભિક્ષુ રસોમાં ગૃદ્ધિ ન કરે. ઊંછને ચરે. જીવિતને ન ઈચ્છે, ઋદ્ધિ, સત્કાર, પૂજાને છોડે, સ્થિતાત્મા અનિહ જે હોય તે ભિક્ષુ.

**अलोलो नाम नाप्राप्तप्रार्थनपरो 'भिक्षुः' साधुः न रसेषु गृद्धः, प्राप्तेष्वप्यप्रतिबद्ध इति भावः, उञ्छं चरति भावोञ्छमेवेति पूर्ववत्, नवरं तत्रोपधिमाश्रित्योक्तमिह त्वाहारमित्यपौनरुक्त्यं, तथा जीवितं नाभिकाङ्क्षते, असंयमजीवितं, तथा 'ऋद्धिं च' आमर्षौषध्यादिरूपां सत्कारं वस्त्रादिभिः पूजनं च स्तवादिना त्यजति, नैतदर्थमेव यतते, स्थितात्मा ज्ञानादिषु, 'अनिभ' इत्यमायो यः स भिक्षुरिति सूत्रार्थः ॥१७॥**

**ટીકાર્થ : અલોલ** એટલે નહિ મળેલી વસ્તુની પ્રાર્થના કરવામાં તત્પર ન હોય તે. આવો સાધુ રસોમાં ગૃદ્ધ ન બને. એટલે કે મળેલા એવા પણ રસોમાં રાગ ન કરે. ભાવોઞ્છને જ ચરે... એ પૂર્વવત્ સમજી લેવું. માત્ર એટલો ફરક પૂર્વે ઉપધિને આશ્રયીને કહેલું, અહીં આહારને આશ્રયીને કહ્યું છે, એટલે પુનરુક્તિ દોષ નથી. તથા અસંયમજીવનને ન ઈચ્છે તથા આમર્ષઔષધિવગેરે ઋદ્ધિને, વસ્ત્રાદિવડે સત્કારને, સ્તવનાદિદ્વારા પૂજનને ત્યાગે. અર્થાત્ આ બધું મેળવવા માટે જ યત્ન ન કરે. તથા જ્ઞાનવગેરેમાં સ્થિર આત્માવાળો, અમાયી જે હોય તે ભિક્ષુ.

**तथा**

**न परं वइज्जासि अयं कुसीले, जेणं च कुप्पिज्ज न तं वइज्जा ।**
**जाणिअ पत्तेअं पुण्णपावं, अत्ताणं न समुक्कसे जे स भिक्खू ॥१८॥**

**सू.१८ सूत्रार्थ :** 'આ કુશીલ છે' એમ બીજાને ન કહીશ. જેનાથી તે કોપ કરે, તે

ન બોલે. પ્રત્યેક પુણ્યપાપને જાણીને આત્માનો ઉત્કર્ષ જે ન કરે તે ભિક્ષુ.

**न 'परं' स्वपक्षविनेयव्यतिरिक्तं वदति-अयं कुशीलः, तदप्रीत्यादिदोषप्रसङ्गात्, स्वपक्षविनेयं तु शिक्षाग्रहणबुद्ध्या वदत्यपि, सर्वथा येनान्यः कश्चित् कुप्यति न तद् ब्रवीति दोषसद्भावेऽपि, किमित्यत आह-ज्ञात्वा प्रत्येकं पुण्यपापं, नान्यसंबन्ध्यन्यस्य भवति अग्निदाहवेदनावत्, एवं सत्स्वपि गुणेषु नात्मानं समुत्कर्षति-न स्वगुणैर्गर्वमायाति यः स भिक्षुरिति सूत्रार्थः ॥१८॥**

**ટીકાર્થ :** સ્વપક્ષનાં શિષ્યો સિવાયનાને એમ ન બોલે "આ કુશીલ છે." કેમકે તેને અપ્રીતિ વગેરે દોષ થવાની આપત્તિ આવે. સ્વપક્ષનાં સાધુને તો શિક્ષાગ્રહણ કરાવવાની બુદ્ધિથી કહે પણ ખરો કે "આ કુશીલ છે.'

સર્વપ્રકારે એટલું સમજવું કે જેનાથી અન્યકોઈ કોપ કરે, તે વાતને ન બોલવી. ભલે એનો દોષ હોય તો પણ ન બોલવું.

**પ્રશ્ન :** આવું શા માટે ? દોષ હોય તો પણ કંઈ નહિ કહેવું ?

**ઉત્તર :** પુણ્ય અને પાપ દરેકના પોતપોતાના વ્યક્તિગત છે. અન્યસંબંધી પુણ્ય કે પાપ કંઈ બીજાના થઈ જવાંના નથી. જેમ કોઈને અગ્નિનાં દાહની વેદના થાય, તો એની વેદના બીજાની થઈ જવાની નથી. (જેને દાહ થાય, તેને જ વેદના થાય. એમ જેનો દોષ હશે, તેને નુકસાન થશે. એ અપ્રજ્ઞાપનીય હોવાથી, ગુસ્સે થઈ જતો હોવાથી એના દોષની ઉપેક્ષા એ જ માર્ગ છે...)

એમ પોતાના ગુણો હોય, તો પણ જાતનો ઉત્કર્ષ ન કરે એટલે કે પોતાના ગુણોવડે અહંકાર ન કરે, જે આવો હોય તે ભિક્ષુ.

**मदप्रतिषेधार्थमाह-**

**न जाइमत्ते न य रूवमत्ते, न लाभमत्ते न सुएण मत्ते ।**
**मयाणि सव्वाणि विवज्जइत्ता, धम्मज्झाणरए जे स भिक्खू ॥१९॥**

મદનાં પ્રતિષેધ માટે કહે છે કે

**સૂ.૧૯ સૂત્રાર્થ :** જાતિમત્ત નહિ, રુપમત્ત નહિ, લાભમત્ત નહિ, શ્રુતથી મત્ત નહિ, સર્વ મદોને ત્યાગીને ધર્મધ્યાનમાં જે રત બને તે ભિક્ષુ.

**न जातिमत्तो यथाऽहं ब्राह्मणः क्षत्रियो वा, न च रूपमत्तो यथाऽहं रूपवानादेयः, न**

लाभमत्तो यथाऽहं लाभवान्, न श्रुतमत्तो यथाऽहं पण्डितः, अनेन कुलमदादिपरिग्रहः, अत एवाह-मदान् सर्वान् कुलादिविषयानपि 'परिवर्ज्य' परित्यज्य 'धर्मध्यानरतो' यो यथागमं तत्र सक्तः स भिक्षुरिति सूत्रार्थः ॥१९॥

**ટીકાર્થ :** "હું બ્રાહ્મણ છું" એમ કે "હું ક્ષત્રિય છું" એમ જાતિમત્ત ન બને. તથા "હું રૂપવાળો છું, આદેય છું" એમ રૂપમત્ત ન બને. "હું લાભવાળો છું." એમ લાભમત્ત ન બને. "હું પંડિત છું" એમ શ્રુતમત્ત ન બને. આનાથી કુલમદવગેરે લઈ લેવા.

આથી જ કહે છે કે કુલાદિ-વિષયક પણ બધા મદોને ત્યાગીને જે આગમપ્રમાણે ધર્મધ્યાનમાં લીન બને તે ભિક્ષુ.

किंच-

**पवेअए अज्जपयं महामुणी, धम्मे ठिओ ठावयई परं पि ।**
**निक्खम्म वज्जिजज्ज कुसीललिंगं, न आवि हासंकुहए जे स भिक्खू ॥२०॥**

**સૂ.૨૦ સૂત્રાર્થ :** મહામુનિ આર્યપદોનું પ્રવેદન કરે. ધર્મમાં સ્થિત તે બીજાને પણ સ્થાપે. દીક્ષા લઈને કુશીલલિંગ છોડીને જે હાસ્યકુહક ન કરે તે ભિક્ષુ.

'प्रवेदयति' कथयति 'आर्यपदं' शुद्धधर्मपदं परोपकाराय 'महामुनिः' शीलवान् ज्ञाता एवंभूत एव वस्तुतो नान्यः, किमित्येतदेवमित्यत आह-धर्मे स्थितः स्थापयति परमपि-श्रोतारं, तत्रादेयभावप्रवृत्तेः, तथा निष्क्रम्य वर्जयति 'कुशीललिङ्गम्' आरम्भादि कुशीलचेष्टितं, तथा 'न चापि हास्यकुहको' न हास्यकारिकुहकयुक्तो यः स भिक्षुरिति सूत्रार्थः ॥२०॥

**ટીકાર્થ :** મહામુનિ = શીલવાન, જ્ઞાતા (સંવિગ્ન, ગીતાર્થ) પરોપકારને માટે આર્યપદનું = શુદ્ધધર્મપદનું કથન કરે. પરમાર્થથી આવો જ સાધુ કથન કરે, અન્ય નહિ.

**પ્રશ્ન :** આ રીતે આર્યપદનું કથન શા માટે કરવાનું ?

**ઉત્તર :** ધર્મમાં સ્થિર સાધુ શ્રોતાને પણ ધર્મમાં સ્થિર કરે. (એ માટે કથન કરે...) કેમકે સાધુને ધર્મમાં આદેયભાવની પ્રવૃત્તિ છે. અર્થાત્ સાધુને ધર્મ અત્યંતઆદેય લાગે છે. એટલે તે એમાં પ્રવૃત્તિ કરે છે. તથા દીક્ષા લીધા બાદ આરંભવગેરે રૂપ કુશીલચેષ્ટાઓને ત્યાગી દે. તથા હાસ્યને કરનારા એવા કુહકોથી યુક્ત ન બને. (કુહક એટલે ચેષ્ટાવિશેષ. જેનાથી લોકોને હાસ્ય ઉત્પન્ન થાય, તેવાપ્રકારની ક્રિયા ન કરે...)

• જે આવો હોય તે ભિક્ષુ.

---

**भिक्षुभावफलमाह–**

**तं देहवासं असुइं असासयं, सया चए निच्चहिअट्ठिअप्पा ।**

**छिंदित्तु जाईमरणस्स बंधणं, उवेइ भिक्खू अपुणागमं गइं ॥२१॥ ति बेमि ॥**

**सभिक्खुअज्झयणं दसमं समत्तं ॥१०॥**

---

ભિક્ષુભાવનાં = સાચાસાધુપણાનાં ફલને દર્શાવે છે.

**સૂ.૨૧ સૂત્રાર્થ :** નિત્યહિતસ્થિતાત્માભિક્ષુ અશુચિ, અશાશ્વત દેહવાસને સદા ત્યાગીને જાતિ-મરણનાં બંધનને છેદીને અપુનરાગમનવાળી ગતિને પામે.

---

**'तं देहवास'मित्येवं प्रत्यक्षोपलभ्यमानं चारकरूपं शरीरावासम् अशुचिं शुक्रशोणितोद्भवत्वादिना अशाश्वतं प्रतिक्षणपरिणत्या सदा त्यजति ममत्वानुबन्धत्यागेन, क इत्याह– 'नित्यहिते' मोक्षसाधने सम्यग्दर्शनादौ 'स्थितात्मा' अत्यन्तसुस्थितः, स चैवंभूतश्छित्त्वा 'जातिमरणस्य' संसारस्य 'बन्धनं' कारणम् 'उपैति' सामीप्येन गच्छति 'भिक्षुः' यतिः 'अपुनरागमां' पुनर्जन्मादिरहितामित्यर्थः, गतिमिति-सिद्धिगतिं, ब्रवीमीति पूर्ववदिति सूत्रार्थः ॥२१॥ उक्तोऽनुगमो, नयाः पूर्ववत्, इति व्याख्यातं सभिक्ष्वध्ययनम् ॥१०॥**

---

**ટીકાર્થ :** આ શરીર રૂપી આવાસ = નિવાસસ્થાન કેદખાના રૂપ છે, લોહી અને વીર્યથી ઉત્પન્ન થયેલું હોવાવગેરે કારણોસર અશુચિ છે, **तं**- પ્રત્યક્ષથી જ દેખાય છે (માટે જ તેના માટે સીધો **तत्** સર્વનામનો પ્રયોગ કરેલો છે.) તથા આ દેહ પ્રતિક્ષણે નવા નવા પરિણામ પામતો હોવાથી અશાશ્વત છે એને મમતાના અનુબંધના ત્યાગવડે જે સાધુ સદા માટે ત્યજી દે છે. (અર્થાત્ શરીર ભલે હોય, પણ એમાં જે મમતાનો અનુબંધ છે, તે ત્યાગી દે, તો પરમાર્થથી શરીરનો જ ત્યાગ કરેલો ગણાય...)

**પ્રશ્ન :** કોણ આ બધું કરે ?

**ઉત્તર :** નિત્યહિત = મોક્ષસાધનો = સમ્યગ્દર્શનાદિ, આ બધામાં અત્યંત સારી રીતે રહેલો આત્મા આ દેહરૂપી નિવાસસ્થાનનો ત્યાગ કરે.

તે આવાપ્રકારનો સાધુ = યતિ સંસારના બંધનને છેદીને ફરીથી જન્મ વગેરેથી રહિત એવી ગતિને = સિદ્ધિગતિને સામીપ્યથી પામે છે. (અર્થાત્ એકેન્દ્રિય રૂપે ત્યાં ઉત્પન્ન

થઈને એ સિદ્ધિગતિને નથી પામતો, પણ સિદ્ધ તરીકે એ સિદ્ધિગતિને પામે છે...)

અનુગમ કહેવાયો.

નયો પૂર્વની જેમ.

સભિક્ષુ અધ્યયનનું વ્યાખ્યાન પૂર્ણ થયું.

**इति श्रीहरिभद्रसूरिविरचितायां श्रीदशवैकालिकबृहद्वृत्तौ दशममध्ययनम् संपूर्णम् ॥१०॥**

**સભિક્ષુ અધ્યયન વ્યાખ્યાન કરાયું.**

●

## अथ चूलिके ।

**अधुनौघतश्चूडे आरभ्येते, अनयोश्चायमभिसंबन्धः-इहानन्तराध्ययने भिक्षुगुणयुक्त एव भिक्षुरुक्तः, स चैवंभूतोऽपि कदाचित् कर्मपरतन्त्रत्वात् कर्मणश्च बलवत्त्वात् सीदेद्, अतस्तत्स्थिरीकरणं कर्त्तव्यमिति तदर्थाधिकारवच्चूडाद्वयमभिधीयते, तत्र चूडाशब्दार्थमेवाभिधातुकाम आह—**

दव्वे खेत्ते काले भावम्मि अ चूलिआय निक्खेवो । तं पुण उत्तरतंतं सुअगहिअत्थं तु संगहणी ॥३५९॥

## રતિવાક્યાનામની પ્રથમ ચૂલિકા

હવે ઓઘથી બે ચૂલિકા શરુ કરાય છે. (બે ચૂલિકાનું નામ તો ચૂલિકા જ છે. અને બંનેનું સામાન્યથી ભેગુ નિરૂપણ કરે છે, એટલે **ઓઘતઃ** શબ્દ વાપરેલો છે.)

આ બે ચૂલિકાનો પૂર્વના અધ્યયન સાથે આ સંબંધ છે કે અહીં અનન્તરઅધ્યયનમાં ભિક્ષુગુણથી યુક્ત જ ભિક્ષુ કહેવાયો.

હવે આવાપ્રકારનો પણ તે ક્યારેક કર્મને પરતન્ત્ર બનવાથી અને કર્મ બળવાન્ હોવાથી સંયમમાં સીદાય - અરતિવાળો બને, આથી તેનું સ્થિરીકરણ કરવું જોઈએ.

એટલે આ અર્થનાં અધિકારવાળી બે ચૂલિકા કહેવાય છે.

તેમાં ચૂડાશબ્દનાં અર્થને જ કહેવાની ઈચ્છાવાળા કહે છે કે

**નિ.૩૫૯ ગાથાર્થ :** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવમાં ચૂલિકાનો નિક્ષેપ છે. તે ઉત્તરતંત્ર છે. શ્રુતગૃહીતાર્થ છે. સંગ્રહણી છે.

**नामस्थापने क्षुण्णत्वादनादृत्याह—'द्रव्ये क्षेत्रे काले भावे च' द्रव्यादिविषयः चूडाया 'निक्षेपो' न्यास इति तत्पुनश्चूडाद्वयम् 'उत्तरतंत्रं' दशवैकालिकस्य आचारपञ्च-चूडावत्, एतच्चोत्तरतन्त्रं 'श्रुतगृहीतार्थमेव' दशवैकालिकाख्यश्रुतेन गृहीतोऽर्थोऽस्येति विग्रहः, यद्येवमपार्थकमिदं, नेत्याह—'संग्रहणी' तदुक्तानुक्तार्थसंक्षेप इति गाथार्थः ॥**

**ટીકાર્થ :** નામ અને સ્થાપના ક્ષુણ્ણ = પ્રસિદ્ધ હોવાથી એનો અનાદર કરીને કહે છે કે ચૂડાનો નિક્ષેપ દ્રવ્યાદિ ચાર સંબંધી છે.

આ બે ચૂડા દશવૈકાલિકનું ઉત્તરતંત્ર = છેલ્લા શાસ્ત્રાંશ રૂપ છે. જેમ આચારાંગની

પાંચ ચૂડાઓ આચારાંગના ઉત્તરતંત્ર રૂપ છે તેમ. (ચૂડા અને ચૂલિકા બંને એક જ છે... તંત્ર-શાસ્ત્ર).

આ ઉત્તરતંત્ર શ્રુતગૃહીતાર્થ છે. એટલે કે જેનો અર્થ દશવૈકાલિક નામના શ્રુતદ્વારા ગ્રહણ થઈ જ ગયેલો છે, એવું આ ઉત્તરતંત્ર છે... આ પ્રમાણે એ શબ્દનો વિગ્રહ = સમાસ ખોલવો.

**પ્રશ્ન :** જો એવું હોય, તો આ ચૂડા અર્થહીન બની ગઈ. કેમકે તેનો અર્થ તો આવી જ ગયો છે.

**ઉત્તર :** આ ચૂડાઓ સંગ્રહણી છે. અર્થાત્ દશવૈ. વડે કહેવાયેલા અને નહિ કહેવાયેલા પદાર્થોનાં સંક્ષેપ રૂપ આ ચૂડાઓ છે. (આમાં સંક્ષેપથી આ દશવૈ.ના બધા જ પદાર્થો તથા બીજા પણ પદાર્થો આવી જાય છે, માટે એ ઉપયોગી છે.)

---

**द्रव्यचूडादिव्याचिख्यासयाऽऽह–**

दव्वे सच्चित्ताई कुक्कुडचूडामणीमऊराई । खेत्तंमि लोगनिक्कुड मंदरचूडा अ कूडाई ॥३६०॥

---

દ્રવ્યચૂડા વગેરેનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાથી કહે છે.

**નિ.૩૬૦ :** દ્રવ્યમાં સચિત્તાદિ, કુકડાની ચૂડા, મણિચૂડા, મયૂરચૂડા, ક્ષેત્રમાં લોકનિષ્કુટ, મંદરચૂડા, કૂટાદિ...

---

**'द्रव्य' इति द्रव्यचूडा आगमनोआगमज्ञशरीरेतरादि, व्यतिरिक्ता त्रिविधा 'सचित्ताद्या' सचिता अचित्ता मिश्रा च, यथासंख्यं दृष्टान्तमाह–कुक्कुटचूडा सचित्ता मणिचूडा अचित्ता मयूरशिखा मिश्रा । 'क्षेत्र' इति क्षेत्रचूडा लोकनिष्कुटा उपरिवर्त्तिनः, मन्दरचूडा च पाण्डुकम्बला कूटादयश्च तदन्यपर्वतानां, क्षेत्रप्राधान्यात्, आदिशब्दादधोलोकस्य सीमन्तकः तिर्यग्लोकस्य मन्दर ऊर्ध्वलोकस्येषत्प्राग्भारेति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** દ્રવ્યચૂડા આગમથી, નોઆગમથી જ્ઞશરીર, નોઆગમથી ભવ્યશરીર વગેરે છે.

નોઆગમથી તદ્વ્યતિરિક્ત દ્રવ્યચૂડા ત્રણ પ્રકારની છે. (૧) સચિત્ત (૨) અચિત્ત (૩) મિશ્ર. સંખ્યા પ્રમાણે - ક્રમપ્રમાણે દૃષ્ટાન્ત કહે છે.

(૧) કુકડાની ચૂડા-કલગી સચિત્ત છે. (૨) (સર્પાદિના મસ્તક ઉપર રહેલ) મણિરૂપી ચૂડા અચિત્ત છે. (૩) મોરની શિખા મિશ્ર છે. (અમુકભાગ સચિત્ત છે. અમુક અચિત્ત છે.)

ક્ષેત્રચૂડા એટલે ચૌદરાજલોકરૂપી ક્ષેત્રની સૌથી ઉપર રહેલા લોકનિષ્કુટ તરીકે ઓળખાતા ક્ષેત્રભાગો.

મેરુપર્વતની ચૂડા પાંડુકંબલા નામની શિલા, તે સિવાયના પર્વતોની ચૂડા તેના શિખરો વગેરે. આ પાંડુકંબલાદિ આમ તો દ્રવ્ય જ છે, પણ ક્ષેત્રની પ્રધાનતા ગણીને એમને ક્ષેત્રચૂડા તરીકે ગણેલા છે. એમ જાણવું.

**कूटादि** માં **आदि** શબ્દ છે, એનાથી આ જાણવું કે અધોલોકની ચૂડા સીમન્તક નરકાવાસ છે. તીર્છાલોકની ચૂડા મેરુ પર્વત છે. ઉર્ધ્વલોકની ચૂડા ઈષત્પ્રાગ્ભારા - સિદ્ધશિલા છે. (૧ થી ૭ નારક એ અધોલોક, એમાં ૧લી નારકનો સૌથી ઉપરનો નરકાવાસ સીમન્તક નામનો છે. એટલે એ અધોલોકમાં સૌથી ઉપર હોવાથી અધોલોકચૂડા' ગણાય. તીર્છાલોકમાં મેરુપર્વત સૌથી ઉપર હોવાથી એ તિર્છાલોકચૂડા કહેવાય...)

---

अइरित्त अहिगमासा अहिगा संवच्छरा अ कालंमि । भावे खओवसमिए इमा उ चूडा मुणेअव्वा ॥३६१॥

---

**નિ.૩૬૧ :** અતિરિક્ત, અધિકમાસો અને અધિક વર્ષો કાળમાં ચૂડા છે. ક્ષાયોપશમિકભાવમાં આ ચૂડા જાણવી.

---

**'अतिरिक्ता' उचितकालात् समधिका 'अधिकमासकाः' प्रतीताः, अधिकाः संवत्सराश्च षष्ट्यब्दाद्यपेक्षया 'काल' इति कालचूडा, 'भाव' इति भावचूडा क्षायोपशमिके भावे इयमेव द्विप्रकारा चूडा 'मन्तव्या' विज्ञेया क्षायोपशमिकत्वाच्छ्रुतस्येति गाथार्थः ॥**

---

**टीकार्थ :** ઉચિતકાળ કરતાં અધિક એવા જે અધિકમાસો છે. તે તથા ૬૦ વર્ષ વગેરેની અપેક્ષાએ અધિકવર્ષ છે, તે કાળચૂડા ગણાય. (તે તે વર્ષોમાં જે અધિકમાસ આવે, તેમાં એ અધિકમાસો કાળની ચૂડા કહેવાય. દા.ત. બે અષાઢ આવ્યા, તો બીજો અષાઢ એ કાળચૂડા કહેવાય. એમ ૬૦ વર્ષે એકવર્ષ અધિક થાય. એવા કોઈક ગણિતની અપેક્ષાએ આ અધિકવર્ષ જણાવેલું લાગે છે.)

ભાવચૂડામાં વિચારીએ, તો ક્ષાયોપશમિકભાવમાં આ બે પ્રકારની ચૂડા જ ભાવચૂડા જાણવી. કેમકે આ બે શ્રુતરૂપ છે, અને શ્રુત ક્ષાયોપશમિકભાવ છે.

---

**तत्रापि प्रथमा रतिवाक्यचूडा, अस्याश्चानुयोगद्वारोपन्यासः पूर्ववत्तावद्यावन्नामनिष्पन्ने निक्षेपे रतिवाक्येति द्विपदं नाम, तत्र रतिनिक्षेप उच्यते-तत्रापि नामस्थापने**

**अनादृत्य द्रव्यभावरत्यभिधित्सयाऽऽह–**

दव्वे दुहा उ कम्मे नोकम्मरई अ सद्ददव्वाई । भावरई तस्सेव उ उदए एमेव अरईवि ॥३६२॥

---

તેમાં પણ પહેલી રતિવાક્યચૂડા છે. (અત્યાર સુધી બંને ચૂડાનું સામાન્યથી નિરૂપણ કર્યું. હવે વિશેષથી પહેલી ચૂડાનું નિરૂપણ કરે છે...)

આના અનુયોગદ્વારોનો ઉપન્યાસ પૂર્વની જેમ ત્યાં સુધી જાણવો કે યાવત્ નામનિષ્પન્ન નિક્ષેપમાં 'રતિવાક્ય' એ બે પદવાળું નામ આવે. તેમાં રતિનો નિક્ષેપ કહેવાય છે. તેમાં પણ નામસ્થાપનાનો અનાદર કરીને દ્રવ્યરતિ અને ભાવરતિને કહેવાની ઈચ્છાથી કહે છે.

**નિ.૩૬૨ :** દ્રવ્યમાં બે પ્રકારે. કર્મમાં અને શબ્દદ્રવ્યાદિ એ નોકર્મરતિ. ભાવરતિ તેના જ ઉદયમાં, એજ પ્રમાણે અરતિ પણ.

---

**द्रव्यरतिरागमनोआगमज्ञशरीरेतरातिरिक्ता द्विधा–कर्मद्रव्यरतिर्नोकर्मद्रव्यरतिश्च, तत्र कर्मद्रव्यरती रतिवेदनीयं कर्म, एतच्च बद्धमनुदयावस्थं गृह्यते नोकर्मद्रव्यरतिस्तु शब्दादिद्रव्याणि, आदिशब्दात् स्पर्शरसादिपरिग्रहः रतिजनकानि–रतिकारणानि ।**

**'तस्यैव तु' रतिवेदनीयस्य कर्मण उदये भवति, एवमेवारतिरपि द्रव्यभाव-भेदभिन्ना यथोक्तरतिप्रतिपक्षतो विज्ञेयेति गाथार्थः ॥**

---

**टीकार्थ :** દ્રવ્યરતિ આગમ, નોઆગમથી જ્ઞશરીર, ભવ્યશરીર... તદ્વ્યતિરિક્ત બે પ્રકારે છે. કર્મદ્રવ્યરતિ અને નોકર્મદ્રવ્યરતિ. તેમાં કર્મરૂપી દ્રવ્યરતિ એટલે રતિમોહનીય કર્મ. આ કર્મ તરીકે બંધાયેલું અને ઉદયમાં નહિ આવેલું અનુદયાવસ્થાવાળું કર્મ લેવું.

નોકર્મદ્રવ્યરતિ એટલે શબ્દાદિ દ્રવ્યો. (જે કર્મરૂપ નથી, પણ દ્રવ્ય છે...)

**आदि** શબ્દથી સ્પર્શ, રસ વગેરે લેવા. આ બધા રતિના કારણો છે, માટે દ્રવ્યરતિ છે.

ભાવરતિ તો તેજ રતિવેદનીયકર્મના ઉદયમાં થાય.

આ જ પ્રમાણે અરતિ પણ દ્રવ્ય અને ભાવ એમ બે ભેદવાળી ઉપર જણાવેલી રતિના પ્રતિપક્ષથી - ઉલ્ટી રીતે જાણી લેવી.

---

**उक्ता रतिः, इदानीं वाक्यमतिदिशन्नाह–**

वक्कं तु पुव्वभणिअं धम्मे रइकारगाणि वक्काणि । जेणमिमीए तेणं रइवक्केसा हवइ चूडा ॥३६३॥

હવે વાક્યના નિક્ષેપાનો અતિદેશ કરતાં કહે છે કે

**નિ.૩૬૩ ગાથાર્થ :** વાક્ય તો પૂર્વભણિત છે. જે કારણથી આમાં ધર્મમાં રતિ કરાવનારા વાક્યો છે, તે કારણથી આ ચૂડા 'રતિવાક્યા' છે.

---

**वाक्यं तु पूर्वभणितं-वाक्यशुद्धयध्ययनेऽनेकप्रकारमुक्तं 'धर्मे' चारित्ररूपे 'रतिकारकाणि' रतिजनकानि तानि च वाक्यानि येन कारणेन 'अस्यां' चूडायां तेन निमित्तेन रतिवाक्यैषा चूडा, रतिकर्तणि वाक्यानि यस्यां सा रतिवाक्येति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** વાક્યશુદ્ધિ નામના ૭માં અધ્યયનમાં વાક્ય અનેક પ્રકારવાળું કહેવાઈ ગયું છે. ચારિત્રરૂપી ધર્મમાં રતિને ઉત્પન્ન કરનારા વાક્યો આ ચૂડામાં છે. આ કારણથી જ આ રતિવાક્યા ચૂડા કહેવાય છે.

રતિને કરનારા વાક્યો છે જેમાં તે રતિવાક્યા.

---

**इह च रत्यभिधानं सम्यक्सहनेन गुणकारिणीत्वोपदर्शनार्थम् । आह च–**

जह नाम आउरस्सिह सीवणछेज्जेसु कीरमाणेसु । जंतणमपत्थकुच्छाऽऽमदोसविरई हिअकरी उ ॥३६४॥

---

અહીં રતિનું કથન સમ્યક્ સહન કરવા દ્વારા 'ગુણકારિણી આ રતિ છે' એ દર્શાવવા માટે છે. અર્થાત્ જો સારીરીતે સહન કરવાદ્વારા સંયમમાં રતિ કરવામાં આવે, તો એ રતિ ગુણકારી બને છે, એ દર્શાવવા જ અહીં રતિનું કથન છે.

કહે છે કે

**નિ. ૩૬૪ : ગાથાર્થ :** ટીકાર્થથી સ્પષ્ટ થશે.

---

**यथा नामेति प्रसिद्धमेतत् 'आतुरस्य' शरीरसमुत्थेन आगन्तुकेन वा व्रणेन ग्लानस्य 'इह' लोके 'सीवनच्छेदेषु' सीवनच्छेदनकर्मसु क्रियमाणेषु सत्सु, किमित्याह- यन्त्रणं गलयन्त्रादिना 'अपथ्यकुत्सा' अपथ्यप्रतिषेधः 'आमदोषविरतिः' अजीर्णदोष- निवृत्तिः हितकारिण्येव विपाकसुन्दरत्वादिति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** આ પ્રસિદ્ધ છે કે શરીરમાંથી ઉત્પન્ન થયેલા કે બહારથી આવેલા એવા વ્રણવડે ગ્લાન બનેલાને આલોકમાં સીવન, છેદન વગેરે કર્મો કરાય છે. અને કર્મો વખતે ગલયન્ત્રાદિવડે યંત્રણ કરવામાં આવે છે, (એનું ગળું પકડી રાખવું... વગેરે દ્વારા એ હલે નહિ... એ કરવામાં આવે છે) અપથ્યનો પ્રતિષેધ કરાય છે. અજીર્ણદોષની નિવૃત્તિ

કરાવાય છે. આ બધું જ વિપાકમાં સુંદર હોવાથી હિતકારી જ છે.

**दार्ष्टान्तिकयोजनामाह—**

अट्ठविहकम्मरोगाउरस्स जीअस्स तह तिगिच्छाए। धम्मे रई अधम्मे अरई गुणकारिणी होइ ॥३६५॥

દાર્ષ્ટાન્તિકની યોજના દર્શાવે છે.

**નિ.૩૬૫ :** આઠપ્રકારના કર્મોરૂપી રોગથી માંદા એવા જીવને ચિકિત્સાને વિશે ધર્મમાં રતિ અને અધર્મમાં અરતિ ગુણકારી છે.

**'अष्टविधकर्मरोगातुरस्य' ज्ञानावरणीयादिरोगेण भावग्लानस्य 'जीवस्य' आत्मनः 'तथा' तेनैव प्रकारेण 'चिकित्सायां' संयमरूपायां प्रक्रान्तायामस्नान-लोचादिना पीडाभावेऽपि 'धर्मे' श्रुतादिरूपे 'रतिः' आसक्तिः 'अधर्मे' तद्विपरीते 'अरतिः' अनासक्तिर्गुणकारिणी भवति, निर्वाणसाधकत्वेनेति गाथार्थः ॥**

**ટીકાર્થ :** જ્ઞાનાવરણીય વગેરે આઠ પ્રકારના કર્મરૂપી રોગથી જે ભાવતઃ ગ્લાન છે, તેવા જીવને પણ દ્રવ્યરોગમાં દર્શાવેલા પ્રકારવડે જ સંયમરૂપ ચિકિત્સા કરવામાં આવે છે. એ ચિકિત્સામાં અસ્નાન, લોચ વગેરે દ્વારા પીડા થાય તો પણ શ્રુતાદિ ધર્મમાં રતિ અને અધર્મમાં = શ્રુતાદિથી વિપરીતમાં અરતિ = અનાસક્તિ મોક્ષસાધક હોવાથી ગુણકારી છે.

(રોગ = જ્ઞાનાવરણાદિ, છેદન-સીવન = સંયમ, છેદનાદિમાં પીડા = લોચાદિપીડા.

અપથ્યનિષેધાદિ = અધર્મમાં અરતિ વગેરે...)

**एतदेव स्पष्टयति—**

सज्झायसंजमतवे वेआवच्चे अ झाणजोगे अ। जो रमइ नो रमइ अस्संजमम्मि सो वच्चई सिद्धिं ॥३६६॥

આ જ વાતને સ્પષ્ટ કરે છે.

**નિ.૩૬૬ :** સ્વાધ્યાય, સંયમ, તપ, વૈયાવચ્ચ અને ધ્યાનયોગમાં જે રમે છે, અસંયમમાં રમતો નથી, તે સિદ્ધિમાં જાય છે.

**स्वाध्याये-वाचनादौ संयमे-पृथिवीकायसंयमादौ तपसि-अनशनादौ वैयावृत्त्ये च-आचार्यादिविषये ध्यानयोगे च-धर्मध्यानादौ यो 'रमते' स्वाध्यायादिषु सक्त आस्ते, तथा 'न रमते' न सक्त आस्ते 'असंयमे' प्राणातिपातादौ स 'व्रजति सिद्धिं' गच्छति मोक्षम् । इह च संयमतपोग्रहणे सति स्वाध्यायादिग्रहणं प्राधान्यख्यापनार्थमिति गाथार्थः ॥**

**ટીકાર્થ :** સ્વાધ્યાય એટલે વાચનાદિ. સંયમ એટલે પૃથ્વીકાયસંયમ વગેરે. તપ એટલે અનશનાદિ વૈયાવચ્ચ આચાર્યાદિ સંબંધી હોય, ધ્યાનયોગ = ધર્મધ્યાનાદિ...

આ બધામાં જે આસક્ત રહે છે, તથા જે પ્રાણાતિપાતાદિમાં આસક્ત નથી બનતો તે મોક્ષમાં જાય છે.

અહીં સંયમ અને તપનું ગ્રહણ કરેલું હોવા છતાં પણ સ્વાધ્યાયાદિનું ગ્રહણ કરેલું છે તે સ્વાધ્યાયાદિની પ્રધાનતા બતાવવા માટે.

**उपसंहरन्नाह–**

तम्हा धम्मे रइकारगाणि अरइकारगाणि उ(य) अहम्मे । ठाणाणि ताणि जाणे जाइं भणिआइं अज्झयणे ॥३६७॥

ઉપસંહાર કરતાં કહે છે કે,

નિ.૩૬૭ : તેથી ધર્મમાં રતિકારક અને અધર્મમાં અરતિકારક તે સ્થાનોનો જાણો કે જે અધ્યયનમાં કહેવાયેલા છે.

**तस्माद् 'धर्मे' चारित्ररूपे 'रतिकारकाणि' रतिजनकानि 'अरतिकारकाणि च' अरतिजनकानि च 'अधर्मे' असंयमे स्थानानि 'तानि' वक्ष्यमाणानि जानीयात् यानि 'भणितानि' प्रतिपादितानि इह अध्ययने प्रक्रान्त इति गाथार्थः ॥**

**ટીકાર્થ :** તેથી ચારિત્રરૂપી ધર્મમાં રતિને ઉત્પન્નકરાવનાર અને અસંયમમાં અરતિને ઉત્પન્નકરાવનાર તે વક્ષ્યમાણ સ્થાનોને જાણો કે જે આ પ્રસ્તુત અધ્યયનમાં કહેવાયેલા છે.

**उक्तो नामनिष्पन्नो निक्षेपः, साम्प्रतं सूत्रालापकनिष्पन्नस्यावसर इत्यादि पूर्ववत्तावद्यावत्सूत्रानुगमेऽस्खलितादिगुणोपेतं सूत्रमुच्चारणीयं, तच्चेदम्–**

**इह खलु भो ! पव्वइएणं उप्पन्नदुक्खेणं संजमे अरइसमावन्नचित्तेणं ओहाणुप्पेहिणा अणोहाइएणं चेव हयरस्सिगयंकुसपोयपडागाभूआइं**

**इमाइं अट्ठारस ठाणाइं सम्मं संपडिलेहिअव्वाइं भवंति-तंजहा-हंभो ! दुस्समाए दुप्पजीवी १, लहुसगा इत्तरिआ गिहीणं कामभोगा २, भुज्जो अ साइबहुला मणुस्सा ३, इमे अ मे दुक्खे न चिरकालोवट्ठाई भविस्सई ४, ओमजणपुरक्कारे ५, वंतस्स य पडिआयणं ६, अहरगइवासोवसंपया ७, दुल्लहे खलु भो ! गिहीणं धम्मे गिहवासमज्झे वसंताणं ८, आयंके से वहाय होइ ९, संकप्पे से वहाय होइ १०, सोवक्केसे गिहवासे निरुवक्केसे परिआए ११, बंधे गिहवासे मुक्खे परिआए १२, सावज्जे गिहवासे अणवज्जे परिआए १३, बहुसाहारणा गिहीणं कामभोगा १४, पत्तेअं पुण्णपावं १५, अणिच्चे खलु भो ! मणुआण जीविए कुसग्गजलबिंदु-चंचले १६, बहुं च खलु भो ! पावं कम्मं पगडं १७, पावाणं च खलु भो ! कडाणं कम्माणं पुव्विं दुच्चिन्नाणं दुप्पडिकंताणं वेइत्ता मुक्खो, नत्थि अवेइत्ता, तवसा वा झोसइत्ता १८ । अट्ठारसमं पयं भवइ । भवइ अ इत्थ सिलोगो-**

---

નામનિષ્પન્ન નિક્ષેપ કહેવાયો.

હવે સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપનો અવસર છે... વગેરે પૂર્વની જેમ ત્યાં સુધી, યાવત્ સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિગુણોથી યુક્ત સૂત્ર ઉચ્ચારવાનું આવે.

તે સૂત્ર આ છે.

**સૂ.૧ સૂત્રાર્થ :** ઉત્પન્ન થયેલા દુઃખવાળા, સંયમમાં અરતિને પામેલા ચિત્તવાળા, દીક્ષા છોડવાનું ઈચ્છતાં પણ દીક્ષા નહિછોડી ચૂકેલા પ્રવ્રજિતવડે ઘોડાની લગામ, હાથીના અંકુશ અને વહાણનાં સઢ જેવા આ અઢાર સ્થાનો સમ્યક્ સંપ્રતિલેખન કરવા યોગ્ય છે.

તે આ પ્રમાણે (૧) દુષ્ષમામાં જીવો દુષ્પ્રજીવી છે. (૨) ગૃહસ્થોના કામભોગો તુચ્છ અને અલ્પકાલીન છે. (૩) મનુષ્યો કપટપ્રચુર છે (૪) મારુ આ દુઃખ લાંબો કાળ ટકનારું નથી. (૫) નીચજનનો પુરસ્કાર કરવો પડે. (૬) વાતનું પ્રત્યાપાન છે. (૭) અધોગતિવાસની (કારણભૂત કર્મોની) પ્રાપ્તિ થાય. (૮) ગૃહવાસની મધ્યમાં રહેતા ગૃહસ્થોને ધર્મ દુર્લભ જ છે. (૯) આતંક તેના વધને માટે થાય. (૧૦) સંકલ્પ તેના વધને

માટે થાય: (૧૧) ગૃહવાસ ઉપક્લેશવાળો છે, પર્યાય નિરુપક્લેશ છે. (૧૨) ગૃહવાસ બંધ છે, પર્યાય મોક્ષ છે. (૧૩) ગૃહવાસ સાવદ્ય, પર્યાય અનવદ્ય (૧૪) ગૃહસ્થોના કામભોગો બહુસાધારણ છે. (૧૫) પુણ્યપાપ પ્રત્યેકનાં છે. (૧૬) મનુષ્યોનું જીવન ઘાસના અગ્રભાગે રહેલા જલબિંદુના જેવું ચંચલ, અનિત્ય છે. (૧૭) ઘણું પાપકર્મ કરેલું છે. (૧૮) પૂર્વે દુશ્ચીર્ણ, દુષ્પરાક્રાન્ત કરેલા પાપકર્મોનો અનુભવીને મોક્ષ છે, અનુભવ વિના નહિ કે તપથી ક્ષય કરીને મોક્ષ છે. આ ૧૮મું પદ છે.

અહીં શ્લોક છે.

---

<u>'इह खलु भोः प्रव्रजितेन'</u> इहेति जिनप्रवचने खलुशब्दोऽवधारणे स च भिन्नक्रम इति दर्शयिष्यामः, भो इत्यामन्त्रणे, प्रव्रजितेन-साधुना, किंविशिष्टेनेत्याह– <u>'उत्पन्नदुःखेन'</u> संजातशीतादिशारीरस्त्रीनिषद्यादिमानसदुःखेन <u>'संयमे'</u> व्यावर्णितस्वरूपे <u>'अरतिसमापन्नचित्तेन'</u> उद्वेगगताभिप्रायेण संयमनिर्विण्णभावेनेत्यर्थः, स एव विशेष्यते– <u>'अवधानोत्प्रेक्षिणा'</u> अवधानम्–अपसरणं संयमादुत्–प्राबल्येन प्रेक्षितुं शीलं यस्य स तथाविधस्तेन, उत्प्रव्रजितुकामेनेति भावः, <u>'अनवधावितेनैव'</u> अनुत्प्रव्रजितेनैव <u>'अमुनि'</u> वक्ष्यमाणलक्षणान्यष्टादश स्थानानि <u>'सम्यग्'</u> भावसारं <u>'सुष्ठु प्रेक्षितव्यानि'</u> सुष्ठ्वालोचनीयानि भवन्तीति योगः, अवधावितस्य तु प्रत्युपेक्षणं प्रायोऽनर्थकमिति । तान्येव विशेष्यन्ते– <u>'हयरश्मिगजाङ्कुशपोतपताकाभूतानि'</u> अश्वखलिनगजाङ्कुशबोहित्थसितपटतुल्यानि, एतदुक्तं भवति-यथा हयादीनामुन्मार्गप्रवृत्तिकामानां रश्म्यादयो नियमनहेतवस्तथैतान्यपि संयमादुन्मार्गप्रवृत्तिकामानां भव्यसत्त्वानामिति, यतश्चैवमतः सम्यक् संप्रत्युपेक्षितव्यानि भवन्ति, खलुशब्दोऽवधारणे, (तद्)योगात्सम्यक्–सम्यगेव संप्रत्युपेक्षितव्यान्येवेत्यर्थः <u>'तद्यथे'</u>त्यादि, तद्यथेत्युपन्यासार्थः, <u>'हंभो दुष्षमायां दुष्प्रजीविन'</u> इति हंभो-शिष्यामन्त्रणे दुष्षमायाम्–अधमकालाख्यायां कालदोषादेव <u>दुःखेन</u>–कृच्छ्रेण प्रकर्षेणोदारभोगापेक्षया जीवितुं शीला दुष्प्रजीविनः, प्राणिन इति गम्यते, नरेन्द्रादीनामप्यनेकदुःखप्रयोगदर्शनात्, उदारभोगरहितेन च विडम्बनाप्रायेण कुगतिहेतुना किं गृहाश्रमेणेति संप्रत्युपेक्षितव्यमिति प्रथमं स्थानम् १ ।

---

**ટીકાર્થ : इह** = જિનપ્રવચનમાં **खलु** શબ્દ અવધારણમાં છે. અને તે ભિન્નક્રમવાળો છે. એ અમે દેખાડીશું. **भो** શબ્દ આમંત્રણ અર્થમાં છે.

(૧) ઠંડી વગેરે શારીરિકરોગો અને સ્ત્રીનિષદ્યા (સ્ત્રીના સ્થાનમાં બેસવું વગેરે)

માનસિક દુઃખો જેને ઉત્પન્ન થયા છે. જેનું સ્વરૂપ વર્ણવાઈ ગયું છે, એવા સંયમમાં જેનું મન ઉદ્વેગ પામેલું છે, અર્થાત્ સંયમમાં કંટાળો પામી ચૂકેલું મન છે જેનું તેવો... (૩) સંયમમાંથી નીકળી જવાનું પ્રબળતાથી જોવાના સ્વભાવવાળો એટલે કે સંયમ ત્યાગવા માટે તલસાટવાળો (૪) પણ હજી જેણે દીક્ષા છોડી નથી તેવો...

આવા દીક્ષિત આત્માએ વક્ષ્યમાણ ૧૮ સ્થાનો ભાવપ્રધાન રીતે = સારીરીતે વિચારવા જેવા છે.

જે દીક્ષા છોડી ચૂકેલો છે, એને માટે તો આ ૧૮ સ્થાનોનું આલોચન પ્રાયઃ નકામું જ છે. (દીક્ષામાં સ્થિર થવા માટે આ આલોચન છે. જે દીક્ષા છોડી ચૂક્યો છે. એને માટે હવે એ નકામું જ બને. હા ! વૈરાગ્ય થાય, પશ્ચાત્તાપ થાય... એ રીતે હિતકારી બને પણ ખરું... એટલે એ દૃષ્ટિએ પ્રાયઃ શબ્દ મુકેલો છે.)

તે ૧૮ સ્થાનો કેવા છે, એ વિશેષથી દર્શાવે છે.

(૧) ઘોડાની લગામ (૨) હાથીનો અંકુશ (૩) વહાણના શ્વેતવસ્ત્ર = સઢ જેવા છે.

કહેવાનો ભાવ એ છે કે જેમ ઘોડા, હાથી વગેરે ઉન્માર્ગમાં પ્રવૃત્ત કરવાની ઈચ્છાવાળા હોય, તો લગામ વગેરે એમને અટકાવવામાં, નિયંત્રિત કરવામાં કારણભૂત છે. તે જ રીતે આ ૧૮ સ્થાનો પણ સંયમમાંથી ઉન્માર્ગમાં પ્રવૃત્તિ કરવાની ઈચ્છાવાળા ભવ્યજીવોને નિયંત્રિત કરનારા છે.

આવું છે, માટે આ સ્થાનો ભાવપ્રધાન રીતે સારી રીતે વિચારવા જેવા છે.

**खलु** શબ્દ અવધારણમાં બતાવેલો, તેનો અહીં યોગ કરવાનો છે. એટલે ભાવપ્રધાન રીતે જ. વિચારવા જોઈએ જ. (એમ બે જગ્યાએ એનો અન્વય કરી શકાય.)

તદ્યથા એ ઉપન્યાસ માટે છે.

**हंभो** ! એ શિષ્યને આમંત્રણ કરવા માટે વપરાયેલો શબ્દ છે.

(૧) અધમકાળ નામના આ કાળમાં કાળના દોષના લીધે જ જીવો ઉદારભોગોની અપેક્ષાએ તો મુશ્કેલીથી માંડ માંડ જીવનારા છે. કેમકે રાજા વગેરેને પણ અનેક દુઃખોનો સંપર્ક દેખાય છે. તો ઉદારભોગો = વિશિષ્ટ સાંસારિકસુખો વિનાના, વિડંબનારૂપ, દુર્ગતિનાં કારણભૂત એવા આ ગૃહાશ્રમનું શું કામ ? આ વાત વિચારવી જોઈએ.

આ પ્રથમસ્થાન છે.

---

**तथा <u>'लघव इत्वरा गृहिणां कामभोगाः'</u> दुष्षमायामिति वर्त्तते, सन्तोऽपि**

'लघवः' तुच्छाः प्रकृत्यैव तुषमुष्टिवदसाराः 'इत्वरा' अल्पकालाः 'गृहिणां' गृहस्थानां 'कामभोगा' मदनकामप्रधानाः शब्दादयो विषया विपाककटवश्च, न देवानामिव विपरीताः, अतः किं गृहाश्रमेणेति संप्रत्युपेक्षितव्यमिति द्वितीयं स्थानम् २ । तथा 'भूयश्च स्वातिबहुला मनुष्याः' दुष्षमायामिति वर्त्तत एव, पुनश्च 'स्वातिबहुला' मायाप्रचुरा 'मनुष्या' इति प्राणिनो, न कदाचिद्विश्रम्भहेतवोऽमी, तद्रहितानां च कीदृक्सुखं ?, तथा मायाबन्धहेतुत्वेन दारुणतरो बन्ध इति किं गृहाश्रमेणेति संप्रत्युपेक्षितव्यमिति तृतीयं स्थानं ३ । तथा 'इदं च मे दुःखं न चिरकालोपस्थायि भविष्यति' 'इदं च' अनुभूयमानं मम श्रामण्यमनुपालयतो 'दुःखं' शारीरमानसं कर्मफलं परीषहजनितं न चिरकालमुपस्थातुं शीलं भविष्यति, श्रामण्यपालनेन परीषहनिराकृतेः कर्मनिर्जरणात्संयमराज्यप्राप्तेः, इतरथा महानरकादौ विपर्ययः, अतः किं गृहाश्रमेणेति संप्रत्युपेक्षितव्यमिति चतुर्थं स्थानं ४। तथा 'ओमजणपुरस्कार'मिति न्यूनजनपूजा, प्रव्रजितो हि धर्मप्रभावाद्राजामात्यादिभिरभ्युत्थानासनाञ्जलिप्रग्रहादिभिः पूज्यते, उत्प्रव्रजितेन तु न्यूनजनस्यापि स्वव्यसनगुप्तयेऽभ्युत्थानादि कार्यम्, अधार्मिकराज-विषये वा वेष्टिप्रयोक्तुः खरकर्मणो नियमत एव इहैवेदमधर्मफलम् अतः किं गृहाश्रमेणेति संप्रत्युपेक्षितव्यमिति पञ्चमं स्थानम् ५ । एवं सर्वत्र क्रिया योजनीया,

---

(૨) દુષ્ષમાકાળમાં ગૃહસ્થોના વિદ્યમાન એવા પણ કામભોગો તુચ્છ છે. સ્વભાવથી જ ફોતરાં ભરેલી મુઠ્ઠીની જેમ અસાર છે. (મુઠ્ઠીમાં માત્ર ફોતરાં છે, બહારથી જ ભરેલી દેખાય છે. એમ આ કામભોગોમાં માત્ર તુચ્છતા જ છે, બહારથી સારા દેખાય છે.) અલ્પકાળ જ રહેનારા છે. દેવોની જેમ વિપરીત કામભોગો અહીં નથી. અર્થાત્ દેવોના ભોગો સારભૂત છે અને દીર્ઘકાલીન છે. અહીં એવા કામભોગો નથી.

કામભોગો એટલે મદનકામપ્રધાન એવા શબ્દાદિ વિષયો. તે વિપાકમાં કડવા પણ છે. આવું હોવાથી ગૃહાશ્રમનું શું કામ ? (દેવોનાં સુખો પણ વિપાકથી કટુ છે જ. પણ એ કર્મબંધાદિની અપેક્ષાએ. બાકી તો મનુષ્યોને જેમ ભોગસુખો ભોગવવાથી રોગ વગેરે થાય છે, એમ વિપાકકટુ છે. દેવોને ભોગ ભોગવવા છતાં રોગાદિ નથી થતાં. એ રીતે તે વિપાકકટુ નથી...)

(૩) દુષ્ષમાકાળમાં મનુષ્યો-જીવો કપટભરપૂર છે. આ જીવો ક્યારેય વિશ્વાસનાં કારણ બનતાં નથી. વિશ્વાસ વિનાનાઓને = બધે જ શંકા-કુશંકાવાળાઓને વળી સુખ કેવું ? વળી માયાનાં બંધનું કારણ હોવાથી વધુ ભયાનક બંધ થાય છે એટલે ગૃહાશ્રમવડે

શું કામ છે ? આ વિચારવું જોઈએ. આ ત્રીજું સ્થાન છે (સંસારીઓએ પુષ્કળ માયા કરવાની હોય, માયા કરવાથી વધુ માયાકર્મ બંધાય... **दुष्षमा** શબ્દ પહેલા સ્થાનમાં લખેલો, તે બીજા અને ત્રીજા સ્થાનમાં પણ જોડવાનો છે.)

(૪) મારું આ દુઃખ લાંબોકાળ રહેનારું નથી. અર્થાત્ સાધુપણું પાળતા મને આ જે શારીરિક અને માનસિક દુઃખ અનુભવાય છે કે જે કર્મના ફળ રૂપ છે. પરીષહોથી ઉત્પન્ન થયેલું છે, તે લાંબોકાળ ટકવાના સ્વભાવવાળું નથી.

કેમકે સાધુપણું પાળવાથી બધા પરીષહોનું નિરાકરણ થશે. (અર્થાત્ એ પરીષહો સારી રીતે સહેલાઈથી સહન થશે અથવા પુણ્યબંધ થવાથી પરિષહો રહેશે નહિ...) એનાદ્વારા કર્મોની નિર્જરા થશે. એના દ્વારા સંયમરાજ્યની પ્રાપ્તિ થશે. (કર્મો અને પરીષહો એ અંદરનું અને બહારનું એમ બન્ને કારણ નીકળી જાય, એટલે આ શારીરિકાદિ દુઃખો ટકી જ ન શકે.)

જો સાધુપણું નહિ પાળું, તો પરીષહનું નિરાકરણ નહિ થાય. તો કર્મનિર્જરા નહિ થાય. તો સંયમરાજ્યની પ્રાપ્તિ નહિ થાય અને તો મોટી નરક વગેરેમાં વિપર્યય લાંબાકાળ સુધી રહેનારા દુઃખો આવી પડશે. એટલે જ ગૃહાશ્રમનું શું કામ છે ?

(૫) દીક્ષિત થયેલો આત્મા ધર્મનાં પ્રભાવથી રાજા,મંત્રી વગેરે દ્વારા અભ્યુત્થાન, આસનપ્રદાન, અંજલિપ્રગ્રહ વગેરેવડે પૂજાય છે. જ્યારે દીક્ષા છોડી ચૂકેલાએ તો નીચા માણસો પ્રત્યે પણ પોતાના દુઃખોના રક્ષણને માટે અભ્યુત્થાનાદિ કરવા પડે.

અથવા તો જે દેશમાં રાજા અધાર્મિક હોય, એ દેશમાં ઉત્પ્રવ્રજિતે રાજાનાં પુષ્કળ કાર્યો કરવા પડે, એ કર્કશ = ભારે = કઠણ કામ કરનારા એ ઉત્પ્રવ્રજિતને આ ભવમાં જ અવશ્ય અધર્મનું આ ફળ મળી જાય. (પ્રવ્રજિતે આ બધા કાર્યો કરવા ન પડે...) આથી જ ગૃહાશ્રમનું શું કામ ? આ વિચારવું. આ પાંચમું સ્થાન છે.

**अतः किं गृहाश्रमेण...** એ ક્રિયા સર્વત્ર જોડવી. આગળના ૬ થી ૧૮ સ્થાનોમાં પણ આ સમજી જ લેવું. (એટલે હવે એ વારંવાર નહિ બતાવે.)

---

**तथा '<u>वान्तस्य प्रत्यापानं</u>' भुक्तोज्झितपरिभोग इत्यर्थः, अयं च श्वशृगालादिक्षुद्रसत्त्वाचरितः सतां निन्द्यो व्याधिदुःखजनकः, वान्ताश्च भोगाः प्रव्रज्याङ्गीकरणेन, एतत्प्रत्यापानमप्येवं चिन्तनीयमिति षष्ठं स्थानम् ६ । तथा '<u>अधरगतिवासोपसंपत्</u>' अधो( धर )गतिः-नरकतिर्यग्गतिस्तस्यां वसनमधोगतिवासः, एतन्निमित्तभूतं कर्म गृह्यते, तस्योपसंपत्-सामीप्येनाङ्गीकरणं यदेतदुत्प्रव्रजनम्, एवं**

चिन्तनीयमिति सप्तमं स्थानं ७ । तथा 'दुर्लभः खलु भो ! गृहिणां धर्म' इति प्रमादबहुलत्वाद्दुर्लभ एव 'भो' इत्यामन्त्रणे गृहस्थानां परमनिर्वृतिजनको धर्मः, किंविशिष्टानामित्याह–'गृहपाशमध्ये वसता'मित्यत्र गृहशब्देन पाशकल्याः पुत्रकलत्रादयो गृह्यन्ते, तन्मध्ये वसताम्, अनादिभवाभ्यासादकारणं स्नेहबन्धनम्, एतच्चिन्तनीयमित्यष्टमं स्थानं ८ । तथा 'आतङ्कस्तस्य वधाय भवति' 'आतङ्कः' सद्योघाती विषूचिकादिरोगः 'तस्य' गृहिणो धर्मबन्धुरहितस्य 'वधाय' विनाशाय भवति, तथा वधश्चानेकवधहेतुः, एवं चिन्तनीयमिति नवमं स्थानं ९ । तथा 'संकल्पस्तस्य वधाय भवति' 'संकल्प' इष्टानिष्टवियोगप्राप्तिजो मानस आतङ्कः, 'तस्य' गृहिणस्तथा चेष्टायोगान्मिथ्याविकल्पाभ्यासेन ग्रहादिप्राप्तेर्वधाय भवति, एतच्चिन्तनीयमिति दशमं स्थानं १० ।

---

(૬) વાન્તનું પ્રત્યાપાન એટલે પહેલાં ખાધેલી અને પછી વમી નાંખેલી વસ્તુનો ફરી ભોગ કરવો તે. આ તો કુતરા, શિયાળ વગેરે તુચ્છજીવોનો આચાર છે કે તેઓ ખાધેલું વમી નાંખ્યા બાદ પાછા ખાય. આ સજ્જનોને નિન્દનીય છે. વ્યાધિદુ:ખને ઉત્પન્ન કરનારા છે. હવે સાધુએ તો દીક્ષાના સ્વીકાર દ્વારા ભોગો વમી નાંખ્યા છે. એટલે એ ભોગોનું પ્રત્યાપાન = પુનઃસેવન પણ વાન્તપ્રત્યાપાન જેવું જ બને છે... આ વિચારવું. આ છઠ્ઠું સ્થાન છે.

(૭) અધોગતિ એટલે નારક અને તિર્યંચની ગતિ. તેમાં રહેવું તે અધોગતિવાસ. એના નિમિત્તભૂત એવું કર્મ અહીં અધોગતિવાસ શબ્દથી લેવું. તે કર્મનું સામીપ્યથી અંગીકરણ એટલે કે અધોગતિના નિમિત્તભૂત કર્મોનું ગાઢબંધનરૂપ આ ઉત્પ્રવ્રજન-દીક્ષાત્યાગ છે.

આ વિચારવું. આ સાતમું સ્થાન છે.

(૮) ગૃહસ્થો પ્રમાદથી ભરેલા છે. એટલે એમને પરમસુખને ઉત્પન્ન કરનારો ધર્મ દુર્લભ જ છે. એ ગૃહસ્થોની વિશેષતા દર્શાવે છે કે 'તેઓ ઘરપાશની મધ્યમાં રહેલા છે.' અહીં **ગૃહ** શબ્દથી પાશ જેવા પુત્ર, પત્ની વગેરે લેવા. તેમની વચ્ચે રહેનારા ગૃહસ્થોને ધર્મ દુર્લભ જ છે. અનાદિભવના અભ્યાસથી વગર કારણે ગૃહસ્થોને પુત્રાદિ પર સ્નેહબંધન હોય છે.

આ વિચારવું. આ આઠમું સ્થાન છે.

(૯) ધર્મબંધુ = ધર્મમિત્રો વિનાના ગૃહસ્થને આતંક થાય તો એ વધને માટે =

વિનાશને માટે થાય. આતંક એટલે તરત મારી નાંખનાર એવો વિષૂચિકા વગેરે રોગ. હવે આ રીતે વધ તો અનેકવધનું કારણ બને. (ગૃહસ્થની પાસે સાધુઓ વગેરે ધર્મમિત્રો નથી. હવે અચાનક હૃદયરોગાદિનો હુમલો આવે, તો એ તરત મરી જાય. આમ તો સાધુ પણ આ રીતે મરે. પણ એની પાસે બીજા સાધુઓ હોવાથી તેને તરત સમાધિ આપવા લાગી જાય. ગૃહસ્થને એ રીતે સમાધિ કોઈ ન આપે... એટલે આ રીતે અસમાધિથી મરણ થાય, એના કારણે બીજા અનેક મરણો નક્કી થઈ જાય...)

આ વિચારવું. આ નવમું સ્થાન છે.

(૧૦) સંકલ્પ તેના વધને માટે થાય. સંકલ્પ એટલે ઈષ્ટના વિયોગથી ઉત્પન્ન થયેલો કે અનિષ્ટના સંયોગથી ઉત્પન્ન થયેલો માનસિક આતંક, ત્રાસ; આવો આતંક ગૃહસ્થને વધ માટે થાય. કેમકે તેવાપ્રકારની ચેષ્ટાના યોગથી મિથ્યાવિકલ્પોનો અભ્યાસ ચાલે, એનાથી ગાંડપણવગેરેની પ્રાપ્તિ થાય એના દ્વારા તેનો વધ થાય. (અત્યંતઈષ્ટવસ્તુનો વિયોગ થાય, એમાં એ એવી એવી ચેષ્ટાઓ કરી બેસે કે જેનાથી એના મનમાં ખોટે ખોટા વિકલ્પો ચાલ્યા જ કરે, એના લીધે છેવટે ગાંડપણ ચઢે...)

આ વિચારવું. આ દશમું સ્થાન છે.

---

**तथा 'सोपक्लेशो गृहिवास' इति सहोपक्लेशैः सोपक्लेशो गृहिवासो-गृहाश्रमः, उपक्लेशाः-कृषिपाशुपाल्यवाणिज्याद्यनुष्ठानानुगताः पण्डितजनगर्हिताः शीतोष्णश्रमादयो घृतलवणचिन्तादयश्चेति, एवं चिन्तनीयमित्येकादशं स्थानं ११ । तथा 'निरुपक्लेशः पर्याय' इति, एभिरेवोपक्लेशै रहितः प्रव्रज्यापर्यायः, अनारम्भी कुचिन्तापरिवर्जितः श्लाघनीयो विदुषामित्येवं चिन्तनीयमिति द्वादशं स्थानं १२ । तथा 'बन्धो गृहवासः' सदा तद्धेत्वनुष्ठानात्, कोशकारकीटवदिति, एतच्चिन्तनीयमिति त्रयोदशं स्थानं १३ । तथा 'मोक्षः पर्यायः' अनवरतं कर्मनिगडविगमान्मुक्तवदित्येवं चिन्तनीयमिति चतुर्दशं स्थानम् १४ । अत एव 'सावद्यो गृहवास' इति सावद्यः-सपापः प्राणातिपातमृषावादादिप्रवृत्तेरेतच्चिन्तनीयमिति पञ्चदशं स्थानम् १५ ।**

---

(૧૧) ગૃહાશ્રમ ઉપક્લેશોથી ભરેલો છે. ઉપક્લેશ એટલે ખેતી, પશુપાલન, વેપાર વગેરે અનુષ્ઠાનમાં થનારા, પંડિતજનોમાં નિંદિત એવા ઠંડી, ગરમી, થાક વગેરે. તથા ઘી-મીઠાની ચિંતા વગેરે.

આ વિચારવું. આ ૧૧મું સ્થાન છે.

(૧૨) આ જ ઉપક્લેશો વિનાનો સાધુપર્યાય છે. સાધુપર્યાય આરંભરહિત, ખરાબચિન્તાઓ વિનાનો, બુદ્ધિમાનોને પ્રશંસનીય છે.

આ વિચારવું. આ બારમું સ્થાન છે.

(૧૩) ગૃહવાસ બંધન છે. કેમકે સદા કર્મબંધનાં હેતુભૂત એવા અનુષ્ઠાનો તેમાં ચાલુ હોય છે. જેમ કોશકાર = રેશમબનાવનાર કીડાઓ = કોશેટાઓ જાતે જ જાતને બાંધે, તેવું આમાં થાય છે.

આ વિચારવું. આ ૧૩મું સ્થાન છે.

(૧૪) પર્યાય = સાધુપર્યાય મોક્ષ છે. કેમકે એમાં સતત કર્મરૂપી સાંકળોનો વિગમ થાય છે. એટલે મુક્ત જેવો આ પર્યાય છે (અર્થાત્ જીવ મુક્ત જેવો બને છે...)

આ વિચારવું. આ ૧૪મું સ્થાન છે.

(૧૫) (ગૃહવાસ બંધ છે) એ કારણસર જ ગૃહવાસ સાવદ્ય છે. પાપવાળો છે. કેમકે એમાં પ્રાણતિપાત, મૃષાવાદ વગેરેની પ્રવૃત્તિ ચાલ્યા કરે છે.

આ વિચારવું. આ ૧૫મું સ્થાન છે.

---

एवम् 'अनवद्यः पर्याय' इति अपाप इत्यर्थः, अहिंसादिपालनात्मकत्वाद्, एतच्चिन्तनीयमिति षोडशं स्थानं १६ । तथा 'बहुसाधारणा गृहिणां कामभोगा' इति बहुसाधारणाः-चौरराजकुलादिसामान्या 'गृहिणां' गृहस्थानां कामभोगाः पूर्ववदिति, एतच्चिन्तनीयमिति सप्तदशं स्थानं १७ । तथा 'प्रत्येकं पुण्यपाप'मिति मातापितृकलत्रादिनिमित्तमप्यनुष्ठितं पुण्यपापं 'प्रत्येकं प्रत्येकं' पृथक् पृथक् येनानुष्ठितं तस्य कर्तुरेवैतदिति भावार्थः, एवमष्टादशं स्थानम् १८ । एतदन्तर्गतो वृद्धाभिप्रायेण शेषग्रन्थः समस्तोऽत्रैव, अन्ये तु व्याचक्षते-सोपक्लेशो गृहिवास इत्यादिषु षट्सु स्थानेषु सप्रतिपक्षेषु स्थानत्रयं गृह्यते, एवं च बहुसाधारणा गृहिणां कामभोगा इति चतुर्दशं स्थानम् १४, प्रत्येकं पुण्यपापमिति पञ्चदशं स्थानम् १५, शेषाण्यभिधीयन्ते, तथा 'अनित्यं खलु' अनित्यमेव नियमतः भो इत्यामन्त्रणे 'मनुष्याणां' पुंसां 'जीवितम्' आयुः, एतदेव विशेष्यते-कुशाग्रजलबिन्दुचञ्चलं सोपक्रमत्वादनेकोपद्रव-विषयत्वादत्यन्तासारं, तदलं गृहाश्रमेणेति संप्रत्युपेक्षितव्यमिति षोडशं स्थानं १६, तथा 'बहुं च खलु भोः ! पापं कर्म प्रकृतम्' बहु च चशब्दात् क्लिष्टं च खलुशब्दोऽव-धारणे बह्वेव पापं कर्म-चारित्रमोहनीयादि 'प्रकृतं' निर्वर्त्तितं, मयेति गम्यते, श्रामण्यप्राप्तावप्येवं क्षुद्रबुद्धिप्रवृत्तेः, नहि प्रभूतक्लिष्टकर्मरहितानामेवमकुशला

बुद्धिर्भवति, अतो न किञ्चित् गृहाश्रमेणेति संप्रत्युपेक्षितव्यमिति सप्तदशं स्थानं १७,

(૧૬) પર્યાય અનવદ્ય છે, કેમકે અહિંસાદિના પાલન સ્વરૂપ છે. આ વિચારવું. આ ૧૬મું સ્થાન છે.

(૧૭) 'ગૃહસ્થોના કામભોગો બહુસાધારણ છે' બહુસાધારણ એટલે ચોર, રાજકુલ વગેરેને સામાન્ય છે.

(આશય એ છે ગૃહસ્થોની ધનસંપત્તિ, પત્ની વગેરેને રાજાઓ લઈ જાય, ચોરો લઈ જાય... એ બધું જ બને. એ કામભોગો માત્ર ગૃહસ્થની જ માલિકીમાં રહે એવું નથી.)

(૧૮) "પુણ્ય-પાપ પ્રત્યેક છે = દરેકનાં જુદા જુદા છે" આશય એ કે માતા, પિતા, પત્ની વગેરેના નિમિત્તે પણ જે પુણ્ય-પાપ આચરાયેલું હોય, તે જુદું જુદું જ છે. અર્થાત્ એ પુણ્ય કે પાપ જેણે આચરેલા હોય, તે કર્તાના જ એ થાય છે. (જેના માટે કરાય, એ બધાને એ પાપાદિ વેંચાઈ જતા નથી.)

આ ૧૮મું સ્થાન છે.

આ પછી **अणिच्चे** થી માંડીને **झोरइत्ता** સુધીનો જે બાકીનો ગ્રન્થ છે, જે આ સૂત્રની અંતર્ગત છે, તે આ ૧૮માં સ્થાનમાં જ સમાવેશ પામેલો છે. એમ વૃદ્ધોના અભિપ્રાય પ્રમાણે જાણવું.

અન્યલોકો આ પ્રમાણે વ્યાખ્યાન કરે છે.

**सोपक्लेशो गृहिवास...** વગેરે છ સ્થાનો પ્રતિપક્ષ સહિતના છે, એ દમાં ત્રણસ્થાન ગ્રહણ કરવા. આશય એ કે (૧૧) સોપકલેશ ગૃહિવાસ (૧૨) નિરુપક્લેશપર્યાય આમ આ બે વિરોધી સ્થાનો ક્રમશઃ ૧૧ અને ૧૨ સ્થાન તરીકે ગણેલા. પણ એ બંને ભેગા ગણી એક જ સ્થાન ગણવું. એમ (૧૩) ગૃહવાસ બંધ (૧૪) પર્યાય મોક્ષ આ બેના બદલે એક સ્થાન. તથા (૧૫) ગૃહવાસ સાવદ્ય (૧૬) પર્યાય નિરવદ્ય આ બેના બદ્લે એક સ્થાન કરી નાંખવું. આમ કરવાથી (૧૧) સોપકલેશગૃહવાસ... (૧૨) ગૃહવાસ બંધ... (૧૩) ગૃહવાસ સાવદ્ય + પર્યાયનિરવદ્ય... આમ, ૧૩ સ્થાન થાય.

હવે આ રીતે કરીએ એટલે **बहुसाधारणा गृहिणां...** એ ૧૪મું સ્થાન થાય. ૧૭મું નહિ, પ્રત્યેક પુણ્યપાપ એ પંદરમું સ્થાન થાય.

હવે બાકીના સ્થાનો કહેવાય છે.

(૧૬) **भो** । શબ્દ આમંત્રણમાં છે. મનુષ્યોનું આયુષ્ય અવશ્ય અનિત્ય જ છે. એજ આયુષ્યને વિશેષથી બતાવે છે કે ઘાસના અગ્રભાગમાં રહેલા જલબિંદુના જેવું ચંચળ,

આ આયુષ્ય છે. અર્થાત્ ઉપક્રમવાળું હોવાને લીધે એ અનેક ઉપદ્રવોનો વિષય બની શકે છે, અને એટલે જ એ અત્યન્ત અસાર છે. (નિરુપક્રમ હોય, તો કોઈપણ ઉપદ્રવ એને અસર ન કરે. પણ એ સોપક્રમ છે, માટે અસર કરે છે. માટે ઉપદ્રવનો વિષય બને છે...) એટલે ગૃહાશ્રમથી સર્યું.

આ પ્રમાણે વિચારવું. આ ૧૬મું સ્થાન છે.

(૧૭) **बहु च खलु भोः** !... માં જે **च** શબ્દ છે, એનાથી 'ક્લિષ્ટ' એમ પણ સમજવું. **खलु** અવધારણમાં છે. મારાવડે ખરેખર ઘણું જ અને ક્લિષ્ટ પાપકર્મ બંધાયું છે. કેમકે સાધુપણાંની પ્રાપ્તિ થવા છતાં પણ ક્ષુદ્ર, તુચ્છ બુદ્ધિ પ્રવર્તે છે. ખરેખર પુષ્કળ ક્લિષ્ટકર્મો વિનાના જે હોય, તેમને આવી દીક્ષા ત્યાગાદિની ઈચ્છા રૂપ અકુશલ બુદ્ધિ થતી નથી. (મને થઈ છે, માટે મારે ઘણું પાપકર્મ છે...) આથી ગૃહાશ્રમથી મારે કંઈ કામ નથી.

આ પ્રમાણે વિચારવું એ ૧૭મું સ્થાન છે.

---

**तथा 'पापानां चे'त्यादि, 'पापानां च' अपुण्यरूपाणां चशब्दात्पुण्यरूपाणां च 'खलु भोः ! कृतानां कर्मणां' खलुशब्दः कारितानुमतविशेषणार्थः, भो इति शिष्यामन्त्रणे, 'कृतानां' मनोवाक्काययोगैरोघतो निर्वर्त्तितानां 'कर्मणां' ज्ञानावरणीयाद्यसातवेदनीयादीनां 'प्राक्' पूर्वमन्यजन्मसु 'दुश्चरितानां' प्रमादकषायजदुश्चरितजनितानि दुश्चरितानि, कारणे कार्योपचारात्, दुश्चरितहेतूनि वा दुश्चरितानि, कार्ये कारणोपचारात्, एवं 'दुष्पराक्रान्तानां' मिथ्यादर्शनाविरतिजदुष्पराक्रान्तजनितानि दुष्पराक्रान्तानि, हेतौ फलोपचारात्, दुष्पराक्रान्तहेतूनि वा दुष्पराक्रान्तानि, फले हेतूपचारात्, इह च दुश्चरितानि मद्यपानाश्लीलानृतभाषणादीनि, दुष्पराक्रान्तानि वधबन्धनादीनि, तदमीषामेवंभूतानां कर्मणां 'वेदयित्वा' अनुभूय, फलमिति वाक्यशेषः, किम् ?–'मोक्षो भवति' प्रधानपुरुषार्थो भवति 'नास्त्यवेदयित्वा' न भवत्यननुभूय, अनेन सकर्मकमोक्षव्यवच्छेदमाह, इष्यते च स्वल्पकर्मोपेतानां कैश्चित्सहकारिनिरोधत-स्तत्फलादानवादिभिस्तत्, तदपि नास्त्यवेदयित्वा मोक्षः, तथारूपत्वात् कर्मणः, स्वफलदाने कर्मत्वायोगात्, 'तपसा वा क्षपयित्वा' अनशनप्रायश्चित्तादिना वा विशिष्टक्षायोपशमिकशुभभावरूपेण तपसा प्रलयं नीत्वा, इह च वेदनमुदयप्राप्तस्य व्याधेरिवानारब्धोपक्रमस्य क्रमशः, अन्यानिबन्धनपरिक्लेशेन, तपःक्षपणं तु सम्यगुपक्रमेणानुदीर्णोदीरणदोषक्षपणवदन्यनिमित्तप्रक्रमेणापरिक्लेशमिति, अतस्तपोऽनुष्ठानमेव श्रेय इति न**

**किंचिद्दुहाश्रमेणेति संप्रत्युपेक्षितव्यमिति '<u>अष्टादशं पदं भवति</u>' अष्टादशं स्थानं भवति १८ । '<u>भवति चात्र श्लोकः</u>' अत्रेत्यष्टादशस्थानार्थव्यतिकरे, उक्तानुक्तार्थसंग्रहपर इत्यर्थः, श्लोक इति च जातिपरो निर्देशः, ततः श्लोकजातिरनेकभेदा भवतीति प्रभूतश्लोकोपन्यासेऽपि न विरोधः ॥**

(૧૮) પૂર્વે દુશ્ચીર્ણ, દુષ્પ્રતિકાન્ત એવા કરેલા કર્મોનો વેદીને = અનુભવીને મોક્ષ થાય છે. અનુભવ્યા વિના નહિ, કે તપથી ક્ષય કર્યા વિના નહિ.

પાપો એટલે અપુણ્યરૂપ કર્મો. **च** શબ્દથી પુણ્યરૂપ કર્મો પણ સમજી લેવા. **खलु** શબ્દ કારિત, અનુમત એ બંનેને લઈ લેવા માટે, એટલે કે એ વિશેષપદાર્થ દર્શાવવા માટે છે. **भो** શબ્દ શિષ્યને આમંત્રણ કરવામાં છે. કૃત = મન, વચન, કાયાના યોગોવડે સામાન્યથી ઉત્પન્ન કરાયેલા... કર્મ = જ્ઞાનાવરણીય વગેરે ઘાતી-કર્મો અને અશાતા વગેરે અઘાતીકર્મો. આ બધા કર્મો પૂર્વે = અન્યજન્મોમાં પ્રમાદ અને કષાયથી ઉત્પન્ન થયેલા એવા ખરાબ આચારોવડે ઉત્પન્ન કરાયેલા છે. અહીં કારણમાં કાર્યોનો ઉપચાર કરીને દુચ્ચરિત-હિંસાદિરૂપ કારણમાં પાપકર્મરૂપ કાર્યનો ઉપચાર કરીને એ કર્મો દુશ્ચરિતશબ્દથી ઓળખાવાયા છે.

અથવા તો આ જ્ઞાનાવરણાદિ કર્મો દુશ્ચરિતનાં = હિંસાદિનાં કારણ છે, માટે પણ એ દુશ્ચરિત કહેવાય. અહીં હિંસાદિરૂપ કાર્યમાં કર્મરૂપી કારણનો ઉપચાર કરેલો જાણવો.

આ કર્મો દુશ્ચરિત છે, એમ દુષ્પરાક્રાન્ત છે. એટલે કે મિથ્યાદર્શન, અવિરતિથી ઉત્પન્ન થયેલા જે દુષ્ટ પરાક્રમો, તેનાથી ઉત્પન્ન થયેલા આ કર્મો દુષ્પરાક્રમ-દુષ્પરાક્રાન્ત કહેવાય છે.

અથવા તો દુષ્પરાક્રમના હેતુભૂત આ કર્મો દુષ્પરાક્રમ કહેવાય છે. અહીં દુષ્પરાક્રમરૂપી કાર્યમાં કર્મ રૂપી કારણનો ઉપચાર કરેલો છે.

અહીં દારૂ પીવો, અશ્લીલવચનો, ખોટાવચનો આ બધું દુશ્ચરિત.

વધ, બંધન વગેરે દુષ્પરાક્રાન્ત.

આ બધા આવાપ્રકારના કર્મોના ફલને અનુભવીને તે કર્મોનો મોક્ષ થાય. પણ અનુભવ્યા વિના મોક્ષ ન થાય. મોક્ષ એટલે પ્રધાનપુરુષાર્થ. **फलं** શબ્દ વાક્યશેષ છે.

આના દ્વારા સકર્મકના મોક્ષનો વ્યવચ્છેદ કહ્યો. આશય એ છે કે કેટલાકો એમ માને છે કે 'કર્મયુક્ત જીવોનો પણ મોક્ષ થાય.' પણ અહીં સ્પષ્ટ દર્શાવી દીધું કે આ કર્મોનાં

નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય

ફળને ભોગવ્યા વિના મોક્ષ થતો જ નથી. એટલે એ મત ખોટો છે.

**પ્રશ્ન** : તે મતવાળાઓ શું માને છે ?

**ઉત્તર** : જીવો કર્મથી યુક્ત હોય, તો પણ પોતાનો વિપાક આપવા માટે સહકારીકારણોની અપેક્ષા રાખે છે. જો સહકારી કારણોનો નિરોધ થઈ જાય, તો તે કર્મો પોતાના ફલનું દાન કરી શકતા નથી. આવા કર્મોવાળા જીવો મોક્ષમાં જાય, તો પણ સહકારીકારણો ન હોવાથી તેઓને કર્મફલ ન મળે. (જેમ મનુષ્યને નારકગતિનામકર્મ છે, પણ નરકસ્થાનાદિ સહકારી કારણો ન હોવાથી તે નરકદુઃખાદિરૂપ સ્વફલ આપી શકતું નથી. એવું સકર્મક મુક્તજીવોમાં સદા માટે સમજવું.)

પણ આ બરાબર નથી. કેમકે કર્મોને ભોગવ્યા વિના મોક્ષ ન થાય. કેમકે કર્મો તેવાપ્રકારના જ છે. (કે તેઓના ફલનો ભોગ કર્યા વિના તેની હાજરીમાં મોક્ષ ન થાય.) તેવાપ્રકારના જ હોવાનું કારણ એ કે જો એ કર્મો પોતાના ફળને ન આપે, તો એ કર્મ જ ન ગણાય...

(હવે ફળ ભોગવ્યા વિના પણ મોક્ષ થવાનો પ્રકાર બતાવે છે કે) અનશન વગેરે અને પ્રાયશ્ચિત વગેરે રૂપ જ વિશિષ્ટ ક્ષાયોપશમિકભાવસ્વરૂપ તપ, તેના વડે કર્મને વિનાશ પમાડીને મોક્ષ થાય.

(કાં તો ફલના ભોગ દ્વારા, કાં તો તપ દ્વારા કર્મનો વિનાશ કર્યા બાદ જ મોક્ષ થવાનો, પણ સકર્મકનો તો મોક્ષ નથી જ થવાનો...)

અહીં વેદન આ પ્રમાણે કે જે કર્મો ઉદયમાં આવી ગયેલા છે, જેમાં કોઈપણ ઉપક્રમ શરુ કરાયેલો નથી. અર્થાત્ જેને એક સાથે ખતમ કરાતા નથી, એવા કર્મોનું ક્રમશઃ ફલ અનુભવવું એ વેદન. જેમ કોઈ રોગ ઉદયમાં આવે, એને કોઈ ઉપક્રમ લાગેલો ન હોય, તો એ ક્રમશઃ અનુભવાય તેમ.

આ વેદન બીજાકર્મોનાં બંધનું કારણ ન બનનારા એવા પરિક્લેશવડે થાય, અર્થાત્ આ અશાતાદિના વેદનમાં દુઃખો તો અનુભવવા જ પડે, પણ એનાથી નવાકર્મો ન બંધાય.

જયારે તપદ્વારા કર્મોનો ક્ષય આ પ્રમાણે કે જેમ ઉદયમાં નહિ આવેલા અને આવેલા રોગોનો નાશ ઉપક્રમ = ઔષધવગેરેથી થાય. એમ ઉદયમાં આવેલા અને નહિ આવેલા દોષોનાં નાશ અન્યનિમિત્તનાં પ્રારંભદ્વારા સમ્યક્ ઉપક્રમ લગાડવાવડે થાય. અર્થાત્ અનશનાદિ કરવામાં આવે, એનાથી કર્મોને ઉપક્રમ લાગે, એનાથી તે ક્ષય પામે.



नमोऽस्तु तस्मै जिनशासनाय

આ ક્ષપણ પરિક્લેશ વિના થાય. આમાં કોઈ દુઃખ અનુભવવા ન પડે.

આમ ફલ ભોગવીને ક્ષય કરવામાં તો દુઃખો ભોગવવા પડે છે, માટે તપાનુષ્ઠાન જ કલ્યાણકારી છે. ગૃહાશ્રમનું કંઈ કામ નથી... આ વિચારવું જોઈએ.

આ ૧૮મું સ્થાન છે.

અહીં શ્લોક છે.

**अत्र** = અહીં = ૧૮ સ્થાનનાં અર્થનાં પ્રસંગમાં... શ્લોક = કહેવાયેલા અને નહિ કહેવાયેલા અર્થોને સંગ્રહકરનાર.

**પ્રશ્ન :** શ્લોકો તો ઘણાં બધા કહેવાના છે. તો **श्लोकः** એકવચન કેમ ?

**ઉત્તર : श्लोकः** એ જાતિવાચક નિર્દેશ છે. તેથી શ્લોકજાતિ અનેકભેદવાળી હોય છે, એટલે ઘણા બધા શ્લોકોનો ઉપન્યાસ કરવામાં પણ કોઈ વિરોધ નથી.

(એકશ્લોકમાં પણ શ્લોકજાતિ, અનેકશ્લોકમાં પણ શ્લોકજાતિ કહેવાય. અહીં શ્લોકશબ્દ શ્લોક જાતિનો નિર્દેશક છે. જાતિ તો એકવચનમાં જ ઉલ્લેખ પામે. જેમ ઘણાં ઘટ હોય, તો પણ ઘટત્વ એકવચન વપરાય છે.)

---

**जया य चयई धम्मं, अणज्जो भोगकारणा । से तत्थ मुच्छिए बाले, आयइं नावबुज्झइ ॥१॥**

---

**ગા.૧. ગાથાર્થ :** અનાર્ય ભોગ માટે જ્યારે ધર્મને ત્યાગે છે. ત્યાં મૂર્છિત તે બાલ આયતિને જાણતો નથી.

---

**यदा चैवमप्यष्टादशसु व्यावर्त्तनकारणेषु सत्स्वपि 'जहाति' त्यजति 'धर्मं' चारित्रलक्षणम् 'अनार्य' इत्यनार्य इवानार्यो-म्लेच्छचेष्टितः, किमर्थमित्याह- 'भोगकारणात्' शब्दादिभोगनिमित्तं 'स' धर्मत्यागी 'तत्र' तेषु भोगेषु 'मूर्च्छितो' गृद्धो 'बालः' मन्दः 'आयतिम्' आगामिकालं 'नावबुद्ध्यते' न सम्यगवगच्छतीति सूत्रार्थः ॥१॥**

---

**ટીકાર્થ :** જ્યારે આ સંયમત્યાગથી પાછા વાળવાના કારણભૂત એવા ૧૮ સ્થાનો હોવા છતાં પણ તે અનાર્યના જેવો = મ્લેચ્છોના જેવી ચેષ્ટાવાળો શબ્દાદિ ભોગોના માટે ચારિત્રરૂપી ધર્મને ત્યાગે છે, ત્યારે તે ભોગોમાં મૂર્છિત થયેલો તે ધર્મત્યાગી, અજ્ઞાની ભવિષ્યકાળને સારી રીતે જાણતો નથી.

एतदेव दर्शयति-

**जया ओहाविओ होइ, इंदो वा पडिओ छमं । सव्वधम्मपरिब्भट्ठो, स पच्छा परितप्पइ ॥२॥**

---

એ જ દેખાડે છે.

ગા.૨. **ગાથાર્થ :** જયારે ઉત્પ્રવ્રજિત થાય છે, ત્યારે ધરતી પર પડેલા ઈંદ્રની જેમ સર્વધર્મોથી પરિભ્રષ્ટ તે પાછળથી અનુતાપ કરે છે.

---

**यदा 'अवधावितः' अपसृतो भवति संयमसुखविभूतेः, उत्प्रव्रजित इत्यर्थः, 'इन्द्रो वे'ति देवराज इव 'पतितः क्ष्मां' क्ष्मां गतः, स्वविभवभ्रंशेन भूमौ पतित इति भावः, क्ष्मा-भूमिः । 'सर्वधर्मपरिभ्रष्टः' सर्वधर्मेभ्यः-क्षान्त्यादिभ्य आसेवितेभ्योऽपि यावत्प्रतिज्ञमननुपालनात् लौकिकेभ्योऽपि वा गौरवादिभ्यः परिभ्रष्टः-सर्वतश्च्युतः, स पतितो भूत्वा 'पश्चात्' मनाग् मोहावसाने 'परितप्यते' किमिदमकार्यं मयाऽनुष्ठितमित्यनुतापं करोतीति सूत्रार्थः ॥२॥**

---

**ટીકાર્થ :** સંયમના સુખોની વિભૂતિથી જયારે એ દૂર સરકી જાય છે. એટલે કે ઉત્પ્રવ્રજિત બને છે, ત્યારે જેમ પોતાના વૈભવનાં ભ્રંશથી દેવરાજ પૃથ્વી પર પડે તેમ ક્ષમા વગેરે સેવન કરાયેલા એવા પણ સર્વધર્મોથી, તેનું પ્રતિજ્ઞા સુધી પાલન ન કરવાને લીધે ભ્રષ્ટ થયેલો અને લૌકિક એવા પણ સન્માન વગેરેથી ભ્રષ્ટ થયેલો તે, પતિત થઈને કંઈક મોહનો અંત થાય ત્યારે પશ્ચાત્તાપ કરે છે. "આ મેં શું અકાર્ય કર્યું ?" એમ પશ્ચાત્તાપને કરે છે.

(પ્રતિજ્ઞા આખી જીંદગીની હતી, પણ એ રીતે પાળી નથી, એટલે એ એનાથી ભ્રષ્ટ થયેલો ગણાય. સાધુપણામાં મળતા માનાદિ ઉત્પ્રવ્રજિતને નથી મળતા, માટે એ ગૌરવાદિથી ભ્રષ્ટ થયેલો ગણાય..)

---

**जया अ वंदिमो होइ, पच्छा होइ अवंदिमो । देवया व चुआ ठाणा, स पच्छा परितप्पइ ॥३॥**

---

ગા.૩. **ગાથાર્થ :** જયારે એ વન્દ્ય હોય છે, પછી અવન્દ્ય થાય છે. સ્થાનથી ચ્યવેલી દેવતાની જેમ તે પછી પરિતાપ કરે છે.

---

**यदा च वन्द्यो भवति श्रमणपर्यायस्थो नरेन्द्रादीनां पश्चाद्भवत्युन्निष्क्रान्तः**

सन्नवन्द्यः तदा देवतेव काचिदिन्द्रवर्जा स्थानच्युता सती स पश्चात्परितप्यत इत्येतत्पूर्ववदेवेति सूत्रार्थः ॥३॥

**टीकार्थ** : સાધુપર્યાયમાં રહેલો તે રાજાવગેરેને વંદનીય હતો, અને પછી દીક્ષા છોડ્યાબાદ જ્યારે અવંદનીય બને છે, ત્યારે ઈન્દ્રથી ત્યજાયેલી, સ્થાનથી ભ્રષ્ટ થયેલી કોઈક દેવતાની જેમ તે સાધુ પાછળથી પરિતાપ કરે છે. એ પરિતાપ બીજીગાથામાં બતાવ્યા પ્રમાણે જ સમજી લેવો.

**तथा**

**जया अ पूइमो होइ, पच्छा होइ अपूइमो । राया व रज्जपब्भट्ठो, स पच्छा परितप्पइ ॥४॥**

ગા.૪. **ગાથાર્થ** : પૂજિત હોય છે, પાછળથી જ્યારે અપૂજિત થાય છે, ત્યારે રાજ્યભ્રષ્ટ રાજાની જેમ તે પછી પરિતાપ કરે છે.

यदा च पूज्यो भवति-वस्त्रभक्तादिभिः श्रामण्यसामर्थ्याल्लोकानां पश्चाद्भवत्युत्प्रव्रजितः सन्नपूज्यो लोकानामेव तदा राजेव राज्यप्रभ्रष्टः महतो भोगाद्विप्रमुक्तः स पश्चात्परितप्यत इति पूर्ववदेवेति सूत्रार्थः ॥४॥

**टीकार्थ** : પૂર્વે સાધુપણાંનાં સામર્થ્યથી લોકોને તે વસ્ત્ર, ભોજનાદિવડે પૂજ્ય હતો. અર્થાત્ લોકો વસ્ત્રાદિ આપવા રૂપે એની પૂજા કરતાં. પણ ઉત્પ્રવ્રજિત તે લોકોને જ્યારે અપૂજ્ય બને છે, ત્યારે રાજ્યથી ભ્રષ્ટ થયેલા એટલે કે મોટાભોગમાંથી મુક્ત બનેલા રાજાની જેમ તે સાધુ પાછળથી પરિતાપ કરે છે. એ પૂર્વવત્

**जया अ माणिमो होइ, पच्छा होइ अमाणिमो । सिट्ठि व्व कब्बडे छूढो, स पच्छा परितप्पइ ॥५॥**

ગા.૫. **ગાથાર્થ** : માનનીય હોય છે, પછી જ્યારે અમાનનીય થાય છે, કર્બટમાં ક્ષિપ્ત શેઠની જેમ ને પછી પરિતાપ કરે છે.

यदा च मान्यो भवत्यभ्युत्थानाज्ञाकरणादिना माननीयः शीलप्रभावेण पश्चाद्भवत्यमान्यस्तत्परित्यागेन तदा श्रेष्ठीव 'कर्बटे' महाक्षुद्रसंनिवेशे क्षिप्तः सन्,

पश्चात्परितप्यत इत्येतत्समानं पूर्वेणेति सूत्रार्थः ॥५॥

**ટીકાર્થ** : પૂર્વે શીલનાં પ્રભાવનાં કારણે સાધુ અભ્યુત્થાન, આજ્ઞાકરણવગેરે દ્વારા માનનીય હતો. અર્થાત્ લોકો તેને આ રીતે માન્ય કરતા. પણ શીલનાં ત્યાગને લીધે જ્યારે તે અમાનનીય બને છે, ત્યારે અત્યંત તુચ્છસ્થાનમાં ફેંકાયેલા શેઠની જેમ તે સાધુ પાછળથી પરિતાપ કરે છે. (ગરીબ બની ગયેલા શેઠે એવા તુચ્છસ્થાનમાં રહેવા જવું પડે...) એ પૂર્વવત્

**जया अ थेरओ होइ, समइक्कंतजुव्वणो । मच्छु व्व गलं गिलित्ता, स पच्छा परितप्पइ ॥६॥**

**ગા.૬. ગાથાર્થ** : અતિક્રાન્તયૌવનવાળો તે જ્યારે સ્થવિર થાય. ગલને ગળ્યા બાદ માછલો જેમ, તેમ પાછળથી તે પરિતાપ કરે છે.

**यदा च स्थविरो भवति स त्यक्तसंयमो वयःपरिणामेन, एतद्विशेषप्रतिपादनायाह– समतिक्रान्तयौवनः, एकान्तस्थविर इति भावः, तदा विपाककटुकत्वाद्भोगानां मत्स्य इव 'गलं' बडिशं 'गिलित्वा' अभिगृह्य तथाविधकर्मलोहकण्टकविद्धः सन् स पश्चात्परितप्यत इत्येतदपि समानं पूर्वेणेति सूत्रार्थः ॥६॥**

**ટીકાર્થ** : સંયમનો ત્યાગ કર્યા બાદ જ્યારે તે સાધુ ઉંમરનો પરિણામ થવા દ્વારા સ્થવિર બને છે, (એ જ વાતને વિશેષથી બતાવવા માટે કહે છે કે) યૌવનને ઓળંગી જાય છે, એટલે કે એકાંતે ઘરડો બને છે. ત્યારે ભોગો વિપાકમાં કડવા હોવાના કારણે જેમ માછલું તીક્ષ્ણખીલા પર લાગેલા માંસને ખાધા બાદ ત્યાં લોઢાનાં કાંટાથી વીંધાઈ જાય અને પાછળથી પશ્ચાત્તાપ કરે કે મેં આ ન ખાધું હોત તો સારું થાત. તેમ આ સાધુ પણ તેવાપ્રકારના કર્મોરૂપી લોઢાના કાંટાઓથી વીંધાયેલો છતો પાછળથી પશ્ચાત્તાપ કરે છે. આ પણ પૂર્વની સાથે સમાન જ છે. (સંસારમાં જઈ ભોગો ભોગવ્યા, એનાથી અંતે ભયાનક રોગાદિ થાય, તો એને ઘોર પશ્ચાત્તાપ થાય અને એટલે જ એમ થાય કે "મેં દીક્ષાત્યાગ કરી ઘણું ખોટું કર્યું.")

एतदेव स्पष्टयति–

**जया अ कुकुडुंबस्स, कुतत्तीहिं विहम्मइ । हत्थी व बंधणे बद्धो, स पच्छा परितप्पइ ॥७॥**

આ જ વાતને સ્પષ્ટ કરે છે.

**ગા.૭. ગાથાર્થ :** જ્યારે કુકુટુંબની કુતપ્તિઓ વડે હણાય છે. બંધનમાં બંધાયેલા હાથીની જેમ તે ત્યારે પરિતાપ કરે છે.

**यदा च 'कुकुटुम्बस्य' कुत्सितकुटुम्बस्य कुतप्तिभिः-कुत्सितचिन्ताभिरात्मनः संतापकारिणीभिर्विहन्यते-विषयभोगान् प्रति विघातं नीयते तदा स मुक्तसंयमः सन् परितप्यते पश्चात्, क इव ?-यथा हस्ती कुकुटुम्बबन्धनबद्धः परितप्यते ॥७॥**

**ટીકાર્થ :** ખરાબ-નિંદિતકુટુંબની ખરાબ-નિંદિતચિંતાઓવડે કે જે આત્માને સંતાપકરનારી છે, તેનાવડે એ ઉત્પ્રવ્રજિત વિષયભોગો પ્રત્યે વિઘાત પમાડાય છે, એટલે કે પત્ની-પુત્ર-પત્ની વગેરેની જાતજાતની ચિંતાઓના કારણે જ્યારે એ સાંસારિક સુખો ભોગવી શકતો નથી, ત્યારે સંયમ ત્યાગી ચૂકેલો તે પાછળથી પશ્ચાત્તાપ કરે છે.

**પ્રશ્ન :** કોની જેમ ?

**ઉત્તર :** જેમ બંધનમાં બંધાયેલો હાથી, તેમ કુકુટુંબરૂપી બંધનમાં બંધાયેલો તે પરિતાપ કરે.

एतदेव स्पष्टयति—

**पुत्तदारपरिकिण्णो, मोहसंताणसंतओ । पंकोसन्नो जहा नागो, स पच्छा परितप्पइ ॥८॥**

આ જ સ્પષ્ટ કરે છે.

**ગા.૮. ગાથાર્થ :** પુત્ર, પત્નીથી પરિકીર્ણ, મોહસંતાનથી સંતત, કાદવમાં ખુંપેલા હાથીની જેમ. તે પાછળથી પરિતાપ કરે છે.

**'पुत्रदारपरिकीर्णो' विषयसेवनात्पुत्रकलत्रादिभिः सर्वतो विक्षिप्तः 'मोहसंतान-संततो' दर्शनादिमोहनीयकर्मप्रवाहेण व्याप्तः, क इव—'पङ्कावसन्नो नागो यथा' कर्दमावमग्नो वनगज इव स पश्चात्परितप्यते-हा हा किं मयेदमसमञ्जसमनुष्ठितमिति सूत्रार्थः ॥८॥**

**ટીકાર્થ :** વિષયસેવનના કારણે જે પુત્ર-પત્નીવગેરે પરિવાર ઊભો થાય છે, તેમનાથી ચારેબાજુથી વીંટળાયેલો (અથવા તો પુત્રાદિનાં કારણે વિષયસુખથી દૂર ફંગોળાયેલો, પુત્રાદિની ચિંતાને લીધે સંસારસુખ પણ ગુમાવી ચુકેલો) દર્શનમોહનીયકર્મનાં પ્રવાહથી વ્યાપ્ત બનેલો તે ઉત્પ્રવ્રજિત કાદવામાં ખુંપી ગયેલા

જંગલી હાથીની જેમ પાછળથી પરિતાપ કરે છે કે "અરેરે ! મારાવડે આ શું અનુચિત કામ કરાયું."

**कश्चित् सचेतनतर एवं च परितप्यत इत्याह–**

**अज्ज आहं गणी हुंतो, भाविअप्पा बहुस्सुओ । जइऽहं रमंतो परिआए, सामण्णे जिणदेसिए ॥९॥**

કોઈક ઉત્પ્રવ્રજિત વધારે ડાહ્યો, વધારે સમજુ હોય તો આ પ્રમાણે પશ્ચાત્તાપ કરે કે

ગા.૯. **ગાથાર્થ :** આજે હું ભાવિતાત્મા, બહુશ્રુત ગણી હોત, જો હું જિનદેશિત શ્રામણ્ય પર્યાયમાં રમતો હોત.

**'अद्य तावदहम्' अद्य-अस्मिन् दिवसे अहमित्यात्मनिर्देशे गणी स्याम्-आचार्यो भवेयम् 'भावितात्मा' प्रशस्तयोगभावनाभिः 'बहुश्रुत' उभयलोकहितबह्वागमयुक्तः, यदि किं स्यादित्यत आह-यद्यहम् 'अरमिष्यं' रतिमकरिष्यं 'पर्याये' प्रव्रज्यारूपे, सोऽनेकभेद इत्याह–'श्रामण्ये' श्रमणानां संबन्धिनि, सोऽपि शाक्यादिभेदभिन्न इत्याह–'जिनदेशिते' निर्ग्रन्थसंबन्धिनीति सूत्रार्थः ॥९॥**

**ટીકાર્થ : अहम्** શબ્દ પોતાના આત્માનો નિર્દેશ કરવામાં છે. (એ વિચારે કે) આ દિવસે તો હું પ્રશસ્તયોગો અને ભાવનાઓથી ભાવિત થયેલા આત્માવાળો, બંનેલોકમાં હિતકારી એવા ઘણાં આગમોથી યુક્ત એવો આચાર્ય હોત.

**પ્રશ્ન :** શું થયું હોત, તો આવો હોત ?

**ઉત્તર :** જો હું જિનદેશિત, સાધુસંબંધી પર્યાયમાં રત હોત તો.

આમાં જો માત્ર (પ્રવ્રજ્યારૂપ) પર્યાય જ લે, તો એ તો અનેકભેદવાળો છે. સંસારત્યાગી ઘણાંઓનો પર્યાય આમાં આવી જાય. એટલે **શ્રામણ્ય** શબ્દ છે. અર્થાત્ આ પર્યાય શ્રમણસંબંધી જ લેવાનો. પરંતુ શ્રમણ પણ શાક્યવગેરે પાંચ ભેદે છે, એટલે એ શ્રમણપર્યાય પણ શાક્યાદિભેદથી અનેકપ્રકારનો છે. એટલે **जिनदेशित** શબ્દ લખ્યો છે. અર્થાત્ માત્ર જૈનસાધુસંબંધી શ્રમણપર્યાય જ લેવાનો.

**अवधानोत्प्रेक्षिणः स्थिरीकरणार्थमाह–**

**देवलोगसमाणो अ, परिआओ महेसिणं । रयाणं अरयाणं च,**

**महानरयसारिसो ॥१०॥**

દીક્ષાત્યાગ તરફ અભિમુખ થયેલા સાધુને સ્થિર કરવા માટે કહે છે કે

ગા.૧૦. **ગાથાર્થ** : રત મહર્ષિઓનો પર્યાય દેવલોક સમાન છે, અરતોનો મોટી નારક જેવો છે.

**'देवलोकसमानस्तु' देवलोकसदृश एव 'पर्यायः' प्रव्रज्यारूपः 'महर्षीणां' सुसाधूनां 'रतानां' सक्तानां, पर्याय एवेति गम्यते, एतदुक्तं भवति-यथा देवलोके देवाः प्रेक्षणकादिव्यापृता अदीनमनसस्तिष्ठन्त्येवं सुसाधवोऽपि ततोऽधिकं भावतः प्रत्युपेक्षणादिक्रियायां व्यापृताः, उपादेयविशेषत्वात् प्रत्युपेक्षणादेरिति देवलोकसमान एव पर्यायो महर्षीणां रतानामिति । 'अरतानां च' भावतः सामाचार्यामसक्तानां च, चशब्दाद्विषयाभिलाषिणां च भगवल्लिङ्गविडम्बकानां क्षुद्रसत्त्वानां 'महानरकसदृशो' रौरवादितुल्यस्तत्कारणत्वान्मानसदुःखातिरेकात् तथा विडम्बनाच्चेति सूत्रार्थः ॥१०॥**

**ટીકાર્થ** : સાધુપર્યાયમાં જ રક્ત બનેલા સુસાધુઓનો દીક્ષારૂપ પર્યાય દેવલોક જેવો જ છે. કહેવાનો ભાવ એ છે કે જેમ દેવલોકમાં દેવો નાટક વગેરેમાં વ્યાપારવાળા, અદીન મનવાળા રહે છે, એમ સુસાધુઓ પણ તેના કરતાં વધારે ભાવથી પ્રત્યુપેક્ષણાદિ ક્રિયાઓમાં વ્યાપારવાળા રહે છે. કેમકે પ્રતિલેખનાદિ કાર્યો (નાટકાદિ કરતાં તો) વિશેષપ્રકારે ઉપાદેય છે. આથી રત સાધુઓનો પર્યાય દેવલોક સમાન જ હોય છે.

પણ જેઓ સાધુસામાચારીમાં ભાવથી સક્ત નથી. **च** શબ્દથી જેઓ વિષયસુખનાં અભિલાષી છે, ભગવાનનાં વેષનાં વિડંબક છે, એવા તુચ્છજીવોનો સાધુપર્યાય તો રૌરવાદિ નારકો જેવો છે. કેમકે (૧) તે પર્યાય નારકોનું કારણ છે. (૨) માનસિકદુઃખોનો અતિરેક છે. (૩) તેવાપ્રકારની વિડંબણાઓ થાય છે. આ ત્રણ કારણે એ પર્યાય નરક જેવો છે.

एतदुपसंहारेणैव निगमयन्नाह—

**अमरोवमं जाणिअ सुक्खमुत्तमं, रयाण परिआइ तहाऽरयाणं ।**
**निरओवमं जाणिअ दुक्खमुत्तमं, रमिज्ज तम्हा परिआइ पंडिए ॥११॥**

આના ઉપસંહાર વડે નિગમન કરતા કહે છે કે

ગા.૧૧. **ગાથાર્થ** : પર્યાયમાં રત જીવોનું દેવોપમ ઉત્તમ સુખ જાણીને તથા અરત

જીવોનું નરકોપમ ઉત્તમ દુઃખ જાણીને પંડિત પર્યાયમાં રમે.

'अमरोपमम्' उक्तन्यायाद्देवसदृशं 'ज्ञात्वा' विज्ञाय 'सौख्यमुत्तमं' प्रशमसौख्यं, केषामित्याह–'रतानां पर्याये' सक्तानां सम्यक्प्रत्युपेक्षणादिक्रियाव्यङ्ग्ये श्रामण्ये, तथा अरतानां पर्याय एव, किमित्याह–'नरकोपमं' नरकतुल्यं ज्ञात्वा दुःखम् 'उत्तमं' प्रधानमुक्तन्यायात्, यस्मादेवं रतारतविपाकस्तस्माद् 'रमेत' सक्तिं कुर्यात्, क्वेत्याह–'पर्याये' उक्तस्वरूपे 'पण्डितः' शास्त्रार्थज्ञ इति सूत्रार्थः ॥११॥

ટીકાર્થ : સારીરીતે પ્રતિલેખનાદિ ક્રિયા કરવારૂપ આચારોવડે જે વ્યઙ્ગ્ય છે - જણાય છે તેવા સાધુ સંબંધી પર્યાયમાં સક્ત સાધુઓને કહેલા ન્યાયપ્રમાણે દેવોનાં જેવું ઉત્તમસુખ, પ્રશમસુખ હોય છે. આ વાત જાણીને તથા પર્યાયમાં જ અરત જીવોનું નરકનાં તુલ્ય એવું કહેલા ન્યાયપ્રમાણે મોટુંદુઃખ જાણીને શાસ્ત્રાર્થજ્ઞાતા સાધુ ઉક્તસ્વરૂપવાળા પર્યાયમાં રતિ કરે.

पर्यायच्युतस्यैहिकं दोषमाह–

**धम्माउ भट्ठं सिरिओ अवेयं, जन्नग्गिविज्झाअमिवऽप्पतेअं ।**
**हीलंति णं दुव्विहिअं कुसीला, दाढुड्ढिअं घोरविसं व नागं ॥१२॥**

પર્યાયભ્રષ્ટને ઐહિકફલ=દોષ શું મળે ? તે કહે છે.

ગા.૧૨. ગાથાર્થ : ધર્મથી ભ્રષ્ટ, લક્ષ્મીથી અપેત, વિધ્યાત યજ્ઞાગ્નિની જેમ અલ્પતેજવાળા, દુર્વિહિતને કુશીલો હીલે છે. જેમ ઉખેડાયેલી દાઢવાળા ઘોરવિષવાળા સર્પને...

'धर्मात्' श्रमणधर्माद् 'भ्रष्टं' च्युतं 'श्रियोऽपेतं' तपोलक्ष्म्या अपगतं 'यज्ञाग्निम्' अग्निष्टोमाद्यनलं विध्यातमिव यागावसानेऽल्पतेजसम्, अल्पशब्दोऽभावे, तेजःशून्यं भस्मकल्पमित्यर्थः 'हीलयन्ति' कदर्थयन्ति, पतितस्त्वमिति पङ्क्त्यपसारणादिना, 'एनम्' उन्निष्क्रान्तं 'दुर्विहितम्' उन्निष्क्रमणादेव दुष्टानुष्ठायिनं 'कुशीलाः' तत्सङ्गोचिता लोकाः, स एव विशेष्यते–'दाढुड्ढिअं'ति प्राकृतशैल्या उद्धृतदंष्ट्रम्-उत्खातदंष्ट्रं 'घोरविषमिव' रौद्रविषमिव 'नागं' सर्पं, यज्ञाग्निसर्पोपमानं, लोकनीत्या प्रधानभावाद-प्रधानभावख्यापनार्थमिति सूत्रार्थः ॥१२॥

**ટીકાર્થ :** જે શ્રમણધર્મથી ભ્રષ્ટ થયો છે, તપલક્ષ્મીથી રહિત બનેલો છે, યજ્ઞના અંતે ઓલવાઈ ગયેલા એવા અગ્નિષ્ટોમાદિ યજ્ઞોના અગ્નિની જેમ જે અલ્પતેજવાળો બનેલો છે, (અગ્નિ ઓલવાઈ ગયા પછી અલ્પ તેજ શી રીતે હોય ? તેજ જ ન હોય ને ?) **अल्प**શબ્દ અહીં અભાવ અર્થમાં છે. એટલે કે જે તેજથી શૂન્ય છે, રાખ જેવો છે... આવા ઉત્પ્રવ્રજિતને, દીક્ષા ત્યાગ કરેલો હોવાથી જ દુષ્ટ અનુષ્ઠાનવાળાને કુશીલો = તેના સંગને ઉચિત લોકો કદર્થિત કરે છે. અર્થાત્ તું પતિત છે એ રીતે એને પંગતમાંથી દૂર કરવા વગેરે દ્વારા એની કદર્થના કરે છે. (સજ્જનમાણસો કર્મવિપાકાદિ સમજીને આવી કદર્થના ન કરે, પણ જેઓ દુર્જન હોય, દુર્જનનો સંગ કરવાને યોગ્ય હોય, તેવા હલકામાણસો તો આની કદર્થના અનેકપ્રકારે કરવાના જ.

આ જ વસ્તુ વિશેષથી બતાવે છે કે જેની દાઢા-દાંત ઉખેડી નાંખવામાં આવી છે, એવા ભયંકર ઝેરવાળા સર્પને જેમ લોકો પરેશાન કરે, તેમ આ સાધુ અંગે સમજવું.

(ભડભડતી અગ્નિ કે ઝેરીસર્પને કોઈ અડે નહિ, પરેશાન કરે નહિ. પણ અગ્નિ રાખ બને તો લોકો તેની ઉપર પણ ચાલે. સાપની ઝેરની કોથળી ઉતારી લેવાય તો લોકો એને પુષ્કળ પરેશાન કરે... એમ સાધુ ઉત્પ્રવ્રજિત બને તો લોકો એની હીલના કરે.)

ગાથામાં **दाढुड्ढिअं** લખેલું છે. એ પ્રાકૃતશૈલીથી જાણવું. સમાસ પ્રમાણે તો **उत्खात दंष्ट्रम्** એમ થાય **दंष्ट्रोत्खातम्** એમ નહિ...)

તથા અહીં યજ્ઞાગ્નિ અને સાપ આ બેની ઉપમા આપી છે. તે આ બે વસ્તુ લોકનીતિથી વિચારીએ તો પ્રધાન હતી અને પછી અપ્રધાન બને છે... આ દર્શાવવામાટે જ આ બેની ઉપમા લીધેલી છે.

---

**एवमस्य भ्रष्टशीलस्यौघत ऐहिकं दोषमभिधायैहिकामुष्मिकमाह—**

**इहेवऽधम्मो अयसो अकित्ती, दुन्नामधिज्जं च पिहुज्जणंमि ।**

**चुअस्स धम्माउ अहम्मसेविणो, संभिन्नवित्तस्स य हिट्ठओ गई ॥१३॥**

---

આમ, ભ્રષ્ટશીલવાળા આના સામાન્યથી ઐહિકદોષ બતાવીને હવે ઐહિક અને આમુષ્મિક બંને દોષો બતાવે છે.

**ગા.૧૩. ગાથાર્થ :** અહીં જ અધર્મ, અપયશ, અપકીર્તિ, સામાન્યલોકમાં દુર્નામધેય... ધર્મથી ચ્યુત, અધર્મસેવી, સંભિન્નવૃત્તવાળાની નીચે ગતિ થાય.

---

**'इहैव' इहलोक एव 'अधर्म' इत्ययमधर्मः, फलेन दर्शयति-यदुत 'अयशः'**

अपराक्रमकृतं न्यूनत्वं तथा 'अकीर्त्तिः' अदानपुण्यफलप्रवादरूपा तथा 'दुर्नामधेयं च' पुराणः पतित इति कुत्सितनामधेयं च भवति, क्वेत्याह–'पृथग्जन' सामान्यलोकेऽप्यास्तां विशिष्टलोके, कस्येत्याह– 'च्युतस्य धर्माद्' उत्प्रव्रजितस्येत्यर्थः, तथा 'अधर्मसेविनः' कलत्रादिनिमित्तं षट्कायोपमर्द्दकारिणः, तथा 'संभिन्नवृत्तस्य च' अखण्डनीयखण्डितचारित्रस्य च क्लिष्टकर्मबन्धाद् 'अधस्ताद्गतिः' नरकेषूपपात इति सूत्रार्थः ॥१३॥

**ટીકાર્થ :** આ ઉત્પ્રવ્રજિતને આ લોકમાં જ અધર્મ થાય. (આ દીક્ષાત્યાગ એ અધર્મ જ છે ને ?) આ વાત ફલથી દેખાડે છે કે એનો અપયશ થાય. અપરાક્રમથી = ખોટા પરાક્રમથી કે પરાક્રમના અભાવથી જે ન્યૂનતા = હલકાઈ તે થાય. તથા દાનપુણ્યના ફલાત્મક પ્રવાહરૂપ જે કીર્તિ, તેનો અભાવ થાય. (કોઈ માણસ દાનાદિ કરે, તપાદિ પુણ્યકાર્યો કરે, આ બધાનાં લીધે લોકોમાં એના માટે સારું બોલાય. આ પ્રશંસા એ જ પ્રવાદ છે. એ દાનપુણ્યનાં ફલરૂપ છે. આવો પ્રવાદ આ ઉત્પ્રવ્રજિતનો ન થાય. કેમકે તે દાનપુણ્ય વિનાનો છે, ઉલ્ટું ઊંધો પ્રવાદ થાય. એ પણ અકીર્તિ કહેવાય. સારાપ્રવાદનો અભાવ અને ખરાબપ્રવાદ આ બંને વસ્તુ અકીર્તિ ગણી શકાય.. અથવા આવો અર્થ વિચારી શકાય કે "આ માણસે પૂર્વભવોમાં ઘણું દાનપુણ્ય કરેલું હશે, જેના ફલરૂપે આ ભવમાં તે બધી રીતે સારો-સુખી છે..." આવો જે માણસ તેના માટે દાનપુણ્યના ફલનો પ્રવાદ એ પણ કીર્તિ ગણી શકાય. જોકે પ્રથમઅર્થ વધુ પ્રસિદ્ધ છે.)

તથા ઉત્પ્રવ્રજિતનું નામ ખરાબ થઈ જાય. 'પુરાણ, પતિત' એવા ખરાબ નામો એના માટે વપરાય.

**પ્રશ્ન :** ક્યાં એનું નામ ખરાબ થાય ?

**ઉત્તર :** વિશિષ્ટલોકમાં તો દૂર રહો, પણ સામાન્યલોકમાં પણ એનું નામ ખરાબ થાય.

**પ્રશ્ન :** આ બધું કોને થાય ?

**ઉત્તર :** ધર્મથી ચ્યવેલા = ઉત્પ્રવ્રજિત, સ્ત્રીવગેરેના માટે ષટ્કાયની હિંસાને કરનાર, નહિ ખંડન કરવા યોગ્ય ચારિત્રને ખંડિત કરી ચૂકેલ સાધુને આ બધું થાય. તથા આવા જીવનો ક્લિષ્ટકર્મોના બંધને લીધે નરકોમાં ઉપપાત થાય.

---

अस्यैव विशेषप्रत्यपायमाह–

**भुंजित्तु भोगाइं पसज्झचेअसा, तहाविहं कट्टु असंजमं बहुं ।**

**गइं च गच्छे अणभिज्झिअं दुहं, बोही अ से नो सुलहा पुणो पुणो ॥१४॥**

આના જ વિશેષપ્રત્યપાય = નુકસાનને બતાવે છે.

**ગા.૧૪. ગાથાર્થ :** પ્રસહ્ય ચિત્તથી ભોગોને ભોગવીને, તેવાપ્રકારનું ઘણું અસંયમ કરીને અનિષ્ટ, દુઃખાત્મક ગતિમાં જાય છે. તેને પુનઃ પુનઃ બોધિ સુલભ નથી.

**'स' उत्प्रव्रजितो भुक्त्वा 'भोगान्' शब्दादीन् 'प्रसह्यचेतसा' धर्मनिरपेक्षतया प्रकटेन चित्तेन 'तथाविधम्' अज्ञोचितमधर्मफलं 'कृत्वा' अभिनिर्वर्त्त्य 'असंयमं' कृष्याद्यारम्भरूपं 'बहुम्' असंतोषात्प्रभूतं स इत्थंभूतो मृतः सन् गतिं च गच्छति 'अनभिध्याताम्' अभिध्याता-इष्टा न तामनिष्टामित्यर्थः, काचित्सुखाऽप्येवंभूता भवत्यत आह- 'दुःखां' प्रकृत्यैवासुन्दरां दुःखजननीं, 'बोधिश्चास्य' जिनधर्मप्राप्तिश्चास्योन्निष्क्रान्तस्य न सुलभा 'पुनः पुनः' प्रभूतेष्वपि जन्मसु दुर्लभैव, प्रवचनविराधकत्वादिति सूत्रार्थः ॥१४॥**

**ટીકાર્થ :** ઉત્પ્રવ્રજિત ધર્મનિરપેક્ષ હોવાથી પ્રગટચિત્તથી = પશ્ચાત્તાપાદિરહિત ચિત્તથી શબ્દાદિ ભોગોને ભોગવીને, તથા અજ્ઞાનીઓને ઉચિત અને અધર્મરૂપી ફલવાળા એવા ખેતીવગેરે આરંભોને અસંતોષના કારણે પુષ્કળ પ્રમાણમાં કરીને આવાપ્રકારનો તે મરેલો છતો અનિષ્ટ, દુઃખ રૂપ એવી ગતિમાં જાય છે.

એમાં **अभिध्याता** એટલે ઈષ્ટ. **अनभिध्याता** એટલે અનિષ્ટગતિ. પણ કોઈક ગતિ સુખાત્મક હોવા છતાં કોઈકને અનિષ્ટ હોઈ શકે. જેમકે આ કંઈ એવી સુખાત્મક ગતિમાં જતો નથી. એટલે જ બીજું વિશેષણ લખ્યું છે કે **दुखां** અર્થાત્ જે ગતિ સ્વભાવથી જ ખરાબ = દુઃખને ઉત્પન્ન કરનારી હોય એવી ગતિમાં તે જાય છે.

તથા આ ઉત્પ્રવ્રજિતને જિનધર્મની પ્રાપ્તિ પણ પુનઃ પુનઃ સુલભ નથી. અર્થાત્ ઘણાં બધા જન્મોમાં પણ એને બોધિ દુર્લભ જ રહે છે. કેમકે એ પ્રવચનનો વિરાધક છે. (ટુંકમાં અનેક ભવો સુધી એ જિનધર્મને ગુમાવી બેસે છે.)

**यस्मादेवं तस्मादुत्पन्नदुःखोऽप्येतदनुचिन्त्य नोत्प्रव्रजेदित्याह-**

**इमस्स ता नेरइअस्स जंतुणो, दुहोवणीअस्स किलेसवत्तिणो ।**
**पलिओवमं झिज्झइ सागरोवमं, किमंग पुण मज्झ इमं मणोदुहं ? ॥१५॥**

આવું છે માટે સાધુપણામાં દુઃખ ઉત્પન્ન થાય તો પણ એણે આ વક્ષ્મણમાણ વસ્તુ વિચારીને દીક્ષા ત્યાગ કરવો ન જોઈએ... એ કહે છે કે

ગા.૧૫. **ગાથાર્થ :** દુઃખોપનીત, ક્લેશવર્તી, આ નારકજીવનાં પલ્યોપમ, સાગરોપમ ખતમ થાય છે. તો મારું આ મનનું દુઃખ શું ?

**'अस्य ताव'दित्यात्मन एव निर्देशः, 'नारकस्य जन्तोः' नरकमनुप्राप्तस्येत्यर्थः 'दुःखोपनीतस्य' सामीप्येन प्राप्तदुःखस्य 'क्लेशवृत्तेः' एकान्तक्लेशचेष्टितस्य सतो नरक एव पल्योपमं क्षीयते सागरोपमं च यथाकर्मप्रत्ययं, किमङ्ग पुनर्ममेदं संयमारतिनिष्पन्नं मनोदुःखं तथाविधक्लेशदोषरहितम् ?, एतत्क्षीयत एव, एतच्चिन्तनेन नोत्प्रव्रजितव्यमिति सूत्रार्थः ॥१५॥**

**ટીકાર્થ : इमस्स - अस्य** - પોતાનો જ નિર્દેશ કરેલો છે. (સાધુ વિચારે છે કે) આ મારો આત્મા જ્યારે નરકમાં પહોંચેલો, સમીપતાથી દુઃખને પામેલો, એકાંતે ક્લેશભરપૂર ચેષ્ટાવાળો હતો, તેના નરકમાં જ પલ્યોપમ અને સાગરોપમ ખતમ થયા છે. કર્મરૂપી કારણ પ્રમાણે પલ્યોપમ કે સાગરોપમ જે આયુષ્ય હતું. એ બધું જ ખતમ થયું છે.

તો તેવાપ્રકારના ક્લેશદોષથી રહિત, સંયમમાં અરતિ થવાથી ઉત્પન્ન થયેલું આ મારું મનનું દુઃખ વળી શું વિસાતમાં ? આ ક્ષય પામશે જ.

આના ચિંતનવડે દીક્ષાત્યાગ ન કરવો.

**विशेषेणैतदेवाह-**

**न मे चिरं दुक्खमिणं भविस्सइ, असासया भोगपिवास जंतुणो ।**
**न चे सरीरेण इमेणऽविस्सइ, अविस्सई जीविअपज्जवेण मे ॥१६॥**

વિશેષથી આ જ કહે છે.

ગા.૧૬. **ગાથાર્થ :** મારું આ દુઃખ લાંબોકાળ નહિ રહે. જીવોની ભોગપિપાસા અશાશ્વત છે. જો આ શરીરવડે નહિ જાય, તો મારા જીવનનાં પર્યાયવડે જશે.

**न मम 'चिरं' प्रभूतकालं 'दुःखमिदं' संयमारतिलक्षणं भविष्यति, किमित्यत आह-'अशाश्वती' प्रायो यौवनकालावस्थायिनी 'भोगपिपासा' विषयतृष्णा 'जन्तोः' प्राणिनः, अशाश्वतीत्व एव कारणान्तरमाह-'न चेच्छरीरेणानेनापयास्यति' न यदि शरीरेणानेन करणभूतेन वृद्धस्यापि सतोऽपयास्यति, तथापि किमाकुलत्वम् ?, यतोऽपयास्यति 'जीवितपर्ययेण' जीवितस्यापगमेन-मरणेनेत्येवं निश्चितः स्यादिति सूत्रार्थः ॥१६॥**

**ટીકાર્થ** : સંયમમાં અરતિસ્વરૂપ મારું આ દુઃખ લાંબોકાળ રહેવાનું નથી.

**પ્રશ્ન** : શા માટે ?

**ઉત્તર** : કેમકે જીવોની ભોગપિપાસા અશાશ્વત છે. પ્રાયઃ યૌવનકાળમાં જ રહેનારી છે. (મને અત્યારે ભોગપિપાસા છે, એટલે સંયમમાં અરતિ છે. પણ યૌવન જશે, ભોગપિપાસા જશે, એટલે અરતિ પણ જશે. આમ એ દુઃખ ક્યાં વધુ ટકવાનું છે ?)

ભોગપિપાસા અશાશ્વત હોવામાં જ બીજું કારણ બતાવે છે કે જો કદાચ વૃદ્ધ થઈ ગયેલા એવા પણ મારી ભોગપિપાસા આ કરણભૂત શરીરવડે નહિ જાય. અર્થાત્ આ દેહની હાજરીમાં વૃદ્ધાવસ્થામાં પણ જો ભોગપિપાસા દૂર નહિ થાય. તો પણ એમાં આકુળતા શું ? વાંધો શું ? કેમકે જીવનાં વિનાશવડે તો જશે જ. અર્થાત્ મરણ થશે ત્યારે તો ભોગપિપાસા જશે જ... આ પ્રમાણે વિચારી સાધુ નિશ્ચિત થાય.

**अस्यैव फलमाह–**

**जस्सेवमप्पा उ हविज्ज निच्छिओ, चइज्ज देहं न हु धम्मसासणं ।**

**तं तारिसं नो पइलंति इंदिआ, उविंतवाया व सुदंसणं गिरिं ॥१७॥**

આનાં જ ફલને કહે છે. (અર્થાત્ આ રીતે દૃઢ બને, તો શું ફલ મળે ? એ કહે છે.)

**ગા.૧૭. ગાથાર્થ** : આ પ્રમાણે જેનો આત્મા નિશ્ચિત થાય, તે દેહને ત્યાગે, ધર્મશાસનને ન ત્યાગે. ઉડતો પવન મેરુને જેમ, તેમ ઈન્દ્રિયો તાદૃશ તે સાધુને ચલાવી ન શકે.

**'तस्ये'ति साधोः 'एवम्' उक्तेन, 'आत्मा तु' तुशब्दस्यैवकारार्थत्वात् आत्मैव भवेत् 'निश्चितो' दृढः यः स त्यजेद्देहं क्वचिद्विघ्न उपस्थिते, 'न तु धर्मशासनं' न पुनर्धर्माज्ञामिति, तं 'तादृशं' धर्मे निश्चितं 'न प्रचालयन्ति' संयमस्थानान्न कम्पयन्ति 'इन्द्रियाणि' चक्षुरादीनि । निदर्शनमाह–'उत्पतद्वाता इव' संपतत्पवना इव 'सुदर्शनं गिरिं' मेरुम्, एतदुक्तं भवति-यथा मेरुं न वाताश्चालयन्ति तथा तमपीन्द्रियाणीति सूत्रार्थः ॥१७॥**

**ટીકાર્થ** : ઉપર કહ્યા પ્રમાણે તે સાધુનો જે આત્મા જ દૃઢ થઈ જાય, તે આત્મા કોઈક વિઘ્ન ઉપસ્થિત થાય, તો પણ શરીરને ત્યાગી દે, પરંતુ ધર્મની આજ્ઞાને ન ત્યાગે. તેવા પ્રકારના = ધર્મમાં નિશ્ચિત એવા તેને ચક્ષુ વગેરે ઈન્દ્રિયો સંયમસ્થાનમાંથી હલાવી શકતી

નથી.

દૃષ્ટાન્ત બતાવે છે કે જેમ સારી રીતે આવી પડતાં પવનો મેરુને કંપાવી ન શકે... કહેવાનો ભાવ એ કે જેમ પવનો મેરુને કંપાવી ન શકે. તેમ ઈન્દ્રિયો તેને પણ કંપાવી ન શકે.

---

**उपसंहरन्नाह–**

**इच्चेव संपस्सिअ बुद्धिमं नरो, आयं उवायं विविहं विआणिआ ।**

**काएण वाया अदु माणसेणं, तिगुत्तिगुत्तो जिणवयणमहिट्ठिज्जासि ॥१८॥ त्ति बेमि ॥**

**रइवक्का पढमा चूला समत्ता ॥१॥**

---

ઉપસંહાર કરતાં કહે છે.

**ગા.૧૮ ગાથાર્થ :** આ પ્રમાણે સારી રીતે જોઈને, બુદ્ધિમાન નર વિવિધ આય-ઉપાયને જાણીને કાયાથી, વાચાથી, મનથી ત્રિગુપ્તિગુપ્ત જિનવચનને પાળે... એમ હું કહું છું.

---

**'इत्येवम्' अध्ययनोक्तं दुष्प्रजीवित्वादि 'संप्रेक्ष्य' आदित आरभ्य यथावद्दृष्ट्वा 'बुद्धिमान्नरः' सम्यग्बुद्ध्युपेतः 'आयमुपायं विविधं विज्ञाय' आयः सम्यग्ज्ञानादेः उपायः-तत्साधनप्रकारः कालविनयादिर्विविधः-अनेकप्रकारस्तं ज्ञात्वा, किमित्याह-कायेन वाचाऽथ मनसा-त्रिभिरपि करणैर्यथाप्रवृत्तैस्त्रिगुप्तिगुप्तः सन् 'जिनवचनम्' अर्हदुपदेशम् 'अधितिष्ठेत्' यथाशक्त्या तदुक्तैकक्रियापालनपरो भूयात्, भावायसिद्धौ तत्त्वतो मुक्तिसिद्धेः । ब्रवीमीति पूर्ववदिति सूत्रार्थः ॥१८॥ उक्तोऽनुगमः, साम्प्रतं नयाः, ते च पूर्ववदेव । समाप्तं रतिवाक्याध्ययनमिति ॥१॥**

---

**ટીકાર્થ :** આ અધ્યયનમાં જે દુષ્પ્રજીવિત્વ વગેરે કહ્યું છે. શરુઆતથી માંડીને બરાબર એ બધું જોઈને સમ્યગ્બુદ્ધિથી યુક્ત નર સમ્યગ્જ્ઞાનાદિના અનેક પ્રકારના લાભને તથા સમ્યગ્જ્ઞાનાદિના લાભના અનેક પ્રકારના કાલવિનયાદિ સાધનોનાં પ્રકારોને જાણી લઈને યથાપ્રવૃત્ત, શાસ્ત્રમુજબ પ્રવર્તેલા મન, વચન, કાયા વડે ત્રિગુપ્તિગુપ્ત થયો છતો અરિહંતના ઉપદેશને આચરે. અર્થાત્ પોતાની શક્તિ પ્રમાણે અરિહંતો વડે કહેવાયેલી ક્રિયાઓનાં જ પાલનમાં તત્પર થાય. કેમકે ભાવલાભની = ચારિત્રાદિની સિદ્ધિ થાય, તેમાં પરમાર્થથી મોક્ષની સિદ્ધિ છે.

(જ્ઞાનાદિ એ આય છે. તે વિવિધ = અનેક પ્રકારના છે. કાલ, વિનય, બહુમાનાદિ એ જ્ઞાનાદિના ઉપાય છે. તે ઉપાયના પ્રકારો પણ વિવિધ = અનેક પ્રકારના છે.

**तदुक्तैकक्रिया** માં **एक** શબ્દ એટલે એક ક્રિયા... એમ અર્થમાં ન લેવો. પણ **एव** કારના જેવા અર્થમાં છે. તેમના વડે કહેવાયેલી ક્રિયામાં જ એવા ભાવને સુચવનારો છે.)

**ब्रवीमि** શબ્દ પૂર્વની જેમ.

અનુગમ કહેવાયો.

હવે નયો...

તે પૂર્વની જેમ જ.

**॥ इति श्रीहरिभद्रसूरिविरचितायां दशवैकालिकबृहद्वृत्त्यां प्रथमा चूलिका संपूर्णा॥१॥**

**રતિવાક્યા નામની પ્રથમચૂલિકા વ્યાખ્યાન કરાઈ.**

●

## अथ द्वितीया चूलिका ।

**व्याख्यातं प्रथमचूडाध्ययनम्, अधुना द्वितीयमारभ्यते, अस्य चौघतः संबन्धः प्रतिपादित एव, विशेषतस्त्वनन्तराध्ययने सीदतः स्थिरीकरणमुक्तम्, इह तु विविक्त-चर्योच्यत इत्ययमभिसंबन्धः, एतदेवाह भाष्यकारः—**

अहिगारो पुव्वुत्तो चउव्विहो बिइअचूलिअज्झयणे ।
सेसाणं दाराणं अहक्कमं फासणा होइ ॥६३॥ (भाष्यम्)

---

## વિવિક્તચર્યા નામની દ્વિતીય ચૂલિકા

પ્રથમ ચૂડાઅધ્યયનનું વ્યાખ્યાન થઈ ગયું.

હવે બીજું શરુ કરાય છે.

આનો ઓઘથી સંબંધ કહેવાઈ જ ગયો છે. (દસમા અધ્યયન પછી બે ચૂલિકાનો સંબંધ એક સાથે જ દર્શાવેલો. જુદો જુદો નહિ... એ ઓઘથી સંબંધ...)

વિશેષથી સંબંધ આ પ્રમાણે (બીજી ચૂલિકાનો પ્રથમચૂલિકા સાથેનો સંબંધ...) અનન્તર અધ્યયનમાં સીદાતા સાધુઓનું સ્થિરીકરણ કહેવાયું. આ અધ્યયનમાં - બીજી ચૂલિકામાં વિવિક્તચર્યા કહેવાય છે. આ સંબંધ છે.

ભાષ્યકાર આ જ કહે છે.

ભા.૬૩ : બીજી ચૂલિકા અધ્યયનમાં પૂર્વોક્ત ચતુર્વિધ અધિકાર છે. શેષ દ્વારોની ક્રમ પ્રમાણે સ્પર્શના થાય છે.

---

**'अधिकारः'-ओघतः प्रपञ्चप्रस्तावरूपः 'पूर्वोक्तो' रतिवाक्यचूडायां प्रतिपादितः 'चतुर्विधो' नामचूडा स्थापनाचूडेत्यादिरूपो यथा द्वितीयचूडाध्ययने आदानपदेन चूलिकाख्येन, सानुयोगद्वारोपन्यासस्तथैव वक्तव्य इति वाक्यशेषः 'शेषाणां द्वाराणां' सूत्रालापकगतनिक्षेपादीनां 'यथाक्रमं' यथाप्रस्तावं स्पर्शना-ईषद् व्याख्यादिरूपा भवतीति गाथार्थः ॥**

---

**ટીકાર્થ** : આ દ્વિતીયચૂડારૂપ અધ્યયનમાં સૌથી પ્રથમ પદ **चूलिअं तु** = ચૂડા છે. એ આદાનપદ છે. એના નિક્ષેપા કરવાના હોય. હવે ૧૦માં અધ્યયન બાદ સામાન્યથી બંને ચૂડાનો ભેગો વિસ્તારથી પ્રસ્તાવ દર્શાવી દીધો હતો. રતિવાક્યચૂડામાં એ અધિકાર

કહેવાઈ ગયેલો. જે નામચૂડા... વગેરે ચાર પ્રકારનો હતો.

પ્રસ્તુતમાં આદાનપદ ચૂડાનો એ જ ચતુર્વિધઅધિકાર અનુયોગદ્વારોનાં ઉપન્યાસપૂર્વક એ જ પ્રમાણે અહીં કહી દેવો. **वक्तव्यः** એ વાક્યશેષ છે.

સૂત્રાલાપક સંબંધી નિક્ષેપા વગેરે રૂપ શેષ દ્વારોની સ્પર્શના = કંઈક વ્યાખ્યાન એ પ્રસ્તાવ પ્રમાણે થશે.

---

**अत्र च व्यतिकरे सूत्रानुगमेऽस्खलितादिगुणोपेतं सूत्रमुच्चारणीयं, तच्चेदम्–**

**चूलिअं तु पवक्खामि, सुअं केवलिभासिअं ।**
**जं सुणित्तु सुपुण्णाणं, धम्मे उप्पज्जए मई ॥१॥**

---

આ પ્રસંગે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિગુણોથી યુક્ત સૂત્ર ઉચ્ચારવું જોઈએ. તે આ છે.

ગા.૧. **ગાથાર્થ :** કેવલિભાષિત શ્રુતરૂપ ચૂલિકાને કહું છું. જેને સાંભળીને સુપુણ્યોને ધર્મમાં મતિ ઉત્પન્ન થાય.

---

**'चूडां तु प्रवक्ष्यामि' चूडां प्राग्व्यावर्णितशब्दार्थां तुशब्दविशेषितां भावचूडां प्रवक्ष्यामीति-प्रकर्षेणावसरप्राप्ताभिधानलक्षणेन कथयामि, 'श्रुतं केवलिभाषित'मिति इयं हि चूडा 'श्रुतं' श्रुतज्ञानं वर्त्तते, कारणे कार्योपचारात्, एतच्च केवलिभाषितम्- अनन्तरमेव केवलिना प्ररूपितमिति सफलं विशेषणम् । एवं च वृद्धवादः- कयाचिदार्ययाऽसहिष्णुः कुरगडुकप्रायः संयतश्चातुर्मासिकादावुपवासं कारितः, स तदाराधनया मृत एव, ऋषिघातिकाऽहमित्युद्विग्ना सा तीर्थकरं पृच्छामीति गुणावर्जितदेवतया नीता श्रीसीमन्धरस्वामिसमीपं, पृष्टो भगवान्, अदुष्टचित्ताऽघातिकेत्यभिधाय भगवतेमां चूडां ग्राहितेति । इदमेव विशेष्यते–'यच्छ्रुत्वे'ति यच्छ्रुत्वाऽऽकर्ण्य 'सुपुण्यानां' कुशलानुबन्धिपुण्ययुक्तानां प्राणिनां 'धर्मे' अचिन्त्यचिन्तामणिकल्पे चारित्रधर्मे 'उत्पद्यते मतिः' संजायते भावतः श्रद्धा । अनेन चारित्रं चारित्रबीजं चोपजायत इत्येतदुक्तं भवतीति सूत्रार्थः ॥१॥**

---

**ટીકાર્થ :** જેનો શબ્દાર્થ પૂર્વે વર્ણન કરાયેલો છે, તેવી અને **तु** - શબ્દથી વિશેષ કરાયેલી એવી ચૂડાને એટલે કે ભાવચૂડાને કહીશ. પ્રકર્ષથી = જે જે અવસરપ્રાપ્ત હોય, તેના કથન દ્વારા કરીશ. (પૂર્વે તો ચૂડા શબ્દના અર્થ તરીકે ઘણીબધી ચૂડા બતાવેલી, અહીં

ચૂડા શબ્દથી કઈ ચૂડા લેવી ? એ પ્રશ્ન થાય. પણ **तु** શબ્દ લખેલો છે, એટલે એના દ્વારા ભાવચૂડા લેવાનું સુચન થઈ જાય છે.)

આ ચૂડા શ્રુતજ્ઞાન છે.

**પ્રશ્ન :** આ તો અક્ષરાત્મક જડ વસ્તુ છે, એ શ્રુતજ્ઞાન શી રીતે ?

**ઉત્તર :** કારણમાં કાર્યોપચાર દ્વારા ચૂડા શ્રુતજ્ઞાન કહેવાય. (આ શબ્દાત્મક ચૂડા કારણ છે, એના શ્રવણથી શ્રોતાને શ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છે..)

આ શ્રુતજ્ઞાન કેવલિભાષિત છે. અર્થાત્ કેવલી વડે સાક્ષાત્ પ્રરૂપણા કરાયેલી આ ચૂડા છે = શ્રુતજ્ઞાન છે, આમ તો બધું શ્રુતજ્ઞાન કેવલિભાષિત જ હોય છે, એટલે આ **केवली भाषित** વિશેષણ નકામું = નિષ્ફળ ગણાય. પણ બીજા બધા શ્રુતજ્ઞાનો કેવલીએ ગણધરાદિને પ્રરૂપ્યા, તેઓએ તેના આધારે શ્રુતજ્ઞાનની રચના કરી... આમ એ શ્રુતજ્ઞાનો સાક્ષાત્ તો ગણધરાદિભાષિત છે, કેવલિભાષિત પરંપરાએ છે.

જ્યારે આ ચૂલિકા અનંતરરીતે = સાક્ષાત્ કેવલિભાષિત છે, એટલે બીજા શ્રુતજ્ઞાનો કરતાં આની આ વિશેષતા છે, એટલે આ **केवलिभाषितं** વિશેષણ સફળ છે, સાર્થક છે.

(**પ્રશ્ન :** પણ એ કયા આધારે કહી શકાય કે આ ચૂલિકા સાક્ષાત્ કેવલિભાષિત છે ?)

**ઉત્તર :** વૃદ્ધવાદ આ પ્રમાણે છે. (આચાર્યોની પરંપરામાં આ ચૂલિકા અંગે નીચે મુજબ વાત જાણવા મળી છે કે) કોઈક સાધ્વીજીએ કુરગડુ જેવા કોઈક અસહિષ્ણુ સાધુને ચોમાસીચૌદશ વગેરે દિવસે ઉપવાસ કરાવ્યો. તે તેની આરાધનાથી મૃત્યુ જ પામ્યો. સાધ્વીજી ઉદ્વેગ પામ્યા કે "મેં સાધુની હત્યા કરી" એટલે "હું તીર્થંકરને પૂછું" એમ વિચારે છે. સાધ્વીજીના ગુણોથી આકર્ષાયેલી દેવતા વડે શ્રી સીમંધરસ્વામી પાસે લઈ જવાઈ. ભગવાનને પ્રશ્ન કર્યો. "તું અદુષ્ટચિત્તવાળી છે, સાધુનો ઘાત કરનારી નથી." એમ કહી ભગવાને આ ચૂડા એમને ગ્રહણ કરાવી. (આ રીતે આ ચૂડા સાક્ષાત્ કેવલિભાષિત છે...)

આ ચૂડાત્મક શ્રુતજ્ઞાનને જ વિશેષથી દર્શાવે છે કે જે ચૂડાને સાંભળીને પુણ્યાનુબંધીપુણ્યવાળા જીવોને અચિન્ત્યચિંતામણી સમાન ચારિત્રધર્મમાં મતિ ઉત્પન્ન થાય, ભાવથી શ્રદ્ધા થાય. આના દ્વારા ચારિત્ર અને ચારિત્રનું બીજ ઉત્પન્ન થાય છે" એ પ્રમાણે કહેવાયેલું છે.

('ભાવથી શ્રદ્ધા થાય' એ જે કહ્યું, એનાથી પરમાર્થથી એ જણાવ્યું કે "શ્રોતાને આ

સાંભળીને ચારિત્ર કે ચારિત્રબીજ ઉત્પન્ન થાય.")

**एतद्धि प्रतिज्ञासूत्रम्, इह चाध्ययने चर्यागुणा अभिधेयाः तत्प्रवृत्तौ मूलपादभूतमिदमाह–**

**अणुसोअपट्ठिअबहुजणंमि, पडिसोअलद्धलक्खेणं । पडिसोअमेव अप्पा, दायव्वो होउकामेणं ॥२॥**

આ પ્રતિજ્ઞાસૂત્ર છે.

આ અધ્યયનમાં ચર્યાના ગુણો અભિધેય = વિષય છે. તે ગુણોની પ્રવૃત્તિમાં મૂલપાદભૂત આ વાત કહે છે કે

ગા.૨. ગાથાર્થ : ઘણાં લોકો અનુસ્રોતમાં પ્રસ્થિત હોતે છતે પ્રતિસ્રોતમાં લબ્ધલક્ષ્યવાળા, હિતાર્થીએ પ્રતિસ્રોતમાં જ આત્મા આપવો જોઈએ.

**'अनुस्रोतःप्रस्थिते' नदीपूरप्रवाहपतितकाष्ठवद् विषयकुमार्गद्रव्यक्रियानुकूल्येन प्रवृत्ते 'बहुजने' तथाविधाभ्यासात् प्रभूतलोके तथाप्रस्थानेनोदधिगामिनि, किमित्याह– 'प्रतिस्रोतोलब्धलक्ष्येण' द्रव्यतस्तस्यामेव नद्यां कथञ्चिदेवतानियोगा-त्प्रतीपस्रोतः-प्राप्तलक्ष्येण, भावतस्तु विषयादिवैपरीत्यात्कथंचिदवाप्तसंयमलक्ष्येण 'प्रतिस्रोत एव' दुरपाकरणीयमप्यपाकृत्य विषयादि संयमलक्ष्याभिमुखमेव 'आत्मा' जीवो 'दातव्यः' प्रवर्त्तयितव्यो 'भवितुकामेन' संसारसमुद्रपरिहारेण मुक्ततया भवितुकामेन साधुना, न क्षुद्रजनाचरितान्युदाहरणीकृत्यासन्मार्गप्रवणं चेतोऽपि कर्त्तव्यम्, अपित्वागमैकप्रवणेनैव भवितव्यमिति, उक्तं च–"निमित्तमासाद्य यदेव किञ्चन, स्वधर्ममार्गं विसृजन्ति बालिशाः । तपःश्रुतज्ञानधनास्तु साधवो, न यान्ति कृच्छ्रे परमेऽपि विक्रियाम् ॥१॥ तथा–कपालमादाय विपन्नवाससा, वरं द्विषद्वेश्मसमृद्धिरीक्षिता । विहाय लज्जां न तु धर्मवैशसे, सुरेन्द्रता( सा )र्थेऽपि समाहितं मनः ॥२॥ तथा–पापं समाचरति वीतघृणो जघन्यः, प्राप्यापदं सघृण एव विमध्यबुद्धिः । प्राणात्ययेऽपि न तु साधुजनः स्ववृत्तं, वेलां समुद्र इव लङ्घयितुं समर्थः ॥३॥" इत्यलं प्रसङ्गेनेति सूत्रार्थः ॥२॥**

ટીકાર્થ : જેમ નદીના પૂરના પ્રવાહમાં પડેલું લાકડું પ્રવાહને અનુસારે જ આગળ ધપતું જાય. પ્રવાહથી વિપરીત ગમન ન કરી શકે. એમ તેવા પ્રકારના અભ્યાસને લીધે - સંસ્કારાદિને લીધે ઘણા લોકો શબ્દાદિ વિષયો, શાક્યાદિ કુમાર્ગો અને જૈનદર્શનની

પણ દ્રવ્યક્રિયાઓને અનુકૂલ રૂપે પ્રવર્તેલા છે. અર્થાત્ ઘણાં લોકો વિષયમગ્ન, કુમાર્ગગામી,દ્રવ્યક્રિયામાત્રમાં લીન છે. આવા લોકો તેવા પ્રકારના પ્રસ્થાન વડે = પ્રવૃત્તિ વડે = પ્રયાણ વડે સમુદ્રગામી છે, (એટલે કે સંસારસમુદ્ર તરફ ઘસડાઈ રહ્યા છે.)

આવું છે તેથી જ દ્રવ્યથી વિચારીએ તો તે જ નદીમાં કોઈપણ રીતે દેવતાના નિયોગથી = બળથી = પ્રભાવથી પ્રવાહને વિપરીતપણે લક્ષ્યને મેળવનાર કોઈ બની શકે ખરો. અર્થાત્ પ્રવાહ પશ્ચિમબાજુ વહેતો હોય, અને કોઈ દેવતાના પ્રભાવથી પ્રવાહમાં ઘસડાઈ જવાને બદલે એ પ્રવાહમાં પૂર્વબાજુ આગળ વધી પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી લે.

એમ ભાવથી વિચારીએ તો વિષયો, કુમાર્ગ અને દ્રવ્યક્રિયાની વિપરીતતા દ્વારા અર્થાત્ એ ત્રણેયથી દૂર થઈ, સંયમરૂપી લક્ષ્ય જીવ પામી લે.

આવા જીવે દુઃખેથી દૂર કરી શકાય એવા પણ વિષયાદિને દૂર કરી સંયમરૂપી લક્ષ્ય તરફ જ પોતાનો આત્મા પ્રવર્તાવવો જોઈએ.

સંસારસમુદ્રનો પરિહાર કરવા દ્વારા મુક્ત તરીકે બનવાની ઈચ્છાવાળા સાધુએ આ પ્રમાણે કરવાનું છે. પણ તુચ્છજીવોના આચરણોને દૃષ્ટાન્ત તરીકે કરીને મન પણ એ અસન્માર્ગમાં પ્રવણ કરવા જેવું નથી. ( વાણી, કાયા તો નહિ જ.) પરંતુ એકમાત્ર આગમમાં જ પ્રવણ -. તત્પર બનવું જોઈએ.

(**સાર:** વિષયો, કુમાર્ગો, દ્રવ્યાક્રિયાઓ સંસારસમુદ્ર તરફ આગળ વધે છે, તેમાં રહેલા ઘણાં જીવો એ તરફ આગળ વધે છે. કોઈક જ માણસ એવો હોય, જે પ્રવાહની સામે તરે. એમ આ બધાનો ત્યાગ કરી સાધુએ પણ સંયમમાં જ લક્ષ્ય આપવું જોઈએ.)

કહ્યું છે કે

બાલિશો જે કોઈપણ - ગમે તે નિમિત્તને પામીને સ્વધર્મના માર્ગને ત્યાગી દે છે. તપ, શ્રુત, જ્ઞાનરૂપી ધનવાળા સાધુઓ ઉત્કૃષ્ટ પણ દુઃખમાં વિકૃતિને ન પામે.

તથા ફાટેલાવસ્ત્રવાળાએ કપાલ = ઠીકરું = ભીખ માંગવાનું સાધન લઈ શત્રુના ઘરની સમૃદ્ધિ જોવી એ સારી. પણ લજ્જાને = સંયમને ત્યાગીને ધર્મનાં શત્રુ - ધર્મનાં નાશક એવા દેવેન્દ્રતા રૂપી અર્થમાં પણ મન જોડવું સારું નહિ. (આશય એ કે પોતે ફાટેલા કપડાં પહેરવા પડે, શત્રુને ત્યાં ભીખ માંગવી પડે, એની સમૃદ્ધિ જોવી પડે,... આ બધું સારું.

પણ લજ્જાત્યાગી, ધર્મત્યાગીને ઈન્દ્રસમૃદ્ધિ મળતી હોય તો એ ય નકામી.)

તથા જઘન્યમાણસ લજ્જા ત્યાગીને પાપને આચરી લે. વિમધ્યબુદ્ધિવાળો માણસ

આપત્તિ આવે, ત્યારે ખેદપૂર્વક, લજ્જા-દુઃખપૂર્વક પાપને આચરે. સાધુજન પ્રાણનો નાશ થાય તો પણ પોતાના આચારને ઉલ્લંઘવા માટે સમર્થ ન બને. જેમ સમુદ્ર વેળાને = કિનારાને ઉલ્લંઘવા સમર્થ ન બને તેમ. પ્રસંગથી સર્યું.

अधिकृतमेव स्पष्टयन्नाह–

**अणुसोअसुहो लोओ, पडिसोओ आसवो सुविहिआणं ।**

**अणुसोओ संसारो, पडिसोओ तस्स उत्तारो ॥३॥**

પ્રસ્તુતવાતને જ સ્પષ્ટ કરતાં કહે છે કે

ગા.૩. **ગાથાર્થ :** લોક અનુસ્રોતમાં સુખવાળો છે. સુવિહિતોને પ્રતિસ્રોત આશ્રવ છે. અનુસ્રોત સંસાર છે. પ્રતિસ્રોત તેનો નિસ્તાર છે.

**'अनुस्रोतःसुखो लोकः' उदकनिम्नाभिसर्पणवत् प्रवृत्त्याऽनुकूलविषयादिसुखो लोकः, कर्मगुरुत्वात्, 'प्रतिस्रोत एव' तस्माद्विपरीतः 'आश्रवः' इन्द्रियजयादिरूपः परमार्थपेशलः कायवाङ्मनोव्यापारः 'आश्रमो वा' व्रतग्रहणादिरूपः 'सुविहितानां' साधूनाम्, उभयफलमाह–'अनुस्रोतः संसारः' शब्दादिविषयानुकूल्यं संसार एव, कारणे कार्योपचारात्, यथा विषं मृत्युः दधि त्रपुषी प्रत्यक्षो ज्वरः, 'प्रतिस्रोतः' उक्तलक्षणः, तस्येति पञ्चम्यर्थे षष्ठी 'सुपां सुपो भवन्ती'ति वचनात्, 'तस्मात्' संसाराद् 'उत्तारः' उत्तरणमुत्तारः, हेतौ फलोपचारात् यथाऽऽयुर्घृतं तन्दुलान्वर्षति पर्जन्य इति सूत्रार्थः ॥३॥**

**ટીકાર્થ :** જેમ પાણી નીચેના ભાગમાં સ્વભાવથી જ સરકવા લાગે, એમ લોકો પ્રવૃત્તિથી, સ્વભાવાદિથી અનુકૂલ વિષયાદિમાં જ સુખ પામનારા છે. કેમકે તેઓ કર્મથી ભારે છે.

સાધુઓને પ્રતિસ્રોત જ = અનુસ્રોતથી વિપરીત જ આશ્રવ છે. અર્થાત્ ઈન્દ્રિયોનો જય વગેરે રૂપ, પરમાર્થથી મનોહર એવો કાય, વચન, મનનો વ્યાપાર જ સાધુઓનો હોય છે. **આશ્રવ** ને બદલે **આશ્રમ** શબ્દ લઈએ, તો સાધુઓનો વ્રતગ્રહણાદિરૂપ આશ્રમ પ્રતિસ્રોત છે. ઈન્દ્રિયાનુકુલતાથી વિપરીત છે.

આ બંનેના ફલને કહે છે કે શબ્દાદિ વિષયોની અનુકૂલતા સંસાર જ છે. અહીં અનુકૂલતારૂપી કારણમાં સંસારરૂપી કાર્યનો ઉપચાર કરીને અનુકૂલતાને જ સંસાર કહ્યો છે. જેમ "વિષ મૃત્યુ છે." "દહિ અને કાકડી પ્રત્યક્ષ તાવ છે" (આ બધા કારણમાં

કાર્યોપચાર છે.) ઉક્ત લક્ષણવાળો પ્રતિસ્રોત એ સંસારમાંથી ઉત્તરણ = નિસ્તારરૂપ છે. ગાથામાં **तस्स** એ છટ્ઠી છે, પણ **सुपां सुपो भवन्ति** એ ન્યાયે પંચમીના અર્થમાં છટ્ઠી સમજવી. અહીં પણ પ્રતિસ્રોતરૂપી કારણમાં સંસારનિસ્તારરૂપી કાર્યનો ઉપચાર કરેલો છે. જેમ ઘી આયુષ્ય છે, વરસાદ ચોખાઓને વરસાવે છે.

---

**यस्मादेतदेवमनन्तरोदितं तस्मात्**

**तम्हा आयारपरक्कमेणं संवरसमाहिबहुलेणं । चरिआ गुणा अ नियमा अ हुंति साहूण दट्ठव्वा ॥४॥**

---

આવું અનન્તરોદિત છે,

ગા.૪. **ગાથાર્થ** : તેથી આચારમાં પરાક્રમવાળા, સંવરસમાધિબહુલ સાધુઓની ચર્યા, ગુણો અને નિયમો જોવાયોગ્ય છે.

---

**'आचारपराक्रमेणे'त्याचारे-ज्ञानादौ पराक्रमः-प्रवृत्तिबलं यस्य स तथाविध इति, गमकत्वाद्बहुव्रीहिः, तेनैवंभूतेन साधुना 'संवरसमाधिबहुलेने'ति संवरे-इन्द्रियादिविषये समाधिः-अनाकुलत्वं बहुलं-प्रभूतं यस्य स इति, समासः पूर्ववत्, तेनैवंविधेन सता अप्रतिपाताय विशुद्धये च, किमित्याह-'चर्या' भिक्षुभावसाधनी बाह्याऽनियतवासादिरूपा गुणाश्च-मूलगुणोत्तरगुणरूपाः नियमाश्च-उत्तरगुणानामेव पिण्डविशुद्ध्यादीनां स्वकालासेवननियोगाः 'भवन्ति साधूनां द्रष्टव्या' इत्येते चर्यादयः साधूनां द्रष्टव्या भवन्ति, सम्यग्ज्ञानासेवनप्ररूपणारूपेणेति सूत्रार्थः ॥४॥**

---

**ટીકાર્થ** : જ્ઞાનાદિ આચારમાં પ્રવૃત્તિનું બલ = પરાક્રમ જેની પાસે છે. તેણે તથા ઈન્દ્રિયાદિ સંબંધી સંવરમાં પુષ્કળ સમાધિ, અનાકૂળતા જેની પાસે છે. તેણે...

**आचारे पराक्रमः यस्य स** એવા પ્રકારના બહુવ્રીહિ સમાસો સામાન્યથી ન થાય. **बहुलः यस्य** આવા પણ બહુવ્રીહિ પ્રાયઃ ન થાય. છતાં અહીં પણ એવા પ્રકારના અર્થને જણાવનાર હોવાથી આ સમાસ કરવો. (આચારમાં પરાક્રમવાળો અને ઈન્દ્રિયાદિના સંવરમાં પુષ્કળ પ્રસન્નતાવાળો...)

આવાપ્રકારના સાધુએ સંયમજીવનમાંથી પતન ન થાય એ માટે, અને વધુ ને વધુ શુદ્ધિ મળે એ માટે સાધુપણાને સાધી આપનારી એવી અનિયતવાસ વગેરેરૂપ બાહ્યચર્યા, મૂલગુણો અને ઉત્તરગુણોરૂપી ગુણો તથા પિંડવિશુદ્ધિ વગેરે ઉત્તરગુણોને જ પોતપોતાના

કાળમાં આસેવન કરવાની પ્રતિજ્ઞા-દૃઢતા... સાધુઓની આ ત્રણ વસ્તુ જોવી જોઈએ. એટલે કે સાધુએ ઉપરોક્ત ચર્યા, ગુણો અને નિયમોનું સમ્યગ્જ્ઞાન, એનું આસેવન અને એની પ્રરૂપણા કરવી જોઈએ. આ કરવાથી તેમનું દર્શન કરાયેલું થાય.

---

चर्यामाह-

**अनिएअवासो समुआणचरिआ, अन्नायउंछं पइरिक्कया अ ।**
**अप्पोवही कलहविवज्जणा अ, विहारचरिआ इसिणं पसत्था ॥५॥**

---

ચર્યા બતાવે છે.

ગા.૫. ગાથાર્થ : અનિયતવાસ, સમુદાનચર્યા, અજ્ઞાતઉંછ, પ્રતિરિક્તતા, અલ્પોપધિ, કલહવિવર્જના, ઋષિઓની આ વિહારચર્યા પ્રશસ્ત છે.

---

**अनियतवासो मासकल्पादिना 'अनिकेतवासो वा' अगृहे-उद्यानादौ वासः, तथा 'समुदानचर्या' अनेकत्र याचितभिक्षाचरणम् 'अज्ञातोञ्छं' विशुद्धोपकरणग्रहणविषयं, 'पइरिक्कया य' विजनैकान्तसेविता च 'अल्पोपधित्वम्' अनुल्बणयुक्तस्तोकोपधिसेवित्वं 'कलहविवर्ज्जना च' तथा तद्वासिना भण्डनविवर्जना, विवर्जनं विवर्जना श्रवण-कथनादिना परिवर्जनमित्यर्थः । 'विहारचर्या' विहरणस्थितिर्विहरणमर्यादा 'इयम्' एवंभूता 'ऋषीणां' साधूनां प्रशस्ता-व्याक्षेपाभावात् आज्ञापालनेन भावचरणसाधनात्पवित्रेति सूत्रार्थः ॥५॥**

---

**ટીકાર્થ :** (૧) માસકલ્પ વગેરે દ્વારા અનિયતવાસ, અચોક્કસનિવાસ, અથવા તો અનિકેતવાસ એટલે કે અગૃહમાં=ઉદ્યાન વગેરેમાં વાસ. (નિકેત = ઘર)

(૨) અનેક સ્થાને માંગેલી ભિક્ષાનું આચરણ, અર્થાત્ ઘણાં બધા ઘરોમાં ભિક્ષા માટે ફરી થોડું થોડું લઈ નિર્વાહ કરવો તે.

(૩) વિશુદ્ધ ઉપકરણોને ગ્રહણ કરવાસંબંધી અજ્ઞાતોંછ (પોતે અપ્રગટ છતો ઉપકરણાદિ મેળવે.)

(૪) જ્યાં લોકો ન હોય તેવા એકાન્તસ્થાનને સેવવું તે.

(૫) અલ્પોપધિ = ઉદ્ભટ નહિ એવી (સામાન્ય), યોગ્ય, અલ્પ એવી ઉપધિ વાપરવી.

(૬) કલહનો ત્યાગ = તદ્વાસી સાથે એટલે કે સહવર્તી સાથે ઝઘડાનો ત્યાગ. અહીં

વિવર્જના એટલે શ્રવણ, કથન વગેરે દ્વારા કલહનો ત્યાગ. (અર્થાત્ કલહ સાંભળવો નહિ, કહેવો નહિ...) (**तथा तद्वासिना...** શબ્દનો અર્થ સ્પષ્ટ થતો નથી.) સાધુઓની આ વિહારચર્યા પ્રશસ્ત છે. આ વિહારચર્યામાં વ્યાક્ષેપ ન થાય, એને લીધે આજ્ઞાનું પાલન થાય, એના દ્વારા ભાવચારિત્રની સિદ્ધિ થાય. આના કારણે આ વિહારચર્યા પ્રશસ્ત છે, પવિત્ર છે.

**इयं साधूनां विहारचर्येति सूत्रस्पर्शनमाह–**

दव्वे सरीरभविओ भावेण य संजओ इहं तस्स । उग्गहिआ पग्गहिआ विहारचरिआ मुणेअव्वा ॥३६८॥

"સાધુઓની આ વિહારચર્યા છે" એ જે સૂત્રનો ભાગ છે, તેને સ્પર્શનારી સૂત્રસ્પર્શિકનિર્યુક્તિને કહે છે.

નિ.૩૬૮ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

**साधूनां विहारचर्याऽधिकृतेति साधुरुच्यते, स च द्रव्यतो भावतश्च, तत्र 'द्रव्य' इति द्वारपरामर्शः, 'शरीरभव्य' इति मध्यमभेदत्वादागमनोआगमज्ञशरीर-भव्यशरीरतद्व्यतिरिक्तद्रव्यसाधूपलक्षणमेतत्, 'भावेन चे'ति द्वारपरामर्शः, स एव 'संयत' इति संयतगुणसंवेदको भावसाधुः । 'इह' अध्ययने 'तस्य' भावसाधोः 'अवगृहीता' उद्यानारामादिनिवासाद्यनियता 'प्रगृहीता' तत्रापि विशिष्टाभिग्रहरूपा उत्कटुकासनादिविहारचर्या 'मन्तव्या' बोद्धव्येति गाथार्थः ॥**

**ટીકાર્થ :** સાધુઓની વિહારચર્યા આ અધ્યયનમાં અધિકૃત છે = વિષય છે, એટલે સાધુનું વર્ણન કરાય છે. તે સાધુ દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે છે. તેમાં ગાથામાં દ્રવ્યશબ્દ લાવેલો છે. તે દ્રવ્ય દ્વારનો સુચક છે.

**शरीरभव्य** એ શબ્દ લખેલો છે. એ જ્ઞશરીર, ભવ્યશરીર, તદ્વ્યતિરિક્ત એ ત્રણભેદમાંનો મધ્યભેદ લીધો છે. અને એટલે જ એ આગમ, નોઆગમજ્ઞશરીર, ભવ્યશરીર, તદ્વ્યતિરિક્ત દ્રવ્યસાધુનું ઉપલક્ષણ છે. અર્થાત્ **शरीरभव्य** શબ્દથી આ બધા ભેદો લેવા.

**भावेन च** શબ્દ ભાવદ્વારનો સુચક છે.

સંયત એટલે સંયતના ગુણોનું સંવેદન કરનાર ભાવસાધુ. (**स एव** શબ્દનો અર્થ ?)

આ અધ્યયનમાં તે ભાવસાધુની અવગૃહીત વિહારચર્યા અને પ્રગૃહીત વિહારચર્યા જાણવી. એમાં ઉદ્યાન, આરામ વગેરેમાં નિવાસ વગેરે અનિયત વિહારચર્યા તે અવગૃહીત. તેમાં પણ વિશિષ્ટ અભિગ્રહરૂપ ઉત્કટુક આસન વગેરે વિહારચર્યા એ પ્રગૃહીત.

---

**सा चेयमिति सूत्रस्पर्शेनाह–**

अणिएअं पइरिक्कं अण्णायं सामुआणिअं उंछं । अप्पोवही अकलहो विहारचरिआ इसिपसत्था ॥३६९॥

---

'તે આ છે' એ સૂત્રસ્પર્શ વડે જ = સૂત્રાવયવ પ્રમાણે દેખાડે છે.

નિ.૩૬૯ : અનિકેત (અનિયત), પ્રતિરિક્ત, અજ્ઞાત, સામુદાનિક ઊંછ, અલ્પોપધિ, અકલહ, ઋષિઓની પ્રશસ્તવિહારચર્યા.

---

**व्याख्या सूत्रवदवसेया । अवयवाक्रमस्तु गाथाभङ्गभयाद्, अर्थतस्तु सूत्रोपन्यासवद्द्रष्टव्य इति ॥**

---

**ટીકાર્થ :** વ્યાખ્યા સૂત્રની જેમ જાણવી. આમાં સૂત્રમાં દર્શાવેલા અવયવોનો ક્રમ જળવાયો નથ, એ અક્રમ ગાથાનો ભંગ થવાના ભયથી જાણવો. ક્રમ સાચવે, તો ગાથા વ્યવસ્થિત ન બને... બાકી અર્થથી તો સૂત્રનાં ઉપન્યાસની જેમ જ જાણવું.

---

**'विहारचर्या ऋषीणां प्रशस्ते'त्युक्तं तद्विशेषोपदर्शनायाह–**

**आइन्नओमाणविवज्जणा अ, ओसन्नदिट्ठाहडभत्तपाणे ।**

**संसट्ठकप्पेण चरिज्ज भिक्खू, तज्जायसंसट्ठ जई जइज्जा ॥६॥**

---

ઋષિઓની આ વિહારચર્યા પ્રશસ્ત છે. એ કહ્યું. હવે તે ચર્યામાં વિશેષ બાબતો દેખાડવા માટે કહે છે.

ગા.૬. **ગાથાર્થ :** આકીર્ણ અને અવમાનનો ત્યાગ, ઉત્સન્નદષ્ટભક્તપાન, ભિક્ષુ સંસૃષ્ટકલ્પથી ચરે. યતિ તજ્જાતસંસૃષ્ટમાં યત્ન કરે.

---

**'<u>आकीर्णावमानविवर्जना च</u>' विहारचर्या ऋषीणां प्रशस्तेति, तत्राकीर्णं-राजकुलसंखड्यादि <u>अवमानं</u>-स्वपक्षपरपक्षप्राभृत्यजं लोकाबहुमानादि, अस्य विवर्जना, आकीर्णे हस्तपादादिलूषणदोषात् अवमाने अलाभाधाकर्मादिदोषादिति । तथा**

'उत्सन्नदृष्टाहृतं' प्राय उपलब्धमुपनीतम्, उत्सन्नशब्दः प्रायो वृत्तौ वर्त्तते, यथा–"देवा ओसन्नं सायं वेयणं वेएंति" किमेतदित्याह–'भक्तपानम्' ओदनारनालादि, इदं चोत्सन्नदृष्टाहृतं यत्रोपयोगः शुद्ध्यति, त्रिगृहान्तरादारत इत्यर्थः, 'भिक्खग्गाही एगत्थ कुणइ बीओ अ दोसुमुवओग'मिति वचनात्, इत्येवंभूतमुत्सन्नं दृष्टाहृतं भक्तपानमृषीणां प्रशस्तमिति योगः, तथा 'संसृष्टकल्पेन' हस्तमात्रकादिसंसृष्टविधिना चरेद्भिक्षुरित्युपदेशः, अन्यथा पुरःकर्मादिदोषात्, संसृष्टमेव विशिनष्टि–'तज्जातसंसृष्ट' इत्यामगोरसादिसमानजातीयसंसृष्टे हस्तमात्रकादौ यतिः 'यतेत' यत्नं कुर्यात्, अतज्जातसंसृष्टे संसर्जनादिदोषादित्यनेनाष्टभङ्गसूचनं, तद्यथा-'संसट्ठे हत्थे संसट्ठे मत्ते सावसेसे दव्वे' इत्यादि, अत्र प्रथमभङ्गः श्रेयान्, शेषास्तु चिन्त्या इति सूत्रार्थः ॥६॥

---

**ટીકાર્થ :** ઋષિઓની આકીર્ણ - અવમાન વિવર્જનારૂપ વિહારચર્યા પ્રશસ્ત છે.

તેમાં આકીર્ણ = રાજકુળ, સંખડિ વગેરે.

અવમાન = સ્વપક્ષની બહુલતા કે પરપક્ષની = સંન્યાસી વગેરેની બહુલતાના કારણે ઉત્પન્ન થતું લોક-અબહુમાન વગેરે. (જ્યાં ઘણાં સાધુ-સાધ્વીઓ રૂપી સ્વપક્ષ હોય કે ઘણાં સંન્યાસીઓ વગેરે રૂપી પરપક્ષ હોય, ત્યાં લોકો પુષ્કળ વહોરાવવાદિના કારણે છેવટે અબહુમાન ધારણ કરી લે છે.)

આ બેનો ત્યાગ એ વિહારચર્યા છે.

એમાં આકીર્ણમાં હાથ-પગ વગેરેને ઈજા થવારૂપ દોષ હોવાથી તેનો ત્યાગ કરવો જોઈએ અને અવમાનમાં અલાભ, આધાકર્માદિ દોષો હોવાથી તેનો ત્યાગ કરવો જોઈએ. (લોકો અબહુમાનને કારણે વહોરાવે નહિ એટલે અલાભ અને એટલે સાધુઓએ આધાકર્માદિ કરાવવું પડે.)

**उत्सन्नदृष्टाहृतभक्तपानः** આ શબ્દમાં **उत्सन्न** શબ્દનો અર્થ પ્રાયઃ છે. જેમકે "દેવો પ્રાયઃ શાતા વેદનાને વેદે છે." અહીં **ओसन्नं =उत्सन्न** શબ્દ પ્રાયઃ અર્થમાં છે.

**दृष्ट** = ઉપલબ્ધ = જોવાયેલું **आहृत** = આનીત = લવાયેલું.

જે ભોજન અને પાન પ્રાયઃ સાધુ વડે જોવાયેલા-લવાયેલા હોય, અર્થાત્ ગૃહસ્થ સાધુની નજર પડતી હોય, ત્યાંથી ભોજન-પાન લાવતો હોય તેવા પ્રકારનું ભોજન-પાન **ओसन्नदृष्टाहृतभक्तपान** કહેવાય. ભક્ત=ભાત વગેરે. પાન=કાંજી વગેરે.

જ્યાં સાધુનો ઉપયોગ શુદ્ધ થાય એટલે કે ત્રણ ઘરનાં અંતરથી પૂર્વેના સ્થાનમાંથી લવાયેલું હોય. અર્થાત્ સાધુ જે ઘરમાં વહોરતો હોય, તે ઘર, એની પછીનું ઘર, અને

એની પછીનું ઘર... એ ત્રણ ઘરમાંથી લવાતું હોય અને સાધુની નજર પહોંચતી હોય. તે વહોરાય.

એમાં ભિક્ષા વહોરનારો એક સાધુ એકમાં = ભિક્ષાગ્રહણમાં ઉપયોગ કરે. બીજો સાધુ બેમાં = ભિક્ષા ગ્રહણમાં અને ત્રણ ઘર સુધીમાંથી લવાતી ભિક્ષામાં ઉપયોગ કરે. (એક સાથે બે સ્થાને ઉપયોગ ન રહે. પણ વારાફરતી, ઝડપથી ઉભયસ્થાને ઉપયોગ કરે...)

આવા પ્રકારનું **ઉત્સન્નદૃષ્ટાહૃતભક્તપાન** ઋષિઓને પ્રશસ્ત છે... એમ જોડવું.

તથા 'ભિક્ષુ સંસૃષ્ટકલ્પથી ચરે' આ ઉપદેશ આપેલો છે.

સંસૃષ્ટકલ્પ એટલે હસ્તસંસૃષ્ટ, માત્રકસંસૃષ્ટ વગેરે વિધિથી ભિક્ષુ ગોચરીચર્યા કરે. જો એમ ન કરે તો પૂર્વકર્માદિ દોષો લાગે.

સંસૃષ્ટનું જ વિશેષણ બતાવે છે કે **तज्जातसंसृष्ट...** તજ્જાતસંસૃષ્ટમાં યતિ યત્ન કરે. અર્થાત્ કાચા ગોરસ વગેરે સમાનજાતીયથી સંસૃષ્ટ એવા હસ્ત-માત્રકાદિમાં સાધુ યત્ન કરે. કેમકે અતજ્જાતસંસૃષ્ટમાં સંસર્જનાદિ = જીવોની ઉત્પત્તિ વગેરે રૂપ દોષો લાગે છે.

આના વડે આઠભાંગાઓનું સૂચન કરી દીધું કે સંસૃષ્ટ હાથ... વગેરે. એમાં પહેલો ભાંગો સારો. બાકીના ભાંગાઓ વિચારવાયોગ્ય છે.

(આ પદાર્થ નીચે મુજબ સ્પષ્ટ કરવો.

(૧) સંસૃષ્ટહાથ સંસૃષ્ટમાત્રક સાવશેષદ્રવ્ય

(૨) સંસૃષ્ટહાથ સંસૃષ્ટમાત્રક નિરવશેષદ્રવ્ય

(૩) સંસૃષ્ટહાથ અસંસૃષ્ટમાત્રક સાવશેષદ્રવ્ય

(૪) સંસૃષ્ટહાથ અસંસૃષ્ટમાત્રક નિરવશેષદ્રવ્ય

(૫) અસંસૃષ્ટહાથ સંસૃષ્ટમાત્રક સાવશેષદ્રવ્ય

(૬) અસંસૃષ્ટહાથ સંસૃષ્ટમાત્રક નિરવશેષદ્રવ્ય.

(૭) અસંસૃષ્ટહાથ અસંસૃષ્ટમાત્રક સાવશેષદ્રવ્ય

(૮) અસંસૃષ્ટહાથ અસંસૃષ્ટમાત્રક નિરવશેષદ્રવ્ય.

સાધુના નિમિત્તે નહિ, પણ એમ ને એમ જ સ્ત્રીના હાથ સંસૃષ્ટ હોય, વાસણ સંસૃષ્ટ હોય અને એમાંથી સાધુ સાવશેષ = શેષ બાકી રાખવાપૂર્વક વહોરે એ પહેલો ભાંગો. દા.ત. સ્ત્રી રોટલી ઉતારતી જાય અને ઘી ચોપડતી જાય... ૨૦ રોટલી વહોરે છે. એટલે ૧૭ રોટલી બાકી રહે છે. એટલે આ સાવશેષ વહોરેલું ગણાય. હાથમાં અને

થાળીમાં બંનેમાં સાવશેષ જોઈએ. આ રીતે પહેલો ભાંગો એકદમ શુદ્ધ છે.

બાકીના ૭ ભાંગા વિચારવાના કહ્યા છે, એનો ભાવાર્થ એ કે એમાંથી જે જે ભાંગાઓમાં સાવશેષ દ્રવ્ય વહોરાય છે, તે તે ભાંગાઓમાં વહોરી શકાય. જેમ કે ૩-૫-૭ આ ભાંગાઓ. જ્યારે નિરવશેષ દ્રવ્યવાળા ભાંગાઓમાં ન વહોરાય. જેમકે ૨-૪-૬-૮. આ ભાંગાઓમાં જો થાળીમાંની બધી રોટલી વહોરી લે, તો એ ઘીવાળી થાળી સ્ત્રી ધોવા પણ નાંખી દે. આ રીતે પશ્ચાત્કર્મદોષ લાગે. એમ પૂર્વે વાસણાદિ તે વસ્તુથી ખરડાયેલા ન હોય, અને હવે એ વાસણાદિથી વહોરાવવા માટે વાસણાદિને ધુએ, તો પૂર્વકર્મદોષ લાગે. ગોચરી વહોરતા પૂર્વે સાધુ નિમિત્તે જે વિરાધના થાય, તે પુરઃકર્મ, પૂર્વકર્મ. ગોચરી વહોર્યા બાદ સાધુ નિમિત્તે જે વિરાધના ઊભી થાય તે પશ્ચાત્કર્મ... આ અંગે બીજી ઘણી ઊંડી બાબતો છે. એ બહુશ્રુતો પાસેથી જાણવી.

આ સંસૃષ્ટ ભાજનાદિ પણ તજ્જાતસંસૃષ્ટ હોવા જોઈએ. આશય એ કે હાથ કે વાસણ મગ-તુવેરની દાળથી સંસૃષ્ટ હોય અને એના દ્વારા કાચું દૂધ, કાચું દહી વગેરે વહોરાવે. તો દૂધાદિની અપેક્ષાએ દાળ એ વિજાતીય, અતજ્જાત છે. આ રીતે વહોરવામાં કાચા દૂધ-દહીં સાથે કઠોળનો સંપર્ક થવાથી દ્વિદળ થાય, એમાં જીવોની ઉત્પત્તિ થાય.

પણ કાચું દૂધ વહોરાવવાનું હોય, અને વાસણ પણ કાચા દૂધથી સંસૃષ્ટ હોય, તો એ કાચા દૂધ વગેરે સમાનજાતીય વસ્તુથી સંસૃષ્ટ ગણાય, અહીં જીવોત્પત્તિ ન થવાથી દોષ ન લાગે. ટુંકમાં અંસૃષ્ટમાત્રક અને સંસૃષ્ટહસ્તથી વહોરવાની વાત સાચી, પણ એમાં દ્વિદળ ન થઈ જાય એની તકેદારી રાખવી. એ વખતે કાચાદૂધ, દહીં, છાસ વહોરવાનો પ્રસંગ વધુ બનતો, આજે પણ ગામડાઓમાં ગરમ કરેલા દૂધાદિ પ્રાયઃ મળતા નથી...)

**उपदेशाधिकार एवेदमाह-**

**अमज्जमंसासि अमच्छरीआ, अभिक्खणं निव्विगइं गया अ ।**

**अभिक्खणं काउस्सग्गकारी, सज्झायजोगे पयओ हविज्जा ॥७॥**

ઉપદેશનો અધિકાર ચાલુ છે, તેમાં જ કહે છે.

**ગા.૭ ગાથાર્થ :** મદ્ય અને માંસ ન ખાનાર, અમત્સરી, વારંવાર નીવીમાં જનાર, વારંવાર કાઉસ્સગ્ગ કરનાર, સ્વાધ્યાયયોગમાં પ્રયત = યત્નવાળો થાય.

**अमद्यमांसाशी भवेदिति योगः, अमद्यपोऽमांसाशी च स्यात्, एते च मद्यमांसे**

लोकागमप्रतीते एव, ततश्च यत्केचनाभिदधति-आरनालारिष्ठाद्यपि संधानाद् ओदनाद्यपि प्राण्यङ्गत्वात्त्याज्यमिति, तदसत्, अमीषां मद्यमांसत्वायोगात्, लोकशास्त्रयोरप्रसिद्धत्वात्, संधानप्राण्यङ्गत्वतुल्यत्वचोदना त्वसाध्वी, अतिप्रसङ्गदोषात्, द्रवत्वस्त्रीत्वतुल्यतया मूत्रपानमातृगमनादिप्रसङ्गादित्यलं प्रसङ्गेन, अक्षरगमनिकामात्रप्रक्रमात् । तथा 'अमत्सरी च' न परसंपद्द्वेषी च स्यात्, तथा 'अभीक्ष्णं' पुनः पुनः पुष्टकारणाभावे 'निर्विकृतिकश्च' निर्गतविकृतिपरिभोगश्च भवेत्, अनेन परिभोगोचितविकृतीनामप्यकारणे प्रतिषेधमाह, तथा 'अभीक्ष्णं' गमनागमनादिषु, विकृतिपरिभोगेऽपि चान्ये, किमित्याह— 'कायोत्सर्गकारी भवेत्' ईर्यापथप्रतिक्रमणमकृत्वा न किञ्चिदन्यत् कुर्याद्, तदशुद्धतापत्तेरिति भावः । तथा 'स्वाध्याययोगे' वाचनाद्युपचारव्यापार आचामाम्लादौ 'प्रयतः' अतिशययत्नपरो भवेत्, तथैव तस्य फलवत्त्वाद् विपर्यय उन्मादादिदोषप्रसङ्गादिति सूत्रार्थः ॥७॥

---

**ટીકાર્થ :** સાધુ મદ્ય ન પીનારો અને માંસ ન ખાનારો થાય. આ મદ્ય અને માંસ લોક અને આગમ બંને રીતે પ્રતીત જ છે. એટલે જ કેટલાકો જે કહે છે કે "કાંજી, અરિષ્ઠા (છાશ) વગેરે પણ સંધાનના કારણે = જીવોત્પત્તિના કારણે છોડી દેવા જોઈએ, અને ભાત વગેરે પણ પ્રાણીનું અંગ હોવાથી છોડી દેવા જોઈએ..." (એમનો આશય એ છે કે દારુમાં કોઈ હિંસા નથી. પણ એમાં તેવા પ્રકારનાં વિકલેન્દ્રિયજીવોની ઉત્પત્તિ થતી હોવાના કારણે જો એ ત્યાજ્ય હોય, તો એની જેમ કાંજી વગેરેમાં પણ સંધાનની સંભાવના હોવાથી એ પણ છોડી દેવા જોઈએ. એમ માંસ એ પ્રાણીનું અંગ હોવાથી ન ખવાય, તો ભાત પણ એકેન્દ્રિય પ્રાણીનું અંગ હોવાથી એ પણ ન ખવાય...)

આ વાત ખોટી છે. કેમકે કાંજી વગેરે એ કંઈ મદ્ય નથી, ભાત વગેરે એ કંઈ માંસ નથી. એ પણ એટલા માટે કે લોકમાં અને શાસ્ત્રમાં કાંજી વગેરે મદ્ય તરીકે અને ભાતાદિ માંસ તરીકે પ્રસિદ્ધ જ નથી. એટલે લોક-આગમની પ્રસિદ્ધિ પ્રમાણે તમારી વાત તદ્દન ખોટી છે.

તમે જે સંધાન અને પ્રાણીઅંગની તુલ્યતાનાં આધારે જે આપત્તિ આપી છે, તે બરાબર નથી. કેમકે એમાં અતિપ્રસંગ દોષ થાય છે. કેમકે આ રીતે તો એમ પણ કહી શકાય કે છાસમાં દ્રવત્વ છે, એમ મૂત્રમાં પણ દ્રવત્વ છે, એટલે જો છાસ પીવાય તો મૂત્ર પણ પી શકાય. એમ પત્નીમાં સ્ત્રીત્વ છે, તો માતામાં પણ સ્ત્રીત્વ છે. એટલે જો પત્નીગમન કરાય, તો માતૃગમન પણ કરાય. આમ દ્રવત્વ અને સ્ત્રીત્વની તુલ્યતા દ્વારા મૂત્રપાન અને માતૃગમનાદિ પણ કર્તવ્ય માનવાની આપત્તિ આવે. (પણ એ ઈષ્ટ નથી. એમ અહીં પણ માંસમાં અને ઓદનમાં પ્રાણ્યંગત્વાદિની તુલ્યતામાત્રથી બંને ત્યાજ્ય

માનવાની આપત્તિ આપવી... એ બિલકુલ ઉચિત નથી.)

પ્રસંગથી સર્યું. અહીં માત્ર અક્ષરગમનિકાનો જ આરંભ કરાયો છે. (આની વિસ્તૃતચર્યા અષ્ટકપ્રકરણ ગ્રન્થમાં ૧૭માં અષ્ટકમાંથી જાણી લેવી.)

તથા મત્સરી ન થાય = બીજાની સંપત્તિનો દ્વેષી ન થાય. (બીજાનાં વિકાસને જોઈ ઈર્ષ્યા કરનારો ન બને...)

અભીક્ષ્ણ = વારંવાર = પુષ્ટકારણ ન હોય ત્યારે વિગઈ વિનાની વસ્તુનો પરિભોગ કરનારો થાય. અર્થાત્ પુષ્ટકારણ આવે ત્યારે જ વિગઈ વાપરે, બાકી વિગઈ ન વાપરે. આવું કહેવા દ્વારા પરિભોગ માટે ઉચિત વિગઈઓનો પણ અકારણમાં પ્રતિષેધ જણાવ્યો. (માંસાદિ તો પરિભોગને ઉચિત જ નથી. દૂધાદિ પરિભોગોચિત છે. પણ એ પણ પુષ્ટાલંબન વિના ન વાપરે.)

તથા અભીક્ષ્ણ = ગમન, આગમન વગેરે ક્રિયાઓમાં કાયોત્સર્ગ કરે. એટલે કે ગમનાદિ ક્રિયા કરી હોય, તો ઈરિયાવહી પડિકમ્યા વિના બીજું કંઈ ન કરે. કેમકે જો ઈરિયાવહી કર્યા વિના બીજું કંઈપણ કરાય, તો એ અશુદ્ધ બનવાની આપત્તિ આવે.

અન્યલોકો **अभीक्ष्णं कायोत्सर्गकारी** શબ્દનો અર્થ આ પ્રમાણે કરે છે કે **अभीक्ष्ण** વિગઈનો પરિભોગ કરે, ત્યારે પણ... અર્થાત્ પ્રાયઃ તો વિગઈરહિત જ ભોજન વાપરે, જયારે વિગઈ વાપરે ત્યારે પણ એ સંબંધી કાયોત્સર્ગ કરે. (યોગોદ્વહનાદિમાં આ વાત પ્રસિદ્ધ છે...)

તથા સ્વાધ્યાયયોગમાં અત્યંત યત્નવાળો બને. સ્વાધ્યાય એટલે વાચનાદિ. તેનો યોગ એટલે વાચનાદિના વિનયરૂપ આંબિલ વગેરે વ્યાપારો. અર્થાત્ યોગોદ્વહન. એમાં યત્નવાળા બનવું. કેમકે સ્વાધ્યાય યોગોદ્વહનપૂર્વક કરવામાં આવે તો જ સફલ બને છે. જો વિપર્યય કરાય, યોગોદ્વહન વિના સ્વાધ્યાય કરાય તો ઉન્માદ, ગાંડપણ વગેરે દોષો થઈ શકે છે. (ઉત્સર્ગમાર્ગ એ છે કે જે સૂત્રના જે યોગો બતાવેલા છે, તે સૂત્રના તે યોગો કરતાં કરતાં જ તે ભણી શકાય...)

---

**किंच–**

**ण पडिन्नविज्जा सयणासणाइं, सिज्जं निसिज्जं तह भत्तपाणं ।**

**गामे कुले वा नगरे व देसे, ममत्तभावं न कहिंपि कुज्जा ॥८॥**

---

ગા.૮ **ગાથાર્થ** : શયન, આસન, શય્યા, નિષદ્યા તથા ભોજન-પાનની પ્રતિજ્ઞા ન

કરાવે. ગામ, કુલ, નગર કે દેશ... ક્યાંય પણ મમત્વભાવ ન કરે.

**'न प्रतिज्ञापयेत्' मासादिकल्पपरिसमाप्तौ गच्छन् भूयोऽप्यागतस्य ममैवैतानि दातव्यानीति न प्रतिज्ञां कारयेद्गृहस्थं, किमाश्रित्येत्याह–'शयनासने शय्यां निषद्यां तथा भक्तपान'मिति तत्र शयनं-संस्तारकादि आसनं-पीठकादि शय्या-वसतिः निषद्या-स्वाध्यायादिभूमिः 'तथा' तेन प्रकारेण तत्कालावस्थौचित्येन 'भक्तपानं' खण्डखाद्यकद्राक्षापानकादि न प्रतिज्ञापयेत्, ममत्वदोषात् । सर्वत्रैतन्निषेधमाह–'ग्रामे' शालिग्रामादौ 'कुले वा' श्रावककुलादौ 'नगरे' साकेतादौ 'देशे वा' मध्यदेशादौ 'ममत्वभावं' ममेदमिति स्नेहमोहं न 'क्वचित्' उपकरणादिष्वपि कुर्यात्, तन्मूलत्वाद्दुःखादीनामिति ॥८॥**

**ટીકાર્થ :** માસકલ્પ કે ચતુર્માસકલ્પની સમાપ્તિ થાય, એટલે સાધુ ત્યાંથી અન્યસ્થાને જતો હોય ત્યારે ગૃહસ્થની પાસે આવી પ્રતિજ્ઞા ન કરાવે કે "હું જ્યારે ફરી અહીં આવું, ત્યારે મને જ આ બધું આપવું."

**પ્રશ્ન :** કઈ વસ્તુને આશ્રયીને આ પ્રતિજ્ઞા ન કરાવે ?

**ઉત્તર :** શયન = સંથારો વગેરે. આસન = પીઠક = બાજોઠ વગેરે. શય્યા = વસતિ, નિષદ્યા = સ્વાધ્યાયભૂમિ તથા ભક્તપાન = તે તે કાળ અને તે તે અવસ્થાને ઉચિત હોય એવા પ્રકારના ખંડખાદ્યક દ્રાક્ષાપાન વગેરે. (ખાંડની ચાસણીવાળા સાટા વગેરે ખંડખાદ્યક કહી શકાય. આશય એ કે "ઊનાળામાં હું આવું તો મને અમુક અમુક ભોજન-પાન આપવા, શિયાળામાં હું આવું તો મને અમુક અમુક આપવા... એમ યુવાનીમાં આવું, ઘડપણમાં આવું, માંદગીમાં આવું, આચાર્યાદિ બનીને આવું... ત્યારે અમુક અમુક આપવું. આ બધું.

ક્રમશઃ કાળ અને અવસ્થાને અનુસારે ભોજન-પાનની પ્રતિજ્ઞા ગણાય.)

આવી પ્રતિજ્ઞા ન કરાવવી. કેમકે એમાં મમત્વનો દોષ લાગે છે.

સર્વવસ્તુઓમાં મમત્વનો નિષેધ દર્શાવે છે કે શાલિગ્રામ વગેરેમાં કે શ્રાવકકુલાદિમાં કે સાકેતાદિ નગરમાં કે મધ્યદેશાદિમાં "આ મારું છે" એમ સ્નેહાત્મક મોહ ક્યાંય = ઉપકરણાદિમાં પણ ન કરે. કેમકે દુઃખ વગેરે આ મમત્વમૂલક છે. મમત્વ જ બધાનું મૂળ છે.

**उपदेशाधिकार एवाह–**



नमोऽस्तु तस्मै जिनशासनाय

**गिहिणो वेआवडिअं न कुज्जा, अभिवायणवंदणपूअणं वा ।**
**असंकिलिट्ठेहिं समं वसिज्जा, मुणी चरित्तस्स जओ न हाणी ॥९॥**

ઉપદેશનો અધિકાર ચાલુ છે, એમાં જ કહે છે કે

**ગા.૯. ગાથાર્થ :** ગૃહસ્થોની વૈયાવચ્ચ, અભિવાદન, વંદન કે પૂજન ન કરવા. મુનિ અસંક્લિષ્ટોની સાથે વસે, કે જેનાથી ચારિત્રની હાનિ ન થાય.

**'गृहिणो' गृहस्थस्य 'वैयावृत्त्यं' गृहिभावोपकाराय तत्कर्मस्वात्मनो व्यावृत्तभावं न कुर्यात्, स्वपरोभयाश्रेयःसमायोजनदोषात्, तथा अभिवादनं-वाङ्नमस्काररूपं वन्दनं-कायप्रणामलक्षणं पूजनं वा-वस्त्रादिभिः समभ्यर्चनं वा गृहिणो न कुर्याद्, उक्तदोषप्रसङ्गादेव, तथैतद्दोषपरिहारायैव 'असंक्लिष्टैः' गृहिवैयावृत्त्यकरणसंक्लेशरहितैः साधुभिः समं वसेन्मुनिः 'चारित्रस्य' मूलगुणादिलक्षणस्य 'यतो' येभ्यः साधुभ्यः सकाशान्न हानिः, संवासतस्तदकृत्यानुमोदनादिनेति, अनागतविषयं चेदं सूत्रं, प्रणयनकाले संक्लिष्टसाध्वभावादिति सूत्रार्थः ॥९॥**

**ટીકાર્થ :** ગૃહસ્થની વૈયાવચ્ચ ન કરવી. અર્થાત્ ગૃહસ્થપણામાં એને ઉપકાર થાય, તે માટે તેના કાર્યોમાં પોતાનો વ્યાવૃત્તભાવ = પોતાનું એમાં લાગી પડવું એ વૈયાવચ્ચ. (ધંધો-મકાન વગેરે વસ્તુ અપાવવી એ એના ગૃહસ્થભાવમાં ઉપકાર કરનારી છે. અર્થાત્ સાંસારિક જીવનમાં ઉપકાર કરનારી છે. એટલે જ આ ધંધાદિ અપાવવા વગેરેમાં સાધુ જોડાય તો એ ગૃહસ્થોની વૈયાવચ્ચ કરી કહેવાય. પણ એમને ઉપદેશ આપવા... વગેરે કાર્યો તો ગૃહિભાવના ઉપકાર માટે નથી. એટલે એ ગૃહસ્થની વૈયાવચ્ચ કરી ન કહેવાય. આમાં વિશેષબાબતો ગીતાર્થો પાસેથી જાણવી.)

આ વૈયાવચ્ચ ન કરવી, કેમકે એમાં સ્વ-પર બંનેને અકલ્યાણનો સંબંધ થવા રૂપ દોષ છે. (સાધુનાં વ્રતો ભાંગે, ગૃહસ્થ એમાં નિમિત્ત બને... બંનેને નુકસાન થાય.)

તથા અભિવાદન = વાણીવડે નમસ્કાર કરવા.

વંદન = કાયાથી પ્રમાણ કરવા.

પૂજન = વસ્ત્રાદિથી અર્ચના કરવી.

સાધુ ગૃહસ્થોને આ બધું ન કરે. કેમકે એમાં ઉપરનો દોષ લાગે જ છે. (બંનેનું અકલ્યાણ થાય.)

તથા આ દોષના પરિહારને માટે જ ગૃહસ્થોનું વૈયાવચ્ચ કરવારૂપ સંકલેશ વિનાના



नमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स / नमोऽस्तु तस्मै जिनशासनाय

એવા સાધુઓની સાથે મુનિ રહે કે જે સાધુઓ દ્વારા મૂલગુણાદિરૂપ ચારિત્રની હાનિ ન થાય.

(**પ્રશ્ન** : એ સંકલિષ્ટ સાધુ સાથે રહેવા છતાં પોતે ચોકખો રહે, તો શું વાંધો ?)

**ઉત્તર** : એની સાથે સંવાસ કરવાથી તેના અકાર્યોની અનુમોદના થવા વગેરે રૂપ દોષો લાગવાથી એવા સાધુઓ સાથે રહેવામાં ચારિત્રની હાનિ થાય જ. પણ સંકલેશરહિત સાધુઓ થકી આ રીતે સંવાસથી તેમના અકૃત્યોની અનુમોદનાદિ વડે ચારિત્રની હાનિ ન થાય. (કેમકે તેઓ અકૃત્ય કરતાં જ નથી.)

(**પ્રશ્ન** : આ સૂત્ર શય્યંભવસૂરિજીએ રચેલું છે, તો શું તે કાળમાં આવા સાધુઓ હતા ? કે જેથી એમની સાથે ન રહેવાનું કહેવું પડે.)

**ઉત્તર** : આ સૂત્ર ભવિષ્યકાળની અપેક્ષાએ રચાયેલું જાણવું. કેમકે જયારે આ સૂત્ર બનવાયું ત્યારે સંકલિષ્ટસાધુઓ ન હતા. (એટલે તે કાળના સાધુઓને આ બધું કહેવાનું રહેતું નથી.)

---

**असंक्लिष्टैः समं वसेदित्युक्तमत्र विशेषमाह–**

**ण या लभेज्जा निउणं सहायं, गुणाहिअं वा गुणओ समं वा ।**

**इक्कोऽवि पावाइं विवज्जयंतो, विहरिज्ज कामेसु असज्जमाणो ॥१०॥**

---

અસંકિલષ્ટોની સાથે રહેવું એ કહ્યું.

આ બાબતમાં વિશેષ બાબત જણાવે છે.

**ગા.૧૦ ગાથાર્થ** : ગુણાધિક કે ગુણથી સમાન નિપુણ સહાય ન મળે, તો પાપોને વર્જતો, કામોમાં રાગી ન થતો એકલો પણ વિચરે.

---

कालदोषाद् 'न यदि लभेत' न यदि कथञ्चित् प्राप्नुयात् 'निपुणं' संयमानुष्ठान-कुशलं 'सहायं' परलोकसाधनद्वितीयं, किंविशिष्टमित्याह–'गुणाधिकं वा' ज्ञानादिगुणोत्कटं वा, 'गुणतः समं वा' तृतीयार्थे पञ्चमी गुणैस्तुल्यं वा, वाशब्दाद्धीनमपि जात्यकाञ्चन-कल्पं विनीतं वा, ततः किमित्याह-एकोऽपि संहननादियुक्तः 'पापानि' पापकारणान्य-सदनुष्ठानानि 'विवर्जयन्' विविधमनेकैः प्रकारैः सूत्रोक्तैः परिहरन् विहरेदुचितविहारेण 'कामेषु' इच्छाकामादिषु 'असज्यमानः' सङ्गमगच्छन्नेकोऽपि विहरेत्, नतु पार्श्वस्थादिपापमित्रसङ्गं कुर्यात्, तस्य दुष्टत्वात्, तथा चान्यैरप्युक्तम्-"वरं विहर्त्तुं सह पन्नगैर्भवेच्छठात्मभिर्वा रिपुभिः सहोषितुम् । अधर्मयुक्तैश्चपलैरपण्डितैर्न पापमित्रैः सह वर्त्तितुं क्षमम् ॥१॥ इहैव हन्युर्भुजगा हि रोषिताः, धृतासयश्छिद्रमवेक्ष्य चारयः । असत्प्रवृत्तेन

**जनेन संगतः, परत्र चैवेह च हन्यते जनः ॥२॥ तथा-परलोकविरुद्धानि, कुर्वाणं दूरतस्त्यजेत् । आत्मानं योऽभिसंधत्ते, सोऽन्यस्मै स्यात्कथं हितः ? ॥३॥ तथा-ब्रह्महत्या सुरापानं, स्तेयं गुर्वङ्गनागमः । महान्ति पातकान्याहुरेभिश्च सह संगमम् ॥४॥" इत्यलं प्रसङ्गेनेति सूत्रार्थः ॥१०॥**

---

**ટીકાર્થ :** પડતાં કાળના કારણે જો સંયમાનુષ્ઠાનમાં કુશળ એવો પરલોકની સાધનામાં બીજો = પરલોકની સાધનામાં સહાય કરનાર સહાયક સાધુ જો કોઈપણ રીતે ન મળે તો...

એ સાધુ કેવો વિશિષ્ટ હોય ? એ દર્શાવે છે કે જ્ઞાનાદિ ગુણોથી અધિક હોય કે ગુણોથી સમાન હોય. (અહીં **गुणतः** માં પંચમીવિભક્તિ ત્રીજીવિભક્તિના અર્થમાં છે. એટલે કે ગુણોથી તુલ્ય હોય.) **वा** શબ્દથી સમજવું કે ગુણોથી હીન હોય તો પણ સાચાસુવર્ણના જેવો વિનીત હોય, અર્થાત્ ગુણવાન બનવાની પાત્રતાવાળો હોય...

(આમ સ્વની અપેક્ષાએ ગુણાધિક, ગુણસમાન, કે હીનગુણ વિનીત એવો સહાયક ન મળે તો સંઘયણ વગેરેથી યુક્ત એ સાધુ પાપના કારણભૂત ખરાબ અનુષ્ઠાનોને ત્યાગતો, શાસ્ત્રમાં કહેલા અનેક પ્રકારો વડે એ અનુષ્ઠાનોને વર્જતો તથા ઈચ્છાકામ વગેરેમાં સંગને નહિ પામતો છતો એકલો પણ વિચરે. પરંતુ પાર્શ્વસ્થ વગેરે પાપમિત્રોનો સંગ ન કરે. કેમકે એ સંગ દુષ્ટ છે.

બીજાઓએ પણ કહ્યું છે કે,

"સાપોની સાથે વિહરવાનું થાય તે સારું કે લુચ્ચા શત્રુઓ સાથે રહેવાનું થાય તે સારું, પણ અધર્મયુક્ત, ચપલ, અપંડિત, એવા પાપમિત્રોની સાથે રહેવું સારું નહિ.

ગુસ્સે થયેલા સર્પો અહીં જ મારે, ધારણ કરાયેલી તલવારવાળા શત્રુઓ છિદ્રને જોઈને, તક મેળવીને અહીં જ મારે. પણ ખોટા કામોમાં પ્રવર્તેલા લોકની સાથે સંગવાળો જન પરલોકમાં અને અહીં હણાય છે."

તથા

પરલોકવિરુદ્ધ કાર્ય કરનારાને દૂરથી છોડી દેવો. જે જાતને છેતરે છે = દુઃખી કરે છે તે શી રીતે બીજાને માટે હિતકારી થાય ?

તથા

બ્રાહ્મણની હત્યા, દારુનું પાન, ચોરી, ગુરુની સ્ત્રી સાથે સંબંધ તથા આ પાપવાળાઓની સાથેના સંગમને પણ મોટું પાપ કહે છે.

પ્રસંગથી સર્યું.

विहारकालमानमाह--

**संवच्छरं वाऽवि परं पमाणं, बीअं च वासं न तहिं वसिज्जा ।**

**सुत्तस्स मग्गेण चरिज्ज भिक्खू, सुत्तस्स अत्थो जह आणवेइ ॥११॥**

વિહારનાં કાળનું પ્રમાણ બતાવે છે.

ગા.૧૧ ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

'संवत्सरं वापि' अत्र संवत्सरशब्देन वर्षासु चातुर्मासिको ज्येष्ठावग्रह उच्यते तमपि, अपिशब्दान्मासमपि, परं प्रमाणं-वर्षाऋतुबद्धयोरुत्कृष्टमेकत्र निवासकालमानमेतत्, 'द्वितीयं च वर्षम्' चशब्दस्य व्यवहित उपन्यासः, द्वितीयं वर्षं वर्षासु चशब्दान्मासं च ऋतुबद्धे न तत्र क्षेत्रे वसेत् यत्रैको वर्षाकल्पो मासकल्पश्च कृतः, अपितु सङ्गदोषाद् द्वितीयं तृतीयं च परिहृत्य वर्षादिकालं ततस्तत्र वसेदित्यर्थः, सर्वथा, किं बहुना ?, सर्वत्रैव 'सूत्रस्य मार्गेण चरेद्भिक्षुः' आगमादेशेन वर्त्तेतेति भावः, तत्रापि नौघत एव यथाश्रुतग्राही स्यात् अपि तु सूत्रस्य 'अर्थः' पूर्वापराविरोधितन्त्रयुक्तिघटितः पारमार्थिकोत्सर्गापवादगर्भो यथा 'आज्ञापयति' नियुङ्क्ते तथा वर्तेत, नान्यथा, यथेहापवादतो नित्यवासेऽपि वसतावेव प्रतिमासादि साधूनां संस्तारगोचरादिपरिवर्त्तेन, नान्यथा, शुद्धापवादायोगादित्येवं वन्दनकप्रतिक्रमणादिष्वपि तदर्थं प्रत्युपेक्षणेनानुष्ठानेन वर्त्तेत, न तु तथाविधलोकहेर्या तं परित्यजेत् तदाशातनाप्रसङ्गादिति सूत्रार्थः ॥११॥

**ટીકાર્થ : संवत्सरं वापि** આમાં વર્ષાઋતુમાં ચારમહિનાનો જે ઉત્કૃષ્ટઅવગ્રહ છે. તે સંવત્સરશબ્દથી લેવાનો છે. (બાર મહિનારૂપી સંવત્સર નહિ.)

**अपि** શબ્દથી માસ પણ સમજવો.

આ સંવત્સર કે માસ એ ક્રમશઃ વર્ષામાં અને ઋતુબદ્ધકાળમાં ઉત્કૃષ્ટ પ્રમાણે છે. એક સ્થાને રહેવાના કાળનું આ ઉત્કૃષ્ટમાપ છે. ચોમાસામાં બીજું વર્ષ (ચોમાસું) અને **च** શબ્દથી ઋતુબદ્ધકાળમાં બીજો માસ તે ક્ષેત્રમાં ન વસવું. કે જ્યાં એક વર્ષાકલ્પ અને એક માસકલ્પ કરેલો હોય.

પરંતુ સંગદોષના ભયથી બીજા અને ત્રીજા વર્ષાદિકાળને ત્યાગીને ત્યારબાદ ત્યાં વસવું. (જ્યાં એક ચોમાસું થયું, ત્યાં એ પછી બે વર્ષ ચોમાસું ન કરાય, જ્યાં એક

મહીનો રહ્યા, ત્યાં પછી બે મહીના ન રોકાવાય...)

સર્વથા વધારે શું કહેવું ? ભિક્ષુ સૂત્રનાં માર્ગે ચાલે. આગમનાં આદેશ પ્રમાણે પ્રવર્તે. તેમાં પણ ઓઘથી જ = સામાન્યથી જ યથાશ્રુતગ્રાહી ન થાય. અર્થાત્ માત્ર શબ્દાર્થને ગ્રહણ ન કરે. પરંતુ સૂત્રનો અર્થ જે પ્રમાણે આજ્ઞા કરે = જોડે, તે પ્રમાણે સાધુ વર્તે. પણ સૂત્રનાં અર્થની આજ્ઞાથી વિપરીતપણે પ્રવૃત્તિ ન કરે.

એમાં પૂર્વવાક્યો અને પછીના વાક્યોની સાથે વિરોધ વિનાનો અને શાસ્ત્રની યુક્તિઓથી સંગત તથા પારમાર્થિક ઉત્સર્ગ અને અપવાદથી ગર્ભિત એવો અર્થ એ જ સૂત્રનો અર્થ કહેવાય. એની આજ્ઞા પ્રમાણે વર્તવું.

જેમકે અહીં અપવાદથી નિત્યવાસ કરવામાં આવે તો પણ ઉપાશ્રયમાં જ દરેક મહીને, દરેક ચોમાસે સાધુઓને સંથારો, ગોચરી વગેરેના સ્થાનોનું પરાવર્તન કરવા વડે જ વર્તવાનું છે. (મહીને મહીને ઉપાશ્રયમાં જગ્યા બદલે, અને ગોચરીના ઘરો બદલે.) પણ એ વિના નહિ. કેમકે જો એ વિના વર્તે, તો એ શુદ્ધ અપવાદ ન ગણાય.

આ પ્રમાણે વંદન-પ્રતિક્રમણાદિમાં પણ સૂત્રના અર્થને પ્રત્યુપેક્ષણ કરવારૂપ-જોવારૂપ અનુષ્ઠાન વડે વર્તે. અર્થાત્ સૂત્રના અર્થને વિચારી વિચારીને વંદનાદિમાં પ્રવૃત્તિ કરે. પરંતુ તેવા પ્રકારની લોકહેરીથી = ગતાનુગતિકતાથી = લોકસંજ્ઞાથી સૂત્રના અર્થને ત્યાગી ન દે. કેમકે એમાં સૂત્રની આશાતનાનો પ્રસંગ આવે.

---

**एवं विविक्तचर्यावतोऽसीदनगुणोपायमाह–**

**जो पुव्वरत्तावररत्तकाले, संपेहए अप्पगमप्पगेणं ।**

**किं मे कडं किं च मे किच्चसेसं, किं सक्कणिज्जं न समायरामि ? ॥१२॥**

---

આ પ્રમાણે વિવિક્તચર્યાવાળાને સંયમમાં અસીદન રૂપ ગુણની પ્રાપ્તિના ઉપાયને બતાવે છે.

**ગા.૧૨ ગાથાર્થ :** જે પૂર્વરાત્રિ અને અપરરાત્રિના કાળમાં આત્મા વડે આત્માને જુએ છે કે "મેં શુ કર્યું ? મારું કયું કૃત્ય બાકી છે ? શું શક્ય કાર્ય નથી આચરતો ?

---

**यः साधुः पूर्वरात्रापररात्रकाले, रात्रौ प्रथमचरमयोः प्रहरयोरित्यर्थः, संप्रेक्षते सूत्रोपयोगनीत्या आत्मानं कर्मभूतमात्मनैव करणभूतेन, कथमित्याह–'किं मे कृत'मिति छान्दसत्वात्तृतीयार्थे षष्ठी, किं मया कृतं शक्त्यनुरूपं तपश्चरणादियोगस्य 'किं च मम कृत्यशेषं' कर्तव्यशेषमुचितं ?, किं शक्यं वयोऽवस्थानुरूपं वैयावृत्त्यादि 'न समाचरामि'**

न करोमि, तदकरणे हि तत्कालनाश इति सूत्रार्थः ॥१२॥

**ટીકાર્થ :** પૂર્વરાત્રિનો કાળ એટલે રાત્રિનો પહેલો પ્રહર. અપરરાત્રિનો કાળ એટલે રાત્રિનો છેલ્લે પ્રહર. આ કાળમાં સૂત્રોપયોગની નીતિથી = શાસ્ત્રમાં ઉપયોગ રાખીને શાસ્ત્રપ્રમાણેની નીતિથી કારણભૂત આત્મા વડે કર્મભૂત આત્માને જે જુએ છે,

શી રીતે જુએ ? એ દર્શાવે છે કે "શક્તિને અનુરૂપ એવું મારા વડે શું કરાયું ? તથા તપાચરણાદિ યોગમાંથી કયું ઉચિતકર્તવ્ય મારે બાકી છે ? મારી ઉંમર અને અવસ્થાને અનુરૂપ એવું કયું શક્ય વૈયાવચ્ચાદિ કાર્ય હું નથી કરતો ?"

જો શક્યાનુષ્ઠાન ન કરવામાં આવે, તો તે કાર્યના કાળનો નાશ જ થાય છે. (કેમકે એ કાળ કંઈ ફરી આવવાનો નથી...)

સૂત્રમાં **मे** એ છાન્દસપ્રયોગ હોવાથી તૃતીયાવિભક્તિનાં અર્થમાં ષષ્ઠીવિભક્તિ સમજવી.

---

**तथा–**

**किं मे परो पासइ किंच अप्पा, किं वाऽहं खलिअं न विवज्जयामि ।**
**इच्चेव सम्मं अणुपासमाणो, अणागयं नो पडिबंध कुज्जा ॥१३॥**

---

ગા.૧૩ **ગાથાર્થ :** બીજો મારું શું જુએ છે ? આત્મા શું જુએ છે ? હું કયા સ્ખલિતને નથી વર્જતો ? આ પ્રમાણે સમ્યક્ જોતો અનાગત પ્રતિબંધ ન કરે.

---

**किं मम स्खलितं 'परः' स्वपक्षपरपक्षलक्षणः पश्यति ? किं वाऽऽत्मा क्वचिन्मनाक् संवेगापन्नः ?, किं वाऽहगमोघत एव स्खलितं न विवर्जयामि, इत्येवं सम्यगनुपश्यन् अनेनैव प्रकारेण स्खलितं ज्ञात्वा 'सम्यग्' आगमोक्ते विधिना भूयः पश्येत् 'अनागतं न प्रतिबन्धं कुर्यात्' आगामिकालविषयं नासंयमप्रतिबन्धं करोतीति सूत्रार्थः ॥१३॥**

**ટીકાર્થ :** સ્વપક્ષ - સાધુ-સાધ્વી વગેરે અને પરપક્ષ-અજૈનો મારી કઈ ભૂલોને જુએ છે ? (તેઓને મારું કયું કયું વર્તન ભૂલરૂપે લાગે છે ?) ક્યાંક કંઈક સંવેગને પામેલો આત્મા પોતાની કઈ ભૂલોને જુએ છે ? હું સામાન્યથી જ ભૂલોને વર્જતો નથી. (જે ભૂલો સામાન્ય = છોડી શકાય એવી છે, તેવી કઈ ભૂલોને હું નથી ત્યાજતો ?) આ પ્રમાણે સમ્યગ્ જોતો સાધુ આ જ પ્રકારે ભૂલને જાણીને આગમોક્ત વિધિ વડે ફરી જુએ. તથા ભવિષ્યકાલસંબંધી એવો અસંયમપ્રતિબંધ ન કરે. (આ વખતે હું આટલું તો કરીશ જ...



નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય

આવા પ્રકારનો અસંયમાનુષ્ઠાનોનો રાગ, દઢતા ન કરવી...)

**कथमित्याह–**

**जत्थेव पासे कइ दुप्पउत्तं, काएण वाया अदु माणसेणं ।**

**तत्थेव धीरो पडिसाहरिज्जा, आइन्नओ खिप्पमिव क्खलीणं ॥१४॥**

ગા.૧૪ **ગાથાર્થ :** જે ક્યાંય કાયાથી, વચનથી કે મનથી દુષ્પ્રયુક્ત કરાયેલું જુએ. ધીર ત્યાં જ પ્રતિસંહરણ કરે. જેમ આકીર્ણ = જાત્યઅશ્વ ઝડપથી ખલિનને ગ્રહણ કરે.

**'यत्रैव पश्येत्' यत्रैव पश्यत्युक्तवत्परात्मदर्शनद्वारेण 'क्वचित्' संयमस्थानावसरे धर्मोपधिप्रत्युपेक्षणादौ 'दुष्प्रयुक्तं' दुर्व्यवस्थितमात्मानमिति गम्यते, केनेत्याह-कायेन वाचा अथ मानसेनेति, मन एव मानसं, करणत्रयेणेत्यर्थः 'तत्रैव' तस्मिन्नेव संयमस्थानावसरे 'धीरो' बुद्धिमान् 'प्रतिसंहरेत्' प्रतिसंहरति य आत्मानं, सम्यग् विधिं प्रतिपद्यत इत्यर्थः, निदर्शनमाह-आकीर्णो जवादिभिर्गुणैः, जात्योऽश्व इति गम्यते असाधारण-विशेषणात्, तच्चेदम्–'क्षिप्रमिव खलिनं' शीघ्रं कविकमिव, यथा जात्योऽश्वो नियमितगमननिमित्तं शीघ्रं खलिनं प्रतिपद्यते, एवं यो दुष्प्रयोगत्यागेन खलिनकल्पं सम्यग्विधिम्, एतावताऽंशेन दृष्टान्त इति सूत्रार्थः ॥१४॥**

**ટીકાર્થ :** ઉપર કહ્યા પ્રમાણે પર વડે અને આત્મા વડે દર્શન કરવા દ્વારા સંયમસ્થાનના અવસરભૂત ધર્મોપધિનાં પ્રતિલેખનાદિ જે કોઈ કાર્યમાં સાધુ પોતાના આત્માને કાયાથી, વચનથી કે મનથી ખરાબ રીતે રહેલો જુએ. તે જ સંયમસ્થાનાવસરભૂત પ્રતિલેખનાદિ જે કોઈ કાર્યમાં સાધુ પોતાના આત્માને કાયાથી, વચનથી કે મનથી ખરાબ રીતે રહેલો જુએ. તે જ સંયમસ્થાનાવસરભૂત પ્રતિલેખનાદિમાં બુદ્ધિમાન સાધુ પોતાના આત્માને પ્રતિસંહરી લે. એટલે કે તેમાં સમ્યક્‌વિધિને સ્વીકારી લે.

દૃષ્ટાન્ત કહે છે કે

આકીર્ણ = વેગ વગેરે દ્વારા જાતિમાન્ અશ્વ નિયમિતગમનનાં નિમિત્તભૂત એવા ખલિનને ઝડપથી સ્વીકારે. (ઘોડાનાં મોઢામાં દોરી વગેરે બાંધી લગામ તૈયાર કરાય, જેના દ્વારા ઘોડાની ગતિ-નિયમિત કરી શકાય. જાતિમાન્ ઘોડો આવી લગામને જલ્દી સ્વીકારે.) એમ જે સાધુ દુષ્ટપ્રયોગોના = દુષ્ટમન વગેરેના ત્યાગ વડે ખલિનસમાન સમ્યગ્‌વિધિને સ્વીકારે... આટલા અંશથી જ આ દૃષ્ટાન્ત છે.

અહીં આકીર્ણ ઝડપથી ખલિનને ગ્રહણ કરે... આ બધા વિશેષણો સામાન્ય અશ્વોમાં

ન હોય. એટલે અસાધારણ આ વિશેષણોથી આ અશ્વ તરીકે જાત્ય અશ્વ જ ગ્રહણ કરવો.

**यः पूर्वरात्रेत्याद्यधिकारोपसंहारायाह–**

**जस्सेरिसा जोग जिइंदिअस्स, धिईमओ सप्पुरिसस्स निच्चं ।**

**तमाहु लोए पडिबुद्धजीवी, सो जीअई संजमजीविएणं ॥१५॥**

**जो पुव्वरत्ता...** એ ૧૨મી ગાથાના અધિકારનો ઉપસંહાર કરવા માટે કહે છે કે

ગા.૧૫.ગાથાર્થ : જિતેન્દ્રિય, ધૃતિમાન્, સત્પુરુષ એવા જેના નિત્ય આવા પ્રકારના યોગ છે. લોકમાં તેને પ્રતિબુદ્ધજીવી કહે છે. તે સંયમજીવન વડે જીવે છે.

**यस्य साधोः 'ईदृशाः' स्वहितालोचनप्रवृत्तिरूपा 'योगा' मनोवाक्कायव्यापारा 'जितेन्द्रियस्य' वशीकृतस्पर्शनादीन्द्रियकलापस्य 'धृतिमतः' संयमे सधृतिकस्य 'सत्पुरुषस्य' प्रमादजयान्महापुरुषस्य 'नित्यं' सर्वकालं सामायिकप्रतिपत्तेरारभ्यामरणान्तम् 'तमाहुर्लोके प्रतिबुद्धजीविनं' तमेवंभूतं साधुमाहुः-अभिदधति विद्वांसः लोके-प्राणिसंघाते प्रतिबुद्धजीविनं-प्रमादनिद्रारहितजीवनशीलं, 'स' एवंगुणयुक्तः सन् जीवति 'संयमजीवितेन' कुशलाभिसंधिभावात् सर्वथा संयमप्रधानेन जीवितेनेति सूत्रार्थः ॥१५॥**

**ટીકાર્થ :** જેણે સ્પર્શન વગેરે ઈન્દ્રિયોનો સમૂહ વશ કરી લીધો છે, જે સંયમમાં ધૃતિવાળો છે, પ્રમાદનાં જયથી જે મહાપુરુષ છે. એવા જે સાધુનાં સામાયિકનાં સ્વીકારથી માંડીને મરણ સુધી આવા પ્રકારના યોગો છે = પોતાના હિતની વિચારણા અને પ્રવૃત્તિરૂપી વ્યાપારો છે, વિદ્વાનો આ જીવલોકમાં આવા પ્રકારના સાધુને પ્રતિબુદ્ધજીવી = પ્રમાદ અને નિદ્રાથી રહિત જીવન જીવવાંના સ્વભાવવાળો કહે છે.

આવા પ્રકારના ગુણવાળો સાધુ સંયમજીવન વડે જીવે છે. અર્થાત્ કુશલ વિચારો હોવાથી સર્વપ્રકારે સંયમપ્રધાન જીવન વડે જીવે છે.

**शास्त्रमुपसंहरन्नुपदेशसर्वस्वमाह–**

**अप्पा खलु सययं रक्खिअव्वो, सव्विंदिएहिं सुसमाहिएहिं ।**

**अरक्खिओ जाइपहं उवेइ, सुरक्खिओ सव्वदुहाण मुच्चइ ॥१६॥ त्ति बेमि ॥**

**विवित्तचरिआ चूला समत्ता ॥२॥**

શાસ્ત્રનો ઉપસંહાર કરતાં ઉપદેશનાં સર્વસ્વને કહે છે.

ગા.૧૬ **ગાથાર્થ** : સુસમાહિત સર્વઈન્દ્રિયો વડે આત્મા સતત રક્ષણ કરવો જોઈએ. અરક્ષિત જન્મમાર્ગને પામે છે, સુરક્ષિત સર્વદુઃખોનાં મોક્ષને પામે છે.

---

**'आत्मा खल्वि'ति खलुशब्दो विशेषणार्थः, शक्तौ सत्यां परोऽपि 'सततं' सर्वकालं 'रक्षितव्यः' पालनीयः पारलौकिकापायेभ्यः, कथमित्युपायमाह–'सर्वेन्द्रियैः' स्पर्शनादिभिः 'सुसमाहितेन' निवृत्तविषयव्यापारेणेत्यर्थः, अरक्षणरक्षणयोः फलमाह– अरक्षितः सन् 'जातिपन्थानं' जन्ममार्गं संसारमुपैति–सामीप्येन गच्छति । सुरक्षितः पुनर्यथागममप्रमादेन 'सर्वदुःखेभ्यः' शारीरमानसेभ्यो 'विमुच्यते' विविधम्–अनेकैः प्रकारैरपुनर्ग्रहणपरमस्वास्थ्यापादनलक्षणैर्मुच्यते । इति ब्रवीमीति पूर्ववदिति सूत्रार्थः ॥१६॥**

---

**टीकार्थ** : સર્વકાળ આત્મા પરલોકસંબંધી અપાયોમાંથી રક્ષણ કરવા યોગ્ય છે. **खलु** શબ્દ વિશેષ અર્થ દર્શાવવા માટે છે. શક્તિ હોય તો પરનું પણ રક્ષણ કરવું જોઈએ.

**પ્રશ્ન** : આત્માનું રક્ષણ કેવી રીતે કરવું ?

**ઉત્તર** : એ ઉપાય બતાવે છે કે સ્પર્શ વગેરે ઈન્દ્રિયોનો પોતપોતાના વિષયોમાં વ્યાપાર=પ્રવૃત્તિ બંધ થઈ જાય, તો એના દ્વારા આત્માનું રક્ષણ કરી શકાય.

આત્માના અરક્ષણ અને રક્ષણનું ફલ બતાવે છે કે નહિરક્ષાયેલો તે જન્મમાર્ગને = સંસારને પામે છે, સામીપ્યથી પ્રાપ્ત કરે છે. પણ આગમપ્રમાણે અપ્રમાદથી સુરક્ષિત થયેલો આત્મા શારીરિક અને માનસિક બધા દુઃખોમાંથી વિવિધ રીતે = અનેક પ્રકારે = ફરીથી એ દુઃખોનું ગ્રહણ કરવાનું ન થાય એ રીતે પરમ સ્વસ્થતાની પ્રાપ્તિરૂપી પ્રકાર વડે મુક્ત થાય છે.

**ब्रवीमि** એ પૂર્વની જેમ સમજવું.

**इति श्रीहरिभद्रसूरिविरचितायां दशवैकालिकबृहद्वृत्त्यां द्वितीया चूलिका संपूर्णा ॥२॥**

**વિવિક્તચર્યા નામની દ્વિતીયચૂલિકા વ્યાખ્યાન કરાઈ.**

**॥ इइ दसवेआलिअं सुत्तं समत्तं ॥**

## श्री हरिभद्रसूरिविरचितटीकोपसंहारः ।

**यं प्रतीत्य कृतं तद्वक्तव्यताशेषमाह–**

छहिं मासेहिं अहीअं अज्झयणमिणं तु अज्जमणगेणं । छम्मासा परिआओ अह कालगओ समाहीए ॥३७०॥

જેને આશ્રયીને આ દશવૈ. કરાયેલું છે, તેની કહેવા જેવી બાકીની બાબતોને જણાવે છે કે

**નિ.૩૭૦ ગાથાર્થ :** આર્યમનક વડે છ માસમાં આ અધ્યયન ભણાયું. છ માસ પર્યાય. સમાધિથી કાળ પામ્યો.

**षड्भिर्मासैः 'अधीतं' पठितम् 'अध्ययनमिदं तु' अधीयत इत्यध्ययनम्-इदमेव दशवैकालिकाख्यं शास्त्रं, केनाधीतमित्याह-आर्यमणकेन-भावाराधनयोगात् आराद्यातः सर्वहेयधर्मेभ्य इत्यार्यः आर्यश्चासौ मणकश्चेति विग्रहस्तेन, 'षण्मासाः पर्याय' इत्ति तस्यार्यमणकस्य षण्मासा एव प्रव्रज्याकालः, अल्पजीवितत्वात्, अत एवाह–'अथ कालगतः समाधिने'ति 'अथ' उक्तशास्त्राध्ययनपर्यायानन्तरं कालगत-आगमोक्तेन विधिना मृतः, समाधिना-शुभलेश्याध्यानयोगेनेति गाथार्थः ॥३७०॥ अत्र चैवं वृद्धवादः- यथा तेनैतावता श्रुतेनाराधितम् एवमन्येऽप्येतदध्ययनानुष्ठानत आराधका भवन्त्विति ॥**

**ટીકાર્થ :** જે ભણાય તે અધ્યયન. આ જ દશવૈકાલિક નામનું શાસ્ત્ર આર્યમનકે છ માસના કાળ વડે ભણ્યું. એ મુનિ ભાવ-આરાધનાયોગ દ્વારા બધા હેયધર્મોથી દૂર ગયેલા છે, માટે તે આર્ય. આર્ય એવા આ મનક આ પ્રમાણે સમાસ કરવો.

તે આર્યમનકનો છ મહિના જ પ્રવ્રજ્યાકાળ છે, કેમકે તે અલ્પજીવનવાળા હતાં. આથી જ કહે છે કે સમાધિથી કાળ પામ્યા.

**अथ** શબ્દ લખેલો છે, એટલે અર્થ આ પ્રમાણે કે કહેવાયેલા શાસ્ત્રનું અધ્યયન અને છ માસનાં પર્યાય પછી તરત જ આગમમાં કહેલી વિધિથી શુભલેશ્યા અને ધ્યાનનાં યોગથી મૃત્યુ પામ્યો.

અહીં આ પ્રમાણે વૃદ્ધવાદ છે કે જેમ તેના વડે આટલા શ્રુતથી આરાધના કરાઈ, એમ બીજાઓ પણ આ અધ્યયનના અનુષ્ઠાન દ્વારા આરાધક થાઓ.

आणंदअंसुपायं कासी सिज्जंभवा तहिं थेरा । जसभद्दस्स य पुच्छा कहणा अ विआलणा संघे ॥३७१॥

**નિ.૩૭૧ ગાથાર્થ :** ત્યાં સ્થવિર **શય્યંભવસૂરિએ** આનંદઅશ્રુતપાત કર્યો, યશોભદ્રની પૃચ્છા, કથન, સંઘમાં વિચારણા.

**'आनन्दाश्रुपातम्' अहो आराधितमनेनेति हर्षाश्रुमोक्षणम् 'अकार्षुः' कृतवन्तः 'शय्यम्भवाः' प्राग्व्यावर्णितस्वरूपाः 'तत्र' तस्मिन् कालगते 'स्थविराः' श्रुतपर्याय-वृद्धाः प्रवचनगुरवः, पूजार्थं बहुवचनमिति, यशोभद्रस्य च-शय्यम्भवप्रधानशिष्यस्य गुर्वश्रुपातदर्शनेन किमेतदाश्चर्यमिति विस्मितस्य सतः पृच्छा-भगवन् ! किमेतदकृतपूर्वमित्येवंभूता, कथना च भगवतः-संसारस्नेह ईदृशः, सुतो ममायमित्ये-वंरूपा, चशब्दादनुतापश्च यशोभद्रादीनाम्-अहो गुराविव गुरुपुत्रके वर्त्तितव्यमिति न कृतमिदमस्माभिरिति, एवंभूतप्रतिबन्धदोषपरिहारार्थं न मया कथितं नात्र भवतां दोष इति गुरुपरिसंस्थापनं च । 'विचारणा संघ' इति शय्यम्भवेनाल्पायुषमेनमवेत्य मयेदं शास्त्रं निर्यूढं किमत्र युक्तमिति निवेदिते विचारणा संघे-कालह्रासदोषात् प्रभूतसत्त्वानामिदमेवोपकारकमतस्तिष्ठत्वेतदित्येवंभूता स्थापना चेति गाथार्थः ॥३७१॥**

**ટીકાર્થ :** "અહો ! આના વડે આરાધના કરાઈ" એ પ્રમાણે હર્ષનાં આંસુઓ શય્યંભવસૂરિએ પાડ્યા. તેમનું વર્ણન પૂર્વે થઈ ગયેલું છે.

તે મુનિ કાળ પામ્યા ત્યારે શ્રુત અને પર્યાયથી વૃદ્ધ પ્રવચનગુરુ એવા એમણે આનંદાશ્રુપાત કર્યો. અહીં પૂજાને માટે, બહુમાનને માટે બહુવચનનો પ્રયોગ કરેલો છે.

ગુરુનો અશ્રુપાત જોઈને શય્યંભવગુરુનાં મુખ્ય શિષ્ય યશોભદ્રવિજયજી "આ શું આશ્ચર્ય" એમ વિસ્મય પામ્યા, અને એમણે પૃચ્છા કરી કે "ભગવન્ ! પૂર્વે ક્યારેય આ રીતે અશ્રુપાત કર્યો નથી, તે આ શું ?"

શય્યંભવસૂરિએ કહ્યું કે "સંસારનો સ્નેહ આવા પ્રકારનો છે. આ મારો પુત્ર હતો." ગાથાના **च** શબ્દથી સમજવું કે એ પછી યશોભદ્રવિજયજી વગેરેને પશ્ચાત્તાપ થયો કે "અરે ! ગુરુના પુત્રને વિશે તો ગુરુની જેમ વર્તવું જોઈએ. પણ અમારા વડે આ ન કરાયું."

ગુરુએ એમને આશ્વાસન આપી શાંત કર્યા કે "આવા પ્રકારના પ્રતિબંધદોષનાં (તમારા એના પ્રત્યેના અતિરાગરૂપી દોષનાં) પરિહારને માટે જ મેં તમને કહેલું નહિ. એમાં તમારો દોષ નથી."

શય્યંભવસૂરિજીએ સંઘને નિવેદન કર્યું કે આને અલ્પઆયુષ્યવાળો જાણીને મારા વડે આ શાસ્ત્ર ઉદ્ધૃત કરાયેલું છે. આમાં શું યોગ્ય છે ?"

એ પછી સંઘમાં વિચારણા થઈ કે "કાળની હાનિ થઈ રહી છે, આ દોષના કારણે આ અધ્યયન ઘણાં જીવોને ઉપકારી છે, આથી આ અધ્યયન ભલે રહો." આ પ્રમાણે સ્થાપના થઈ. અર્થાત્ ગ્રન્થ રહેવા દેવામાં આવ્યો.

---

उक्तोऽनुगमः, साम्प्रतं नयाः, ते च नैगमसंग्रहव्यवहारऋजुसूत्र-शब्दसमभिरूढैवम्भूतभेदभिन्नाः खल्वोघतः सप्त भवन्ति । स्वरूपं चैतेषामध आवश्यके सामायिकाध्ययने न्यक्षेण प्रदर्शितमेवेति नेह प्रतन्यते । इह पुनः स्थानाशून्यार्थमेते ज्ञानक्रियानयान्तर्भावद्वारेण समासतः प्रोच्यन्ते-ज्ञाननयः क्रियानयश्च, तत्र ज्ञाननयदर्शनमिदम्-ज्ञानमेव प्रधानमैहिकामुष्मिकफलप्राप्तिकारणं, युक्तियुक्तत्वात्, तथा चाह-णायंमि गिण्हिअव्वे अगिण्हिअव्वंमि चेव अत्थम्मि । जइअव्वमेव इइ जो उवएसो सो नओ नाम ॥१॥ 'णायंमि'त्ति ज्ञाते सम्यक्परिच्छिन्ने 'गिण्हिअव्वे'त्ति ग्रहीतव्य उपादेये 'अगिण्हिअव्वे'त्ति अग्रहीतव्येऽनुपादेये हेय इत्यर्थः, चशब्दः खलूभयोर्ग्रहीतव्याग्रहीतव्ययोर्ज्ञातत्वानुकर्षणार्थ उपेक्षणीयसमुच्चयार्थो वा, एवकारस्त्ववधारणार्थः, तस्य चैवं व्यवहितः प्रयोगो द्रष्टव्यः- ज्ञात एव ग्रहीतव्ये तथाऽग्रहीतव्ये तथोपेक्षणीये च ज्ञात एव नाज्ञाते, 'अत्थम्मि'त्ति अर्थे ऐहिकामुष्मिके, तत्रैहिको ग्रहीतव्यः स्रक्चन्दनाङ्गनादिः अग्रहीतव्यो विषशस्त्रकण्टकादिः उपेक्षणीयस्तृणादिः, आमुष्मिको ग्रहीतव्यः सद्दर्शनादिरग्रहीतव्यो मिथ्यात्वादिरूपेक्षणीयो विवक्षया अभ्युदयादिरिति तस्मिन्नर्थे, 'यतितव्यमेवे'ति अनुस्वारलोपाद्यतितव्यम् 'एवम्' अनेन प्रकारेणैहिकामुष्मिकफलप्राप्त्यर्थिना सत्त्वेन प्रवृत्त्यादिलक्षणः प्रयत्नः कार्य इत्यर्थः । इत्थं चैतदङ्गीकर्तव्यं, सम्यग्ज्ञाते प्रवर्तमानस्य फलाविसंवाददर्शनात्, तथा चान्यैरप्युक्तम्– "विज्ञप्तिः फलदा पुंसां, न क्रिया फलदा मता । मिथ्याज्ञानात्प्रवृत्तस्य, फलप्राप्तेरसंभवात् ॥१॥" तथाऽऽमुष्मिकफलप्राप्त्यर्थिनाऽपि ज्ञान एव यतितव्यं, तथा चागमोऽप्येवमेव व्यवस्थितः, यत उक्तम्–"पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए । अण्णाणी किं काही, किंवा णाहीइ छेअपावगं ? ॥१॥" इतश्चैतदेवमङ्गीकर्तव्यं, यस्मात्तीर्थकरगणधरैरगीतार्थानां केवलानां विहारक्रियाऽपि निषिद्धा, तथा चागमः–"गीअत्थो अ विहारो बिइओ गीअत्थमीसिओ भणिओ । एत्तो तइअविहारो णाणुण्णाओ जिणवरेहिं ॥१॥" न यस्मादन्धेनान्धः समाकृष्यमाणः सम्यक्पन्थानं प्रतिपद्यत इत्यभिप्रायः । एवं तावत्क्षायोपशमिकं ज्ञानमधिकृत्योक्तं, क्षायिकमप्यङ्गीकृत्य विशिष्टफलसाधकत्वं तस्यैव विज्ञेयं, यस्मादर्हतोऽपि भवाम्भोधितटस्थस्य दीक्षाप्रतिपन्नस्योत्कृष्टतपश्चरणवतोऽपि न तावदपवर्गप्राप्तिर्जायते यावज्जीवाजीवाद्यखिलवस्तुपरिच्छेदरूपं केवलज्ञानं नोत्पन्नमिति,

**तस्माज्ज्ञानमेव प्रधानमैहिकामुष्मिकफलप्राप्तिकारणमिति स्थितम्, 'इति जो उवएसो सो णओ णामं 'ति '<u>इति</u>' एवमुक्तेन न्यायेन य '<u>उपदेशो</u>' ज्ञानप्राधान्यख्यापनपर: स नयो नाम, ज्ञाननय इत्यर्थ:, अयं च ज्ञानवचनक्रियारूपेऽस्मिन्नध्ययने ज्ञानरूपमेवेदमिच्छति, ज्ञानात्मकत्वादस्य, वचनक्रिये तु तत्कार्यत्वात्तदायत्तत्वान्नेच्छति गुणभूते चेच्छतीति गाथार्थ: ॥ उक्तो ज्ञाननय:,**

---

અનુગમ કહેવાઈ ગયો. હવે નયો... તે નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરુઢ, એવંભૂત આ ભેદથી સામાન્યથી સાત છે.

આ બધાનું સ્વરૂપ પૂર્વે આવશ્યકમાં સામાયિકઅધ્યયનમાં વિસ્તારથી કહેવાયેલું છે. એટલે અહીં વિસ્તારાતું નથી. અહીં તો સ્થાન શૂન્ય ન રહે એ માટે આ ૭ નયોનો જ્ઞાન અને ક્રિયા નયમાં સમાવેશ કરવા દ્વારા આ ૭નયો સમાસથી=સંક્ષેપથી કહેવાય છે.

જ્ઞાનનય અને ક્રિયાનય.

તેમાં જ્ઞાનનયનું દર્શન = મત = વિચારણા આ છે.

જ્ઞાન જ ઐહિક અને આમુષ્મિક = પારલૌકિક ફલોની પ્રાપ્તિનું પ્રધાનકારણ છે. કેમકે એ યુક્તિયુક્ત છે. કહ્યું છે કે "ગ્રાહ્ય અને અગ્રાહ્ય અર્થો જણાયે છતે જ યત્ન કરવો આ પ્રમાણે જે ઉપદેશ, તે નય છે." **ज्ञात**- સારીરીતે જણાયેલ. **गिण्हिअव्वे** ઉપાદેય.. **अगिण्हिअव्वे** = અનુપાદેય = હેય. **च** શબ્દ ગ્રહીતવ્ય અને અગ્રહીતવ્ય એ બંનેમાં **ज्ञातत्व** ધર્મને ખેંચવા માટે = જોડવા માટે છે. એટલે કે ઉપાદેય અને હેય બંને પદાર્થ જ્ઞાત બને ત્યારે... એમ દર્શાવવા માટે છે. અથવા તો ઉપેક્ષણીય નામના ત્રીજા પદાર્થનો સમુચ્ચય = સંગ્રહ કરવા માટે **च** શબ્દ છે. **एव** કાર અવધારણ અર્થવાળો છે. તેનો આ પ્રમાણે વ્યવહિતપ્રયોગ જોવો = કરવો. **ज्ञाते एव...** પણ ન **अज्ञाते**

તેમાં ઐહિક ગ્રાહ્ય અર્થ - માળા, ચંદન, સ્ત્રી વગેરે.

" અગ્રાહ્ય અર્થ - ઝેર, શસ્ત્ર, કાંટા વગેરે.

" ઉપેક્ષણીય અર્થ - ઘાસ વગેરે.

પારલૌકિક ગ્રાહ્ય અર્થ - સમ્યગ્દર્શનાદિ.

" અગ્રાહ્ય અર્થ - મિથ્યાત્વાદિ

" ઉપેક્ષણીય અર્થ - વિવક્ષાએ સ્વર્ગાદિ. (મોક્ષની અપેક્ષાએ સ્વર્ગ ઉપેક્ષણીય છે.. એમ વિવક્ષા પ્રમાણે તે ઉપેક્ષ્ય છે.)

**जइअव्वमेव** અહીં ગાથામાં અનુસ્વારનો લોપ થયેલો હોવાથી **जइअव्वमेवं** એમ પાઠ સમજવો. ("યત્ન કરવો જ જોઈએ" એમ ક્રિયાની પ્રધાનતાવાળો જ કાર જ્ઞાનનય ન બોલે...) એટલે અર્થ આવો થાય કે ગ્રાહ્ય વગેરે અર્થો જણાય પછી જ, તે અર્થોમાં આલોકપરલોકના ફલની પ્રાપ્તિની ઈચ્છાવાળા જીવે પ્રવૃત્તિ કરવા વગેરેરૂપ પ્રયત્ન કરવો જોઈએ. (પણ અજ્ઞાતમાં તો નહિ જ.)

આ વાત આ પ્રમાણે સ્વીકારવી જ જોઈએ. કેમકે સમ્યક્ જણાયેલા અર્થમાં જ પ્રવૃત્તિ કરનારાને ફલનો અવિસંવાદ, ફલપ્રાપ્તિ દેખાય છે.

બીજાઓએ પણ કહ્યું છે કે "જ્ઞાન પુરુષોને ફલદાયી છે, ક્રિયા ફલદાયી મનાયી નથી. કેમકે મિથ્યાજ્ઞાનથી પ્રવૃત્ત થયેલાનો ફલપ્રાપ્તિનો અસંભવ છે."

તથા પારલૌકિક ફલની પ્રાપ્તિની ઈચ્છાવાળાએ પણ જ્ઞાનમાં જ યત્ન કરવો જોઈએ. જુઓ, આગમ પણ એજ પ્રમાણે વ્યવસ્થિત છે. અર્થાત્ આગમ પણ આ જ હકીકત જણાવે છે. કેમકે આગમમાં કહ્યું છે કે "પ્રથમ જ્ઞાન, પછી દયા, આ રીતે સર્વસંયત રહે. અજ્ઞાની શું કરશે ? શું પુણ્યપાપને જાણશે ?"

વળી આ કારણસર પણ આ વાત આમ સ્વીકારવી જોઈએ. કેમકે તીર્થંકરો અને ગણધરોએ એકલા અગીતાર્થોની વિહારક્રિયાનો પણ નિષેધ કરેલો છે. આગમમાં કહ્યું છે કે, "ગીતાર્થ વિહાર, બીજો ગીતાર્થમિશ્રિત વિહાર કહેવાયેલો છે. આ સિવાય ત્રીજાવિહારની જિનવરોએ રજા આપેલી નથી."

આ રજા નથી આપી કેમકે અંધ વડે ખેંચીને લઈ જવાતો અંધ સમ્યક્માર્ગને પામતો નથી... એ અભિપ્રાય છે.

આમ આ બધું ક્ષાયોપશમિકજ્ઞાનને આશ્રયીને કહ્યું.

ક્ષાયિકજ્ઞાનને આશ્રયીને પણ વિશિષ્ટ ફલસાધકતા જ્ઞાનની જ જાણવી. કેમકે સંસારસમુદ્રના કિનારે રહેલા, દીક્ષા પામેલા, ઉત્કૃષ્ટતપ અને ચારિત્રવાળા એવા પણ અરિહંતોને પણ ત્યાંસુધી મોક્ષની પ્રાપ્તિ થતી નથી, જ્યાં સુધી જીવ, અજીવ વગેરે સઘળી વસ્તુઓના બોધરૂપ કેવલજ્ઞાન ઉત્પન્ન ન થાય. તેથી જ્ઞાન જ ઐહિક-આમુષ્મિક ફલોની પ્રાપ્તિનું પ્રધાન કારણ છે, એમ નક્કી થયું.

આ ઉપર પ્રમાણે જે જ્ઞાનની પ્રધાનતાને કહેવામાં તત્પર જે ઉપદેશ, તે નય જ્ઞાનનય છે. આ અધ્યયન જ્ઞાન, વચન અને ક્રિયા એ ત્રણ સ્વરૂપ છે, આમ છતાં આ નય આ અધ્યયનને જ્ઞાનરૂપ જ માને છે. (આ અધ્યયન શ્રુતજ્ઞાનરૂપ છે, વચનરૂપ છે, અને

આમાં સાધુક્રિયાઓનું પ્રતિપાદન હોવાથી એ રીતે ક્રિયારૂપ છે...) કેમકે આ અધ્યયન (જ્ઞાનનયનાં મતે) જ્ઞાનાત્મક છે. વચન અને ક્રિયા એ તો જ્ઞાનનું કાર્ય છે, એટલે, તે જ્ઞાનને આધીન છે. એટલે આ નય આ અધ્યયનને વચન ક્રિયા રૂપ ઈચ્છતો નથી. ગૌણ તરીકે ઈચ્છે છે. (વક્તાને જ્ઞાન છે, એટલે તે દશવૈ. બોલે છે. આમ વચન એ જ્ઞાનથી જન્ય છે. એ વચન પ્રમાણે શ્રોતાને જ્ઞાન થાય, પછી ક્રિયા થાય છે, આમ ક્રિયા પણ જ્ઞાનને જ આધીન છે.)

જ્ઞાનનય કહેવાયો.

---

**अधुना क्रियानयावसरः, तद्दर्शनं चेदम्-क्रियैव प्रधानमैहिकामुष्मिकफलप्राप्तिकारणं, युक्तियुक्तत्वात्, तथा चायमप्युक्तलक्षणामेव स्वपक्षसिद्धये गाथामाह-'णायंमि गिण्हिअव्वे' इत्यादि, अस्याः क्रियानयदर्शनानुसारेण व्याख्या-ज्ञाते ग्रहीतव्ये अग्रहीतव्ये चैव अर्थे ऐहिकामुष्मिकफलप्राप्त्यर्थिना यतितव्यमेवेति, न यस्मात्प्रवृत्त्यादिलक्षणप्रयत्नव्यतिरेकेण ज्ञानवतोऽप्यभिलषितार्थावाप्तिर्दृश्यते, तथा चान्यैरप्युक्तम्-"क्रियैव फलदा पुंसां, न ज्ञानं फलदं मतम् । यतः स्त्रीभक्ष्यभोगज्ञो, न ज्ञानात्सुखितो भवेत् ॥१॥" तथाऽऽमुष्मिकफलप्राप्त्यर्थिनाऽपि क्रियैव कर्तव्या, तथा च मौनीन्द्रवचनमप्येवमेव व्यवस्थितं, यत उक्तम्-"चेइअकुलगणसंघे आयरिआणं च पवयणसुए अ । सव्वेसुवि तेण कयं तवसंजममुज्जमंतेणं ॥१॥" इतश्चैतदेवमङ्गीकर्तव्यं, यस्मात्तीर्थकरगणधरैः क्रियाविकलानां ज्ञानमपि विफलमेवोक्तं, तथा चागमः-"सुबहुंपि सुअमहीअं किं काही चरणविप्पमुक्कस्स ? । अंधस्स जह पलित्ता दीवसयसहस्सकोडीवि ॥१॥" दृशिक्रियाविकलत्वात्तस्येत्यभिप्रायः, एवं तावत्क्षायोपशमिकं चारित्रमङ्गीकृत्योक्तं, चारित्रं क्रियेत्यनर्थान्तरं, क्षायिकमप्यङ्गीकृत्य प्रकृष्टफलसाधकत्वं तस्यैव विज्ञेयं, यस्मादर्हतोऽपि भगवतः समुत्पन्नकेवलज्ञानस्यापि न तावन्मुक्त्यवाप्तिः संजायते यावदखिलकर्मेन्धनानलभूता ह्रस्वपञ्चाक्षरोद्गिरणमात्रकालावस्थायिनी सर्वसंवररूपा चारित्रक्रिया नावाप्तेति, तस्मात्क्रियैव प्रधानमैहिकामुष्मिकफलप्राप्तिकारणमिति स्थितम् 'इति जो उवएसो सो णओ णामं' ति इत्येवमुक्तेन न्यायेन य उपदेशः क्रियाप्राधान्यख्यापनपरः स नयो नाम, क्रियानय इत्यर्थः, अयं च ज्ञानवचनक्रियारूपेऽस्मिन्नध्ययने क्रियारूपमेवेदमिच्छति, तदात्मकत्वादस्य, ज्ञानवचने तु तदर्थमुपादीयमानत्वादप्रधानत्वान्नेच्छति गुणभूते चेच्छतीति गाथार्थः ॥ उक्तः क्रियानयः,**

હવે ક્રિયાનયનો અવસર છે.

તેની માન્યતા આ છે.

ક્રિયા જ ઐહિક, આમુષ્મિક ફલોની પ્રાપ્તિનું કારણ છે. કેમકે યુક્તિયુક્ત છે. આ નય પણ પોતાના પક્ષની સિદ્ધિને માટે ઉક્તલક્ષણવાળી જ **णायंमि...** ગાથાને કહે છે. (બંને નયો સ્વપક્ષની પુષ્ટિ માટે આ એકજ ગાથા બોલે છે, માત્ર એમાં **एव** કારનું સ્થાન બદલીને પોતપોતાના અભિપ્રાયને પુષ્ટ કરે છે...)

ક્રિયાનયદર્શનનાં અનુસારે આ ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે છે કે ગ્રાહ્ય અને અગ્રાહ્ય પદાર્થો જણાયે છતે ઐહિક, આમુષ્મિકફલની પ્રાપ્તિની ઈચ્છાવાળાએ યત્ન કરવો જ જોઈએ. કેમકે પ્રવૃત્તિ વગેરે રૂપી પ્રયત્ન વિના તો જ્ઞાનવાળાને પણ ઈષ્ટઅર્થની પ્રાપ્તિ દેખાતી નથી. બીજાઓએ પણ કહ્યું છે કે "ક્રિયા જ પુરુષોને ફલદાયી છે, જ્ઞાન ફલદાયી મનાયું નથી. કેમકે સ્ત્રી અને ભોજનના ભોગનો જ્ઞાતા જ્ઞાનથી સુખી થતો નથી."

તથા આમુષ્મિક ફલની પ્રાપ્તિની ઈચ્છાવાળાએ પણ ક્રિયા જ કરવી જોઈએ. જિનેશ્વરોનું વચન પણ આ જ પ્રમાણે વ્યવસ્થિત છે. કેમકે કહ્યું છે કે ચૈત્ય, કુલ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચન અને શ્રુત... તપમાં અને સંયમમાં ઉદ્યમવાળાએ આ બધા જ પદાર્થોમાં પોતાનું કર્તવ્ય બજાવી દીધું સમજવું. (અહીં તપાદિમાં ઉદ્યમ જ મુખ્ય દર્શાવ્યો છે...)

વળી આ કારણસર પણ આ વાત આ પ્રમાણે સ્વીકારવી જોઈએ. કેમકે તીર્થંકરો અને ગણધરોએ ક્રિયા વિનાનાઓનું જ્ઞાન પણ નિષ્ફળ જ કહ્યું છે. આગમમાં કહ્યું છે કે ચારિત્રથી વિપ્રમુક્તને અતિઘણું પણ ભણાયેલું શ્રુત શું કરશે ? જેમ પ્રગટેલા લાખો કરોડો દિવાઓ પણ અંધને શું લાભ કરે ? કહેવાનો ભાવ એ છે કે અંધ જોવાની ક્રિયા વિનાનો હોવાથી દીપક એને નકામા છે.

આ તો ક્ષાયોપશમિકચારિત્રને આશ્રયીને કહ્યું. ચારિત્ર અને ક્રિયા એ અર્થાન્તર = જુદા જુદા પદાર્થો નથી પણ એક જ છે. એટલે ચારિત્રનય એ જ ક્રિયાનય છે.

ક્ષાયિકચારિત્રને આશ્રયીને પણ ઉત્કૃષ્ટ ફલસાધકતા ચારિત્રની જ જાણવી. કેમકે ઉત્પન્ન થયેલા કેવલજ્ઞાનવાળા એવા પણ અરિહંત ભગવંતોને પણ ત્યાંસુધી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. જયાંસુધી સઘળા કર્મો રૂપી ઈંધનને બાળવા માટે અગ્નિ સમાન, હ્રસ્વ પાંચ અક્ષરો બોલવામાં જેટલો કાળ લાગે. એટલો કાળ રહેનારી સર્વસંવરરૂપ



* * * નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય * * *

ચારિત્રક્રિયા પ્રાપ્ત ન થાય.

તેથી ક્રિયા જ ઐહિક અને આમુષ્મિકફલોની પ્રાપ્તિનું પ્રધાનકારણ છે, એ નક્કી થયું.

આ જે ઉપદેશ તે નય છે અર્થાત્ ઉક્તન્યાયથી ક્રિયાની પ્રધાનતા દર્શાવવામાં તત્પર એવો જે ઉપદેશ, તે ક્રિયાનય.

આ અધ્યયન જ્ઞાન, વચન અને ક્રિયારૂપ છે. છતાં આ નય તો આને ક્રિયારૂપ જ માને છે. કેમકે આ અધ્યયન (આના મતે) ક્રિયાત્મક છે. જ્ઞાન અને વચન તો ક્રિયાને માટે જ ગ્રહણ કરાતાં હોવાથી તે અપ્રધાન છે. અને એટલે એને ઈચ્છતો નથી. ગૌણરૂપે ઈચ્છે છે.

ક્રિયાનય કહેવાઈ ગયો.

---

**इत्थं ज्ञानक्रियानयस्वरूपं श्रुत्वाऽविदिततदभिप्रायो विनेयः संशयापन्नः सन्नाह–किमत्र तत्त्वम् ?, पक्षद्वयेऽपि युक्तिसंभवात्, आचार्यः पुनराह-''सव्वेसिंपि नयाणं बहुविहवत्तव्वयं निसामेत्ता । तं सव्वनयविसुद्धं जं चरणगुणट्ठिओ साहू ॥१॥'' अथवा ज्ञानक्रियानयमतं प्रत्येकमभिधायाधुना स्थितपक्षमुपदर्शयन्नाह–'सव्वेसिं गाहा' '<u>सर्वेषामपि</u>' मूलनयानाम्, अपिशब्दात्तद्भेदानां च '<u>नयानां</u>' द्रव्यास्तिकादीनां '<u>बहुविधवक्तव्यतां</u>' सामान्यमेव विशेषा एव उभयमेव वाऽनपेक्षमित्यादिरूपाम् अथवा नामादीनां नयानां कः कं साधुमिच्छतीत्यादिरूपां '<u>निशम्य</u>' श्रुत्वा तत् '<u>सर्वनयविशुद्धं</u>' सर्वनयसंमतं वचनं यच्चरणगुणस्थितः साधुः, यस्मात्सर्वनया एव भावविषयं निक्षेपमिच्छन्तीति गाथार्थः ॥ नमो वर्द्धमानाय भगवते, व्याख्यातं चूडाध्ययनं, तद्व्याख्यानाच्च समाप्ता दशवैकालिकटीका । समाप्तं दशवैकालिकं चूलिकासहितं निर्युक्तिटीकासहितं च ॥**

**॥ इत्याचार्यश्रीहरिभद्रसूरिविरचिता दशवैकालिकटीका समाप्ता ॥**

---

આ પ્રમાણે જ્ઞાનનય અને ક્રિયાનયનાં સ્વરૂપને સાંભળીને તેના અભિપ્રાયને નહિ જાણી શકેલો શિષ્ય સંશયને પામેલો છતો કહે છે કે "આમાં સાચું શું ? કેમકે બંને પક્ષમાં યુક્તિઓનો સંભવ છે."

આચાર્ય કહે છે કે "બધા નયોની ઘણાં પ્રકારની વક્તવ્યતાને સાંભળીને તે સર્વનયવિશુદ્ધ જાણ, કે જે ચારિત્રગુણમાં રહેલો સાધુ..."

અથવા

જ્ઞાન અને ક્રિયા નયનાં પ્રત્યેકનાં મતને કહીને હવે સ્થિતપક્ષ - પ્રમાણપક્ષને દેખાડતાં કહે છે કે **सव्वेसिं पि...**

**सर्वेषामपि** એટલે મૂલનયો... **अपि** શબ્દથી તેના ભેદો.

એ નયો દ્રવ્યાસ્તિકનય, પર્યાયાસ્તિકનય વગેરે.

તેઓની અનેક પ્રકારની પ્રરૂપણાઓ છે. તે આ પ્રમાણે (૧) સામાન્ય જ પદાર્થ છે.

(૨) વિશેષ જ પદાર્થ છે. (૨) સામાન્ય અને વિશેષ બંને છે, પણ પરસ્પર અપેક્ષા વિનાના છે. (આમાં સામાન્ય, વિશેષ, અનપેક્ષઉભય... આ બધા પદાર્થો અન્ય ગ્રન્થમાંથી જાણી લેવા.)

અથવા તો

નામનય, સ્થાપનાનય વગેરે નયોની બહુવિધ પ્રરૂપણાઓ, જેમકે કયો નય કોને સાધુ માને ?... વગેરે. આ બધી પ્રરૂપણાને સાંભળીને તું જાણ કે તે વચન સર્વનયને સંમત છે કે "ચરણગુણસ્થિત એવો સાધુ."

**પ્રશ્ન** : બધા નયોને આ શા માટે માન્ય છે ?

**ઉત્તર** : કેમકે તમામે તમામ નયો ભાવવિષયક નિક્ષેપને ઈચ્છે છે. (ચારિત્રગુણ = ચારિત્રપારિણામ એ ભાવ છે.) અને તમામ નિક્ષેપાઓ ભાવને તો માને જ છે. જેમ બે જણ વચ્ચે ઝઘડો થાય, એમાં મધ્યસ્થ રાખવો હોય, તો એકને કોઈક માણસ મધ્યસ્થ તરીકે માન્ય નથી, બીજાને છે. અન્ય કોઈક માણસ એકને માન્ય છે, બીજાને માન્ય નથી. પણ ત્રીજો કોઈ માણસ એવો છે, જે બધાને મધ્યસ્થ તરીકે માન્ય છે. એમ વેષધારી સાધુ, નામધારી સાધુ, વગેરેને સાધુ માનવામાં નયોને પરસ્પર મતભેદ પડે... એ શક્ય છે. પણ જે ચારિત્ર પરિણામવાળો સાધુ એ તમામે તમામ નયોને માન્ય છે. કેમકે ત્યાં ભાવનિક્ષેપો છે. અને ભાવનિક્ષેપાને તો બધા જ સ્વીકારે છે.

આ વિષયમાં વિશેષબાબતો અન્યગ્રન્થોથી જાણવી.

વધર્માન ભગવાનને નમસ્કાર થાઓ.

ચૂડા અધ્યયન વ્યાખ્યાન કરાયું.

તેના વ્યાખ્યાનથી દશવૈકાલિક ટીકા સમાપ્ત થઈ.

ચૂલિકાસહિત, નિર્યુક્તિ અને ટીકાસહિત દશવૈકાલિક સમાપ્ત થયું.

આ પ્રમાણે આચાર્ય હરિભદ્રસૂરિવિરચિત દશવૈકાલિક ટીકા સમાપ્ત થઈ.



નમોऽस्तु तस्मै जिनशासनाय

**महत्तराया याकिन्या, धर्मपुत्रेण चिन्तिता ।**
**आचार्यहरिभद्रेण, टीकेयं शिष्यबोधिनी ॥१॥**
**दशवैकालिके टीकां विधाय यत्पुण्यमर्जितं तेन ।**
**मात्सर्यदुःखविरहाद्गुणानुरागी भवतु लोकः ॥२॥**

યાકિનીમહત્તરાનાં ધર્મપુત્ર આચાર્ય હરિભદ્રવડે આ શિષ્યબોધિની ટીકા ચિંતવાઈ છે = બનાવાઈ છે. દશવૈકાલિકની ટીકાને બનાવીને જે પુણ્ય મેળવાયું, તેના વડે લોક ઈર્ષ્યારૂપી દુઃખના વિરહદ્વારા ગુણાનુરાગી થાઓ.

**इति श्रीमद्धरिभद्राचार्यविरचिता सचूलिकदशवैकालिकव्याख्या समाप्ता ॥**

**દશવૈકાલિકસૂત્ર હારિભદ્રીવૃત્તિનું ભાષાંતર = વિવેચન સમાપ્ત થયું.**

દિવાળી - વિ.સં. ૨૦૬૩ નવસારી, મહાવીરનગર જૈન સંઘ

**સભાષાંતર દશવૈકાલિકસૂત્ર ભાગ-૪ સંપૂર્ણ**

## પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ લિખિત-પ્રેરિત-અનુવાદિત અધ્યયનોપયોગી સાહિત્ય...

(૧) ન્યાયસિદ્ધાંત મુક્તાવલિ ભાગ-૧,૨
(૨) વ્યાપ્તિપંચક (માથુરી ટીકા)
(૩) સિદ્ધાન્તલક્ષણ ભાગ-૧,૨
(૪) સામાન્યનિરુક્તિ
(૫) ઓઘનિર્યુક્તિ ભાગ-૧,૨
(૬) ઓઘનિર્યુક્તિ સારોદ્ધાર ભાગ-૧,૨
(૭) સામાચારી પ્રકરણ ભાગ-૧,૨
(૮) જૈન શાસ્ત્રોના ચૂંટેલા શ્લોકો ભાગ-૧,૨
(૯) દશવૈકાલિક સૂત્ર - (હારિભદ્રી ટીકા) સભાષાંતર ભાગ-૧ થી ૪

## સંયમજીવનોપયોગી - ઉપદેશાત્મક સાહિત્ય...

(૧) ગુરુમાતા
(૨) હવે તો માત્ર ને માત્ર સર્વવિરતિ !
(૩) સંવિગ્ન સંયમીઓની નિયમાવલિ
(૪) મુનિજીવનની બાલપોથી ભાગ-૧,૨,૩
(૫) અષ્ટપ્રવચનમાતા
(૬) વિશ્વની આધ્યાત્મિક અજાયબી : આપણાં સાધુ-સાધ્વીજી ભગવંતો ભાગ-૧,૨
(૭) શૂન્ય બનીને પૂર્ણ બનું
(૮) ક્યારે બનીશ હું સાચો રે સંત !
(૯) દશવૈકાલિક ચૂલિકા

नमोऽस्तु नमः जिनशासनाय

# ॥ नमोऽस्तु तस्मै जिनशासनाय ॥

## શ્રમણ ભગવાન મહાવીરદેવના શાસનમાં

સૌથી છેલ્લે સુધી ટકનારું એક માત્ર સૂત્ર એટલે દસવૈકાલિક સૂત્ર !
માત્ર છ મહિનામાં આત્મહિત સાધી શકાય એ માટે
બાર અંગોમાંથી ઉદ્ધાર કરાયેલા ૭૦૦ શ્લોકો એટલે દસવૈકાલિક સૂત્ર !
દીક્ષા લીધા બાદ પ્રત્યેક સંયમીએ જેને અવશ્ય ગોખવું જોઈએ એવું
અણમોલ સૂત્ર એટલે દસવૈકાલિક સૂત્ર !

આવા મહાન આગમસૂત્ર ઉપર શ્રી ભદ્રબાહુસ્વામીએ નિર્યુક્તિઓ રચી,
તો ૧૪૪૪ ગ્રન્થના રચયિતા શ્રી હરિભદ્રસૂરિજીએ
રહસ્યોથી ભરપૂર વૃત્તિની રચના કરી.
રમણીય છતાં અતિ – અઘરી એ વૃત્તિ – ટીકા વાંચવી,
એનો ભાવાર્થ સમજવો ખરેખર અઘરો છે.
માટે જ હજારો સંયમીઓ આ અણમોલ ગ્રન્થના રહસ્યોથી વંચિત રહે છે.
એ હજારો સંયમીઓ ઉપર ઉપકાર કરવાની એક માત્ર પવિત્ર ભાવનાથી
આ ભાષાંતર ગ્રન્થ પ્રકાશિત કર્યો છે.
અઘરા પદાર્થો વધુ સરળ કરવાનો પુરૂષાર્થ કર્યો છે.
પણ શક્ય છે કે છદ્મસ્થતાદિ દોષોના કારણે
મારી પણ ક્ષતિ થઈ હોય, એ માટે પુનઃ પુનઃ ક્ષમા માંગુ છું અને
સંયમીઓને વિનંતિ કરું છું કે આ ગ્રન્થનો તલસ્પર્શી
અભ્યાસ કરીને મારી ભાવનાને સફળ બનાવવામાં મને સહાય કરે.

ગુણહંસવિ. મ.